મંગલ મંદિર ● મે-૨૦૧૩ ●૧ (કુલ પાના : ૯૪)

વાર્ષિક લવાજમ
રૂ. ૧૫૦/-

વર્ષ : ૩૮મું
મે : ૨૦૧૩
અંક : ૪૨૦

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



સૂર્ય મંદિર
મોઢેરા

તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા

મુખ્ય કાર્યાલય
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુમિયાણા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org

navbharat
sahitya mandir
An icon of literature

બાળસાહિત્ય હોય કે કિશોર સાહિત્ય, યુવાવર્ગ હોય કે પ્રૌઢ વર્ગ
દરેક વર્ગને ઉપયોગી સાહિત્ય અમારી પાસેથી આપને મળી રહેશે.

**નવભારત સાહિત્ય મંદિર પ્રકાશિત પરિવારમાં વસાવવા જેવાં પુસ્તકો**

| પુસ્તકનું નામ | લેખક | કિંમત | પુસ્તકનું નામ | લેખક | કિંમત |
|---|---|---|---|---|---|
| કૃષ્ણાયન | કાજલ ઓઝા-વૈદ્ય | ૨૫૦.૦૦ | યુ કેન વીન યોર લાઈફ | અનુ. આદિત્ય વાસુ | ૨૫૦.૦૦ |
| વહાલી આસ્થા | કાજલ ઓઝા-વૈદ્ય | ૨૫૦.૦૦ | જસ્ટ એક મિનિટ ભા. ૧-૨ | રાજુ અંધારિયા | ૩૦૦.૦૦ |
| મારી મમ્મી મારા પપ્પા | કાજલ ઓઝા-વૈદ્ય | ૨૦૦.૦૦ | તમે... સફળતાના શિલ્પી | રાજુ અંધારિયા | ૧૫૦.૦૦ |
| પ્રેમનો પાસવર્ડ | અંકિત ત્રિવેદી | ૨૦૦.૦૦ | ચિંતનને ચમકારે | કૃષ્ણકાન્ત ઉનડકટ | ૨૦૦.૦૦ |
| હાર્ટ બીટ | અંકિત ત્રિવેદી | ૧૫૦.૦૦ | અવિસ્મરણીય ભા. ૧-૨ | ઈશા-કુન્દનિકા | ૫૦૦.૦૦ |
| મૌનની મહેફિલ | હર્ષ બ્રહ્મભટ્ટ | ૧૫૦.૦૦ | સાત પગલાં આકાશમાં | કુન્દનિકા કાપડિયા | ૩૨૫.૦૦ |
| ખુદને ય ક્યાં માપ્યો છું | હર્ષ બ્રહ્મભટ્ટ | ૧૭૫.૦૦ | પ્રેમ તારો, મારો અને આપણો | ડૉ. હંસલ ભચેચ | ૨૭૫.૦૦ |
| શબ્દ સાથે મારો સંબંધ | સં. હર્ષ બ્રહ્મભટ્ટ/અનિલ ચાવડા | ૨૫૦.૦૦ | પણ હું તો તને પ્રેમ કરું છું | ડૉ. હંસલ ભચેચ | ૨૫૦.૦૦ |
| સુખ-દુઃખ મારી દૃષ્ટિએ... | સં. અનિલ ચાવડા | ૪૦૦.૦૦ | દીકરી વહાલનો દરિયો | સં. વિનોદ પંડ્યા-કાન્તિ પટેલ | ૨૪૦.૦૦ |
| એક હતી વાર્તા | અનિલ ચાવડા | ૧૨૫.૦૦ | દીકરી એટલે દીકરી | કાન્તિ પટેલ | ૩૩૦.૦૦ |
| કોફીબ્રેક | તુષાર શુક્લ | ૮૫.૦૦ | સફળતાનાં સ્વર્ણબિંદુ | દીપક કાશીપુરિયા | ૧૫૦.૦૦ |
| લેમન ટી | તુષાર શુક્લ | ૧૨૦.૦૦ | તારક મહેતાના ઊંધા ચશ્મા | તારક મહેતા | ૧૪૦.૦૦ |
| નરેન્દ્ર મોદીની જીવનકથા | આદિત્ય વાસુ | ૨૦૦.૦૦ | પીડામાંથી પ્રેરણા | કાન્તિ ભટ્ટ | ૯૦.૦૦ |
| ધ પ્રોફેશનલ: સુબ્રતો બાગ્ચી | અનુ. આદિત્ય વાસુ | ૨૨૫.૦૦ | વિન્ડ એવરેસ્ટ | અતુલ કરવલ/અનિતા કરવલ | ૩૨૫.૦૦ |
| રણની પેલે પાર | શૈલેન્દ્ર ખનંબી | ૩૯૫.૦૦ | ચિંતનની વિસ્તરતી ક્ષિતિજો | હર્ષદ પ્ર. શાહ | ૧૮૦.૦૦ |
| સમગ્ર મરીઝ | સં. રાજેશ વ્યાસ 'મિસ્કીન' | ૪૦૦.૦૦ | મનદુરસ્તી | ડૉ. પ્રશાંત ભીમાણી | ૨૦૦.૦૦ |
| સ્વસ્થ હૃદય સ્વસ્થ શરીર | ડૉ. વિવેક કે. મેહાન | ૧૫૦.૦૦ | સફળતાનો મંત્ર | કિશોર મકવાણા | ૧૯૫.૦૦ |

**નવભારત સાહિત્ય મંદિર**
૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમરોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૭૮૭
પતાસા પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩

**આપને મનગમતાં કોઈ પણ પુસ્તક માટે સંપર્ક કરો તથા અમારે બે સેન્ટ્રલ એ.સી. શો-રૂમની મુલાકાત લો.**

e-mail : info@navbharatonline.com web : www.navbharatonline.com



BHARAT B. GALA NAVINCHANDRA D. DEDHIA

SRE Raju ENTERPRISE

**RE-ROLLING / S.S. PATTA - PATTI**

179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.
Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 80006 05460

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY



# જીવદયાપ્રેમીઓ દાનવીર દાતાઓ



## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મુંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા કતલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬




**આ અબ લૌટ ચલેં...**

ગેરસમજના માર્ગેથી યુ-ટર્ન લેવાની પ્રેરણા આપતા લેખો...




**આજ ફિર જીને કી તમન્ના હૈ**

વધતી ઉંમરને ગાંઠ્યા વગર પ્રસન્ન રહેવાની પ્રેરણા આપતા લેખો...




**દો કદમ તુમ ભી ચલો...**

રૂટિન લાઇફને રિચાર્જ કરવાની પ્રેરણા આપતા લેખો...




**સજના સાથ નિભાના...**

મેરીડ લાઇફના માંગલ્ય-મંત્રોચ્ચારનો ગુંજારવ કરતા લેખો...




**મુઝ કો યારો માફ કરના...**

પારિવારિક સંબંધોની આરપારનું સત્ય સમજાવતા લેખો

## રોહિત શાહની તેજાબી છતાં પ્રેરક શૈલીમાં વિશિષ્ટ ઘાટ પામેલાં તદ્દન તાજાં અને તાજગીભર્યાં આ પુસ્તકો અચૂક વસાવો...

પ્રૉબ્લેમ્સ અને ટેન્શનથી મુક્તિ અપાવીને

**આ 10 પુસ્તકો**

તમારા જીવનમાં નવો ઉત્સાહ છલકાવશે...

દરેક પુસ્તક :
કિંમત - ₹ 100, પૃષ્ઠ - 144

**ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ,
અમદાવાદ - 380001 ફોન : 22144663
ઇમેલ : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્ય મંદિર**
5, એન.બી.સી.સી. હાઉસ,
સહજાનંદ કૉલેજ પાસે,
અમદાવાદ-380015
ફોન : 26304259




**ટેઇક-ઑફ**

જીવનને જરાક જુદી રીતે જોવાની પ્રેરણા આપતા લેખો




**લાઇક OR કૉમેન્ટ**

ગુડ બિહેવિયરનું ગાઇડન્સ આપતા પર્સનાલિટીની પાઠશાળા જેવા લેખો...




**કિડ્ઝ કૅર**

પેરન્ટ્સ બનવાની પાત્રતા કેળવવાની પ્રેરણા આપતા લેખો...




**હેલો, મેડમ !**

મહિલાઓનો મહિમા મહિલાઓ દ્વારા જ વધારવાની પ્રેરણા આપતા લેખો...



**કેન્ડલ-લાઇટ ડિનર**

સ્ત્રી-પુરુષના રિલેશનને રળિયામણા બનાવતા પ્રેરક લેખો...

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## સુવર્ણ જયંતી વર્ષ – પૂર્ણાહુતિ સમારોહ




સમારંભમાં અતિથિ વિશેષશ્રીઓ (ડાબેથી) સિને સંગીત નિર્દેશક પદ્મશ્રી આણંદજીભાઈ શાહ,
જિંદાલ ગ્રુપના શ્રી જયેશભાઈ ઠક્કર, સાહિત્યકાર પદ્મશ્રી કુમારપાળ દેસાઈ,
શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતા,
સમાજના ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ સાવલા, ઔડાના ચેરમેન શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ,
અદાણી ગ્રુપના શ્રી કરણ અદાણી, કે.પી.ટી.ના ચેરમેન શ્રી પી.ડી. વાઘેલા,
સાંઘી ગ્રુપના ઉપપ્રમુખ શ્રી ગૌરાંગભાઈ ભટ્ટ, સમાજના ઉપપ્રમુખ શ્રી મનુભાઈ શાહ.




અદાણી ગ્રુપના શ્રી કરણ અદાણીનું સન્માન કરી રહ્યા છે....
સિને જગતના જાણીતા સંગીત નિર્દેશક પદ્મશ્રી આણંદજીભાઈ શાહ.




પૂર્ણાહુતિ સમારોહ કાર્યક્રમમાં (ડાબેથી) સંસ્થાના મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ,
ઈફકોના મેજર શ્રી સિંઘ, રત્નમણિ ગ્રુપના ચેરમેન શ્રી પ્રકાશભાઈ સંઘવી,
એન્કર ગ્રુપના અધ્યક્ષ શ્રી દામજીભાઈ એન્કરવાલા,
રાજ્ય સરકારના માનનીય મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
શ્રી અશોકભાઈ મહેતા, ફોકિયાના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી નિમેષભાઈ ફડકે,
સમાજના ટ્રેઝરર શ્રી કે.ડી. શાહ તેમજ સહમંત્રી શ્રી દિનેશ મહેતા.



મુખ્ય મહેમાન ગુજરાત સરકારના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા (ડાબી તરફ)નું
અભિવાદન કરતા શ્રી ક.જૈ.સે.સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા.



કાર્યક્રમમાં એન્કર ગ્રુપના શ્રી દામજીભાઈ એન્કરવાલા (વચ્ચે)નું સન્માન
ગુજરાત સરકારના માનનીય મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા કરવામાં આવ્યું.
ડાબી તરફ સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડ.



સાંસ્કૃતિક કાર્યક્રમના એક ભાગ રૂપે યુવતીઓએ
આકર્ષક નૃત્યની રજૂઆત કરીને દર્શકોના દિલ જીતી લીધા હતા.

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

**– *મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

*લેખ*　　*લેખક　પાના નં.*

- તંત્રી લેખ :
  વિજ્ઞાન અને ટેકનોલોજી – રિસર્ચ અને ડેવલપમેન્ટ ............ અશોક મહેતા ........ ૯
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  સુવર્ણ જયંતી વર્ષ : પૂર્ણાહુતિ સમારંભનો અહેવાલ ............ ૧૧
- અમદાવાદ સ્થિત કચ્છીઓની
  કચ્છી બિઝનેસ ડિરેક્ટરી – કચ્છી યલો પેજિસ ............ ૧૪

*લેખ વિભાગ :*

## કચ્છ

- કચ્છનો કેસરી વીર કારાયલ અને સતી કપૂરી
  કચ્છની રસધાર : મણકો-૯ ............ દુલેરાય કારાણી ..... ૧૬
- કચ્છના પ્રાચીન કબ્રસ્તાનો ............ ડૉ. પુલીન વસા ..... ૧૮
- તારી હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે...
  કહાની : મુંબઈ સ્થિત ગુણવંત શાહની
  ખેત તલાવડી : પરંપરાગત તળાવો ............ ૨૨

## સમાજની ક્ષિતિજો

- સ્ત્રી માટે સાસરું – સંસારનું છેલ્લું સ્ટેશન ............ દિનેશ પાંચાલ ..... ૨૬
- અય મેરે વતન કે લોગોં...
  સંભારણાની સફર : મણકો-૧ ............ ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) ..... ૨૮
- લગ્ન પ્રથા – એક પુનઃ વિચારણા ............ શાંતિલાલ સંઘવી ..... ૩૦
- ગર્ભ સંસ્કાર : ઉત્તમ સંતાનની પ્રાપ્તિ માટેનું પ્રાચીન રહસ્ય ............ પારસ પરમાર ..... ૩૨
- ડહાપણ અને ગાંડપણ વચ્ચેનો ઉત્સવ : માનસ ઉત્સવ ............ લાલ રાંભિયા ..... ૩૩

## ઇતિહાસ

- શેઠ અમરચંદ બાંઢિયા
  ફાંસીના વરરાજાઓ : પ્રકરણ-૩ ............ સ્વામી શ્રી સચ્ચિદાનંદજી ..... ૩૫
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ
  પ્રકરણ-૧૭ ............ સંકલન : પ્રતાપ નારાણજી દંડ ..... ૩૬

## તંદુરસ્તી

- 'મને છાતીમાં અનારનવાર દુઃખે છે' ............ ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ (ગડા) ...... ૩૯

## વાર્તા

- મૌન એ જ પ્રેમની ભાષા ............ ડૉ. ઊર્મિલા શાહ ..... ૪૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી દિનેશ રતિલાલ મહેતા
ઘર : ૨૬૬૭૦૨૪૬
મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

***અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.***

## માહિતી


- તેઓ અને આપણે : ....................... મૂળ લેખક : સુબોધ શાહ
  સંસ્કારભેદ – અમેરિકા અને ભારતનો ....................... રજૂઆત : મુરજી ગડા ..... ૪૩
- કુદરતનો કરિશ્મા – લોનારનો ઉલ્કાકુંડ ....................... મંજુબેન ગડા ..... ૪૬


## સંસ્થા / વ્યક્તિ / પ્રસંગ વિશેષ


- સંસ્થાકીય દસ્તાવેજીકરણ ....................... પન્નાલાલ ખીમજી છેડા ..... ૪૭
- સમત્વની ઉત્કૃષ્ટ દિશાઓ અજવાળતા – પ્રભુ મહાવીર સ્વામી .......... પ્રા. સૂર્યકાંત ભટ્ટ ..... ૪૯


## હળવાશની ક્ષણોમાં


- લાકડાની તલવારે પણ જીતાય ....................... ચંદ્રહાસ ત્રિવેદી ..... ૫૦
- બાલુડેં જ્યું ગાલિયું ....................... સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ..... ૫૨


## નિયમિત વિભાગો


- આંજો કાગર ....................... ૫૩
- અન્ય સંસ્થાઓના સમાચાર ....................... ૬૨
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ....................... ૬૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને
  ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર ....................... ૬૬
- સાર સમાચાર ....................... સંકલન : શાંતિલાલ સંઘવી ..... ૬૭
- શબ્દ રમત-૮૨ ....................... સંકલન : રજનીકાંત પારેખ ..... ૬૯
- સુડોકુ – ૧૦૩૮ ....................... સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૧
- જાણવા જેવું ....................... સંકલન : રજનીકાંત પારેખ ..... ૭૩
- વલોવતન ....................... સંકલન : દિનેશ આર. મહેતા ..... ૭૫
- સમાજ દર્પણ ....................... ૭૯
- સંસ્થા સમાચાર ....................... ૮૦
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ....................... ૮૪
- ઊડતી નજરે ....................... ૮૯
- ઊડતી નજરે (વર્ષ ૨૦૧૨-૨૦૧૩) ....................... ૯૦


## વિશ્વની સુખી પ્રજા

તાજેતરમાં સુખ બાબતમાં એક વિશ્વવ્યાપી સર્વે થયો. તેમાં જાણવા મળ્યું હતું કે ભારતની પ્રજા વિશ્વમાં ચોથા ક્રમાંકની સૌથી સુખી પ્રજા છે. માથાદીઠ આવકની વાત કરીએ તો આ બાબતમાં ભારતનું સ્થાન વિશ્વમાં ૧૩૫મું છે. તો પછી ભારતની પ્રજા આટલી બધી સુખી શા માટે છે? કારણકે ઓછા પૈસામાં પણ ચલાવી લેવાની સંસ્કૃતિ અહીંના નાગરિકની ગળથૂથીમાં ઉતરેલી છે. નસીબમાં જે મળે તે સ્વીકારી લેવાનું તેનું વલણ રહેવા પામેલ છે.

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## વિજ્ઞાન અને ટેકનોલોજી – રિસર્ચ અને ડેવલપમેન્ટ

*– અશોક મહેતા*

મનુષ્ય કોઈ દિવસ એકલપંડે રહી જ ના શકે. તેણે તેનું જીવન જીવવા અનેક લોકોના સહારાની જરૂરત પડે છે અને તેથી તે કુટુંબની વચ્ચે અને સમાજની વચ્ચે રહે છે. અને તેથી તે સામાજિક પ્રાણી કહેવાય છે.

મનુષ્ય સમાજમાં રહેતો હોવાથી તે અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરતો રહે છે. આપણે આ પ્રવૃત્તિઓનું વર્ગીકરણ કરી શકીએ. ધાર્મિક, સાધર્મિક, વૈયાવચ્ચ, જીવદયા, સ્વાસ્થ્ય, સામાજિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, સાહિત્ય, રમતગમત, ક્લબ કલ્ચર, જળસંચય, પર્યાવરણ, પ્રાદેશિક, રાજકીય, વગેરે વગેરે. આ પ્રવૃત્તિઓમાંથી ધાર્મિક પ્રવૃત્તિ એ સ્વ-ઉધ્ધારની પ્રવૃત્તિ છે, જ્યારે અન્ય પ્રવૃત્તિઓ જીવસૃષ્ટિના ભલા માટેની છે, તેના વિકાસ માટેની છે, સમસ્ત સમાજના વિકાસ માટેની છે. સમસ્ત જીવસૃષ્ટિ અત્યારે જે જીવન જીવે છે તે જીવનમાં કઈ રીતે વધુ સારી રીતે જીવન જીવી શકાય તેના પ્રયાસ માટેની આ બધી જ પ્રવૃત્તિઓ રહેવા પામે છે.

ભારત, એ મોટેભાગે આધ્યાત્મિક્તાનો દેશ છે. શરૂથી જ અહીં સંત, મહંત, જ્ઞાની પુરુષોનો પ્રભાવ રહેવા પામેલ છે. ધાર્મિક ગુરુઓના પ્રભાવના કારણે મહદ્ અંશે નીતિમત્તામાં રહેવા પામતા સમાજનો અહીં વિકાસ થવા પામેલ છે. નીતિમત્તામાં રહેવાનો અહીંની પ્રજાનો જીવનમંત્ર બની ગયેલ છે. તેનાથી અલગ વિચારવાનું અહીંના સમાજના મોટાભાગના લોકોની વિચારસરણીની બહારની વાત છે. અહીંના સમાજમાં શ્રધ્ધાનું પ્રમાણ વિશેષ રહેવા પામે છે. બુદ્ધિ તેના પછીના ક્રમાંકે આવે.

હા, ભૂતકાળમાં અહીં ગણિતશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રનો વિકાસ થવા પામેલ. તક્ષશીલા અને નાલંદા જેવી વિદ્યાપીઠોનો વિકાસ પણ થયેલ. પરંતુ અન્ય પ્રજાના ભારત પરના આક્રમણના કારણે બાદમાં કદાચ તે સ્થગિત થઈ ગયેલ અનુભવાય છે.

કદાચ આજ પ્રકારની પ્રક્રિયા અન્ય અનેક દેશોમાં બનવા પામેલ હશે. અને તેથી જ વિજ્ઞાન અને ટેકનોલોજી, રિસર્ચ અને ડેવલપમેન્ટના પરિણામો – હજારો વર્ષ અગાઉની મનુષ્યની ઉત્પત્તિ છતાં પણ – આજે આપણે ધાર્યા પ્રમાણમાં મેળવી શકેલ નથી. જો કે આ બાબતે અન્ય કેટલાક દેશોમાં છેલ્લા ત્રણેક સો વર્ષથી જાગૃતતા આવેલ છે. પરંતુ ભારતની વાત કરીએ તો છેલ્લા ૫૦ વર્ષમાં અણું પરીક્ષણ કે અવકાશજ્ઞાનમાં થોડી સફળતા સિવાય વિશેષ કંઈ હાંસલ કરી શકાયેલ નથી.

રામાયણ અને મહાભારતની કથા કદાચ ભારતના એકેએક નાગરિકને કંઠસ્થ હશે. શ્રીરામ અને શ્રીકૃષ્ણ આપણા આરાધ્ય દેવો છે. આપણે તેમને ભગવાન તરીકે પૂજીએ છીએ. પરંતુ વિજ્ઞાન તેઓને સમર્થન આપતું નથી. કેટલો બધો વિરોધાભાસ! એક તરફ શ્રદ્ધા અને અન્ય તરફ બુદ્ધિ! તીર્થંકરોનું પણ આવું જ છે. તીર્થંકરોની ગત ચોવિસી અને આવતી ચોવિસી. શ્રદ્ધાળુઓ તેને માને છે! બુદ્ધિમાનો તેને નકારે છે!

હવે વિજ્ઞાનનો યુગ આવી રહેલ છે. કોઈ પણ વસ્તુના પ્રુફ વગર વિજ્ઞાન તે વસ્તુનો સ્વીકાર કરવાનો ઈન્કાર કરે છે. અને તે માટે સતતપણે શોધખોળ ચાલતી જ રહે છે. નીત નવા નવા સમીકરણોના ઉકેલો આપણી સમક્ષ પેશ થતા જ રહે છે. એ દિવસો હવે દૂર દેખાતા નથી કે જ્યારે વિજ્ઞાનીઓ આ બ્રહ્માંડની ઉત્પત્તિ કઈ રીતે થઈ અને તે શા માટે થઈ તેના દાખલા - દલીલ સહિતની વિગતો આપણી સમક્ષ રજૂ કરે. કદાચ ૫૦૦-૭૦૦ વર્ષનો સમયગાળો લાગે – આ બધા કોયડાઓના ઉકેલ માટે. લાખો - કરોડો વર્ષના બ્રહ્માંડના અસ્તિત્વ સામે આ ૫૦૦-૭૦૦ વર્ષનો સમયગાળો બહુ ના કહેવાય.

પરંતુ વિજ્ઞાનના ક્ષેત્રે ભારતની શું પોઝિશન છે? હાલે તો અહીં આધ્યાત્મ અને ધર્મનું સામ્રાજ્ય છે. આવતા દિવસોમાં આપણે વિજ્ઞાન અને ટેકનોલોજી, શોધખોળ અને ડેવલપમેન્ટ તરફ વધુ ધ્યાન આપવું પડશે. યોગ્ય વાતાવરણ સમાજે જ પેદા કરવું પડશે. સમાજે વિજ્ઞાનને મહત્ત્વ આપવું પડશે. શોધખોળને મહત્ત્વ આપવું પડશે. યુવા અને ટેકનોક્રેટને અનુકૂળ વાતાવરણ આપવું પડશે. તેઓને શોધખોળ માટે છૂટ્ટો દોર આપવો પડશે. એક બાજુ સમાજ આ દિશા તરફ વિચારતો થાય તો સરકાર પણ તેમાં જોડાવા પ્રેરાશે. સરકાર પણ આ દિશામાં વધુ ફંડની ફાળવણી કરવા પ્રેરાશે. પ્રશ્ન માત્ર આ સમાજે દિશાનું સુકાન ફેરવવાનો છે. અને તે સમાજના સમર્થ લોકો જ ફેરવી શકશે. સમાજના સમર્થ લોકોને આ બાબતે જેટલી જલદી પ્રેરણા મળે તેટલું જલદી પરિણામ મળશે. સારાયે ભારત દેશમાં વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ રિસર્ચ અને ડેવલપમેન્ટ તરફનું વાતાવરણ ઊભું કરી શકાશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*રોમે રોમ હેત ભર્યું... જેના વેણેવેણે વરદાન, ઘેર ઘેર એ જ બિરાજે... 'મા' રૂપે ભગવાન.*

## વિજ્ઞપ્તિ

### • "મંગલ મંદિર"ના વાચક વર્ગ માટે :

૧. 'મંગલ મંદિર' વાચક વર્ગને પ્રતિમાસ પોસ્ટ થાય તેના પહેલા સમાજની વેબસાઈટ પર તેને સંપૂર્ણ રીતે નિયમિત મૂકવામાં આવે છે. ચાલુ અંક ઉપરાંત અગાઉના અંકો પણ વેબસાઈટ પર હંમેશાં ઉપલબ્ધ હોય છે.

૨. સ્થાનિક અથવા બહારગામના કોઈપણ સભ્ય કે જેઓનો મંગલ મંદિર વિનામૂલ્યે મોકલાવવામાં આવે છે તેઓને વિનંતી કે અગર જો તેઓ 'મંગલ મંદિર' સમાજની વેબસાઈટ પર વાંચી શકતા હોય તો, તેઓશ્રી તેની નકલ અત્રેથી ન મંગાવે. જેના પરિણામે સંસ્થાને તેટલા અંશે ખર્ચમાં બચત થશે.

૩. સમાજની વેબસાઈટ આ પ્રમાણે છે : www.kutchijainahd.org

૪. 'મંગલ મંદિર'ના પ્રત્યેક અંકના પ્રતિભાવો હંમેશાં આવકારપાત્ર છે. પ્રતિભાવો તેની નીતિને અનુરૂપ હોવા જરૂરી છે. અન્યથા પ્રસિદ્ધ થશે નહીં. કોઈપણ પ્રતિભાવ અથવા પત્ર જરૂરી ફેરફારને આધીન હોય છે.

૫. સમાજના સભ્યોના પ્રતિભાવો નગણ્ય આવે છે. આ હકીકત વિચારણા માંગી લે છે.

### • 'મંગલ મંદિર'માં પ્રકાશિત કરવા મોકલાતી લેખન સામગ્રી માટે :

૧. અત્યારના તબક્કે કોઈપણ પ્રકારના કાવ્યો અસ્વિકૃત છે.

૨. ધાર્મિક વિષયમાં ફક્ત પ્રસંગ-વિશેષ સામગ્રી યોગ્ય ગણાશે.

વિશેષ સ્વરૂપ વિનાની ધાર્મિક ચીલાચાલુ તેમજ અન્ય સ્થાનોમાંથી માત્ર ઉતારા કરેલી સામગ્રી સ્વિકૃત થશે નહીં. ખાસ કિસ્સામાં 'મંગલ મંદિર'ને અનુરૂપ કોઈ સ્થળેથી ઉતારા કરેલી સામગ્રી માત્ર તેના આધાર - સાભારની નોંધ સાથે લઈ શકાશે પરંતુ તે સાથે પ્રેષકના નામ છાપવામાં આવશે નહીં.

૩. કોઈપણ વર્ગ કે સમુદાયની લાગણી દુભાય તેવી કોઈપણ લેખન સામગ્રીને સ્થાન અપાશે નહીં.

૪. કોઈ એક સમયે, એક કરતા વધારે મોકલાતી સામગ્રીઓ રદ થશે.

૫. લખાણ માત્ર ફુલ સ્કેપ પાના પર સ્પષ્ટ રીતે હોવું જરૂરી છે. તેમજ તે સાથે પાનાની એક તરફ જરૂરી માર્જિન - હાંસિયો હોવો જરૂરી છે.

૬. કાર્બન કોપી અથવા ફોટો કોપીવાળી લેખન સામગ્રી પર ધ્યાન આપવામાં આવશે નહીં.

૭. કોઈપણ પ્રકારની સામગ્રી પ્રસિધ્ધ કરવી કે કેમ અથવા તેમાં યોગ્ય ફેરફાર કરવા સંબંધી તંત્રી મંડળનો નિર્ણય આખરી હશે.

*– તંત્રી મંડળ : 'મંગલ મંદિર'*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • ગુરુવાર, તા. ૬-૬-૨૦૧૩ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | વયસ્ક સમિતિ<br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વયસ્ક સમિતિના સભ્યશ્રીઓ માટે<br>ગીત - સંગીતનો કાર્યક્રમ – કવિ રાજ દ્વારા. |
| • રવિવાર, તા. ૯-૬-૨૦૧૩<br>સવારના ૧૦.૦૦થી ૦૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી. | શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિ<br>શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સમાજના યુવા વર્ગ માટે સેમિનાર<br>વિકાસની તક, યુવા વર્ગ શું કરી શકે?<br>સમાજ પ્રત્યેની ફરજ વગેરે. |

*મા એક એવી ઋતુ છે, જેને કદી પાનખર આવતી જ નથી.*

# ★ સુવર્ણ જયંતી વર્ષ – પૂર્ણાહુતિ સમારોહ ★

## શાનદાર રીતે સંપન્ન થયો

## કચ્છમાં સ્થાપિત ઉદ્યોગોના ઉદ્યોગપતિશ્રીઓનું વિશિષ્ટ સન્માન

## કચ્છીયતને ઉજાગર કરતું.... શ્રી કચ્છી જૈન સેવા સમાજ – અમદાવાદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, એક એવા પ્રકારનો સમાજ છે કે, જેની નજર હંમેશાં પ્રગતિના સોપાનો સર કરવા તરફ રહેતી હોય છે. એટલું જ નહીં પરંતુ તેના સેવાકીય કાર્યોમાં પ્રતિદિન વિશાળતા અને વિવિધતા જોવા મળતી હોય છે. સ્થાનિકે કેટલાક અન્ય સમાજો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને એક દીવાદાંડી સ્વરૂપે નિહાળતા હોય છે. તા. ૧૩ એપ્રિલ, ૨૦૧૩ના રોજ તેની સ્થાપનાને ૫૦ સોનેરી વર્ષ પૂરા થયા છે અને તા. ૧૪ એપ્રિલ, ૨૦૧૩ના રોજ ૫૧મા વર્ષમાં પ્રવેશ કરેલ છે.

સમાજે તેની સુવર્ણ જયંતી વર્ષ ઊજવણી મહોત્સવના લગભગ ૬૦થી વધુ કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. જેનાં મુખ્ય કાર્યક્રમો તરફ એક દૃષ્ટિપાત કરીએ તો....

★ પ્રથમ કાર્યક્રમ : અમદાવાદ ખાતે કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમનું લોકાર્પણ, સિને જગત અને લોકકલા ક્ષેત્રની કચ્છી પ્રતિભાશાળી વ્યક્તિઓનું બહુમાન અને હેતુલક્ષી મનોરંજન કાર્યક્રમ

★ દ્વિતીય કાર્યક્રમ : મુંબઈ ખાતે કચ્છના વિકાસના પ્રશ્ને સેમિનાર, ઉચ્ચ કક્ષાના કચ્છી ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન.

★ તૃતીય કાર્યક્રમ : કચ્છી નૂતન વર્ષે ‘કચ્છી ડાયરો’

★ ચતુર્થ કાર્યક્રમ : કચ્છી નાટક

★ પાંચમો કાર્યક્રમ : ગુજરાત રાજ્ય સ્થિત કચ્છી જૈન યુવક-યુવતીઓનું સંમેલન

★ છઠ્ઠો કાર્યક્રમ : વાર્ષિક સ્નેહમિલન સમારંભ તથા સ્વામિવાત્સલ્ય

★ સાતમો કાર્યક્રમ : નવરાત્રિ ગરબા મહોત્સવ

★ આઠમો કાર્યક્રમ : નૂતન વર્ષ મિલન સમારંભ

★ નવમો કાર્યક્રમ : સમાજના બાળકો દ્વારા રજૂ થયેલ મનોરંજન કાર્યક્રમ

★ દસમો કાર્યક્રમ : ભુજ ખાતે ‘કચ્છનો સર્વાંગી ઇતિહાસ’ ગ્રંથનું ‘કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ’ના ઉપક્રમે વિમોચન

★ અગિયારમો કાર્યક્રમ : અમદાવાદ ખાતે યોજાયેલ ‘કચ્છી મેળો’

★ બારમો કાર્યક્રમ : પૂર્ણાહુતિ સમારંભ. જેમાં કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોના ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન અને ક્રેડિટ સોસાયટીનો આરંભ.

ઉપરોક્ત કાર્યક્રમો તરફ નજર કરતાં જણાશે કે તમામ કાર્યક્રમો **હેતુલક્ષી** અને **વિવિધતાસભર** હતા. એ નિઃશંકપણે કહી શકાય કે સામાજિક વિકાસ અને સાર્વજનિક સેવાકીય ક્ષેત્રે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની દૃષ્ટિ હંમેશાં સર્વગ્રાહી રહી છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તા. ૧૩-૪-૨૦૧૩ના સાંજે ૪ વાગે અમદાવાદમાં સરદાર પટેલ સાંસ્કૃતિક કેન્દ્ર, શાહીબાગ ખાતે તેના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તેના મુખ્ય કાર્યક્રમોના અંતિમ ચરણે પૂર્ણાહુતિ સમારોહનું શાનદાર રીતે આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં પ્રાર્થના થયા બાદ સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોક મહેતાએ આ ભવ્ય પ્રસંગે પોતાના આવકાર પ્રવચનમાં જણાવ્યું કે વર્ષ ૨૦૦૧માં કચ્છમાં ભૂકંપે સર્જેલ તારાજી બાદ અત્રે પધારેલા ઉદ્યોગપતિશ્રીઓએ કચ્છની કાયાપલટ કરી નાખેલ છે અને તેના પરિણામે સર્વાંગી વિકાસ થઈ શકેલ છે. પ્રમુખશ્રીએ સમાજની પ્રારંભિક વિગતથી અત્યારની સ્થિતિ વિશે ટૂંકમાં જણાવતાં કહ્યું કે એક બીજમાંથી અત્યારે વટવૃક્ષ બનીને સમાજ ઊભો છે. છેલ્લા ૫૦ વર્ષોમાં અનેક પ્રકારના બદલાવ થતા

*માતાનો ખોળો એટલે... દુનિયાની સહુથી સલામત જગ્યા.*

રહ્યા અને સમાજની સ્થાપના કરવામાં પાયાની ઈંટ સમાન મોભીઓની હાજરી અત્યારે અમદાવાદમાં અસ્તિત્વ ધરાવતી નથી, તેમ છતાં ત્યાર પછીના કેટલાક લોકો સમાજની સાક્ષી સમાન મોજૂદ છે. વધુમાં તેમણે જણાવ્યું કે સમાજનું કાર્યક્ષેત્ર માત્ર અમદાવાદ જ નહીં રહેતાં, કચ્છ અને મુંબઈમાં જઈને પણ અનેક પ્રકારની કામગીરી આ સમાજ કરી રહ્યું છે. તેમણે નર્મદા ડેમની કચ્છ બ્રાંચ કેનાલનો ખાસ ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, શરૂમાં આ ડેમની યોજનાનું કામ બિલકુલ થયું ન હતું. ત્યારબાદ વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૦૫માં કામ આગળ ધપાવવા અનેક પ્રકારની કામગીરી આ સમાજ દ્વારા કરવામાં આવી. લાગતાવળગતા મંત્રીશ્રીઓ પાસે વારંવાર રજૂઆત કર્યા બાદ આખરે વર્ષ ૨૦૦૫માં કચ્છની યોજના સંબંધી ટેન્ડરો બહાર પડ્યા હતા.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના માધ્યમથી 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' ગ્રંથના વિમોચનનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે છેલ્લા ત્રણ વર્ષની સતત કામગીરી બાદ જુદા જુદા વિષયના ૩૦ જેટલા તજજ્ઞો પાસે તે ગ્રંથ લખાવવામાં આવેલ છે. અને તાજેતરમાં જ તેનું વિમોચન કરાવવામાં આવેલ છે.

સમાજની ૫૦ વર્ષની વિકાસ ગાથામાં સૌએ આપેલ સાથ - સહકાર બદલ તેમણે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

આમંત્રિત મહેમાનશ્રીઓ, રાજકીય અને સામાજિક આગેવાનશ્રીઓ, કચ્છથી પધારેલા ઉદ્યોગપતિશ્રીઓ, સમાજના પદાધિકારીશ્રીઓ, કાર્યકર્તાઓ, અન્ય સમાજોના હોદ્દેદારશ્રીઓ તેમજ સમાજ પરિવારજનોની મોટી સંખ્યામાં ઉપસ્થિતિથી આજનો આ હેતુલક્ષી પૂર્ણાહુતિ સમારંભ દીપી ઊઠ્યો હતો.

કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિકાસગાથા, તેના કાર્યો અને પ્રવૃત્તિઓની એક ઝલક જ્યારે સી.ડી.ના માધ્યમથી પ્રસ્તુત થઈ ત્યારે દર્શકોએ સમાજની પ્રશંસા કરી હતી. ઉપરાંત વર્ષ ૨૦૦૧માં ભયાનક ભૂકંપથી કચ્છમાં મોટાપાયે નુકસાન થયા બાદ ત્યાં ઉદ્યોગ એકમો સ્થાપનાર ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન તેમજ સમાજની ક્રેડિટ સોસાયટીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સમારોહના મુખ્ય મહેમાન સ્થાને ગુજરાત રાજ્યના શિક્ષણ, કાયદો, પંચાયત અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા હતા. જ્યારે આ અવસરે અતિથિ વિશેષશ્રીઓ તરીકે ઔડાના ચેરમેન શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ, સિને જગતના જાણીતા સંગીત નિર્દેશક પદ્મશ્રી આણંદજીભાઈ શાહ, સાહિત્યકાર પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, ફોકિયાના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી નિમેષભાઈ ફડકે, એમિરેટ જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના ચેરમેન શ્રી ઉત્કર્ષભાઈ શાહ, તથા પ્રમુખ શ્રી ગણપતભાઈ ચૌધરી, દોશીઓન વીઓલિયા વોટર સોલ્યુશન લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી આસીતભાઈ દોશી, હર્ષા એન્જિનિયર્સના શ્રી હરીશભાઈ રંગવાલા વગેરેની ઉપસ્થિતિ ખાસ ધ્યાન આકર્ષક રહી હતી.

બીજી તરફ ઉદ્યોગપતિઓ શ્રી જયેશભાઈ ઠક્કર - જિંદાલ ગ્રુપ, શ્રી કરણભાઈ અદાણી - અદાણી ગ્રુપ, શ્રી ગૌરવભાઈ ભટ્ટ - સાંઘી ગ્રુપ, શ્રી પી.ડી. વાઘેલા - કે.પી.ટી. ચેરમેન, મેજર શ્રી સિંઘ - ઈફકો, શ્રી પ્રકાશ સંઘવી - રત્નમણિ ગ્રુપ, શ્રી દામજીભાઈ શાહ - એંકર ગ્રુપ, શ્રી સંજય રાય - કંડલા એનર્જી એન્ડ કેમિકલ્સ લિ., શ્રી જયપાલ સિંઘ - મીના ગ્રુપ, વગેરેએ કચ્છ, કચ્છી પ્રજા અને કચ્છીયતને બિરદાવીને કચ્છના સર્વાંગી વિકાસની વિગતો જણાવેલ હતી. આ પ્રસંગે સી.ડી.ના માધ્યમથી કચ્છમાં સ્થાપેલ કેટલાંક ઉદ્યોગોની કામગીરી સ્ક્રીન પર દર્શાવવામાં આવી હતી.

આ અવસરે મુખ્ય મહેમાનશ્રી, અતિથિ વિશેષશ્રીઓ તેમજ કચ્છથી પધારેલા સર્વે ઉદ્યોગપતિશ્રીઓનું સ્વાગત કરીને ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું.

મોટાભાગના વક્તાશ્રીઓએ પોતાના પ્રવચનમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૫૦ વર્ષોની ઉત્કૃષ્ટ કામગીરીને ખાસ બિરદાવીને સમાજના સર્વે હોદ્દેદારો તેમજ કાર્યકરોને અભિનંદન આપ્યા હતા.

સમાજના આ હેતુલક્ષી પ્રસંગે મુંબઈ અને અન્ય સ્થળોએથી સર્વશ્રી મુળજીભાઈ એન. શાહ, વશનજીભાઈ સોની, વીરેનભાઈ શાહ, હિંમતભાઈ દામા, મહેન્દ્રભાઈ મોરબિયા, ઉપેન્દ્રભાઈ ખાસ ઉપસ્થિત રહીને સમાજનું ગૌરવ વધાર્યું હતું.

કાર્યક્રમમાં મનોરંજનના એક ભાગ તરીકે યુવા વર્ગે મનમોહક અદાઓ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમના એક ભાગ તરીકે "હોલીયામેં ઉડે રે ગુલાલ..." નૃત્ય રજૂ કરીને દર્શકોના દિલ જીતી લીધા હતા.

ગ્રીષ્મ ઋતુના પ્રારંભ વચ્ચે આવતી વસંતઋતુની સુગંધથી મહેકતી ચૈત્ર નવરાત્રિ જેવા પવિત્ર સમયગાળામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેની સુવર્ણ જયંતી નિમિત્તે ઊજવેલ આ પૂર્ણાહુતિ સમારોહનો ઉદ્દેશ ખૂબજ હેતુલક્ષી હતો. વર્ષ ૨૦૦૧ના ગોઝારા ભૂકંપે સમગ્ર કચ્છને સમગ્ર રીતે ખેદાન મેદાન કરી નાખ્યું હતું ત્યારે કચ્છમાં ઉદ્યોગો સ્થપાય તે માટે સરકારે જાહેર કરેલ ટેક્ષ મુક્ત નીતિના પરિણામે દેશ-વિદેશના અનેક નામાંકિત ઉદ્યોગપતિઓએ આગળ આવીને કચ્છમાં વિવિધ પ્રકારના સંખ્યાબંધ ઉદ્યોગો

*ત્રણ જગતનો નાથ પણ મા વિના અનાથ છે.*

સ્થાપ્યા. આ ઉદ્યોગ - એકમોના કારણે **કચ્છમાં લોકોને રોજગારી પ્રાપ્ત થઈ.** મોટા મોટા ઉદ્યોગ ધંધાના અનુસંધાને તેને સંલગ્ન **અન્ય નાના - મોટા એકમો કચ્છમાં ઊભા થયા. હોટલ અને પોર્ટ ક્ષેત્રે વિકાસ થયો. ટુરિઝમ માટે નવી દિશા ખૂલી.** ઔદ્યોગિક એકમોના પરિણામે એક પ્રકારની ક્રાંતિ થઈ, હલચલ થઈ. સમગ્ર કચ્છ ટૂંક સમયમાં બેઠું થયું. તેનો સર્વગ્રાહી વિકાસ થયો. નિઃશંકપણે કહી શકાય કે ભૂકંપ બાદ ત્યાં સ્થપાયેલા ઉદ્યોગોનો ફાળો કચ્છની વિકાસયાત્રામાં મહત્ત્વનો બની રહ્યો. તે સંજોગોમાં, ત્યાંના ઉદ્યોગ - એકમોના **ઉદ્યોગપતિશ્રીઓનું વિશિષ્ટ સન્માન** કરવાનું શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે બીડું ઝડપ્યું અને આ અવસરે તેઓશ્રીને અમદાવાદ ખાતે ખાસ આમંત્રિત કરીને તે સ્વપ્નને સિધ્ધ કરી બતાવ્યું. જે કામગીરીને બિરદાવતો પડઘો આજના કાર્યક્રમના વક્તાશ્રીઓએ પોતાના મનનીય પ્રવચનોમાં પાડ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે કચ્છમાં ભૂકંપ બાદ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા કચ્છ ખાતે ભૂકંપથી અસરગ્રસ્ત લોકોના લાભાર્થે રાહતની વિવિધ પ્રકારની કામગીરી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. એટલું જ નહીં પરંતુ ભૂકંપ બાદ કચ્છનો વિકાસ થાય તે માટે વર્ષ ૨૦૦૨થી ૨૦૦૪ દરમ્યાન કચ્છ, અમદાવાદ તેમજ મુંબઈ ખાતે કચ્છના પ્રશ્નો વિશે અનેક સેમિનારોનું આયોજન કર્યું હતું. જેમાં માતૃભૂમિ કચ્છ માટે કંઈક કરી છૂટવાની ભાવનાથી અને અનેક લોકો આ વિચાર મંથનમાં જોડાય તેવા ઉદ્દેશથી કચ્છના ઉદ્યોગો, પાણી, વીજળી અને શિક્ષણ જેવા અનેક વિષયો પર ચર્ચા કરવા તજજ્ઞો, ધારાસભ્યશ્રીઓ, રાજકીય આગેવાનો, ઉદ્યોગપતિશ્રીઓ, સામાજિક સેવકો વગેરેને મોટી સંખ્યામાં સમગ્ર ભારતભરમાંથી વિવિધ સેમિનારોમાં એકત્ર કર્યા હતા અને સરકાર સમક્ષ તેવા પ્રશ્નોની યોગ્ય રજૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ કચ્છમાં સ્થાપિત થયેલા ઉદ્યોગોની અનેકવિધ માહિતી સાથે માર્ચ-૨૦૦૭માં સમાજના માસિક મુખપત્ર **"મંગલ મંદિર"નો "કચ્છ ઉદ્યોગ વિશેષાંક"** બહાર પાડ્યો હતો. આ રીતે જોઈએ તો શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે અમદાવાદમાં રહીને પણ કચ્છના વિકાસમાં શક્ય કામગીરીનું પ્રદાન કર્યું છે, તેમ નિશ્ચિતપણે કહી શકાય. આ બાબતે વધુમાં જોઈએ તો કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના માધ્યમ દ્વારા 'કચ્છનો સર્વાંગી ઈતિહાસ' નામનો મહત્ત્વનો ગ્રંથ ભાગ-૧ અને ૨ બહાર પાડેલ છે. કચ્છના ૫૯ જેટલા ગેઝેટ્સના ૧૮,૦૦૦ પાનાને સી.ડી.માં પરિવર્તન કરાવીને તેની જાળવણી કરી છે. કચ્છની સંસ્કૃતિને ઉજાગર કરવા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગમાં "કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ"ની રચના પણ આ સમાજે કરી છે.

**અમદાવાદ - ગાંધીનગર વિસ્તારની ખૂબ જ ગૌરવવંતી સંસ્થા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૫૦મી જન્મ દિવસની ઉજવણી અને તેના અંતર્ગત વિવિધ કાર્યક્રમના રંગબેરંગી માહોલનો શાનદાર રીતે સમાપન થયું.**

ઉપરોક્ત પૂર્ણાહુતિ સમારંભ કચ્છ અને કચ્છના વિકાસના સંદર્ભમાં અતિ હેતુલક્ષી સાબિત થયો.

સમાજના માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે કાર્યક્રમના અંતે આભારવિધિ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૧૪-૪-૨૦૧૨ના રોજ આ મહોત્સવના પ્રારંભ અગાઉ જ્યારે આખા વર્ષ દરમ્યાનના ૧૨ જેટલા વિવિધ હેતુલક્ષી મુખ્ય કાર્યક્રમો સહિત ૬૦ જેટલા કાર્યક્રમો યોજવાની હારમાળા તૈયાર કરવામાં આવી ત્યારે મનમાં સંદેહ હતો કે આ બધા કાર્યક્રમોનું આયોજન કેવી રીતે શક્ય બનશે? તે પ્રશ્ન સતાવતો હતો.

આ સ્થિતિમાં સમાજના ટ્રસ્ટ મંડળના તમામ ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સમિતિના સર્વે સભ્યશ્રીઓ, વિવિધ સમિતિઓના કન્વીનરશ્રીઓ તેમજ તેનાં દરેક સભ્યશ્રીઓ અને કાર્યાલયના સ્ટાફની કુનેહ, પરિશ્રમ, સમયનો ભોગ, સમાજ પ્રત્યેની લાગણી અને ન્યોચ્છાવરની ભાવના વગેરે પાસાં અગત્યના બની રહ્યા. અલબત્ત સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાની રાત-દિવસની સતત મહેનત અને તેમના નેતૃત્વ હેઠળ ઉપપ્રમુખશ્રીઓ, માનદ્ મંત્રીશ્રી, સહમંત્રીશ્રી વગેરેની કામગીરી ખાસ નોંધનીય છે. દરેકના સહયોગ દ્વારા આખા વર્ષ દરમ્યાનનો સુવર્ણ જયંતી મહોત્સવ એક સંભારણાં રૂપે રહેશે.

ઉપરોક્ત પૂર્ણાહુતિ સમારંભના સમયે સ્થાનિક કેટલાક ઘટક સમાજો અને અન્ય સમાજના આગેવાનોએ કહ્યું હતું કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે મેળવેલ સિધ્ધિ તેમજ તેની વિકાસગાથાની કામગીરી કાબિલેદાદ છે, ધન્યવાદને પાત્ર છે.

આ પ્રકારના પ્રતિભાવ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સફળતા માટે ઘણું કહી જાય છે.

| | |
|---|---|
| **પ્રતાપ નારાણજી દંડ** | **કાંતિલાલ વેલજી સાવલા** |
| **માનદ્ મંત્રી** | **કન્વીનર : પૂર્ણાહુતિ સમારંભ** |
| **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** | **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** |

***સહયોગ : દિનેશ આર. મહેતા***

*ઓ મા! તમારા વહાલની વહાલપથી, ઉઘાડ્યા મારા અંતરના દ્વારને. મારી આંખોથી માણી, મેં સોનેરી સવારને.*

## અમદાવાદ - ગાંધીનગર વિસ્તાર સ્થિત કચ્છી પરિવારજનોની

# કચ્છી બિઝનેસ ડિરેક્ટરી - કચ્છી યલો પેજિસ

કચ્છી બિઝનેસ ડિરેક્ટરી – કચ્છી યલો પેજિસ માટે બાકી રહેલા ફોર્મ તેની વિગત સાથે અત્રેના પ્રતિનિધિને આપશ્રી સત્વરે આપી શકો છો. અગર આપશ્રીએ ઉપરોક્ત ફોર્મ ભરીને આપેલ હોય પરંતુ અન્ય કચ્છી પરિવારજનોના વ્યવસાયિક ક્ષેત્રના ફોર્મ બાકી હોય તો તેમને પોતાના ફોર્મ ભરીને તુરત મોકલાવી આપવા જરૂર અનુરોધ કરશો.

અમદાવાદ સ્થિત દરેક કચ્છી ઘટક સમાજ તથા અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવારજનો તરફથી આ પ્રકારની બાબતમાં સમયસર લક્ષ અપાય અને તે પરત્વે સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થાય તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**ડિરેક્ટરીમાં એન્ટ્રી માટે કોઈ ચાર્જ રાખવામાં આવેલ નથી.**

સૂચિત ડિરેક્ટરી દરેક કચ્છી પરિવારજનોને ત્યાં એક રેફરન્સ તરીકે લાંબા સમય સુધી રહેશે. તેથી આપશ્રી તેમાં કોઈપણ પ્રકારની જાહેરાત આપશો તો આપના વ્યવસાય સંબંધિત સતત પ્રચાર થતો રહેશે. ઉપરાંત, જાહેરાતના માધ્યમથી ડિરેક્ટરી પ્રસિદ્ધ કરવાના કાર્યમાં આપશ્રી ચોક્કસપણે સહાયરૂપ થઈ શકશો.

**બહારગામના કોઈપણ કચ્છી પરિવારજનો સૂચિત ડિરેક્ટરીમાં પોતાના વ્યવસાય સંબંધી જાહેરાત આપી શકે છે.**

જાહેરાત વહેલા તે પહેલાના ધોરણે લેવામાં આવશે.

આ ડિરેક્ટરીમાં પ્રસિધ્ધ કરવાની જાહેરાતના દર નીચે મુજબ છે.

- કવર પેઈજ - ૨ — રૂા. ૪૦,૦૦૦/- — અપાઈ ગયેલ છે
- કવર પેઈજ - ૩ — રૂા. ૩૦,૦૦૦/-
- કવર પેઈજ - ૪ — રૂા. ૫૦,૦૦૦/- — અપાઈ ગયેલ છે
- કવર પેજ-૨ની સામેનું પાનું (મલ્ટી કલર) — રૂા. ૩૦,૦૦૦/- — અપાઈ ગયેલ છે
- કવર પેજ-૩ની સામેનું પાનું (મલ્ટી કલર) — રૂા. ૨૦,૦૦૦/-

**મલ્ટી કલર**

- અંદર આખું પાનું — રૂા. ૧૫,૦૦૦/-
- અંદર અડધું પાનું — રૂા. ૮,૦૦૦/-
- અંદર ક્વાર્ટર પાનું — રૂા. ૫,૦૦૦/-

**બ્લેક એન્ડ વ્હાઈટ**

- અંદર આખું પાનું — રૂા. ૧૦,૦૦૦/-
- અંદર અડધું પાનું — રૂા. ૬,૦૦૦/-
- અંદર ક્વાર્ટર પાનું — રૂા. ૩,૫૦૦/-
- અંદર ૧" સાઈઝ બોટમ પટ્ટી — રૂા. ૧,૦૦૦/-

*આપશ્રીના સહયોગની અપેક્ષા રાખવામાં આવે છે.*

**મનુભાઈ શાહ**
કન્વીનર - કચ્છી યલો પેજિસ સમિતિ
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**પ્રતાપ નારાણજી દંડ**
માનદ્ મંત્રી
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

NGR NUTAN
GUJARAT ROADLINES
ગુજરાત - મહારાષ્ટ્ર

પ્રો. પ્રફુલ મેઘજી ભાણજી શાહ (મો. ૦૯૪૨૨૧ ૧૪૨૯૪)
B/29, Transport Nagar Free Zone, Bhandara Road, NAGPUR-440 008.
Ph. : (0712) 2681733, 2682733 Fax : (0712) 2680433

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**તા. ૧-૪-૨૦૧૩થી અમલમાં**

**માસિક મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસિધ્ધ થતી જાહેરાતોના દરનો કોઠો (ભાવ – એક વખતના)**

**'મંગલ મંદિર' – લવાજમનાં વર્તમાન દરમાં કોઈ ફેરફાર નથી.**

| ક્રમ | ટાઈટલ | | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટી કલર | ૭,૦૦૦/- | ૪,૦૦૦/- | ૩,૦૦૦/- | — |
| ૨. | કવર પેઈજ નં.-૨ તથા ૩ | મલ્ટી કલર | ૬,૦૦૦/- | ૩,૫૦૦/- | ૨,૫૦૦/- | — |
| ૩. | કવર પેઈજ નં.-૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટી કલર | ૫,૫૦૦/- | ૩,૨૫૦/- | ૨,૨૫૦/- | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૫. | અંદરનું પાનું | સીંગલ કલર | ૪,૦૦૦/- | ૨,૫૦૦/- | ૧,૫૦૦/- | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર – ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦/- |

એક સાથે ૧૨ મહિનાની જાહેરાત આપનારને ૧૦ ટકા, એક સાથે ૬ મહિનાની જાહેરાત આપનારને ૭.૫ ટકા અને એક સાથે ૩ મહિનાની જાહેરાત આપનારને ૫ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**"મંગલ મંદિર" – લવાજમના દર**

| | | | |
|---|---|---|---|
| ૧ વર્ષના | : રૂા. ૧૫૦/- | ૫ વર્ષના | : રૂા. ૬૦૦/- |
| ૩ વર્ષના | : રૂા. ૪૦૦/- | આજીવન (૧૫ વર્ષના) | : રૂા. ૧,૫૦૦/- |

***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો ચેક (Payable at Ahmedabad) અથવા ડ્રાફ્ટ મોકલવા વિનંતી.***

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## ક્ષતિ - સુધાર

*'મંગલ મંદિર' માસ એપ્રિલ-૨૦૧૩ના વિશેષાંકમાં પ્રકાશિત થયેલા લેખોમાં ક્ષતિ-સુધારા નીચે મુજબ છે.*

(૧) 'શ્રુજન – માર્ગ શોધવાનો આનંદ'
લેખ લખનારની સામે — ફીરૂઝી અંજીરબાગ, કન્સલ્ટન્ટ – શ્રુજન, અનુવાદ : હરેશ ધોળકિયા

(૨) 'આશાપુરા ફાઉન્ડેશન' લેખમાં — દીપક જાની

(૩) 'સારસ્વતમ્ : શિક્ષણ અને વિશેષ' લેખમાં — કારોબારી સમિતિના નામોના લિસ્ટમાં રાજુભાઈ - સેક્રેટરી

*પ્રથમ પ્રણામ મારી માને હોજો, માન્યું જેણે માટીને રતન. ભૂખ્યા રહી જમાડ્યા અમને, કીધારે અમ કાયાના જતન.*

કચ્છ, કચ્છી પ્રજા અને કચ્છીયતને ઉજાગર કરતી ચાલુ રસધાર કથા

# કચ્છનો કેસરી વીર કારાયલ અને સતી કપુરી

**કચ્છની રસધાર : મણકો - ૯**

• દુલેરાય કારાણી •

## બહારવટાને પંથે

કચ્છનો ઓજસપૂર્ણ ઇતિહાસ ઘણે ભાગે અંધકારમાં હોવા છતાં તેને પાને પાને પ્રકાશી રહેલાં શૌર્ય, વીર્ય, શક્તિ અને ભક્તિનાં તેજસ્વી કિરણો કાળના પ્રગાઢ પડને ચીરીને આજે પણ ચમકી રહ્યાં છે.

વીર વિક્રમની દશમી શતાબ્દીનો સમય હતો. કરોળિયાનાં જાળાં જેવી કચ્છમાં ઠામ ઠામ બાઝી રહેલી કાઠી સત્તા, સમા વીરોના સપાટાથી વિખેરાવા લાગી હતી. કેટલાયે કાઠી શ્રીમંતો પોતાની અનર્ગળ દોલત ધરતી માતાના ઉદરમાં પધરાવીને રાતોરાત પોબારા ગણી ગયા હતા. કારણકે એમની સલામતી પર એ વખતે મોટું જોખમ ઝઝુમી રહ્યું હતું.

સિંધમાં એ સમયે સમા સરદારો અને સૂમરાઓ વચ્ચે અવારનવાર લડાઈઓ ફાટી નીકળતી હતી. બંને પક્ષ બળવાન હતા. કોઈ કોઈને મચક આપે એવા ન હતા. આખરે આ સંઘર્ષથી કંટાળીને કેટલાક સમા સરદારો સિંધનો ત્યાગ કરીને કારીકચ્છી એટલે પચ્છમના પ્રદેશમાં આવી વસ્યા હતા. અહીં કુનરીઆ ગામમાં જામ લાખિયાર ભડના વંશજ નારાયણ સમાએ પોતાનું સ્થાન જમાવ્યું હતું.

નારાયણ સમાને સઘળી વાતે સુખ હતું. દુઃખ એક જ હતું. એને શેર માટીની ખોટ હતી. તેણે પાણા એટલા પીર કર્યા પણ એના અંતરની અભિલાષ પરિપૂર્ણ થઈ ન હતી. તેની પ્રજા અને તેના નોકરોચાકરો પણ પ્રભાતમાં તેનું મુખ જોવા તૈયાર ન હતા. વાંઝિયાપણાના દુઃખથી અકળાઈને નારાયણ સમો કોઈને કશી જાણ કર્યા વિના પોતાની રાજધાની બહાર ચાલ્યો ગયો.

કેટલાક દિવસે તેને કચ્છના ચિત્રાણા ડુંગર પર તપ કરી રહેલા એક સમર્થ યોગી ચિત્રનાથની ભાળ લાગી. આથી તે ચિત્રાણા ડુંગર પર મહાત્મા ચિત્રનાથ પાસે આવી પહોંચ્યો. તેણે પોતાની દુઃખદ પરિસ્થિતિનું વર્ણન રડતા હૃદયે આ મહાત્માના સાન્નિધ્યમાં રજૂ કર્યું. સમા સરદારની દયાજનક સ્થિતિ પર યોગીને દયા આવી. તેણે થોડે દૂર ઊભેલા એક આમ્રવૃક્ષમાંથી એક આમ્રફળ તોડી લાવવાની તેને આજ્ઞા કરી.

ચિત્રાણો ડુંગર અબડાસામાં વીંઝાણથી થોડે દૂર ઉગમણી તરફ આવેલ છે. યોગીની આજ્ઞાનો અમલ કરવા નારાયણ સમો આમ્રવૃક્ષ પાસે આવ્યો. તેને વિચાર આવ્યો, કે એકને બદલે બે ફળ લીધાં હોય તો શું ખોટું? તેણે આંબા પરથી બે ફળ તોડી લીધાં. એક પોતાની ભેઠમાં સંતાડી દીધું અને બીજું હાથમાં લઈને તે ગુરૂ મહારાજ પાસે હાજર થયો.

નારાયણ સમાની ચાલાકી યોગી સમજી ગયો હતો. તે બોલ્યો : "સમા સરદાર! તારા હાથમાંનું ફળ તારી રાણીને ખવડાવજે! ઈશ્વરકૃપાએ તારે ત્યાં પુત્રનો જન્મ થશે. પરંતુ તે ચૌર્યવૃત્તિ રાખી એટલે તારો પુત્ર બહારવટિયો થશે એ વાત ભૂલીશ નહિ!"

નારાયણ સમો હાથ જોડીને ક્ષમા માગતાં બોલ્યો : "મહારાજ, એ દોષ મારો છે. પણ મારું વાંઝિયા મહેણું ટળે છે તેને હું મારાં અહોભાગ્ય માનું છું." આમ કહી મહાત્માની આજ્ઞા લઈને તે ત્યાંથી પાછો ફર્યો.

યોગીના વચન અનુસાર નારાયણ સમાને ત્યાં યોગ્ય સમયે દેવના ચક્ર જેવા એક સ્વરૂપવાન કુમારનો જન્મ થયો. આ કુમાર તે આપણી કથાનો વીર નાયક કારાયલ સમો!

કચ્છી ભાષામાં કહેવત છે "પુત્તર જા લખણ પીંગે મેં પધરા." આ કહેણી અનુસાર કારાયલ કુમારમાં શૌર્ય અને ઔદાર્ય જેવા ગુણો ઓતપ્રોત થયેલા દેખાતા હતા. તેની પાસે યાચના કરનાર કોઈ પણ યાચક નિરાશ થઈને ન જાય એવો એનો નિયમ હતો. ભાટ-ચારણાદિ યાચક વર્ગના લોકો કારાયલ કુમારની ઉદારતા પર આફરીન હતા.

કારાયલ કુમાર વયમાં આવતાં તેને તેના પિતા તરફથી મળતી જૂજ રકમનો દરમાયો, તેના હાથમાંથી વહેતી દાનની સરિતામાં માત્ર એક નાની ઝરણી જેવો થઈ પડ્યો. આ મુશ્કેલીને પહોંચી વળવા માટે કારાયલને એક નવો જ માર્ગ ગ્રહણ કરવાની ફરજ પડી. જ્યારે જ્યારે લાગ ફાવતો ત્યારે ત્યારે સિંધ પ્રદેશના સૂમરા રાજ્યમાંથી મોટી ધાડ મારી આવતો. આ રીતે મોટાઓને લૂંટી ગરીબોને દાન આપવાની પોતાની પુણ્ય પ્રથા તેણે અખંડિત રાખી. કારાયલ કુમારની આ રીત પિતાને રુચતી નહિ. પરંતુ, તેને યોગીના વચનનું પરિણામ માનીને તે મનનું દુઃખ મનમાં જ સમાવી દેતો.

એક વાર કારાયલે સિંધ બાંભણાસરના બાદશાહનો ખજાનો ફાડીને એક મોટી લૂંટ મારવાનો વિચાર કર્યો. બરાબર લાગ સાધી તેણે બાદશાહી ખજાનો ફોડ્યો. ત્યાંથી અખૂટ દ્રવ્ય ઉઠાવી રાતોરાત તે પોતાના સ્થાન પર પહોંચી આવ્યો.

બીજી સવારે બાંભણાસરના બાદશાહને પોતાનો મોટો ખજાનો લૂંટાયાની જાણ થઈ. તેણે ચોરને પાતાળમાંથી શોધી કાઢવાનો નિશ્ચય કર્યો. પાણીમાંથી પણ પગ શોધી કાઢે એવા કુશળ પગીઓને તેણે રોકી લીધા. પગીઓ ચોરના પગ લેતા લેતા પચ્છમ પ્રદેશ તરફ આવવા લાગ્યા. ચોરનો પગ ચાલતાં ચાલતાં નારાયણ સમાના દરબારગઢમાં આવી લાગ્યો. કારાયલનાં પરાક્રમો તો પ્રખ્યાત હતાં. પગીઓ આ ચોર કુમારને ઓળખી ગયા. પણ નારાયણ સમા પાસે આ હકીકત રજૂ કરવાની તેમની હિંમત ન ચાલતાં પાછા ફર્યા.

જ્યારે બાંભણાસરના બાદશાહે જાણ્યું કે આ ચોરી કરનાર નારાયણ સમાનો રાજકુમાર કારાયલ છે ત્યારે તેના ક્રોધનો પાર રહ્યો નહિ. તેણે નારાયણ સમાને તેના બહારવટિયા પુત્રને દેશપાર કરવાની તાકીદ આપી દીધી.

*૮ વરસનો તારો બાબલો જો તારા પ્રેમને ઈચ્છે છે તો... ૮૦ વરસના તારા મા-બાપ તારા પ્રેમને કેમ ન ઈચ્છે?*

નારાયણ સમાને પણ હવે તેના તોફાની પુત્રનાં કારસ્તાનોથી કંટાળો આવવા લાગ્યો હતો. બાંભણાસરના બાદશાહનો હુકમ પણ તેની મદદમાં આવ્યો. કારાયલને સમજાવીને ઠેકાણે લાવવાના આજ સુધીના તેના તમામ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા હતા. આથી નારાયણ સમાએ બાદશાહનો સંદેશો કારાયલના કાન પર મૂકી દીધો.

કારાયલ કોઈની પરવા કરે તેવો ન હતો. પોતાના બાહુબળ પર જ પ્રમત્ત રહેનાર કારાયલને પરિણામની પરવા ન હતી. પિતાને ધર્મસંકટમાંથી મુક્ત કરવા કારાયલ સમાએ પોતાના થોડા સંગાથીઓ સાથે પચ્છમ પ્રદેશની વિદાય લીધી. કુદરત જ્યાં ખેંચી જાય ત્યાં ચાલ્યા જવા તેણે પોતાની જીવનનાવને ઝંપલાવી દીધી.

કારાયલકુમાર સૌથી પ્રથમ ચિત્રાણા ડુંગર પર આવ્યો. જે મહાત્માની કૃપા વડે તેનો જન્મ થયો હતો તે જ યોગી ચિત્રનાથ હજુ આ ચિત્રાણા ડુંગર પર તપશ્ચર્યા આદરી રહ્યા હતા. કારાયલ યોગીરાજને પગે પડ્યો અને આશીર્વાદની માગણી કરી. ચિત્રનાથ એને જોતાં જ જાણી ગયા હતા કે એ નારાયણ સમાનો કુમાર છે. યોગીરાજે પોતાના આશીર્વાદની નિશાની તરીકે તેને એક યંત્ર આપ્યું અને કહ્યું કે જ્યાં સુધી આ યંત્ર એની પાસે હશે ત્યાં સુધી એને ઊની આંચ પણ આવવાની નથી.

યોગી મહાત્માના આશીર્વાદ મસ્તક પર ચઢાવીને કારાયલ પોતાના સાથીઓ સાથે આગળ ચાલ્યો. કાયમી નિવાસ માટે યોગ્ય સ્થાન પસંદ કરવા તે જુદા જુદા ડુંગરોનાં સ્થાનક તપાસતો ચાલવા લાગ્યો. આમ ફરતો ફરતો તે આખરે પચ્છમાઈ ડુંગર પર આવી પહોંચ્યો. આ ડુંગર લખગુરુનો કહેવાય છે. આ પચ્છમાઈ ડુંગર કારાયલને પોતાના નિવાસસ્થળ તરીકે તદ્દન યોગ્ય લાગ્યો. એ ડુંગરમાં મોટી મોટી ખીણો વચ્ચે વહેતાં નિર્મળ નીર, મોટાં મોટાં ઝાડોનાં ઝુંડ અને અનેક ગુફાઓનાં ગુપ્ત સ્થળો આવેલાં હોવાથી આ ડુંગર ઉપર જ તેણે પોતાની પસંદગી ઉતારી. લખગુરુના આ પચ્છમાઈ ડુંગર અર્થાત્ રણને કિનારે આવેલા કાળા ડુંગર પર તેણે પોતાનું મેલાણ જમાવી દીધું.

અહીં રહીને તેણે સિંધ પ્રદેશમાં લૂંટફાટ ચલાવવા માંડી. આ બહાદુર બહારવટિયાની હાકના પડઘા સિંધ અને કચ્છને પણ થથરાવવા લાગ્યા. એક ખાનદાન બહારવટિયાને છાજે તેવી એની નીતિ હતી. કોઈ પણ અબળા સામે દોષદષ્ટિએ નિહાળવાની તેની સખત મનાઈ હતી. લૂંટફાટમાં પણ તેનો ખાસ નિયમ હતો, કે મારવો તો મીરને જ મારવો. ગરીબ કે પૂજ્ય ગણાતી વ્યક્તિઓ તરફ ઊંચી આંગળી પણ ન કરવાનો એનો સિદ્ધાંત હતો. અવારનવાર એના સાથીઓને ધીંગાણામાં ઊતરી પડવાનો પ્રસંગ પણ આવી પડતો. પરંતુ તેની ટોળીના પટ્ટાબાજ અને પરાક્રમી જવાનો કદી કોઈને મચક આપે એવા ન હતા. આ બહાદુર નરનું જીવન હવે ખુલ્લા બહારવટાને પંથે પડી ગયું.

*(વધુ આવતા અંકે)*

***સ્વ. દુલેરાય કારાણી લિખિત***
***"કચ્છની રસધાર : ભાગ - ૨"માંથી સાભાર***

## "કચ્છી સંસ્થા વિશેષાંક" વિશે

લગભગ બાવન જેટલી કચ્છી સંસ્થાઓ વિશેની માહિતી સાથે 'મંગલ મંદિર'નો માસ એપ્રિલ-૨૦૧૩ વિશેષાંક પ્રસિધ્ધ થઈ ગયેલ છે. આ વિશેષાંકમાં પ્રસિધ્ધ થયેલી માહિતી તેમજ તેનાં અન્ય વિશિષ્ટ સ્વરૂપના કારણે 'મંગલ મંદિર'ને અનેક સ્થળોએથી અભિનંદનના સંદેશાઓ પ્રાપ્ત થઈ રહ્યા છે.

**આપ પણ આપના પ્રતિભાવો જરૂરથી જણાવશો.**

ઉપરોક્ત વિશેષાંક બહાર પડી ગયા બાદ કેટલીક સંસ્થાઓની વિગત પાછળથી મળી છે.

અગર આ પ્રકારની સંપૂર્ણ માહિતી બહુલક્ષી - હેતુલક્ષી બાકી રહેતી જાણીતી કચ્છી સંસ્થાઓ તરફથી પૂરતા પ્રમાણમાં મળશે તો 'મંગલ મંદિર'નો "કચ્છી સંસ્થા વિશેષાંક – ૨" યોગ્ય સમયે બહાર પાડવા પ્રયત્ન કરીશું.

★ સંસ્થાની વિગત મોકલનારે પોતાનું નામ, ટેલિફોન નંબર તેમજ હોદ્દો અને સંસ્થાનું સંપૂર્ણ સરનામું, ટેલિફોન નંબર, ઈ-મેઈલ, વેબ સાઈટ વગેરે અવશ્ય જણાવવા.

★ સંસ્થાની પ્રવૃત્તિ, કાર્યક્રમો વગેરે માત્ર સર્વ સામાન્ય કક્ષાના નહીં પરંતુ હેતુલક્ષી પ્રકારના હોવા જોઈએ.

★ લેખ પ્રસિધ્ધ કરવા અથવા તો તેમાં સુધારા-વધારા સંબંધી તંત્રી મંડળનો નિર્ણય અબાધિત રહેશે.

★ લેખની સાથે જરૂરી બે-ત્રણ તસવીરો પણ મોકલાવી શકાશે.

★ **સંસ્થાની વિગત લેખ સ્વરૂપની હોવી જરૂરી છે.** માત્ર માહિતી અથવા તો તે સંબંધી પુસ્તક, પેમ્ફલેટ વગેરે મોકલાવવાનું અર્થહીન છે.

"મંગલ મંદિર"ના વાચક વર્ગને અપીલ કરવામાં આવે છે "કચ્છી સંસ્થા"ની ઉપર મુજબની વિગત (વિશેષાંક-૧ સિવાય) મોકલાવે અથવા તો તેવી સંસ્થાઓને વિગત મોકલાવવાનો અનુરોધ કરીને અમારા પ્રયાસમાં સહયોગ આપે.

***– તંત્રી મંડળ : "મંગલ મંદિર"***

# કચ્છના પ્રાચીન કબ્રસ્તાનો

• ડૉ. પુલીન વસા - માંડવી, કચ્છ •

*ડૉ. પુલીન વસા છેલ્લા કેટલાયે વર્ષોથી માંડવીમાં તબીબી પ્રેક્ટીસ કરી રહ્યા છે. સાથે સાથે તેમણે પુરાતત્વના સંશોધન વિષે પણ શોખ કેળવ્યો છે. નાની રાયણમાં તેમણે પુરાતન કાળની માહિતી વિષે સંશોધન કરી 'નાની રાયણ' વિષેની એક બુક પણ અંગ્રેજીમાં પ્રસારિત કરેલ છે. તદ્‌ઉપરાંત સંશોધન વિષેની છણાવટ કરતા તેમના લેખો પણ અવારનવાર પ્રસારિત થતા રહે છે.*

*કચ્છના પ્રાચીન કબ્રસ્તાનો અને જખૌનું કબ્રસ્તાન વિષે તેઓએ લેખો લખેલ છે.*

*'મંગલ મંદિર'ના વાચક વર્ગની જિજ્ઞાસા સંતોષવા ડૉ. પુલીન વસાનો 'કચ્છના પ્રાચીન કબ્રસ્તાનો' વિષેનો લેખ અત્રે પ્રસારિત કરવામાં આવે છે.*

*આશા છે કે તેનાથી 'મંગલ મંદિર'ના વાચક વર્ગને કચ્છના કબ્રસ્તાનો વિષે અભ્યાસપ્રદ અને રસપ્રદ માહિતી પ્રાપ્ત થઈ શકશે.*

*– તંત્રી મંડળ*

*(ખાસ નોંધ : અહીં થયેલ 'કબર' શબ્દનો ઉપયોગ દફનની જગા તરીકે જ થયો છે. તેને કોઈ પણ ધર્મ સાથે કશો જ સંબંધ નથી તેવી સ્પષ્ટતા કરું છું.)*

કચ્છની ઓછી માનવ વસ્તી અને ઔદ્યોગિક એકમોના અભાવે કચ્છના પ્રાચીન કબ્રસ્તાનો સારી રીતે સચવાઈ રહેલા છે. ફક્ત જ્યાં જ્યાં આ સ્થળો નદી કે દરિયાની નજીક છે ત્યાં ત્યાં નદી અથવા દરિયા વડે થયેલા ધોવાણથી તેમને નુકસાન પહોંચ્યું છે.

કચ્છમાં વૈજ્ઞાનિક સ્તરે આ કબ્રસ્તાનનો કોઈ અભ્યાસ થયો હોય તેવું જાણમાં નથી પરંતુ તેમની વિવિધતા, તેમની ગોઠવણી તેમજ પ્રાચીનતાને ધ્યાનમાં લઈને તેનો વ્યાપક અને ઊંડો અભ્યાસ થાય તે ખૂબ જ જરૂરી છે.

એક વખત રવિવારે મારા મિત્ર દલપતભાઈ દાણીધારિયા સાથે ગાંધીગ્રામ (માંડવી તાલુકો, કચ્છ જિલ્લો) ફોસીલ્સ ગોતવા ગયા હતા. ત્યારે નદીની કોતરમાંથી ટીંબા પર વિચિત્ર આકારના પથ્થર જોયા. ત્યાં જઈને તપાસ કરી તો તે પાષાણયુગીય કબ્રસ્તાન હોવાનું માલુમ પડ્યું. તે વખતે તો સાથે કેમેરો પણ નહોતો. તેથી ત્યાં બેસી તેના સ્કેચ બનાવ્યા અને તેનો અભ્યાસ કર્યો. ત્યારબાદ આ પ્રકારના બીજા ઘણા સ્થળો ગોત્યા.

મારા ધ્યાનમાં આવેલા અને આ લેખમાં વર્ણવવામાં આવેલા આવા સ્થળો ઉપરાંત, કચ્છમાં ઘણી જગ્યાએ આ પ્રકારની કબરો અને કબ્રસ્તાનો જોવા મળે છે. નખત્રાણા તાલુકાના અમુક ગામોમાં આજે પણ પોતાના મૃત 'સ્વજનોને' બાળ્યા પછી ભેગી થયેલી રાખને એક ઘડામાં ભરી ગોળાકાર કબરોની વચ્ચે રાખવાનો રિવાજ છે, જે પણ એક અભ્યાસ માંગી લે છે.

કચ્છના મેગાલીથનું વર્ણન કરતાં પહેલા આપણે આ ક્ષેત્રે ભારતમાં અને ખાસ કરીને દક્ષિણ ભારતમાં થયેલા સંશોધન પર એક નજર નાખીએ.

આમ જુઓ તો મેગાલીથ આખા દેશમાંથી મળી આવે છે. પણ તેનું સહુથી વધુ પ્રમાણ દક્ષિણ ભારતમાં છે. આ સમયના રિવાજો દક્ષિણ ભારતના અમુક આદિવાસી લોકોમાં આજે પણ જોવા મળે છે. રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ગુજરાત, કાશ્મીર, સિંધ, પંજાબ, બલુચિસ્તાન અને ઉત્તરમાં છેક તિબેટની સરહદ સુધી મેગાલીથ જોવા મળ્યા છે.

કચ્છના મેગાલીથની જેમ લગભગ બધી જ જગ્યાએ નદી અથવા તો તળાવની નજીક તે જોવા મળે છે – જ્યાં માનવ વસવાટ સહજતાથી થઈ શકે. દક્ષિણ ભારતમાં થયેલા અભ્યાસ મુજબ મેગાલીથિક કબરોનું બે પ્રકારે વર્ગીકરણ થયું છે. અલ્લાચીન નામના પુરાતત્ત્વવિદ તેને તેમાંથી મળેલા ઠીકરા પ્રમાણે અથવા કબરોના બંધારણ પ્રકારે, જ્યારે દીક્ષિત સાહેબ તેનું યુરોપમાંથી મળી આવેલા સમરકક્ષ મેગાલીથીક મુજબ વર્ગીકરણ કરે છે. કચ્છમાં પણ જુદા જુદા પ્રકારના મેગાલીથ જોવા મળે છે પણ તેનું વર્ગીકરણ થયું નથી.

આજ રીતે તેમની ઉત્પત્તિ વિશે પણ ઘણા મત છે. શ્રી હેવીમેન ડોટફ, મેગાલીથ સંસ્કૃતિ પશ્ચિમી દેશોમાંથી અને ખાસ કરીને મેડીટરેનિયમ (ભૂમધ્ય સાગર) ના વિસ્તારોમાંથી આવ્યા હોવાનું સૂચવે છે. ભારતનો પશ્ચિમ કંઠો તેમના દાખલ થવાનો દરવાજો હોઈ શકે. (જેમ કે કચ્છ)

જ્યારે શ્રી ઘુચ્ચેના માનવા પ્રમાણે મેગાલીથ સંસ્કૃતિ પર વ્યાપક પશ્ચિમી અસર હોવા છતાં પણ તેમનો ઉદ્‌ભવ ભારતમાં જ છે. શ્રી લાલના માનવા મુજબ ઈજિપ્તની નુબિયન કબરો અને ભારતની મેગાલીથ વચ્ચે ગજબનાક સામ્ય છે.

શ્રી હરિ ભારતના મેગાલીથમાંથી મળેલા ત્રાંબામાં રહેલી નીકલ ધાતુ પરથી તેને મેસોપોટેમિયાની કબરો સાથે સરખાવે છે.

તેમના સમયગાળાને કાર્બન ડેટીંગથી તપાસવામાં આવ્યો છે અને તે ઈસુ પહેલાના ૧૧૦ વર્ષથી કરી ઈસુ પહેલાના ૨૦૦ વર્ષ

*મા-બાપ વગરનું ઘર એટલે... ધબકારા વિનાનું હૃદય.*

વચ્ચેનો છે. જુદા જુદા સ્થળોને તપાસતા આ સમયાંતર જોવા મળ્યું છે.

દક્ષિણ ભારતની મેગાલીથિક કબરોમાંથી અર્ધ કિંમતી પથ્થરના મણકા, શંખના ઘરેણાં, ત્રાંબાની બંગડીઓ, ચાંદી, સોનું વગેરે ધાતુઓના ઘરેણાં મળ્યા છે. એક મૃતદેહની નજીકથી કાંસકો મળ્યો છે, તો ક્યાંકથી ત્રાંબાના અરીસા પણ મળ્યા છે. અમુક કબરોમાં ઘોડાને સાથે દાટવામાં આવ્યા હોવાનું જોવા મળ્યું છે. તો અમુકમાંથી પક્ષીઓના હાડપિંજર પણ મળ્યાં છે. અમુક કબરોમાંથી પકવેલી માટીની પશુ-પક્ષીઓની મૂર્તિઓ મળી આવી છે.

ગાંધીગ્રામની મેગાલીથિક સ્થળ પાસેથી મને જાતજાતના અર્ધકિંમતી પથ્થર જોવા મળ્યા છે. અમુક પથ્થરમાંથી પતરી કાઢવામાં આવી હોય તેમ લાગે છે. (Corestone). આમ અહીં પણ અર્ધકિંમતી પથ્થરના આભૂષણ બનતા હોવાની શક્યતા છે. તો ધોળાવીરામાંથી ઉત્ખનન કરવામાં આવેલી એક કબરમાંના સ્ત્રીના હાડપિંજરના હાથમાં શંખની બંગડી અને છાતી પર ત્રાંબાનો અરીસો જોવા મળ્યો છે. આમ સમગ્ર રીતે જોતાં કચ્છના મેગાલીથો ઘણી દૃષ્ટિએ ભારત અને આમ જોઈએ તો સમગ્ર વિશ્વમાંથી સંશોધિત મેગાલીથ સાથે સામ્ય ધરાવે છે. જે પ્રકારની ગોળાકાર કબરો ગાંધીગ્રામમાં છે તે પ્રકારની ગોળ કબરો સ્કોટલેંડ, આયરલેંડ અને ઇંગ્લેન્ડમાં પણ જોવા મળે છે.

ઘણા મેગાલીથ વચ્ચેથી મળતા ૪ - ૮ ફૂટ ઉંચા પથ્થરને મેનહીર કહેવામાં આવે છે. તેના મહત્ત્વ વિશે મતમતાંતર છે. અમુક પુરાતત્ત્વવિદો તે ધાર્મિક મહત્ત્વ ધરાવતા હોવાનું જણાવે છે તો અમુક તેને દિશાસૂચક, સ્થળસૂચક હોય તેમ માને છે. બૌધ સ્તૂપની ઉત્પત્તિ આવા મેનહીર પરથી થઈ હોવાની માન્યતા અમુક પુરાતત્ત્વવિદોએ રજૂ કરી છે. ઉપર લખેલી તમામ માહિતી કન્નડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, કર્ણાટક યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલા "પ્રોબ્લેમ ઓફ સાઉથ ઈન્ડિયન મેગાલીથ" નામના પુસ્તકમાંથી મેળવી છે.

આટલી માહિતીને ખ્યાલમાં રાખી હવે કચ્છમાં મેં નોંધેલા કબ્રસ્તાનો પર ઊડતી નજર કરીએ.

માંડવી તાલુકાના ગાંધીગ્રામ ગામ નજીક એક મોટું મેગાલીથિક કબ્રસ્તાન આવેલું છે. ગાંધીગ્રામ માંડવી શહેરથી પચ્ચીસ કિલોમીટર દૂર રાજડા-રતાડિયા રસ્તા પર આવેલું પટેલોની વસ્તીવાળું નાનકડું ગામ છે. રાજડા ડેમને પાણી પૂરું પાડતી નદીની મુખ્ય ધારા પર ગાંધીગ્રામની પશ્ચિમ દિશામાં સો મીટરના વ્યાસવાળો આ ટીંબો જમીનના સામાન્ય સ્તરથી પાંચથી દસ ફૂટ ઊંચો છે. રસ્તો આ ટીંબાની વચ્ચેથી પસાર થતો હોવાથી તે આ ટીંબાના બે ભાગ પાડે છે. આ ટીંબા ઉપર બેતાળીસ સુંદર ગોળાકાર કબરો જોવા મળે છે, ગોળ કબરો ૩ થી ૮ ફૂટના વ્યાસની છે અને તેની સંપૂર્ણ ગોલાઈ પર ઊભી છીપર જેવા પથ્થરની દિવાલ ગોઠવવામાં આવી છે. પૂર્વ દિશામાં આ દિવાલમાં એક બારી આકારની ખાલી જગ્યા છોડી દેવામાં આવી છે. આ તમામ કબરો પૂર્વ દિશામાં ખૂલતી જોવા મળે છે. છીપરો એકથી દોઢ ફૂટની ઊંચાઈવાળી અને એકથી બે ફૂટની પહોળી છે અને તેને જમીનમાં મજબૂત રીતે ગોઠવવામાં આવી છે. પૂર્વ છેડેની બારી અંદર તરફ પડતી બે છીપરોથી રક્ષિત છે. વરસાદને કારણે ઉખડી ગયેલી એક કબરની માટીમાંથી માટલાના ટુકડાઓ જોવા મળ્યા. પકવેલી લાલ માટીના આ ટુકડાઓ પર કાળા રંગથી સુંદર ચિત્રામણ કરવામાં આવ્યું હતું. ટીંબાની મધ્યમાં દસ ફૂટ ઊંચો, અઢી ફૂટ પહોળો અને સવા ફૂટ જાડો વિશાળકાય મેનહીર પૂર્વ દિશા તરફ ગોઠવવામાં આવ્યો છે. આ મેનહીરની પૂર્વ દિશાએ સહેજ નાના કદના (આઠ ફૂટના) બીજા બે મેનહીર પણ નજરે ચડે છે આ મેનહીરની ઉપર એક ઠેકાણે ત્રિશૂળ જેવો આકાર કોતરવામાં આવ્યો છે. મેનહીરની પશ્ચિમે ઓટલા આકારની છીપરોનો ઢગલો કરી બનાવવામાં આવેલી ૮ x ૪ x ૨ ફૂટની નવ કબરો ઉત્તર-દક્ષિણ દિશામાં ગોઠવાયેલી જોવા મળે છે. રસ્તાની બીજી તરફના ટીંબામાં બીજી બે ગોળાકાર કબરો છે. ટીંબાની ઉત્તરે આવેલ નદીની કોતર તરફ જતાં મોટા પ્રમાણમાં નાના ગોળ પથ્થરો જોવા મળે છે. ક્વાર્ટ્ઝ, જેસ્પર અને વિવિધ ધાતુઓવાળા સુંદર નાના મોટા પથ્થર મોટા પ્રમાણમાં વિખરાયેલા પડ્યા છે. ક્વાર્ટ્ઝની તૂટેલી નાની મોટી અસંખ્ય પતરીઓ, પથ્થરના ઓજારો તેમજ એક ગોળ પથ્થર પણ એ વિસ્તારમાં જોવા મળ્યા. આ ગોળ પથ્થર ગોફણમાં ભરી ફેંકવામાં વપરાતો હશે. નદીની કોતરમાં મેનહીર જેવી વિશાળકાય શિલાઓ (દસ ફૂટથી વીસ ફૂટ મોટી) નદીના પ્રવાહ અને પવનથી ઘસાઈને લીસ્સી થઈ ગયેલી જોવા મળે છે. લોહતત્ત્વનું મોટું પ્રમાણ ધરાવતા અતિશય ભારે ખનિજના ટુકડાઓ પણ એ વિસ્તારમાં મોટા પ્રમાણમાં જોવા મળે છે. આમ, લોખંડ બનાવવા માટે, નાના મોટા ઓજારો બનાવવા માટે, આભૂષણો બનાવવા માટેની અને મેનહીર બનાવવાની તમામ સામગ્રી તેમના આજુબાજુના વિસ્તારમાંથી મળી રહેતી હશે.

આ ટીંબાથી બે કિલોમીટર પૂર્વમાં એક મોટું કબ્રસ્તાન ગાંધીગ્રામ અને રાજડા રોડની પશ્ચિમે આવેલું છે. ઉત્તર-દક્ષિણ દિશાએ પથ્થરની બે હાર ગોઠવી તેના ઉત્તર-દક્ષિણ છેડે બે મોટી છીપર ગોઠવી કબરો બનાવવામાં આવી છે. અહીં એકપણ ગોળાકાર કબર કે મેનહીર જોવાં ન મળ્યો. કબ્રસ્તાનની પશ્ચિમ છેડે ચૂનાથી રંગેલી બે કબરો જોવા મળે છે જે પાછળથી થઈ હશે. અહીંથી પૂર્વ દિશાએ રાજડા ગામ છોડીને આગળ વધતાં દસ ફૂટ ઊંચો મેનહીર નજરે ચડે છે. જે પૂર્વ દિશાએ મુખાંકિત છે. એની આજુબાજુથી ટ્રેક્ટરની ઊંડી ખેડ કરવામાં આવી હોવાથી કદાચ બાકીના અવશેષોનો નાશ થયો હશે.

પૂર્વ દિશામાં આગળ વધતાં ડોણ ગામના સીમાડે રસ્તાની દક્ષિણે ત્રણ મેનહીર જોવા મળે છે, જેમાંથી એક ઊભો છે અને બે પડી ગયેલા છે. રસ્તો ઓળંગતા મેનહીરથી બસો મીટર દૂર મોટું કબ્રસ્તાન જોવા મળે છે. તેમાં સૌથી પણ વધુ ઓટલા આકારની ઉત્તર-દક્ષિણે ગોઠવાયેલી કબરો છે. જેમાંથી એક ધોવાણ થયેલી કબરમાં એક માટલાની નીચે માનવ હાડપિંજરના અવશેષ જોવા મળે છે.

એજ પૂર્વ દિશા પકડી આગળ વધીએ તો લગભગ દસ કિલોમીટર દૂર ગોણિયાસર ગામે દસ ફૂટ ઊંચો સુંદર મેનહીર જોવા મળે છે, તેની આસપાસ ભગ્ન ખંડેરોના પથ્થરો

*ગંગાના નીર તો વધે ઘટે રે લોલ, સરખો એ પ્રેમનો પ્રવાહ રે જનની... વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ, માડીનો મેઘ બારે માસ રે જનની...*

જોવા મળે છે. નદીની કોતર ઉપર વિશાળ કબ્રસ્તાન છે જેમાં ત્રણસોથી પણ વધારે ગોળાકાર તથા ઓટલા આકારની કબરો આવેલી છે. નદીનો પ્રવાહ કબ્રસ્તાનના સારા એવા ભાગનું ધોવાણ કરી ગયો છે. આના ઉપરથી આ સંસ્થાનના કદની કલ્પના કરી શકાય. અહીં પણ પાષાણ યુગની પતરીઓ, પથ્થરના ઓજાર, પથ્થરનો દીવો વગેરે જોવા મળ્યા. મકાનનો પાયો ખોદતી વખતે અકસ્માતે ખોદાઈ ગયેલી એક કબરમાંથી પકવેલી માટીનું જાડી અણઘડ દિવાલોવાળું હાડકાથી ભરેલું એક માટલું નીકળ્યું હોવાનું લોકોએ જણાવ્યું. ગામની આજુબાજુમાં નિંભાડાઓ અને રાખના ઢગલાઓ જોવા મળે છે.

આ અભ્યાસ પૂર્ણ થયા પછી શ્રી દલપત દાણીધારિયા સાથે સંશોધન કરીને બીજા પ્રાચીન કબ્રસ્તાનનો અભ્યાસ કર્યો. જે જે કબ્રસતાનોની રૂબરૂ મુલાકાત લીધી તેનું ટૂંકુ વર્ણન અહીં આપ્યું છે.

બાયઠ ગામથી પદમપુર જતાં રસ્તા પર ગામથી ૧ કિ.મી. દૂર એક વિશાળ કબ્રસ્તાન છે જેમાં નદીના કિનારે ૩૦૦-૪૦૦ જેટલી ઉત્તર-દક્ષિણ દિશામાં ગોઠવાયેલી કબરો છે. અમુક કબરોના માથાના ભાગ પાસે સુંદર કોતરણીવાળી અર્ધગોળાકાર છીપર ગોઠવેલી છે. નદીના ધોવાણમાં ઘણી કબરો ધોવાઈ ગઈ હોવાની સંભાવના છે. એક કબર પાણીના વહેણથી ધસી પડી હોઈ તેમાં માથાના ભાગ પાસે એક છીપરની નીચે ઊંધું વાળેલું માટલું પણ જોવા મળે છે. બધી જ કબરો નાના-મોટા પથ્થરો ગોઠવી બનાવવામાં આવી છે.

ત્યાંથી આગળ જતાં ભોજાયથી કોટડી-નાગ્રેચા જતાં રસ્તાના જોડાણ પાસે જમણી બાજુએ બીજું કબ્રસ્તાન જોયું, જેમાં ૧૩ ગોળાકાર કબરો જોવા મળી. આવી જ કબરો ગાંધીગ્રામ ખાતે છે, ૨' થી ૮' વ્યાસવાળી આ કબરો પણ પૂર્વદિશાએ ખૂલે છે. આ ઉપરાંત ત્યાં બે પાળિયા પણ છે અને ઉત્તર દક્ષિણ ગોઠવાયેલી છીપરની બનેલી થોડીક કબરો પણ છે. કોટડીથી બૌવા જતાં રસ્તા પર કોટડીથી બે કિ.મી. દૂર રસ્તાની જમણી બાજુ એક ટેકરી દેખાય છે. એ ટેકરીની ટોચથી કરીને તળેટી સુધી ટેકરીની ત્રણે તરફ એક હજારથી પણ વધુ કબરો જોવા મળે છે. ટેકરીની ચોથી બાજુ જ્યાં કબરો નથી તે વિસ્તારમાં અસંખ્ય નાના મોટા પથ્થરો વેરવિખેર પડેલા છે, જે જૂની વસાહત હોવાની શક્યતા દર્શાવે છે.

આપણે તળેટીથી ઉપર ટોચ સુધી જઈએ તો રસ્તાને અડીને જ આવેલા એક ટેકરા પર ગોળાકાર કબર છે. જેની બંને બાજુ પાણીના વહેણથી ટેકરા ખવાઈ ગયા છે. ઉપર જતાં છીપરની બનેલી ઉત્તર-દક્ષિણ દિશાની કબરો જોવા મળે છે. એ બધી જ કબરો એકબીજાને અડોઅડ બનાવવામાં આવી છે. ક્યાંક ક્યાંક સતીના પાળિયા જોવા મળે છે, તો વધારે ઉપર જતાં એક સમૂહમાં ગોળાકાર કબરો દેખાય છે. અહીં પણ ૨' થી ૮' વ્યાસવાળા પાષાણ ગોળાકારો છે જે પૂર્વ દિશાએ ખૂલે છે. વધુ ઉપર જતાં ખૂબ જ સુંદર કોતરણીવાળી એક છતરડી છે તે સાવ જ ભગ્ન હાલતમાં છે. જે પણ અવશેષો ત્યાં પડ્યા છે તેના ઉપરથી તેની ભવ્યતા અને સુંદરતાનો ખ્યાલ તો આવે જ છે. છતરડીની અંદર બે પાળિયા છે પણ તે ખવાઈ ગયા હોવાથી તેના પરનું લખાણ વાંચી શકાતું નથી. બાજુમાં ત્રીજો પાળિયો છે. હવે આપણે ટોચ પર પહોંચીએ છીએ. અહીં જીરપીર દાદાનું મંદિર છે જેમાં પગથિયાં આકારની ચોરસ સમાધિ જોવા મળે છે અને મંદિરની આજુબાજુ બીજી કેટલીક નજીકના ભૂતકાળમાં બનેલી સમાધિઓ જોવા મળે છે.

(૧) ટેકરી પર કબ્રસ્તાન, (૨) આટલી મોટી સંખ્યામાં થયેલાં દફનો, (૩) વિવિધ પ્રકારની કબરો, (૪) આટલી નજીક ખોદવામાં આવેલી કબરો અને ખાસ કરીને વસાહતના ચિહ્નો ખૂબ જ રસપ્રદ છે.

ત્યાંથી સાત કિ.મી.ના સુંદર જંગલવાળા રસ્તે અમે નાના કરોડિયા પહોંચ્યા. આ ગામની આજુબાજુ ત્રણ તરફ કબ્રસ્તાનો આવેલા છે. (૧) ગંગનાથથી નાના કરોડિયા અને જંગલથી નાના કરોડિયાના ત્રિકોણ વચ્ચે, (૨) જંગલથી કરોડિયા અને સાભરાઈથી કરોડિયાના રસ્તાના ત્રિકોણ વચ્ચે, (૩) સાભરાઈ કરોડિયા અને મોટા કરોડિયા જતાં રસ્તા વચ્ચે ટેકરી પર.

આમાંથી બીજા નંબરના કબ્રસ્તાનમાં ૬ x ૮ ફૂટ ઊંચા મેનહીર પથ્થરોની હાર છે અને બાજુમાં હારબધ્ધ ઉત્તર-દક્ષિણ પથરાયેલી કબરો છે. આ મેનહીરનો પથ્થર પણ ખૂબ જ ખવાઈ ગયેલો છે. આ બધી કબરો અર્થાત્ ત્રણે ઠેકાણે ગણીએ તો સેંકડોની સંખ્યામાં હશે.

ત્યાંથી મંજલ જતાં, મંજલથી ૧ કિ.મી. પહેલાં ટેકરી પર (રસ્તાની ડાબી તરફ) મોટા મેનહીરની હાર દેખાય છે. પ્રથમ હારમાં ૧૧ મેનહીર અને બીજી હરોળમાં ૭ મેનહીર છે. આ ટેકરીની બાજુમાં તળાવ છે અને તળાવની પેલે પાર બીજી ટેકરી પર ફરી આવી જ મેનહીરની હારમાળા જોવા મળે છે. આવી જાતના મેનહીર અને ખાસ કરીને ટેકરી પર આવેલા મેનહીર દિશા સૂચક કે સ્થળ સૂચક હોવાનું નિષ્ણાતો માને છે. હંમેશાં તેઓ એકી અંકમાં અર્થાત ૩-૭-૧૧ એ રીતે જ હોય છે અને પાષાણ યુગના માનવીઓની ખાસિયત ગણાય છે.

રેલડિયા મંજલ થઈને વિંઝાણ જતાં રેલડિયાની બહાર ટેકરી પર એક ઊંચો મેનહીર પથ્થર જોવા મળે છે. કનકાવતી નદીના પછીના રસ્તાની જમણી તરફ પણ આવા જ મેનહીરની હાર જોવા મળે છે. વિંઝાણથી ૧ કિ.મી. પહેલાં કનકાવતીના કાંઠે વિંધ્યવાસીની દેવીનું મંદિર આવેલું છે અને બાજુમાં મતિયાપીર છે. વિંધ્યવાસીનું નામ પણ રસપ્રદ છે. મંદિરથી કરીને અડધા કિ.મી. સુધી રસ્તાની બાજુમાં જ બે વિશાળ કબ્રસ્તાનો છે જેમાંનું મંદિરની પાસેનું કબ્રસ્તાન હાલમાં વપરાતું અથવા થોડાક વર્ષોથી વપરાતું હોય તેવું લાગ્યું. જ્યારે દૂરનું કબ્રસ્તાન ખૂબ જ પ્રાચીન અને ફરીથી એવી જ ઉત્તર-દક્ષિણ પાથરેલી છીપરોની કબરોવાળું છે. અહીં પણ ૪૦૦ થી વધારે કબરો છે.

મોથાળાથી માંડવી પાછા ફરતી વખતે મોથાળા રેલવે ફાટક પછી તરત જ ઢાળ ઉતરીએ કે જમણી તરફ એક ટેકરી આવે છે. આ ટેકરી પર બે ગોળાકાર કબરો છે અને બાકીની ચોરસ આકારમાં ગોઠવેલી છીપરો છે. આ ચોરસાઓ ખાસ્સા મોટા ૧૦ x ૧૦

*ઘરડી માને રડાવે ને મંદિરની માને ચુંદડી ઓઢાડે છે. વાહ દીકરા વાહ...!!!*

ફૂટના છે અને કદાચ મકાનની દીવાલનો ભાગ પણ હોઈ શકે. આખી જ ટેકરી આવા ચોરસાઓથી ભરેલી છે. બે ચોરસાઓ વચ્ચે એક ઠેકાણે માત્ર બે ફૂટનું અંતર છે.

*ટૂંકમાં જોઈએ તો –*

(૧) આ બધા જ ઠેકાણે આજના સમયમાં ખાસ કોઈ માનવ વસવાટ નથી.

(૨) આટલા મોટા પ્રમાણમાં જ્યાં દફન થયા હોય ત્યાં તે સમયમાં મોટી સંખ્યામાં વસતી રહેતી હોવી જોઈએ.

(૩) એ કયું કારણ હતું, કઈ ભૌગોલિક અને આર્થિક પરિસ્થિતિ હતી જેને કારણે આટલા પ્રમાણમાં માનવ વસવાટ હતો.

(૪) આ લોકો કોણ હતા અને કયા કારણોસર અહીંથી તેમને ચાલ્યા જવું પડ્યું?

(૫) આ તમામ સ્થાનો એક ભૌગોલિક રેખામાં દરિયા કિનારાથી ૧૫ - ૨૫ કિ.મી.ના અંતરે ગોણિયાસરથી કરીને અબડાસા વિસ્તારમાં એક સાંકળ (Chain)ના સ્વરૂપમાં ગોઠવાયેલા છે. (જુઓ નકશો)

(૬) આ દરેક સ્થાન નદી કાં તો નદીના છેલ્લા પર વસેલા છે.

(૭) અહીં જુદા જુદા આકારની, કદની અને જુદી જુદી જાતની કબરો એક સાથે જોવા મળે છે. માત્ર તેના પ્રમાણમાં ભેદ છે.

(૮) આ ઠેકાણેથી પાષાણ યુગના ઓજારો, માટીના વાસણો, રમકડાં, ઘોડા વગેરે મળી આવે છે.

અલબત્ત, અહીં આજના સમયની કબરો પણ છે અથવા નજીકના ભૂતકાળના અર્થાત ૨૦૦ થી ૩૦૦ વર્ષના પાળિયાઓ પણ છે પરંતુ તમામ કબરો એક સમયની તો નથી જ. આ જાતની કબરો અને કબ્રસ્તાનનો નકશો અમે તૈયાર કર્યો છે અને છેક જખૌ સુધી આવેલા છે પણ હજુ તેનો અભ્યાસ અધૂરો છે.

*શાક માર્કેટ / જૂની નગરપાલિકા ઓફિસ સામે, માંડવી, કચ્છ-૩૭૦ ૪૬૫.*

## ફાંસીના વરરાજાઓ : પ્રકરણ-૩

**(અનુસંધાન : પાના નં.-૩૫ ઉપરથી ચાલુ)**

ત્રીજા દિવસે રહેવાય નહીં તેવી દુર્ગંધ છૂટવા માંડી ત્યારે અગ્નિદાહની રજા આપવામાં આવી. આ ત્રણ દિવસ અમરચંદનાં ઘરવાળાં અને બધાં બાળબચ્ચાંએ અન્ન-જળ પણ ન લીધાં. ૨૨-૬-૧૮૫૮ ના રોજ શેઠ અમરચંદ બાંઠિયાને ફાંસી અપાઈ હતી.

વર્ષો પહેલાં મેવાડમાં શેઠ ભામાશા થયા હતા, જેમણે રાણા પ્રતાપ આગળ પોતાની તિજોરી ખાલી કરી દીધી હતી. એટલું જ નહીં, હલદીઘાટીના યુદ્ધમાં લડતાં-લડતાં તે પોતે પણ શહીદ થઈ ગયા હતા.

વર્ષો પછી ગ્વાલિયરમાં શેઠ અમરચંદ થયા, જેમણે હિંમત કરીને રાજ્યની તિજોરી લક્ષ્મીબાઈ આગળ ખાલી કરી દીધી હતી, જેના પરિણામે તેમને ફાંસીએ લટકવું પડ્યું હતું. ગ્વાલિયર નિવાસીઓએ તેમનું કોઈ સ્મારક બનાવ્યું છે કે નહીં તેની ખબર નથી.

*ભક્તિ નિકેતન આશ્રમ, મુ.પો. દંતાળી, તા. પેટલાદ, જિલ્લો : ખેડા.*

## કચ્છ માટે મહત્ત્વનો ગ્રંથ — "કચ્છનો સર્વાંગી ઇતિહાસ" પ્રસિધ્ધ થઈ ચૂક્યો છે....

કચ્છના સર્વાંગી ઇતિહાસનું લેખનકાર્ય જુદા જુદા વિષયના ત્રીસેક જેટલા તજજ્ઞો દ્વારા થયેલ છે અને ઈ.સ. પૂર્વેના ૫,૦૦૦ વર્ષ પૂર્વેના સમયથી શરૂ થઈને છેલ્લા તબક્કા સુધી આલેખન થયું છે.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ પ્રાયોજિત 'કચ્છનો સર્વાંગી ઇતિહાસ' ગ્રંથનું વિમોચન ગત તા. ૩-૨-૨૦૧૩ના રોજ ભુજ - કચ્છ ખાતે કરવામાં આવેલ હતું.

ત્યારબાદ અનેક લોકોએ, આ ગ્રંથ ક્યાં મળે છે તે જાણવા પત્ર અથવા ફોન દ્વારા તપાસ કરાવેલ હતી. તેના અનુસંધાને નીચેની વિગતોની નોંધ લેવા વિનંતી.

**"કચ્છનો સર્વાંગી ઇતિહાસ" ભાગ-૧ અને ભાગ-૨ના પ્રાપ્તિ સ્થાનઃ**

- **અમદાવાદ** : (૧) ગુર્જર સાહિત્ય ભવન, રતનપોળના નાકા સામે, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : (૦૭૯) ૨૨૧૪૪૬૬૩
  (૨) સંસ્કાર સાહિત્ય મંદિર, ૫, અપર લેવલ, એન.બી.સી.સી. હાઉસ, સહજાનંદ કોલેજની બાજુમાં, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫. ફોન : (૦૭૯) ૨૬૩૦૪૨૫૯
- **સુરત** : (૧) ધ બુક પોઈન્ટ, ૪૧-૪૨-૪૩, શ્રીજી આર્કેડ, આનંદમહેલ રોડ, અડાજણ, સુરત-૩૯૫ ૦૦૯.
- **રાજકોટ** : (૧) પ્રવીણ પુસ્તક ભંડાર, લાભ ચેમ્બર, મ્યુ.કો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
- **ભુજ** : (૧) અક્ષર ભારતી, વાણિયાવાડ, ભુજ, કચ્છ.
  (૨) વિદ્યાર્થી વસ્તુ ભંડાર, વાણિયાવાડ, ભુજ, કચ્છ.
  (૩) સહજાનંદ રૂરલ ડેવલપમેન્ટ સેન્ટર, ભુજ, કચ્છ.
- **મુંબઈ** : (૧) નવભારત સાહિત્ય મંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.

*ઉપરોક્ત ગ્રંથના બંને ભાગની કિંમત રૂા. ૭૦૦/- રાખવામાં આવેલ છે. (પોસ્ટલ ચાર્જ અલગ)*

*જગતમાં 'મા' બનીને જોશો તો... ક્યાંક દુર્ગુણ નહીં દેખાય. 'દુશ્મન' બનીને જોશો તો ક્યાંય સદ્‌ગુણ નહીં દેખાય.*

## તારી હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે...

### કહાની : મુંબઈ સ્થિત ગુણવંત શાહની

# ખેત તલાવડી – પરંપરાગત તળાવો

'મંગલ મંદિર' માસ એપ્રિલ-૨૦૧૩નો અંક 'કચ્છી સંસ્થા વિશેષાંક' તરીકે પ્રસારિત કરવામાં આવેલ હતો. જેમાં અનેક કચ્છી સંસ્થાઓ વિશેની માહિતી અમે પ્રસારિત કરેલ હતી.

આજે આપશ્રી સમક્ષ વાત કરવી છે એક વિશિષ્ટ વ્યક્તિની – શ્રી ગુણવંત શાહની. મુંબઈ સ્થિત આ અલગારી 'તારી હાક સુણીને કોઈ ના આવે તો એકલો જાને રે...' ગાનને જીવનમાં ઉતારી કચ્છને ગામડે ગામડે ફરી રહ્યો છે અને કચ્છના લોકોનું જીવનધોરણ કઈ રીતે ઊંચું આવે તેના પ્રયાસો ગાંઠના ગોપીચંદ ખર્ચીને કરી રહેલ છે.

એક વાત કથની તરીકે સર્વસ્થળે પ્રચલિત છે. કચ્છમાં દુષ્કાળના ઓળા ઉતરી આવેલ હતા. કચ્છ બહારથી અનેક લોકો ઘાસની ટ્રકો ભરીને કચ્છને ગામડે ગામડે મોકલી રહ્યા હતા. પરંતુ જે ગામમાં ઘાસ ભરેલી ટ્રક જાય ત્યાંના લોકો ટ્રક ખાલી કરવાની મજૂરી ના મળે ત્યાં સુધી પોતાના જાનવરો માટે અને તે પણ કોઈના દાનથી આવેલ ઘાસની ટ્રકને ખાલી કરવા તૈયાર થતા ન હતા. પરંતુ શ્રી ગુણવંત શાહ જે ગામમાં કામ કરી રહ્યા છે તે ગામનો લોકફાળો મેળવીને જ આગળ વધી રહ્યા છે. કચ્છના સ્થાનિક લોકોની કે જે તેમના પરિચયમાં આવેલ છે તેની માનસિકતા અને વિચારસરણી જ બદલી નાખેલ છે.

શ્રી ગુણવંત શાહની હાલની કામગીરી કચ્છમાં ગામેગામ ખેત તલાવડી અને મોટા તળાવો બનાવી આપવાની છે. ખેત તલાવડીના કારણે જે તે ખેડૂતો પોતાની જમીનમાં ચોમાસું અથવા તો ચોમાસું અને શિયાળુ એમ એક પાક અથવા બે પાક નિશ્ચિતપણે લઈ શકે. કચ્છમાં પડતા અર્ધ અછત કે દુષ્કાળનો ઓછાયો તજીને ખેડૂત બે પાંદડે થઈ શકે છે. મોટા તળાવોના કારણે ગામના ઢોરોને પીવાનું પાણી મળી રહે છે. ગામના લોકોને પીવા સિવાયનું વપરાશનું પાણી પણ મળી રહે.

તેઓ હાલે અભિયાનની સેતુ પાંખ સાથે સંકળાયેલ છે. સેતુની રાપર તાલુકાની આડેસર પાંખ અને પ્રાગપર પાંખ સાથે રહી નવેમ્બર-૨૦૧૨થી જાન્યુઆરી-૨૦૧૩ સુધીમાં જે કાર્યો કરવામાં આવ્યા તેની વિગત સાથેના સ્ટેટમેન્ટ આપવામાં આવેલ છે.

સ્ટેટમેન્ટની વિગત જોતાં રૂા. ૩૪,૬૭,૧૧૩/-ના ખર્ચથી ૭૧ ખેડૂતોની જમીનમાં ૭૧ ખેત તલાવડી બનાવવામાં આવેલ છે કે જ્યાં અગાઉ ૧૬૫ એકર જમીનમાં થતી અનિશ્ચિત ખેતીની જગ્યાએ ૩૬૨ એકર જમીનમાં નિશ્ચિતપણે ખેતી કરવામાં આવશે કે જેના કારણે દરેક વર્ષે ખેડૂતો રૂા. ૬૨,૨૫,૦૦૦/-નો પાક ઉતારી શકશે.

તદુપરાંત આ વર્ષે અત્યાર સુધી ૧૩ જેટલા પરંપરાગત તળાવોનું પુનઃવસન કરવામાં આવેલ છે કે જેનાથી ત્યાંના પશુઓને પીવાનું પાણી લાંબાગાળા સુધી મળી શકશે. આ વર્ષે ટોટલ ૫૧ જેટલા તળાવોના પુનઃવસનની ધારણા રાખવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૭થી અત્યાર સુધીમાં સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ, શ્રી ગુણવંતભાઈ શાહ અને પંચાયતોની લોકભાગીદારીથી ૧૦૩ તળાવોનું પુનઃવસન કરવામાં આવેલ છે.

કચ્છના સ્થાનિક લોક સમુદાયનું આર્થિક જીવનધોરણ ઊંચું લાવવા કોઈપણ જાતનો પ્રચાર - પ્રસાર કર્યા વગર ખૂબ જ શાંત રીતે જે સંસ્થાઓ કે વ્યક્તિઓ કાર્યરત છે તેની ઓળખ આપવાના હેતુ સ્વરૂપે જ આ વિગત "મંગલ મંદિર"માં છપાઈ રહેલ છે. કદાચ આ નિહાળીને અન્ય અનેક ગુણવંત શાહ જાગી ઊઠે!

## ધિક્કારવાલાયક અવગુણ

મહાન જર્મન ફિલસૂફ હર્મન હેંસે લગભગ ૧૦૦ વર્ષ પહેલા કહેલું કે તમે કોઈ સામી વ્યક્તિને ધિક્કારો છો ત્યારે તમારી અંદર જ રહેલ એક ભાગનેય ધિક્કારો છો કારણકે ક્યાંક તમારા માનસમાં ધિક્કારવાલાયક અવગુણ પડેલા જ છે. જેના નાગરિકોમાં ધિક્કાર પડ્યો હોય છે તે દેશ આગળ વધતો નથી.

જ્યારે દેશને આગળ વધવાની વાત આવે છે ત્યારે આપણે આપણી અંદર જાંચ કરવી જરૂરી છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, અમદાવાદ સ્થિત અનેક કચ્છી ઘટક સમાજો, હૈદ્રાબાદ સ્થિત કચ્છી ઘટક સમાજો, ચેન્નાઈ સ્થિત કચ્છી ઘટક સમાજો, કચ્છના દરેક શહેરના કચ્છી ઘટક સમાજો, વગેરે સમાજોની એકેએક વ્યક્તિઓએ પોતાની અંદર જાંચ કરવી જોઈએ અને વિચારવું જોઈએ કે મારા કારણે તો દેશની પ્રગતિ રૂંધાતી નથીને? ■

## નિર્માણ કરેલ ખેત તલાવડીની માહિતી (એન.આર.એમ. શેલ - સેતુ કાર્યક્રમ - કચ્છ નવનિર્માણ અભિયાન)

### સમયગાળો : નવેમ્બર-૨૦૧૨થી જાન્યુઆરી-૨૦૧૩ સુધી

● સંશાધન સહયોગ : સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ (જે.સી.બી. માટે) ● જે.સી.બી. માટે ટોકન ચાર્જ સહયોગ : શ્રી ગુણવંતભાઈ શાહ.
● લોકભાગીદારી : વ્યક્તિગત ખેડૂતો ● કાર્યક્રમ વ્યવસ્થાપન : કચ્છ નવનિર્માણ અભિયાન - સેતુ કાર્યક્રમ (આડેસર સેતુ અને પ્રાગપર સેતુ)

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકા | સેતુ | પંચાયતનું નામ | ગામનું નામ | ખેડૂત ખાતેદારનું નામ | જે જગ્યા પર ખેત તલાવડી બનાવી છે તે જમીનના સર્વે નંબર | કેટલા એકર જમીન છે | કેટલા એકરમાં ખેત તલાવડી બનાવી | ખેત તલાવડી બનાવ્યા પહેલાં કેટલા એકરમાં પીયત થતું હતું | ખેત તલાવડી બનાવ્યા પછી કેટલા એકરમાં પીયત થશે? | કેટલા કલાક જે.સી.બી. મશીન ચાલ્યું? | ટ્રેક્ટરની લોક ભાગીદારી (રૂપીયામાં) | ડ્રાઈવર કંડક્ટરને રહેવા જમવાનો ખર્ચ રૂ.માં | જેસીબી માટે લીટર પ્રમાણે ડીઝલ ભરાવેલ તેના રૂપીયા | ખેડૂત પાસેથી લેવામાં આવેલ ટોકન ચાર્જની રકમ રૂ. | કુલ રકમ રૂપિયા (૧૩ + ૧૪ + ૧૫ + ૧૬) = ૧૭ | આ કામથી ખેડૂતની આવકમાં અંદાજિત કેટલી રકમનો વધારો થશે (રૂ.) |
| ૧. | રાપર | આડેસર | માખેલ ગ્રામ પંચાયત | માખેલ | કોલી કરશનભાઈ કેશાભાઈ | | ૧૫ | ૩ | ના | ૧૦ | ૪૦ | ૨૪૦૦૦ | ૮૦૦ | ૧૨૯૬૦ | ૧૦૦૦ | ૩૮૭૬૦ | ૩૫૦૦૦૦ |
| ૨. | રાપર | આડેસર | માખેલ ગ્રામ પંચાયત | માખેલ | મઢવી કલ્યાણભાઈ નથુભાઈ | | ૨૫ | ૩ | ૧૫ | ૨૦ | ૨૮ | ૨૨૫૦૦ | ૬૦૦ | ૯૦૭૨ | ૭૦૦ | ૩૨૮૭૨ | ૨૦૦૦૦૦ |
| ૩. | રાપર | આડેસર | માખેલ ગ્રામ પંચાયત | માખેલ | મઢવી રામજીભાઈ કુંભાભાઈ | | ૧૯ | ૦.૫ | ના | ૫ | ૩૫.૫ | ૨૪૦૦૦ | ૧૦૦૦ | ૧૧૫૦૨ | ૯૦૦ | ૩૭૪૦૨ | ૨૦૦૦૦૦ |
| ૪. | રાપર | આડેસર | માખેલ ગ્રામ પંચાયત | માખેલ | મઢવી પરષોત્તમ કુભાભાઈ | | ૨૨ | ૦.૫ | ના | ૨ | ૨૫ | ૩૦૦૦૦ | ૧૨૦૦ | ૮૧૦૦ | ૬૨૫ | ૩૯૯૨૫ | ૪૦૦૦૦ |
| ૫. | રાપર | આડેસર | માખેલ ગ્રામ પંચાયત | માખેલ | મઢવી મોહનભાઈ રતાભાઈ | | ૨૭ | ૪ | ૧૫ | ૭ | ૪૬ | ૩૭૫૦૦ | ૧૨૦૦ | ૧૪૯૦૪ | ૧૧૫૦ | ૫૪૭૫૪ | ૨૪૫૦૦૦ |
| ૬. | રાપર | આડેસર | માખેલ ગ્રામ પંચાયત | માખેલ | મારાજ રાજસીભાઈ ખીમાભાઈ | | ૨૩ | ૩ | ૫ | ૧૦ | ૪૫ | ૩૦૦૦૦ | ૧૨૦૦ | ૧૪૫૮૦ | ૧૧૨૫ | ૪૬૯૦૫ | ૧૭૫૦૦૦ |
| ૭. | રાપર | આડેસર | માખેલ ગ્રામ પંચાયત | માખેલ | મઢવી શિવરામ રતાભાઈ | | ૧૮ | ૩ | ૬ | ૧૦ | ૪૦ | ૨૪૦૦૦ | ૧૦૦૦ | ૧૨૯૬૦ | ૧૦૦૦ | ૩૮૯૬૦ | ૧૬૦૦૦૦ |
| ૮. | રાપર | આડેસર | માખેલ ગ્રામ પંચાયત | માખેલ | મઢવી બળદેવભાઈ નથુભાઈ | | ૧૫ | ૦.૫ | ૩ | ૫ | ૩૫ | ૧૮૦૦૦ | ૧૦૦૦ | ૧૧૩૪૦ | ૮૭૫ | ૩૧૨૧૫ | ૬૦૦૦૦ |
| ૯. | રાપર | આડેસર | માખેલ ગ્રામ પંચાયત | માખેલ | મઢવી શિવરામ નથુભાઈ | | ૧૪ | ૦.૫ | ૩ | ૫ | ૩૯ | ૨૪૦૦૦ | ૧૦૦૦ | ૧૨૬૩૬ | ૯૭૫ | ૩૮૬૧૧ | ૬૦૦૦૦ |
| ૧૦. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | હરીજન દેસરાભાઈ ખોડાભાઈ | | ૧૦ | ૧ | ના | ૫ | ૪૧ | ૧૮૦૦૦ | ૧૦૦૦ | ૧૩૨૮૪ | ૧૦૨૫ | ૩૩૩૦૯ | ૧૨૫૦૦૦ |
| ૧૧. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | આયર બાબુભાઈ દેવદાનભાઈ | | ૪૫ | ૨ | ૫ | ૮ | ૫૦ | ૩૦૦૦૦ | ૧૨૦૦ | ૧૬૨૦૦ | ૧૨૫૦ | ૪૮૬૫૦ | ૧૨૦૦૦૦ |
| ૧૨. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | પરમાર ભવનભાઈ ગેલાભાઈ | | ૧૬ | ૧ | ૨ | ૫ | ૫૦ | ૩૦૦૦૦ | ૧૨૦૦ | ૧૬૨૦૦ | ૧૨૫૦ | ૪૮૬૫૦ | ૧૨૦૦૦૦ |
| ૧૩. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | પરમાર નશાભાઈ હીરાભાઈ | | ૧૨ | ૨ | ના | ૫ | ૪૦ | ૧૮૦૦૦ | ૧૦૦૦ | ૧૨૯૬૦ | ૧૦૦૦ | ૩૨૯૬૦ | ૧૨૫૦૦૦ |
| ૧૪. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | ગોહીલ રમુભાઈ માદેવાભાઈ | | ૨૧ | ૨ | ના | ૩ | ૫૦ | ૧૫૦૦૦ | ૧૨૦૦ | ૧૬૨૦૦ | ૧૨૫૦ | ૩૩૬૫૦ | ૭૫૦૦૦ |
| ૧૫. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | ગોહીલ ભીખાભાઈ માદેવાભાઈ | | ૧૭ | ૨ | ૩ | ૫ | ૫૦ | ૧૫૦૦૦ | ૧૨૦૦ | ૧૬૨૦૦ | ૧૨૫૦ | ૩૩૬૫૦ | ૮૦૦૦૦ |
| ૧૬. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | ગોહીલ પ્રેમજીભાઈ દેવજીભાઈ | | ૭ | ૦.૫ | ૨ | ૩ | ૩૦ | ૯૦૦૦ | ૬૦૦ | ૯૭૨૦ | ૭૫૦ | ૨૦૦૭૦ | ૪૦૦૦૦ |
| ૧૭. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | જાડેજા પપુદાદા | | ૪૦ | ૩ | ૫ | ૮ | ૪૮ | ૨૨૫૦૦ | ૧૨૦૦ | ૧૬૦૦૦ | ૧૨૦૦ | ૪૦૯૦૦ | ૧૦૫૦૦૦ |
| ૧૮. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | પરમાર ખીમાભાઈ ખોડાભાઈ | | ૨૨ | ૨ | ૪ | ૬ | ૪૩ | ૩૦૦૦૦ | ૧૨૦૦ | ૧૩૯૩૨ | ૧૦૭૫ | ૪૬૨૦૭ | ૭૦૦૦૦ |
| ૧૯. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | આયર માદેવાભાઈ કારાભાઈ | | ૩૫ | ૨ | ૮ | ૧૦ | ૫૯ | ૨૭૦૦૦ | ૧૨૦૦ | ૧૯૧૧૬ | ૧૪૭૫ | ૪૮૭૯૧ | ૮૦૦૦૦ |
| ૨૦. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | આયર ખોડાભાઈ કમાભાઈ | | ૧૯ | ૩ | ના | ૫ | ૪૫ | ૧૫૦૦૦ | ૧૨૦૦ | ૧૪૫૮૦ | ૧૧૨૫ | ૩૧૯૦૫ | ૧૨૫૦૦૦ |

જે ધરતી પર પહેલો શ્વાસ તેં લીધો ત્યારે તારી માતા તારી પાસે હતા, પરંતુ મા-બાપ છેલ્લો શ્વાસ લે ત્યારે તું પાસે રહેજે.

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૧. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | પરમાર હભુભાઈ તમાસીભાઈ | | ૧૬ | ૧ | ના | ૫ | ૫૦ | ૧૫૦૦૦ | ૧૨૦૦ | ૧૬૨૦૦ | ૧૨૫૦ | ૩૩૬૫૦ | ૧૨૫૦૦૦ |
| ૨૨. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | પરમાર પાલાભાઈ દેભાભાઈ | | ૧૨ | ૧ | ના | ૪ | ૫૦ | ૧૮૦૦૦ | ૧૨૦૦ | ૧૬૨૦૦ | ૧૨૫૦ | ૩૬૬૫૦ | ૧૨૦૦૦૦ |
| ૨૩. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | પરમાર બાબુભાઈ ભુરાભાઈ | | ૧૩ | ૨ | ના | ૫ | ૪૦ | ૧૮૦૦૦ | ૧૦૦૦ | ૧૨૯૬૦ | ૧૦૦૦ | ૩૨૯૬૦ | ૧૫૦૦૦૦ |
| ૨૪. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | પરમાર પ્રેમાભાઈ કરશનભાઈ | | ૯ | ૧ | ના | ૩ | ૪૦ | ૨૪૦૦૦ | ૧૦૦૦ | ૧૨૯૬૦ | ૧૦૦૦ | ૩૮૯૬૦ | ૧૦૦૦૦૦ |
| ૨૫. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | આયર રઘાભાઈ નશાભાઈ | | ૧૩ | ૧ | ના | ૩ | ૨૮ | ૯૦૦૦ | ૬૦૦ | ૯૦૭૨ | ૭૦૦ | ૧૯૩૭૨ | ૯૦૦૦૦ |
| ૨૬. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | આયર ખીમાભાઈ પુજાભાઈ | | ૩૮ | ૨ | ૬ | ૧૦ | ૪૦.૫ | ૩૦૦૦૦ | ૧૨૦૦ | ૧૮૦૦૦ | ૧૦૨૫ | ૫૦૨૨૫ | ૧૪૦૦૦૦ |
| ૨૭. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | આયર ધનાભાઈ ખીમાભાઈ | | ૧૨ | ૧ | ના | ૩ | ૪૩.૫ | ૨૨૫૦૦ | ૧૨૦૦ | ૧૯૦૦૦ | ૧૧૦૦ | ૪૩૮૦૦ | ૯૦૦૦૦ |
| ૨૮. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | પરમાર દેવશીભાઈ મોતીભાઈ | | ૯ | ૧ | ના | ૩ | ૪૫ | ૨૨૫૦૦ | ૧૦૦૦ | ૧૪૫૮૦ | ૧૧૨૫ | ૩૯૨૦૫ | ૭૫૦૦૦ |
| ૨૯. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | પરમાર ગેલાભાઈ ભુરાભાઈ | | ૨૬ | ૩ | ના | ૨ | ૪૦ | ૧૨૦૦૦ | ૧૦૦૦ | ૧૩૦૦૦ | ૧૦૦૦ | ૨૭૦૦૦ | ૫૦૦૦૦ |
| ૩૦. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | હરીજન દજાભાઈ કરમનભાઈ | | ૫ | ૦.૫ | ના | ૨ | ૨૪.૫ | ૧૮૦૦૦ | ૮૦૦ | ૭૯૩૮ | ૬૦૦ | ૨૭૩૩૮ | ૪૦૦૦૦ |
| ૩૧. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | આયર માદેવાભાઈ વેરશીભાઈ | | ૪૦ | ૦.૫ | ના | ૫ | ૪૦ | ૩૦૦૦૦ | ૧૦૦૦ | ૧૨૯૬૦ | ૧૦૦૦ | ૪૪૯૬૦ | ૧૫૦૦૦૦ |
| ૩૨. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | હરીજન રણમલભાઈ ગાગાભાઈ | | ૧૭ | ૨ | ના | ૫ | ૪૦ | ૧૮૦૦૦ | ૧૦૦૦ | ૧૩૦૦૦ | ૧૦૦૦ | ૩૩૦૦૦ | ૧૦૦૦૦૦ |
| ૩૩. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | કાનજીભાઈ ખેતાભાઈ | | ૧૨ | ૧ | ના | ૨ | ૪૪ | ૨૨૫૦૦ | ૧૦૦૦ | ૧૪૨૫૬ | ૧૧૦૦ | ૩૮૮૫૬ | ૫૦૦૦૦ |
| ૩૪. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | રામજીભાઈ ખેતાભાઈ | | ૮ | ૧ | ના | ૨ | ૩૮ | ૧૮૦૦૦ | ૮૦૦ | ૧૨૩૧૨ | ૯૫૦ | ૩૨૦૬૨ | ૫૦૦૦૦ |
| ૩૫. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | પાઠક કલ્પેશભાઈ સુરેન્દ્રભાઈ | | ૧૩ | ૧ | ૩ | ૫ | ૪૦ | ૧૮૦૦૦ | ૧૦૦૦ | ૧૨૯૬૦ | ૧૦૦૦ | ૩૨૯૬૦ | ૬૦૦૦૦ |
| ૩૬. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | પરમાર દાશાભાઈ મોતીભાઈ | | ૬ | ૦.૫ | ના | ૨ | ૫૮ | ૨૭૦૦૦ | ૧૨૦૦ | ૧૮૭૯૨ | ૧૪૫૦ | ૪૮૪૪૨ | ૬૦૦૦૦ |
| ૩૭. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | પરમાર ભીખાભાઈ દાશાભાઈ | | ૬ | ૦.૫ | ના | ૧ | ૨૦ | ૯૦૦૦ | ૫૦૦ | ૬૪૮૦ | ૫૦૦ | ૧૬૪૮૦ | ૨૫૦૦૦ |
| ૩૮. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | કોલી નીલાભાઈ છગનભાઈ | | ૮ | ૦.૫ | ના | ૩ | ૫૦ | ૩૦૦૦૦ | ૧૨૦૦ | ૧૭૦૦૦ | ૧૨૫૦ | ૪૯૪૫૦ | ૯૦૦૦૦ |
| ૩૯. | રાપર | આડેસર | સણવા ગ્રામ પંચાયત | સણવા | પરમાર ગેલાભાઈ મોતીભાઈ | | ૧૦ | ૨ | ૫ | ૮ | ૪૦ | ૧૮૦૦૦ | ૧૦૦૦ | ૧૩૦૦૦ | ૧૦૦૦ | ૩૩૦૦૦ | ૭૫૦૦૦ |
| ૪૦. | રાપર | આડેસર | સણવા ગ્રામ પંચાયત | સણવા | કોલી રામશીભાઈ હભુભાઈ | | ૧૧ | ૦.૫ | ના | ૨ | ૪૦ | ૧૮૦૦૦ | ૧૦૦૦ | ૧૩૦૦૦ | ૧૦૦૦ | ૩૩૦૦૦ | ૫૦૦૦૦ |
| ૪૧. | રાપર | આડેસર | સણવા ગ્રામ પંચાયત | સણવા | ચૌહાણ વશરામભાઈ ડાયાભાઈ | | ૫ | ૦.૫ | ના | ૩ | ૪૮ | ૨૨૫૦૦ | ૧૨૦૦ | ૧૫૫૫૨ | ૧૨૦૦ | ૪૦૪૫૨ | ૭૫૦૦૦ |
| ૪૨. | રાપર | આડેસર | સણવા ગ્રામ પંચાયત | સણવા | ચૌહાણ ધરમશીભાઈ ડી. | | ૮ | ૦.૫ | ના | ૦.૫ | ૧૦ | ૬૦૦૦ | ૨૫૦ | ૩૫૦૦ | ૨૫૦ | ૧૦૦૦૦ | ૧૫૦૦૦ |
| ૪૩. | રાપર | આડેસર | સણવા ગ્રામ પંચાયત | સણવા | કોલી બાલાભાઈ છગનભાઈ | | ૨૮ | ૨ | ૧૦ | ૧૪ | ૪૬ | ૩૭૫૦૦ | ૧૨૦૦ | ૧૫૦૦૦ | ૧૧૫૦ | ૫૪૮૫૦ | ૧૨૦૦૦૦ |
| ૪૪. | રાપર | આડેસર | સણવા ગ્રામ પંચાયત | સણવા | કોલી માદેવાભાઈ છગનભાઈ | | ૨૨ | ૧ | ના | ૨ | ૨૦ | ૯૦૦૦ | ૫૦૦ | ૬૫૦૦ | ૫૦૦ | ૧૬૫૦૦ | ૬૦૦૦૦ |
| ૪૫. | રાપર | આડેસર | સુખપર ગ્રામ પંચાયત | સુખપર | આયર ભચાભાઈ લખમણભાઈ | | ૪૮ | ૪ | ૧૫ | ૨૦ | ૪૫ | ૩૭૫૦૦ | ૧૨૦૦ | ૧૫૦૦૦ | ૧૧૨૫ | ૫૪૮૨૫ | ૧૫૦૦૦૦ |
| ૪૬. | રાપર | આડેસર | સુખપર ગ્રામ પંચાયત | સુખપર | આયર જીવણભાઈ મોમાયાભાઈ | | ૧૭ | ૨ | ૪ | ૭ | ૩૬.૫ | ૧૮૦૦૦ | ૧૦૦૦ | ૧૨૦૦૦ | ૯૦૦ | ૩૧૯૦૦ | ૧૦૦૦૦૦ |
| ૪૭. | રાપર | આડેસર | સુખપર ગ્રામ પંચાયત | સુખપર | આયર નારણભાઈ ભચાભાઈ | | ૧૫ | ૧ | ૨ | ૪ | ૩૭ | ૧૮૦૦૦ | ૧૦૦૦ | ૧૨૫૦૦ | ૯૨૫ | ૩૨૪૨૫ | ૬૦૦૦૦ |
| ૪૮. | રાપર | આડેસર | સુખપર ગ્રામ પંચાયત | સુખપર | કોલી રામજીભાઈ પોપટભાઈ | | ૫ | ૦.૫ | ૧ | ૨ | ૧૮ | ૯૦૦૦ | ૫૦૦ | ૬૦૦૦ | ૪૫૦ | ૧૫૯૫૦ | ૨૫૦૦૦ |
| ૪૯. | રાપર | આડેસર | સુખપર ગ્રામ પંચાયત | સુખપર | આયર રાણાભાઈ ડાહ્યાભાઈ | | ૩૦ | ૦.૫ | ૫ | ૫.૫ | ૧૫ | ૯૦૦૦ | ૫૦૦ | ૬૦૦૦ | ૩૭૫ | ૧૫૮૭૫ | ૨૦૦૦૦ |
| ૫૦. | રાપર | આડેસર | સુખપર ગ્રામ પંચાયત | સુખપર | આયર ભગાભાઈ દાનાભાઈ | | ૨૫ | ૨ | ૫ | ૭ | ૪૦ | ૧૮૦૦૦ | ૧૦૦૦ | ૧૩૦૦૦ | ૧૦૦૦ | ૩૩૦૦૦ | ૭૦૦૦૦ |

*ભગવાનને ભજવાથી 'મા' મળતી નથી, પરંતુ 'મા'ને ભજવાથી ભગવાન અવશ્ય મળે છે.*

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૧. | રાપર | આડેસર | ટગા પંડ્યાગઢ ગ્રા.પં. | પંડ્યાગઢ | મારાજ શિવરામભાઈ શંભુભાઈ | | ૨૪ | ૨ | ૧૦ | ૧૫ | ૫૦ | ૩૦૦૦૦ | ૧૨૦૦ | ૧૬૫૦૦ | ૧૨૫૦ | ૪૮૯૫૦ | ૧૭૫૦૦૦ |
| ૫૨. | રાપર | આડેસર | ટગા પંડ્યાગઢ ગ્રા.પં. | પંડ્યાગઢ | મારાજ ધરમશીભાઈ શંભુભાઈ | | ૮ | ૧ | ના | ૨ | ૫૦ | ૨૨૫૦૦ | ૧૨૦૦ | ૧૬૫૦૦ | ૧૨૫૦ | ૪૧૪૫૦ | ૭૦૦૦૦ |
| ૫૩. | રાપર | આડેસર | ટગા પંડ્યાગઢ ગ્રા.પં. | પંડ્યાગઢ | મારાજ મયારામ નાનજીભાઈ | | ૧૭ | ૨ | ના | ૪ | ૩૨.૫ | ૯૦૦૦ | ૧૦૦૦ | ૧૪૦૫૦ | ૮૦૦ | ૨૪૮૫૦ | ૬૦૦૦૦ |
| ૫૪. | રાપર | આડેસર | ટગા પંડ્યાગઢ ગ્રા.પં. | પંડ્યાગઢ | મારાજ ભીખાભાઈ કારાભાઈ | | ૧૮ | ૧ | ના | ૨ | ૨૩ | ૧૩૫૦૦ | ૬૦૦ | ૯૯૦૦ | ૫૭૫ | ૨૪૫૭૫ | ૬૦૦૦૦ |
| ૫૫. | રાપર | આડેસર | ટગા પંડ્યાગઢ ગ્રા.પં. | ટગા | હિંગોરજા રહીમભાઈ હાજીભાઈ | | ૨૦ | ૨ | ના | ૩ | ૪૩ | ૨૨૫૦૦ | ૧૨૦૦ | ૧૪૦૦૦ | ૧૦૭૫ | ૩૮૭૭૫ | ૪૫૦૦૦ |
| ૫૬. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | હરીજન નારાણભાઈ દજાભાઈ | | ૩ | ૦.૫ | ના | ૨ | ૪૦ | ૧૮૦૦૦ | ૧૦૦૦ | ૧૩૦૦૦ | ૧૦૦૦ | ૩૩૦૦૦ | ૫૦૦૦૦ |
| ૫૭. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | કોલી ભગાભાઈ ધનાભાઈ | | ૧૪ | ૦.૫ | ના | ૧ | ૨૦ | ૧૨૦૦૦ | ૫૦૦ | ૬૫૦૦ | ૫૦૦ | ૧૯૫૦૦ | ૨૫૦૦૦ |
| ૫૮. | રાપર | આડેસર | માખેલ ગ્રામ પંચાયત | માખેલ | મઢવી શાંતિબેન નથુભાઈ | | ૭ | ૦.૫ | ૨ | ૪ | ૪૩.૫ | ૨૨૫૦૦ | ૧૨૦૦ | ૧૪૦૦૦ | ૧૦૭૫ | ૩૮૭૭૫ | ૬૦૦૦૦ |
| ૫૯. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | પરમાર કમીબેન મોતીભાઈ | | ૧૫ | ૧ | ના | ૩ | ૬૦ | ૩૬૦૦૦ | ૧૨૦૦ | ૧૯૫૦૦ | ૧૫૦૦ | ૫૮૨૦૦ | ૧૦૫૦૦૦ |
| ૬૦. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | પરમાર દામાભાઈ રણમલભાઈ | | ૧૦ | ૦.૫ | ૧ | ૨ | ૨૦ | ૧૨૦૦૦ | ૫૦૦ | ૬૫૦૦ | ૫૦૦ | ૧૯૫૦૦ | ૨૫૦૦૦ |
| ૬૧. | રાપર | આડેસર | લખાગઢ ગ્રામ પંચાયત | લખાગઢ | આયર રતનાભાઈ ખેતાભાઈ | | ૧૮ | ૧ | ના | ૩ | ૪૦ | ૨૨૫૦૦ | ૧૦૦૦ | ૧૩૦૦૦ | ૧૦૦૦ | ૩૭૫૦૦ | ૭૫૦૦૦ |
| ૬૨. | રાપર | આડેસર | સણવા ગ્રામ પંચાયત | સણવા | કોલી ભવાનભાઈ વેરશીભાઈ | | ૨૧ | ૦.૫ | ના | ૦ | ૧૦ | ૯૦૦૦ | ૮૦૦ | ૭૦૦૦ | ૨૫૦ | ૧૭૦૫૦ | ૦ |
| ૬૩. | રાપર | આડેસર | સુખપર ગ્રામ પંચાયત | સુખપર | આયર હાજાભાઈ ભુરાભાઈ | | ૧૪ | ૦.૫ | ના | ૦ | ૫ | ૬૦૦૦ | ૨૦૦ | ૩૫૦૦ | ૧૨૫ | ૯૮૨૫ | ૦ |
| ૬૪. | રાપર | આડેસર | આડેસર ગ્રામ પંચાયત | આડેસર | હાસમ જુમા હિંગોરજા | | ૧૦ | ૦.૫ | ના | ૦ | ૧૦ | ૪૫૦૦ | ૨૫૦ | ૩૫૦૦ | ૨૫૦ | ૮૫૦૦ | ૦ |
| ૬૫. | રાપર | આડેસર | વીજાપર ગ્રામ પંચાયત | વીજાપર | આયર ભગાભાઈ નાગદાનભાઈ | | ૮ | ૦.૫ | ના | ૩ | ૪૦ | ૧૮૦૦૦ | ૧૦૦૦ | ૧૩૦૦૦ | ૧૦૦૦ | ૩૩૦૦૦ | ૭૫૦૦૦ |
| ૬૬. | રાપર | પ્રાગપર | રામવાવ ગ્રા.પંચાયત | રામવાવ | ઢીલા હીરાબેન પચાણ | ૧૨૮ | ૨૧ | ૦.૫ | ૦ | ૬ | ૭૯ | ૧૮૦૦૦ | ૮૮૦ | ૨૦૮૦૦ | ૨૪૦૦ | ૪૨૦૮૦ | ૧૩૨૦૦૦ |
| ૬૭. | રાપર | પ્રાગપર | રામવાવ ગ્રા.પંચાયત | રામવાવ | લાલા રામા વરચંદ | ૩૯૬ | ૧૦ | ૧ | ૨ | ૪ | ૪૦ | ૧૨૦૦૦ | ૪૪૦ | ૧૦૪૦૦ | ૧૨૦૦ | ૨૪૦૪૦ | ૪૪૦૦૦ |
| ૬૮. | રાપર | પ્રાગપર | રામવાવ ગ્રા.પંચાયત | રામવાવ | ઢીલા પચાણ જેઠા | ૩૦૨ | ૨ | ૦.૫ | ૦ | ૨ | ૪૦ | ૬૦૦૦ | ૪૪૦ | ૧૦૪૦૦ | ૧૨૦૦ | ૧૮૦૪૦ | ૪૪૦૦૦ |
| ૬૯. | રાપર | પ્રાગપર | કુંડા જામપર ગ્રા.પંચાયત | કુંડાજામપર | ઢીલા અમરા દેવા | | ૫ | ૦.૫ | ૦ | ૩ | ૨૬ | ૯૦૦૦ | ૩૩૦ | ૭૮૦૦ | ૮૦૦ | ૧૭૯૩૦ | ૬૬૦૦૦ |
| ૭૦. | રાપર | પ્રાગપર | વલ્લભપર ગ્રા.પંચાયત | વલ્લભપર | કોલી કાનજીભાઈ | | ૧૩ | ૦.૫ | ૫ | ૧૦ | ૫૦ | ૬૦૦૦ | ૪૪૦ | ૧૦૪૦૦ | ૧૨૦૦ | ૧૮૦૪૦ | ૧૦૮૦૦૦ |
| ૭૧. | રાપર | પ્રાગપર | વલ્લભપર ગ્રા.પંચાયત | વલ્લભપર | કોલી ડાહ્યા વિશ્રામ | | ૨૨ | ૦.૫ | ૧૩ | ૧૬ | ૪ | ૯૦૦૦ | ૪૪૦ | ૧૦૪૦૦ | ૧૨૦૦ | ૨૧૦૪૦ | ૬૬૦૦૦ |
| **કુલ** | | | | | | | **૧૧૮૯** | **૯૩** | **૧૬૫** | **૩૬૨** | **૨૬૯૩** | **૧૩૬૩૫૦૦** | **૬૫૨૭૦** | **૮૯૧૮૧૮** | **૬૭૩૨૫** | **૨૩૮૯૯૧૩** | **૬૨૨૫૦૦૦** |
| **૭૧ ખેત તલાવડી સરેરાશ** | | | | | | | **૧૬.૭૫** | **૧.૩૦૯** | **૨.૩૨૩** | **૫.૦૯૮** | **૩૭.૯૨** | **૧૯૨૦૪** | **૯૧૯** | **૧૨૫૬૦.૮** | **૯૭૬.૪** | **૩૩૬૬૧** | **૮૭૬૭૬** |

**૭૧ ખેત તલાવડી (પ્રોજેક્ટ કોસ્ટ સમરી)**

| વિગત | રકમ રૂ. |
|---|---|
| સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ (૨૬૯૩ જેસીબી કલાક x ૩૭૫ રૂ.) | ૧૦૦૯૮૭૫ |
| શ્રી ગુણવંતભાઈ શાહ જેસીબી ટોકન ફી (૨૬૯૩ x ૨૫ રૂ.) | ૬૭૩૨૫ |
| ખેડૂતોની લોક ભાગીદારી રૂ. | ૨૩૮૯૯૧૩ |
| **કુલ પ્રોજેક્ટ ખર્ચ** | **૩૪૬૭૧૧૩** |

# સ્ત્રી માટે સાસરું – સંસારનું છેલ્લું સ્ટેશન

• દિનેશ પાંચાલ •

પુરુષપ્રધાન સમાજમાં વહુનો દાડમ જેવડો દોષ પણ સાસરિયાઓને તડબૂચ જેવો મોટો દેખાતો હોય છે. આપણા સમાજમાં સાઈકલ ચલાવતા ન આવડતી હોય એવા મુરતિયા કરતાં રોટલી વણતા ન આવડતી હોય એવી કન્યા જ વધુ વગોવાય છે. દીકરી કૉલેજમાં નાટકના ઢગલેબંધ ઍવોર્ડ જીતી લાવી હશે પણ એને દાળ વઘારતાં ન આવડતું હશે તો સાસરામાં દીકરી ભેગી મા પણ વગોવાશે. કોઈ બેંક કેશિયરને એકથી સો સુધીની ગણતરી આવડવી જેટલી જરૂરી છે તેટલું જ એક સ્ત્રી માટે રસોઈકામ જરૂરી છે. યાદ રહે, મુરતિયો સલમાન ખાન જેવો રૂપાળો દેખાતો હશે પણ એ ભણ્યો નહીં હોય, નોકરી નહીં કરતો હોય તો કોઈ યુવતી એને પરણવા તૈયાર નહીં થાય. સમાજ કહે છે કે પુરુષ પગારમાં અને સ્ત્રી વઘારમાં (પાક કલામાં) પારંગત હોવાં જોઈએ.

સ્ત્રી કુદરતનું અદ્‌ભુત સર્જન છે. પરંતુ એણે પુરુષપ્રધાન સમાજ વચ્ચે જીવવાનું હોવાથી પિયરમાં, સાસરામાં અને સમાજમાં, ત્રણે ક્ષેત્રે પુરુષો સાથે જીવવું પડે છે. અપરિણીત સ્ત્રી પોતાના અંગત જીવનમાં પુરુષ વિના એકલી જીવી શકે પણ સંસારના પ્રાંગણમાં એણે પુરુષરચિત વ્યવસ્થામાંથી જ પસાર થવું પડે છે. પુરુષોએ ઘડેલા નીતિનિયમોનું પાલન કરવું પડે છે. એ કારણે સદીઓથી સ્ત્રીઓનું શોષણ થતું આવ્યું છે. આજે એકવીસમી સદીમાં અમેરિકાની કર્મઠ સન્નારી પણ સંપૂર્ણ શોષણમુક્ત બની શકી નથી. બચુભાઈ કહે છે : "બાવળના જંગલમાંથી પસાર થનારે પગમાં બુટ પહેરવા પડે છે તેમ Man oriented સમાજમાં સ્ત્રીઓએ સ્વસુરક્ષા માટે પોતાની કોઠાસૂઝથી જીવવું પડે છે.'

આજે હવે સ્ત્રીમુક્તિની બૂમ સંભળાય છે ત્યારે સ્ત્રીઓએ સૌ પ્રથમ એ નક્કી કરવાનું રહે છે કે તેઓ શેમાંથી મુક્ત થવા ઇચ્છે છે? પુરુષો વિના સ્ત્રી એકલી જીવી શકે એવું સ્ત્રીઓએ સાબિત કરી બતાવ્યું છે. પણ તોય સ્ત્રી પરિણીત હોય કે અપરિણીત તેના જીવનમાંથી પુરુષોની બાદબાકી શક્ય નથી. સ્ત્રીના અંગત જીવનનું ક્ષેત્રફળ તેના દસ બાય બારના રૂમ જેટલું સીમિત હોઈ શકે ... પણ ઘરનો ઉંબરો ઓળંગીને એ બહાર પગ મૂકે છે ત્યાંથી પુરુષોની રિયાસત શરૂ થાય છે. એ રિક્ષામાં બેસીને ઑફિસે જાય છે ત્યાં રિક્ષાવાળો પુરુષ હોય છે. ઑફિસમાં બોસથી માંડી પટાવાળા સુદ્ધાં પુરુષ હોય છે. કોઈ મોટી કંપનીમાં કામ કરતી યુવતીઓએ ડગલેને પગલે પુરુષોનો સામનો કરવો પડે છે. રોડ પર, બજારમાં, સમાજમાં ... ક્યાં ક્યાં પુરુષો નથી હોતા? પુરુષો પણ સંસારનું મહત્ત્વનું ચાલકબળ છે. સ્ત્રી શક્તિ છે તો પુરુષ શક્તિશાળી છે. સ્ત્રીઓ પોતાની મર્યાદાઓ અને પુરુષ પ્રકૃતિનો અભ્યાસ કરીને (બેલેન્સ જાળવીને જીવી શકે તો) પુરુષ સ્ત્રી માટે ઉત્તમ ઊર્જા બની શકે છે. પુરુષવિના જીવવું સ્ત્રી માટે અશક્ય જેટલું મુશ્કેલ છે. બન્નેના જન્મ પાછળ કુદરતનો ચોક્કસ હેતુ રહેલો છે. એથી બન્ને પરસ્પરથી વિમુખ રહી શકે એવી શક્યતા કુદરતે જ રહેવા દીધી નથી. ઘરના ઉંબર બહાર સમાજમાં ચોમેર દૂર દૂર સુધી પુરુષોનું સામ્રાજ્ય વિસ્તરેલું છે. સ્ત્રીઓએ એ સામ્રાજ્ય વચ્ચે પોતાનું સ્થાન, માન અને સન્માન જળવાય એવી રીતે જીવવાનું રહે છે.

બચુભાઈ કહે છે : 'સ્ત્રીનું સ્થાન બત્રીસ દાંત વચ્ચે રહેતી જીભ જેવું છે. દાંતનું કામ ખોરાક ચાવવાનું છે. જીભે એ કામમાં સહાયક બનવાનું હોય છે. પરસ્પરના સહયોગ વડે માણસ જીવી શકે છે એથી એકની ઉપયોગિતા બીજા કરતાં જરાય ઓછી નથી. પણ ક્યારેક બે દાંત વચ્ચે જીભ કચરાઈ જાય છે તેમ સમાજમાં સ્ત્રીઓની પણ એવી સ્થિતિ થાય છે. સમજદાર સ્ત્રીઓ કદી એ ભયસ્થાનને અવગણવાની કોશિષ કરતી નથી. કહે છે પિયરની પ્રીત દૂધિયા દાંત જેવી હોય છે. દૂધિયા દાંત જીવનભર સાથ નથી આપતા. તે પડી જાય છે અને તેને સ્થાને નવા કાયમી દાંત આવે છે. લગ્ન પછી સ્ત્રી માટે ભાઈ, બહેન, માબાપ બધું જ પાછળ રહી જાય છે અને સાસુ, સસરા, પતિ, નણંદ, દિયર વગેરેના નવા સંબંધો સામે આવે છે. સ્ત્રી માટે એ અંત સુધીના સંબંધો હોય છે. સ્ત્રી પરણે ત્યારે તેને બીજો અવતાર મળ્યો એમ કહેવાય છે. ટ્રેન એક પછી એક સ્ટેશનો પાછળ મૂકીને આગળ વધતી જાય છે તેમ પિયરના તમામ સ્ટેશનો પાછળ રહી જાય છે અને સ્ત્રી માટે સાસરું સંસારનું અંતિમ સ્ટેશન બની રહે છે. એમ કહો કે સાસરું સ્ત્રી જીવનની મંઝિલ ગણાય ... સાસરાથી સ્મશાન સુધીમાં પછી વચ્ચે બીજું કોઈ સ્ટેશન આવતું નથી.

સ્ત્રીને સાસરામાં સેંકડો પાત્રો મળે છે. તે દરેક જોડે હંમેશાં સારા સંબંધો જ સ્થપાય એવું બનતું નથી. ક્યારેક સાસુ જોડે, ક્યારેક નણંદ જોડે તો ક્યારેક ખુદ પતિ જોડે પણ મનદુઃખો ઉદ્‌ભવે છે. મોટો ઝઘડો થઈ જાય છે. હૈયે આઘાત લાગે છે. આંખમાં આંસુ આવે છે. પિયર છોડતી વેળા છેલ્લે આંખમાં જે આંસુ આવ્યા હોય તે આંસુ કરતાં આ આંસુમાં વેદનાના વોલ્ટેજ વધારે હોય છે. પરંતુ સંસારની કડવી વાસ્તવિકતા એ છે કે એ આઘાત અને આંસુની વચ્ચે જ એણે સુખ શાંતિની સ્થાપના કરવાની હોય છે. એ સહેલું નથી હોતું. દિવસભર નજરોમાંથી છૂટતા નફરતના તીરથી દિલ ઘવાય છે. હોઠેથી નીકળતા મહેણાં ટોણા પેટ્રોલબોમ્બની જેમ અંતરમાં આગ લગાડે છે. ક્યારેક તો પતિ પણ પોતાના સગાઓની તરફેણમાં રહે છે. હતાશા, નિરાશા અને દુઃખોની વચ્ચે સ્ત્રી એકલી પડી જાય છે ત્યારે આઘાતનો ઘૂંટડો

*પોતે સર્જેલી સૃષ્ટિમાં દરેક ઠેકાણે પહોંચી વળવાનું ઈશ્વર માટે અશક્ય થયું એટલે જ તેણે 'મા'નું સર્જન કર્યું.*

ગળી જઈ સૌની સાથે હસતે મોઢે જીવવાની કોશિષ કરવી પડે છે. ભૂલ ન કરી હોય તો પણ અપરાધીની જેમ સૌની વચ્ચે ટ્રીટ થવું પડે છે. અને છતાં પારકા જોડે કાયમનું વેર બાંધીને જીવી શકાતું નથી. પારકાની તમામ મર્યાદાઓ સાથે અનુકૂલન સાધીને જીવવું પડે છે. સ્ત્રીને સમાજમાં 'સંસારલક્ષ્મી'નું બિરૂદ અમસ્તું નથી મળ્યું. સ્ત્રીએ પોતીકી સહનશક્તિ અને સદ્‌ગુણો વડે એ પ્રાપ્ત કર્યું છે.

પિયરમાં તો બધું ચાલી જાય છે પણ સાસરે ગયા પછી સ્ત્રીની અક્કલ, આવડત અને સહિષ્ણુતાની કસોટી થાય છે. ત્યાં સળગતા દવને હોલવીને શાંતિ સ્થાપવા માટે સ્ત્રીના તમામ આંતરિક સદ્‌ગુણો ખપ લાગે છે. પિયરના સુસંસ્કાર અહીં કામ આવે છે. શરૂઆતમાં દરેક નવોઢામાં એવી સમજદારી કે કુનેહ ન હોય એ સ્વાભાવિક છે. દાંપત્ય જીવનના દીર્ઘકાલીન અનુભવ બાદ સ્ત્રીઓમાં એ ગુણ કેળવાય છે. ઘણું સહન કર્યા પછી સહિષ્ણુતા કેળવાય છે. ઘણું રડ્યા પછી રૂદન પર કાબૂ રાખવાની પ્રેક્ટિસ પડે છે. સંસારના અનુભવોમાં સ્ત્રી નિંભાડાની ઈંટની જેમ ઘડાઈને પરિપક્વ બને છે. સ્ત્રી નવોઢામાંથી પ્રૌઢા બને ત્યાં સુધીમાં તેને સંસારના સર્વ રાગરાગિણી આવડી જાય છે. નવોઢાથી પ્રૌઢા વચ્ચેની સંસારયાત્રામાં એણે અનેક કડવા મીઠા અનુભવોમાંથી પસાર થવું પડે છે. અને છેવટે એ સર્વ અનુભવોના નિચોડ જેવા બે ચાર વાક્યો એના મુખમાંથી નીકળે છે. ક્યા વાક્યો? (જુઓ ધૂપછાંવ)

### છૂપછાંવ

કન્યા દાંપત્યની કોરી સ્લેટ લઈને સાસરે સીધાવે છે. વખત વીતતાં એના પર અનુભવના એકડા લખાય છે. વિદાય વેળા એની માતાએ એને બે વાક્યો કહ્યાં હતા. પણ એ શબ્દોની ગંભીરતા સમજવાની ત્યારે એની ઉંમર નહોતી. વર્ષો બાદ શબ્દો તે જ રહે છે પણ તેમાં ખુદના અનુભવનો અર્ક ઉમેરાય છે. વર્ષો બાદ પોતાની દીકરીને વળાવતી વેળા એ આંસુભીની આંખે એજ શબ્દો બોલે છે. 'દીકરી, અમને હવે ભૂલી જજે ... તારા સાસુ સસરા જ તારા સાચા માબાપ છે. તેમનો પડ્યો બોલ ઝીલજે...સાસરામાં સૌના દિલ જીતી લઈશ તો તું સુખી થઈશ અને અમે પણ થઈશું ...!'

*સી/૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૪૫.*
*મો. ૯૪૨૮૧૬૦૫૦૮*

## લગ્ન પ્રથા — એક પુનઃ વિચારણા

**(અનુસંધાન : પાના નં.-૩૧ ઉપરથી ચાલુ)**

ડાંગ જિલ્લાના આદિવાસીઓમાં લગ્ન કરવા હોય તો તેમના રિવાજ મુજબ અમુક લેવડદેવડ કરવી પડે. જે એવી લેવડદેવડ કરવા માટે અશક્ય હોય તેવા છોકરા-છોકરી પતિ-પત્ની તરીકે અલગ રહેવાનું શરૂ કરી દે. પછી ૫-૧૦-૨૫-૫૦ વર્ષે જ્યારે અનુકૂળતા થાય ત્યારે લગ્ન કરી લે. **અમે પોતે છોકરા-છોકરી, એના મા-બાપ અને એના દાદા-દાદી એમ ત્રણ પેઢીના લગ્નો એક જ દિવસે અને એક જ મંડપમાં કરાવેલા છે.** આદિવાસીઓ ખૂબજ સમજદાર હોય છે.

લગ્ન એ એક સામાજિક વ્યવસ્થા છે. અલબત્ત એ ઉત્તમ વ્યવસ્થા છે. પરિસ્થિતિ બદલાય અને વિકલ્પ ન હોય ત્યારે વ્યવસ્થા બદલવી પડે. મૈત્રીસંબંધ એ પણ એક વ્યવસ્થા જ છે. આ લખાણ આદર્શને અનુલક્ષીને નહીં પણ વ્યવહારિક સંજોગોને અનુલક્ષીને તૈયાર કરેલ છે.

*આર.એચ.-૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ,*
*કાશીરામ અગ્રવાલ હોલની પાસે,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : ૨૬૩૦૧૭૨૯*

## "મંગલ મંદિર" — ટાઈટલ કવર અંગે

'મંગલ મંદિર'ના ટાઈટલ પરના ફોટોગ્રાફ્સ કોઈને કોઈ મધ્યવર્તી વિચાર - થીમને અનુરૂપ મૂકવામાં આવતા હોય છે. ટાઈટલ કવરની ડિઝાઈન થીમના ધોરણે નક્કી કરવામાં આવે છે.

દરેક વર્ષની થીમ અલગ અલગ રાખવામાં આવે છે અને એ પ્રમાણે ચર્ચા-વિચારણાના અંતે ટાઈટલ કવર પર ફોટાઓ મૂકી પ્રત્યેક માસે ટાઈટલ પેઈજને આકર્ષિત બનાવવાની કોશિશ કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૧-૧૨માં થીમ તરીકે 'કચ્છ'ની ગણના કરવામાં આવેલ.

વર્ષ ૨૦૧૨-૧૩માં થીમ તરીકે 'અમદાવાદ'ની ગણના કરવામાં આવેલ.

વર્ષ ૨૦૧૩-૧૪માં થીમ તરીકે 'ગુજરાત'ની ગણના કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૪-૧૫માં કદાચ 'ભારત' પર અને

વર્ષ ૨૦૧૫-૧૬માં કદાચ 'દુનિયા' પરના થીમની ગણના કરવામાં આવે.

ઉપરોક્ત ધોરણે 'મંગલ મંદિર'નું ટાઈટલ પાનું નક્કી કરવામાં આવે છે.

*— તંત્રી મંડળ*

*પોતાનાં દુઃખમાં કર્મને કારણ માને તે જ્ઞાની, પોતાનાં દુઃખમાં અન્યને કારણ માને તે અજ્ઞાની.*

# અય મેરે વતનકે લોગોં....

## સંભારણાની સફર : મણકો-૧

• ડૉ. સુધા મૂર્તિ (અનુવાદ : સોનલ મોદી) •

*ડૉ. સુધા મૂર્તિ, કોલેજમાં કોમ્પ્યુટર સાયન્સ વિજ્ઞાનના પ્રોફેસર, મેધાવી કારકિર્દી ધરાવતા કમ્પ્યુટર નિષ્ણાત તથા સોફ્ટવેર માંધાતા શ્રી નારાયણ મૂર્તિના ધર્મપત્ની, ઈન્ફોસીસ ફાઉન્ડેશનના ચેરપર્સન ખૂબજ સારા લેખિકા છે. તેમના લખાણો મુદ્દાસર, ટૂંકાટચ, પારદર્શક અને માનવીય લાગણીથી ભરપુર હોય છે. તેઓએ અનેક પુસ્તકો પણ લખેલાં છે. 'How I taught my grand mother to read and other stories' નામના તેમના અંગ્રેજી પુસ્તકનું મરાઠી, કન્નડ, હિંદી તથા તામિલમાં અનુવાદ થયેલા છે. સોનલ મોદીએ આ પુસ્તકનું ગુજરાતીમાં અનુવાદ કરી તેને 'સંભારણાંની સફર' સ્વરૂપે પ્રગટ કરેલ છે. આ બુકના કેટલાક પ્રકરણો ખૂબજ ઉચ્ચ કક્ષાના છે. મંગલ મંદિરના વાચક વર્ગને તે ખૂબજ ગમશે. પસંદ કરવામાં આવેલ ચાર-પાંચ પ્રકરણોની શ્રેણી પૈકી 'અય મેરે વતનકે લોગો' ... નામનું પ્રકરણ પ્રસ્તુત કરીએ છીએ.*

*– તંત્રી મંડળ*

લગ્ન દરેકના જીવનનો અત્યંત મહત્ત્વનો પ્રસંગ છે. ભારતમાં તો મોટેભાગે લગ્નોની ઉજવણી ખૂબ જ ધામધૂમથી થાય છે. આપણી જૂની-નવી ફિલ્મોને યાદ કરીએ તો કેટલીય ફિલ્મો લગ્નપ્રસંગની આસપાસ વણાયેલી જોવા મળે. એક સામાન્ય માન્યતા એવી છે કે લગ્ન પછી યુગલ સુખ-શાંતિથી જીવશે. ચારેકોર આનંદ-મંગલ વ્યાપશે. ખાશે-પીશે ને વાર્તાની જેમ મજા કરશે. પરંતુ આપણામાંથી જે લોકો પરણેલાં છે, તેઓ તો જાણતા જ હશે કે જીવનની ખરી વાસ્તવિકતાનો સામનો લગ્ન પછી જ કરવો પડે છે. લગ્ન એટલે બાંધછોડ, સહનશીલતા, એકમેક પ્રત્યેની સમજણ, ઘણોબધો વિશ્વાસ અને ઢગલોક પારદર્શકતા. તદ્દન ભિન્ન-ભિન્ન કૌટુંબિક વાતાવરણમાં ઊછરેલાં બે વ્યક્તિઓ માટે સજોડે, સંપીને રહેવું મુશ્કેલ તો છે જ.

આપણા દેશના ભવ્ય ભૂતકાળ તરફ નજર નાખીએ તો ઘણીબધી ઐતિહાસિક લડાઈઓની પાછળ પ્રેમ તથા લગ્ન જ કારણભૂત છે. જર-જમીન ને જોરૂ – એ ત્રણેય કજિયાના છોરૂ - સાચું જ છે ને! પહેલાં તો લગ્નો એક એક અઠવાડિયા સુધી ચાલતા. પછી ત્રણ દિવસ, પછી બે દિવસ અને હવે તો એકાદ સાંજમાં જ લગ્ન આટોપી લેવાય છે. જોકે હજુયે કેટલાંક અતિ વૈભવશાળી લગ્નો થાય છે જ. મધ્યમ વર્ગનાં કેટલાંય કુટુંબોને દેખાદેખીમાં આવા ફિઝૂલ ખર્ચાઓમાં જીવનભરની કમાણી ખર્ચી કાઢતા મેં જોયાં છે. કેટલાંય ગરીબ લોકો લોન લઈને પણ ગજા ઉપરાંતનો ખર્ચ કરે અને પછી જીવનભર તેમનું દળદર ન ફીટે. હપ્તા ભર્યા કરે, ઊંચા ન આવે.

સંસ્કૃતમાં એક બહુ જ સરસ શ્લોક છેઃ

*कन्या वरयते रूपं, माता वित्तं, पिता श्रुतं ।*
*बांधवाः कुलमिच्छन्ति, मिष्टानं ईतरे जनाः ॥*

અર્થ કંઈક આવો છે : કન્યા વરના રૂપને પસંદ કરે છે (વરે છે), તેની માતા વરનો પૈસો જુએ, તેના પિતા વરનું ભણતર જુએ. ભાઈઓ બનેવીનું કુળ જુએ છે, જ્યારે મારા-તમારા જેવા જાનૈયાઓને - મહેમાનોને ફક્ત મિષ્ટાનમાં જ રસ હોય છે. લંચ-ડીનર સારાં હોય એટલે બધું સારું. બરોબર ને? લગ્નપ્રસંગોમાં જુવાન હૈયાંઓને એકમેકને મળવાનું બહાનું મળે, વડીલો પોતાની તબિયતની તથા નવા-જૂના ડોક્ટરોની વાતો કરી સમય પસાર કરે અને પૈસાદાર સ્ત્રીઓ પોતાનાં લેટેસ્ટ સાડી-દાગીનાનું પ્રદર્શન કરી શકે.

એક વખત હું રશિયા ગઈ હતી ત્યારે મોસ્કોમાં હતી. શહેરમાં મેં ઠેરઠેર શહીદ સ્મારકો જોયાં. રશિયા ત્રણ મોટી ઐતિહાસિક લડાઈઓ જીત્યું છે. દરેક રશિયન નાગરિક માટે આ અત્યંત ગર્વની બાબત છે. શહેરમાં આવાં સ્મારકો તથા જે તે યુદ્ધની જીત માટે જવાબદાર જનરલ-ઓફિસરનાં કડક-ઈસ્ત્રીબંધ યુનિફોર્મમાં સજ્જ પૂતળાં ઘણે ઠેકાણે નજરે પડે છે. પ્રથમ યુદ્ધ પીટર ધ ગ્રેટ સ્વીડન સામે લડ્યો હતો. બીજો જંગ ઝાર એલેકઝાંડર પ્રથમે નેપોલિયન જેવા બળિયા વિરુદ્ધ છેડ્યો હતો. અને છેલ્લી લડાઈ એટલે ૧૯૪૫નું બીજું વિશ્વયુદ્ધ. જેમાં હિટલરે રશિયા સામે બાથ ભીડવાનું અત્યંત મૂર્ખામીભર્યું પગલું ભર્યું હતું.

મોસ્કો શહેરની બરોબર વચ્ચે એક જબરદસ્ત બાગ છે. જેને Peace Park (શાંતિ ઉદ્યાન) જેવું સુંદર નામ અપાયું છે. આ પીસ પાર્કની બરોબર વચ્ચે એક ખૂબ જ વિશાળ શહીદ-સ્મારક છે. ત્યાં બધાં જ યુદ્ધોની તવારીખ આંકેલી છે. ઉદ્યાનમાં સુંદરતમ ફુવારાઓ છે. રાત્રે તો આખાય બાગને સંગીતમય રોશનીથી સજાવવામાં આવે છે. હું તો ઉનાળામાં ગઈ હતી એટલે રંગબેરંગી ફૂલોની જાણે જાજમ પથરાઈ ગઈ હતી. આંખ ઠરે એવું આહ્લાદક દૃશ્ય હતું. એમ થાય કે એક ખૂણામાં બેસીને કુદરત અને માનવીની મહેનતના આ સુભગ સમન્વયને મન ભરીને

*નિષ્ફળતા એ અવસર છે, જે આપણને આગળ ઉપર કાર્ય કઈ રીતે કરવું તે શીખવે છે.*

માણીએ! બસ, હવે ક્યાંય નથી જવું! તમે રશિયા જાઓ તો કોઈપણ રશિયન અત્યંત ગર્વથી તમને આ સ્થળે લઈ જશે. જરૂર જજો.

હું ત્યાં ગઈ તે દિવસે રવિવાર હતો. ઝરમર વરસાદ પણ ચાલુ જ હતો. ઉનાળો હતો. તોપણ સહેજ ઠંડી લાગતી હતી. જો કે મારી પાસે છત્રી હતી તેથી હું ફરતી ફરતી સૌંદર્ય નિહાળી રહી હતી. એકાએક જ મારી નજર એક યુગલ પર પડી. તાજાં જ પરણેલાં લાગતાં હતા. કન્યા બાવીસેક વર્ષની, અત્યંત સ્વરૂપવાન, ઘેરા કથ્થઈ વાળ તથા નીલી આંખોવાળી ફક્કડ રૂપકડી યૌવના હતી. સફેદ સાટીનનો વેડિંગ ગાઉન તેણે પહેરેલ હતો. ગાઉનની બાંયો તથા ગળા પર સુંદર મોતીનું ભરતકામ, નાયલોનની લેસ તથા રિબીનનો શણગાર. માથા પરથી લેસવાળી નેટ છેક પાછળ ખભા સુધી પથરાતી હતી. કાનમાં સુંદર ચમકતાં લટકણિયાં તથા ગળામાં નાનકડો હાર તેની પાતળી લાંબી ગરદનને વધુ ઑપ આપતાં હતાં. ગાઉન એટલો લાંબો હતો કે બે નાનકડી, નમણી કન્યાઓ પાછળથી ગાઉનને ઊંચકીને ચાલતી હતી.

કન્યાનો વર પણ ખૂબ જ હેન્ડસમ પચ્ચીસેકનો યુવાન હતો. વિશાળ બાહુ, વી આકારનું સુદૃઢ શરીર અને મિલિટરીનો યુનિફોર્મ. યુગલ એવું તો 'મેડ ફોર ઇચ અધર' લાગતું હતું કે બાગમાં ફરતાં ઘણાં પ્રવાસીઓ તેમને બે ઘડી જોવા થંભી ગયાં. વરરાજાથી થોડો નાનો, પણ ઊંચો એક છોકરો એક મોટી છત્રી વરઘોડિયા યુગલના માથે ધરીને ઊભો હતો, કારણ કે ઝરમર વરસાદ ચાલુ જ હતો. બંને હાથમાં હાથ નાંખીને ઊભાં હતાં. કન્યાના હાથમાં સફેદ ફૂલનો એક મોટો સુંદર બુકે હતો. હું મનોમન વિચારતી હતી, કે પરણીને તરત કોઈ હોટેલ કે હિલ સ્ટેશન જવાને બદલે વરસતા વરસાદમાં ઠંડીમાં થથરવા, કપડાં બગાડવા આ વર-વધુ અહીં કેમ આવ્યાં હશે? અરે, મજા કરવા માટે મિત્રો સાથે કોઈ ડિસ્કોથેકમાં પણ જઈ શક્યા હોત! હું બધો તાલ જોતી હતી. હાથમાં હાથ નાખીને બંને શહીદ-સ્મારકના થાંભલા પાસે ગયાં, ત્યાં ફૂલોનો ગુચ્છો મૂક્યો, અત્યંત આદરપૂર્વક ઘૂંટણથી વળીને પ્રાર્થના તથા વંદન કર્યા. યુનિફોર્મધારી વરરાજાએ ટટાર થઈને સ્મારકને કડક સલામ મારી અને એટલા જ સન્માનથી બંને પાછાં વળી ગયાં.

હવે તો મારે આ આખીયે ઘટનાનું રહસ્ય જાણવું જ પડે. મને પ્રબળ જિજ્ઞાસા થઈ ગઈ કે આ કેવો રિવાજ છે? પેલા નવપરિણીત યુગલને તો પૂછાય નહીં. તેમને અંગ્રેજીના વાંધા અને મને રશિયન ભાષાના. બાગમાં મારી આગળ એક વૃદ્ધ ઊભા હતા. મારી સાડી જોઈને મને તેમણે સામેથી જ પૂછ્યું.

'બહેન, ઇન્ડિયાથી આવ્યાં છો?'

'હા જી. ઇન્ડિયન છું.' મેં કહ્યું.

'મેં રાજકપૂરનાં પિક્ચરો જોયાં છે. મને ખૂબ ગમતાં. રાજકપૂર રશિયાની મુલાકાતે પણ આવ્યા હતા. "આવારા હું ..." એ ગીત પણ મને આવડે છે. તમને ખબર છે, મોસ્કોમાં ત્રણ વંદનીય ભારતીયોની પ્રતિમાઓ છે : મહાત્મા ગાંધી, જવાહરલાલ નેહરુ અને ઇંદિરા ગાંધીની.'

વૃદ્ધ મારી સાથે ખૂબ જ આત્મીયતાથી વાતો કરી રહ્યા હતા તેથી મેં તેમની જોડે વાતો કરીને મારા પ્રશ્નો પૂછી લેવાનું નક્કી કર્યું.

'સર, તમને આટલું ફાંકડું અંગ્રેજી કેવી રીતે આવડે છે?' મેં પૂછ્યું.

'મેં પરદેશમાં ઘણાં વર્ષો નોકરી કરી છે, દીકરી.'

'સર, મને કહોને, આ નવવિવાહિત યુગલ લગ્ન કરીને તરત જ આ યુદ્ધના સ્મારકનાં દર્શને કેમ આવ્યું છે?'

'બેટા, રશિયામાં તો આ રિવાજ જ છે. અહીં મોટેભાગે લગ્ન શનિ કે રવિવારે જ થાય છે. લગ્નનું રજિસ્ટ્રેશન થઈ જાય, એટલે તરત જ શહેરનાં અગત્યના શહીદ સ્મારક પર માથું ટેકવી આવવાની દરેક યુગલની ફરજ છે. આ દેશનો દરેક વિદ્યાર્થી, એકેએક છોકરો, ઓછામાં ઓછા બે વર્ષ મિલિટરીમાં ફરજ બજાવે છે. દેશ માટે કુરબાની આપવી એટલે શું તેની તેને બરોબર ખબર હોય છે. દુલ્હારાજા ગમે તે વર્ગના હોય - ગરીબ કે તવંગર - લગ્ન વખતે તો દરેક વરરાજાએ લશ્કરી ગણવેશ જ પહેરવો પડે.' વડીલે અત્યંત ગર્વથી કહ્યું. તેમણે પણ પોતાના જમાનામાં મિલિટરીમાં કામ કર્યું જ હશે, દેશ માટે મરી ફીટવાની તૈયારી બતાવી જ હશે.

'પણ એવું શા માટે?' મેં ભોળાભાવે પૂછ્યું

'અરે, બેટા, આપણા બાપદાદાઓએ દેશ માટે જાન કુરબાન કર્યો છે. રશિયા કંઈ કેટલાંય યુદ્ધો લડ્યું. ઘણેભાગે જીત થઈ. કદીક હાર પણ થઈ. દરેક યુદ્ધમાં લડનાર સૈનિકે તો કેટલાંય બલિદાન આપ્યાં! કુટુંબથી દૂર, ટાઢ તડકો, વરસાદ, બરફ, પર્વત - ખીણો, નદી-નાળાંમાં રાત-દિવસ જોયા વગર દેશ માટે સામી છાતીએ જાનની બાજી લગાવી છે. દરેક નવવિવાહિત યુગલે સમજવું જ જોઈએ, કે તેમને આ શાંત, આઝાદ રશિયામાં રહેવા મળે છે, તેના પાયામાં તેમના વડવાઓની, લડવૈયાઓની કુરબાની છે. તેમના આશીર્વાદ તો લેવા જ જોઈએ ને! કોઈ પણ ભભકાદાર લગ્ન કરતાં દેશભક્તિ ચડિયાતી છે, એમ તું માને છે ને, દીકરી? અમે અમારાં બાળકોને આ ભવ્ય પ્રણાલી ચાલુ રાખવા માટે નાનપણથી જ તૈયાર કરીએ છીએ. લગ્ન મોસ્કોમાં થાય, લેનિનગ્રાડમાં થાય કે કોઈ નાના ગામમાં - લગ્નને દિવસે વરઘોડિયાં શહીદ સ્મારકે જાય, જાય ને જાય જ.' વડીલ મને વિચારતી મૂકીને ચાલી નીકળ્યા.

અરે, આપણે આપણાં બાળકોને કાંઈ શીખવીએ છીએ ખરાં? ૧૮૫૭ નો સ્વાતંત્ર્ય સંગ્રામ, ૧૯૪૨ની 'હિંદ છોડો' ની લડત, ભગતસિંઘ, ચંદ્રશેખર આઝાદ, શિવાજી, રાણા પ્રતાપ કે ઝાંસીની રાણીની કુરબાનીઓ વિષે બાળકો જોડે શાંતિથી વાતો કરીએ છીએ ખરાં? અંગ્રેજોએ જે દેશભક્તોને આંદામાન-નિકોબારમાં કાળાપાણીના કારાવાસે ધકેલ્યા હતા, તેની ક્યારેય મુલાકાતે જઈએ છીએ?

આઝાદ ભારતને જોવા આમાંના કોઈ વીરલા બચ્યા નહીં, પણ લગ્ન જેવા આપણા જીવનના અત્યંત મહત્ત્વના દિવસે સાડી-દાગીનાના શોપિંગ, ભવ્ય મેનુ-સેટિંગ, મેંદી તથા સંગીતના જલસા, હવે તો ડિસ્કો તથા કોકટેલ પાર્ટીના ફિઝૂલ સમયમાંથી થોડો સમય આવા વીરલાઓને યાદ કરવા ગાળીશું? કુળદેવીનાં દર્શનની સાથોસાથ ગાંધીઆશ્રમ પણ જઈશું? મારી આંખો ભરાઈ આવી. ■

*ક્ષણિક નિષ્ફળતાને પૂર્ણ નિષ્ફળતા ના માની લેવી.*

# લગ્ન પ્રથા – એક પુનઃ વિચારણા

• શાંતિલાલ સંઘવી •

એક પુરુષ અને એક સ્ત્રી વચ્ચેના લગ્ન વગરના મૈત્રી સંબંધને દુનિયાના અનેક દેશોમાં હવે ગંભીરતાથી જોવામાં આવતા નથી. ત્યાં આ બાબતને સામાન્ય ગણી લેવામાં આવે છે. પરંતુ હજુ આપણા દેશમાં આ સંબંધનો સહજ સ્વીકાર થયો નથી. જોકે ઘણા લોકો આ પ્રકારનો સંબંધ રાખતા થયા છે પણ તેનો સામાજિક સ્વીકાર બાકી છે. ઘણા લોકો આવા સંબંધને અનૈતિક માને છે પરંતુ નીતિ અને અનીતિની વ્યાખ્યા સાપેક્ષ છે. પરિસ્થિતિ અને અન્ય સંજોગો ઉપર આધારિત છે. એક કાળે જે નીતિ હોય તે પછીના કાળે, નીતિ ન પણ હોય અથવા એથી ઉલટું પણ હોય. આ બાબતને પાપ - પુણ્ય સાથે તો કશી જ લેવાદેવા નથી.

આપણા જ દેશની વાત કરીએ તો વર્તમાનકાળે દેશની લગભગ ૫૦% વસતી પ્રજા એટલી ગરીબ છે કે તેની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે રોટી, કપડાં કે મકાન તેમને ઉપલબ્ધ નથી. પીવાલાયક પાણી પણ તેમના નસીબમાં નથી. તેમના આરોગ્ય અને શિક્ષણની વાત કરવી એ તેમની મશ્કરી કરવા બરાબર છે. કબૂલ, કે લગ્ન એ દરેક સ્ત્રી કે પુરુષની પ્રાકૃતિક જરૂરિયાત છે, પરંતુ વિચારવાનું એ છે કે એક ગરીબ યુવાન કે જે પોતાનું એકનું પેટ પણ માંડમાંડ પૂરું ભરી શકે એવી એની આર્થિક હાલત છે. તે ગમે તેટલી મહેનત કરે તો પણ બે જણનું પૂરું કરી શકે એમ નથી - ઘર વસાવી શકે એમ નથી. કારણકે એની આવક કરતાં મોંઘવારીની ઝડપ અનેકગણી વધારે છે.

નવા જમાનાનો યુવાન ટી.વી. અને અન્ય મનોરંજનના સાધનો થકી માનસિક રીતે ઘડાયો છે. એને સુખ સગવડના અનેક સાધનો જોઈએ છે. એ યુવાન જેને પરણશે તે છોકરી પણ સ્વાભાવિક રીતે જ નવા જમાનાની હશે અને એને પણ ઘણું બધું જોઈતું હશે. બંને જીવો તીવ્ર અસંતોષમાં જીવતા હશે. "લોકો મોજમજા કરે છે અને આપણે રીબાઈએ છીએ" એ ભાવ એના મગજમાં કાયમી હશે. એની ઈચ્છાઓ ક્યારેય પૂરી નહિ થાય. લગ્ન કર્યા પછી સ્વાભાવિક રીતે બાળકો પણ થશે જ. જ્યાં પોતાના અને પત્નીના પોષણની પણ જોગવાઈ નથી ત્યાં બાળકોની પરવરિશ કેવી રીતે થશે અને કેવી થશે? આપણા જ દેશમાં કરોડો બાળકો કુપોષણથી પીડાય છે. એમને રોગ સામે સારવારની પણ કશી જ શક્યતા નથી. આજનો મધ્યમ વર્ગ આવતીકાલનો ગરીબ વર્ગ બનવાનો જ છે. બહુજ - બહુજ ઓછી ગૃહિણીઓમાં જે મળે છે તેટલામાંથી કરકસરથી અને મનમાં કશા જ અસંતોષ કે ફરિયાદ વગર ઘર ચલાવવાની આવડત અને તૈયારી હોય છે. રોજેરોજનો અસંતોષ ભભૂકતો હોય છે. આવે વખતે પુરુષ પાસે માત્ર બે રસ્તા બાકી રહે છે. પ્રામાણિકપણે મહેનત કરવાથી પૂરું થતું નથી ને થવાનું પણ નથી. એટલે કાં તો અનીતિનો માર્ગ અપનાવી અપ્રામાણિક રસ્તે પૈસા ભેગા કરે. ડ્રગવાળા, દારૂવાળા, ચોરી કરવાવાળા, આતંકવાદીઓ વગેરે વગેરે ગમે તે રસ્તે જાય. સટ્ટો કે દારૂ કે જુગારને રવાડે ચડે અને પોતે તથા સમગ્ર કુટુંબ બરબાદ થાય. બીજો રસ્તો, તે હતાશ થઈને પોતે એકલા અથવા આખું કુટુંબ આત્મહત્યા કરે. લગ્ન કર્યા પછી ન તો પોતે કદી સુખી થઈ શકે, ન તો પોતાની પત્નીને કે ન તો પોતાના બાળકોને સુખી કરી શકે. બાળકો પણ યુવાન થયા પછી સુખનો પડછાયો પણ જોઈ નહીં શકે. એ યુવાનો - યુવતીઓ મા-બાપને પૂછશે કે ત્રેવડ ન હતી તો અમને પેદા શા માટે કર્યા? ન ગમે એવી વાત છે પણ હકીકત છે. આ સંસારમાં ગરીબ ક્યારેય સુખી થઈ શકે એ વાત માનવાજોગ નથી. ભૂતકાળમાં ગરીબ ક્યારેય સુખી ન હતો, આજે સુખી નથી અને ભવિષ્યમાં સુખી થવાનો નથી. જો આપણે પ્રામાણિકપણે આવી ભાવના ધરાવતા હોઈએ કે ગરીબ પણ માણસ છે અને એને પણ તેની પ્રાથમિક જરૂરિયાત સંતોષાય એટલું મળવું જોઈએ, તો દુનિયાએ અને ખાસ કરીને આપણા દેશે ગાંધીના રસ્તે જવું પડે. બીજો રસ્તો જ નથી.

પણ જે દેશમાં ખુદ ભગવાનો જ અબજોપતિ હોય, દેવો અને દેવીઓ પણ અબજોપતિ હોય, ધર્મગુરુઓ અમાપ સંપત્તિના સ્વામી હોય, તે દેશ ગાંધીને રસ્તે કેવી રીતે જશે? શક્ય જ નથી. ગાંધીને રસ્તે તો એકલો ગાંધી જ જઈ શકે.

ગરીબોની સંખ્યા ઘટે તો રાજકારણીઓને અને શ્રીમંતોને મુશ્કેલી પડે. ગરીબો ભણે અને હોશિયાર બને તો પણ આ બંનેને મુશ્કેલી પડે. તમને નવાઈ લાગશે પણ ગરીબોની સંખ્યા ઘટે તે ધર્મગુરુઓને પણ ન ગમે. મધર ટેરેસા દિવંગત થયા પછી એના સ્થાને બિરાજનાર મધર નિર્મલાએ જાહેર કરેલું કે "દુનિયામાં ગરીબો તો રહેવા જ જોઈએ. જો ગરીબો નહિં હોય તો અમે સેવા કોની કરીશું?"

ગરીબો થકી જ રાજકારણીઓની સત્તા છે, શ્રીમંતોની શ્રીમંતાઈ છે, ધર્મગુરુઓનો પ્રભાવ છે. ઉત્પાદનના તમામ સાધનો (અરે, હવા અને પાણી સહિત) પોતાને હસ્તક રાખવા અને સેવાની તમામ જવાબદારી ગરીબને સોંપી દેવી એ છે આધુનિક અર્થશાસ્ત્ર, અને એ જ છે વિકાસની વ્યાખ્યા.

કોઈ ગરીબ જિંદગીભરમાં પણ પોતાનું ઘર ખરીદી શકે એ અશક્ય છે. એકાદ ઝૂંપડું મળી પણ જાય તો ગમે ત્યારે સરકાર વિકાસના નામે એ ઝૂંપડું પણ તોડી પાડે. દરમ્યાન કોઈ બીમારી આવી તો સારવારનો ખર્ચ જાતે પોતે વેચાય તો પણ ચૂકવી ન શકાય એટલો. અને સારવારના અભાવે મરી જાય તો પત્ની - બાળકો સૌ રખડી પડે, કોઈની બૂરી નજરનો ભોગ બને એમ પણ બને.

*જેનું મન અશાંત હોય, ઉદ્વેગવાળું હોય તેને સુખ મળે નહિ.*

જે યુવાનની કમાણી માસિક ૧૫-૨૦ હજાર હોય અથવા એથી ઓછી હોય તેણે લગ્ન ન કરવા જોઈએ. કોઈ હમદર્દ - હમસફર યુવતી મળી જાય તો તેની સાથે મૈત્રી કરારથી રહેવું જોઈએ અને શરત કરવી જોઈએ કે તેઓ કદી લગ્ન કરશે નહિ, ઘર વસાવશે નહિ અને બાળક પેદા કરશે નહિ. સિવાય કે તેમની કમાણી માસિક ૪૦-૫૦ હજારની થાય. આ રકમ વધારે નથી. પરંતુ મિનિમમ છે - પતિ, પત્ની અને એક બાળક માટે.

પાપ અને પુણ્યની વ્યાખ્યા સમયે સમયે બદલાતી રહી છે અને બદલાતી રહેશે. ગરીબો ભલે ભગવાનના હોય પણ ભગવાન ક્યારેય ગરીબોનો થયો નથી અને થવાનો નથી.

હું એવા બે-એક કુટુંબને જાણું છું જે ખૂબ કમાય છે. સારી રીતે ઘર ચલાવી શકાય ઉપરાંત સારી એવી બચત પણ કરી શકાય એટલી આવક છે. પરંતુ તેઓ પાસે એકબીજા સાથે સુખ દુઃખની વાત કરી શકાય એટલો સમય જ નથી અને જ્યારે થોડો સમય મળે પણ છે ત્યારે મુડ હોતો નથી. આવા પતિ-પત્ની મશીનની માફક જીવે છે. તેમના બાળકને જોઈને મને તે બાળકની દયા આવે છે.

આ પ્રકારનું જેનું કામ હોય - વ્યવસાય હોય - તેણે પણ લગ્ન ન કરવા જોઈએ પણ અનુકૂળ વ્યક્તિ સાથે મૈત્રી સંબંધ રાખી લેવો જોઈએ.

અલબત્ત, કેટલાક વંઠી ગયેલા નબીરાઓ કે નબીરીઓ, મજબૂરીથી નહીં પણ શોખ ખાતર, આવા મૈત્રી સંબંધની હિમાયત કરે છે તે બિલકુલ અનિચ્છનીય છે. ઘણા લોકોનો વ્યવસાય જ એવા પ્રકારનો હોય છે કે તેમણે અનેક દિવસો સુધી ઘરથી દૂર અન્ય શહેરમાં કે અન્ય દેશમાં વારંવાર લાંબો વખત રહેવું પડે છે.

આવા લોકો પોતાના પારિવારિક જીવનને ન્યાય આપી શકતા નથી અને ઘણીવાર તેઓ અન્ય રસ્તે ફંટાઈ જાય છે અને પરિણામે તેમના અંગત સંબંધોમાં શંકા અને કડવાશ પ્રવેશે છે. આ પ્રકારનું પરિણામ આવવાની જ્યાં પણ શક્યતા લાગે તેમણે પણ લગ્નની જવાબદારી સ્વીકારવી ન જોઈએ.

ટૂંકમાં યુવાને કે યુવતીએ લગ્ન તો જ કરવા જોઈએ જો તેઓ પોતાના લગ્ન જીવનને પ્રામાણિક રહી શકે, કુટુંબના નિર્વાહ જેટલી આવક હોય અને પતિ કે પત્ની અને બાળકને તેઓ પૂરો સમય અને શક્તિ આપી શકે. બાળકોને ઉછેર પાછળ જો પૂરો સમય અને શક્તિ આપવામાં ન આવે તો તે બાળક ભવિષ્યમાં બેજવાબદાર નાગરિક બને એવો પૂરો સંભવ રહે છે. અનેક પ્રકારના દૂષણોનો શિકાર બની જાય એવો પણ પૂરો સંભવ રહે છે. માત્ર પૈસાથી જવાબદાર નાગરિક સર્જી શકાતો નથી. ઊંચી ફી - બહુ ઊંચી ફી - ઉપરાંત ડોનેશનવાળી શાળામાં દાખલ કરી દેવાથી ઉત્તમ નાગરિક બનાવી શકાય એ માત્ર ભ્રમણા છે.

એક બીજા જોખમી મુદ્દા પર ધ્યાન ખેંચવાનું પણ જરૂરી લાગે છે. અત્યારે તમામ કાયદાઓ સ્ત્રીની ફેવરના છે. ન કરે નારાયણ ને લગ્ન પછી સ્ત્રીને ઘરવાળાંઓ સાથે ન ફાવ્યું, મતભેદ અને મનભેદ વધી ગયા, ઘરમાં કંકાસ થવા લાગ્યો તો તે વખતે સ્ત્રી જો પોલીસમાં (સાચી કે ખોટી) ફરિયાદ કરે, માત્ર એટલું જ લખાવે કે મારા પતિ અને સાસરિયાં મને ત્રાસ આપે છે તો કોઈપણ જાતની તપાસ કે પૂછપરછ કર્યા વગર તે સ્ત્રીના પતિ કે સાસરિયાને પોલીસ તરત જ જેલ ભેગા કરી દે એવો કાયદો છે. (પછી ભલે વર્ષો સુધી લડ્યા કરો ને વકીલના ગજવાં ભરો.)

દરમ્યાન પણ જો સ્ત્રી છુટાછેડા માંગે તો પતિની ૫૦% મિલકત તેને આપી દેવી પડે. ત્રણેક વર્ષ પહેલાં એક કિસ્સો વાંચેલો. એક છોકરા - છોકરીએ લગ્ન કર્યા. એકાદ મહિના પછી સ્ત્રીએ છુટાછેડાની અરજી કરી છુટાછેડા લીધા અને પતિની અડધી મિલકત પણ મેળવી. ત્યારબાદ તે સ્ત્રીએ બીજા લગ્ન કર્યા. બીજા પતિ સાથે પણ અગાઉની જેમ કરીને તેની પણ અડધી મિલકત મેળવી. પછી તેણે ત્રીજા લગ્ન કર્યા અને ત્રીજીવાર છુટાછેડા માટે અરજી કરી ત્યારે કોઈક રીતે ભાંડો ફૂટ્યો કે આ તો તે સ્ત્રીનો બિઝનેસ છે!

ક્યારેક આમ પણ બની શકે છે. ખાસ કરીને ઈન્ટરનેટ દ્વારા થયેલ ઓળખાણ - પ્રેમ - પછી જે લગ્નો થાય તેમાં આવું જોખમ વધારે રહેવાનો સંભવ છે. ભવિષ્યમાં આ પ્રકારના કિસ્સા વધી પણ શકે છે. ચેતીને ચાલવું સારું. છુટાછેડાના કિસ્સા વધતા જાય છે. ભવિષ્યમાં હજુ વધે એવી શક્યતા છે.

આવા સંજોગોમાં મનમાં જરાપણ અપરાધભાવ (ગીલ્ટ ફીલ) અનુભવ્યા વગર, કોઈથી કશું જ છુપાવ્યા વગર મૈત્રીસંબંધ થતો હોય તો થવા દેવો. કદાચને ન ફાવ્યું તો તું તારે ઘેર, હું મારે ઘેર. વાત પૂરી ન કોઈ કાયદાની ઝંઝટ, કે ન કશી મિલકતની ઝંઝટ.

એક અન્ય મુદ્દો પણ ભારે અકળાવનારો છે. ઘરમાં વૃધ્ધ મા-બાપ હોય તો તેની સારસંભાળ અને વૈદ્યકીય સારવાર મધ્યમ વર્ગના તો ઠીક પણ શ્રીમંત વર્ગના લોકોની પણ કમર તોડી નાખે એટલી ખર્ચાળ છે. ખ્યાતનામ ખાનગી હોસ્પિટલો દર્દી જો ખમતીધર હોય અને હોસ્પિટલનું ૨-૪ લાખનું બીલ ભરી શકે એવો લાગે તો જ દાખલ કરે છે, બીલ ભરી નહિં શકે એમ લાગે તો તે દર્દીને દાખલ કરતા જ નથી. આવા દર્દીને સરકારી હોસ્પિટલમાં જ દાખલ કરવા પડે છે અને સરકારી હોસ્પિટલોનો કોઈ ધણીધોરી હોતો જ નથી. ત્યાં કેવી સારવાર થાય છે તે સૌ જાણે છે.

મા-બાપ પ્રત્યે ગમે તેટલી લાગણી હોય તો પણ ઓછી આવકવાળાએ કરવું શું? તેમનો કશો વાંક નથી પણ મજબૂરી છે. એમના આંતરમનમાં એવી લાગણી જાગૃત થાય છે કે હવે મા-બાપનું આયુષ્ય પૂર્ણ થાય તો સારું. મા-બાપ જાય પછી ઘરમાં પણ થોડી મોકળાશ થાય અને ખર્ચમાં પણ રાહત થાય. જેના આવા સંજોગો હોય તે પરણીને પત્ની લાવે તો ખર્ચના બે છેડા મેળવે કેવી રીતે? પૈસા કાઢે ક્યાંથી? કોણ આપે?

જેના સંજોગો આવા હોય તેણે પરણવાનું સાહસ ન કરવું જોઈએ. દુનિયાની અને લોકોની પરવા કર્યા વગર ખુલ્લી રીતે જો મૈત્રીસંબંધ થઈ શકતો હોય તો તે કરવામાં જરાપણ ખોટું નથી. જીવન જરૂરિયાતની એક પણ ચીજના ભાવ ગરીબને પોષાય એવા નથી. આપણા દેશમાં કરોડો લોકોમાં અસાધારણ ગરીબી છે પરંતુ એ ગરીબી જેને જોવી હોય એને જ દેખાય એવી છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૭ ઉપર)**

*સમય જેવું સ્થિતિસ્થાપક બીજું કોઈ નથી.*

# ગર્ભ સંસ્કાર : ઉત્તમ સંતાનની પ્રાપ્તિ માટેનું પ્રાચીન રહસ્ય

• પારસ પરમાર •

એક ગર્ભવતી સ્ત્રીએ સોક્રેટીસને પૂછ્યું : 'મારે મારા બાળકને સંસ્કાર આપવા છે તો હું ક્યારથી શરૂઆત કરું?' સોક્રેટીસે કહ્યું : 'આપનું બાળક ક્યારે જન્મશે?' તે સ્ત્રીએ કહ્યું, 'મારું બાળક તો ૫ વર્ષનું છે.' ત્યારે સોક્રેટિસે કહ્યું : 'તો આપ ૫ વર્ષ અને ૯ મહિના મોડાં છો. કારણકે બાળકને સંસ્કાર આપવાની શરૂઆત, તો તે માતાના ગર્ભમાં આવે ત્યારથી જ થવી જોઈએ.'

સમગ્ર વિશ્વને આપણા ઋષિમુનિઓએ આ જ્ઞાનથી અવગત કરાવ્યું હતું. આપણી ભારતીય સંસ્કૃતિએ વિશ્વને આપેલા અમૂલ્ય જ્ઞાનમાંનું એક જ્ઞાન એટલે 'ગર્ભ સંસ્કાર.'

આજે વિજ્ઞાન પણ સ્વીકારે છે કે બાળકના મગજનું ૮૦% ડેવલપમેન્ટ માતાના ગર્ભમાં જ થાય છે.

વાસ્તવિકરૂપે જોઈએ તો બાળકના ઉજ્જવળ ભવિષ્યનો પાયો તે બાળક જ્યારે ગર્ભમાં હોય ત્યારે જ ચણાઈ જાય છે. અભિમન્યુને ચક્રવ્યૂહના સાત કોઠા વીંધવાનું જ્ઞાન માતાના ગર્ભમાં જ મળ્યું હતું.

અને રાક્ષસ પુત્ર પ્રહલાદને પણ પ્રભુ ભક્તિના સંસ્કાર માતાના ગર્ભમાંથી મળ્યા હતા.

### • માતા ધારે તો શું ન થાય?

કાશીના રાજા ઋતુધ્વજનાં પત્ની મદાલસાની કથા ગર્ભસંસ્કારના તથ્ય ઉપર અદ્‌ભુત પ્રકાશ ફેંકે છે. રાણી મદાલસા આધ્યાત્મિક વૃત્તિનાં હતાં. બાળકના જન્મ પહેલાં તેઓ આવનારા સંતાનના ગુણ, સ્વભાવ અને પ્રકૃતિ કેવા હશે તેની ઘોષણા કરી દેતા. અને પછી તે જ પ્રકારના ગુણોનું સતત ચિંતન કરતાં. તથા તેને યોગ્ય આહાર-વિહાર અપનાવતા. આ રીતે તેમણે વિક્રાંત, સુબાહુ અને શત્રુમર્દન નામે ત્રણ પુત્રોને જન્મ આપ્યો, જે દરેક સંન્યાસી બની ગયા.

આખરે રાજા ઋતુધ્વજને પોતાના રાજ્યના વારસની ચિંતા થઈ. આથી રાજા ઋતુધ્વજે સતી મદાલસા પાસે રાજકાજ સંભાળે તેવા પુત્રની માંગણી કરી. ત્યારે મદાલસાએ ગર્ભાધાન વખતે રાજાના ગુણ, સ્વભાવ અને પ્રકૃતિનું ચિંતન કરીને તેવા પુત્રને જન્મ આપ્યો. આ પુત્ર એટલે રાજા અલર્ક કે જેમણે પિતાનો વારસો જાળવી રાખ્યો. આ પ્રસંગ માતૃશક્તિ અને ગર્ભસંસ્કારની અસરનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. હા, માતા જે ધારે તે કરી શકે.

### • બાળકના જન્મ અંગેનું આપણું જ્ઞાન કેટલું?

આજના સમયમાં મોટાભાગના પતિ-પત્ની સંતાન પ્રાપ્તિ માટે સજાગ હોતાં નથી.

આજે મોટે ભાગે બાળક By Choice નહીં By Chance જન્મે છે.

સારી કારકિર્દી મેળવવા મનુષ્ય કેટલું ભણે છે, પણ સારા માતા-પિતા બનવા આપણે કોઈ અભ્યાસ કર્યો છે?

સારા અને નબળા બાળકના જન્મનું મુખ્ય કારણ માતા-પિતા જ છે.

રાંધવાની બધી જ સામગ્રી સારી હોય, પણ જમવાનું સારું ન બને તો વાંક કોનો? રસોયાનો જ ને! ગર્ભ સંસ્કાર એક અફર નિયમ છે, જે માનનારાને જ નહીં, ન માનનારાને પણ લાગુ પડે છે.

૯ મહિના દરમ્યાન બાળક માતા-પિતા પાસેથી ઘણું શીખે છે. એ પછી સારા કે ખરાબ વિચારો હોય કે યોગ્ય કે અયોગ્ય વર્તન. ઉચ્ચ કે નિમ્ન જીવન ધોરણ હોય કે પછી સાચી કે ખોટી માન્યતાઓ, જરૂરી કે બિનજરૂરી આદતોથી લઈને ઉપયોગી કે બિનઉપયોગી જ્ઞાન હોય બધું જ બાળક ગ્રહણ કરે છે.

### • ધારો તેવો બાળક જન્મ લે :

જેમ એક ઉત્પાદક પોતાની વસ્તુનું ઉત્પાદન ચીવટપૂર્વક કરીને ઉત્તમ ગુણવત્તાવાળી વસ્તુ આપવા પ્રયત્ન કરે છે તેમ બાળક પણ માતા-પિતાની પ્રોડક્ટ જ છે. તે ઉત્તમ ગુણવત્તાવાળું જન્મે તે માટે ચીવટતાપૂર્વક પરિશ્રમ કરવો જરૂરી છે.

આજે પશ્ચિમી દેશો પણ આ જ્ઞાનને સ્વીકારતા થઈ ગયા છે. આજના યુગમાં પણ હજારો લાખો ઉદાહરણ છે જે ગર્ભ સંસ્કારના જ્ઞાનને સાબિત કરે.

આ જ્ઞાન પ્રાચીન છે. શાસ્ત્રોક્ત છે અને વૈજ્ઞાનિક આધાર ધરાવે છે.

### • ભવિષ્યના સંસ્કારી સમાજના નિર્માણ માટે....

ગર્ભ સંસ્કાર એ ઉત્તમ સંતાન પ્રાપ્તિ માટેનું રહસ્ય છે. ચાલો, આપણે પણ તેને જાણીએ અને લોકોને પણ જણાવીએ.

આજથી ૨૦-૨૫ વર્ષ પછીની દુનિયા ત્યારે જ જીવવા લાયક અને માણવા લાયક હશે, જ્યારે ત્યારના લોકોમાં સંસ્કારની સુવાસ હશે. અને તે કામ આજે આપણે કરવાનું છે.

આપણી ભવિષ્યની પેઢીને વારસામાં કેવળ સંપત્તિ નહીં, પણ સંસ્કાર આપવાના છે. જો તેમાં ચૂક થઈ ગઈ તો ભવિષ્યની પેઢી આપણને દોષી માનશે...

### • 'ગર્ભ સંસ્કાર' પુસ્તિકા : ગર્ભસંસ્કાર અંગે ઓલ ઈન વન માર્ગદર્શન

આ વિષયની વધુ માહિતી 'ગર્ભસંસ્કાર' પુસ્તકમાં છે. જેમાં પાત્ર પસંદગીથી લઈને ૯ મહિનાની ગર્ભયાત્રા દરમ્યાન શું કરવું અને શું ન કરવું? તેની વિસ્તૃત માહિતી આપેલી છે. આ અંગે આપ પણ જો આપના સમાજમાં કે ગ્રુપમાં સેમિનાર કરાવવા ઈચ્છતા હો તો જરૂરથી અમારો સંપર્ક કરશો. અમે નિઃશુલ્ક સેમિનાર કરીએ છીએ. ભારતને ફરી જગતગુરુ બનાવવા માટે બાળકને ગર્ભ સંસ્કાર આપવા અતિ અનિવાર્ય છે.

જો આપ જાગૃત થશો અને બીજાને જાગૃત કરશો, તો અમને સંપૂર્ણ વિશ્વાસ છે કે ઉજ્જવળ અને ઉત્કૃષ્ટ સમાજની રચના જરૂર થશે. અમારી પહેલમાં આપનો તન-મન-ધનથી સહકાર અનિવાર્ય છે.

ચાલો, આદર્શ સમાજ રચવાની શરૂઆત આપણા ઘરથી કરીએ, આપણા બાળકથી કરીએ.

*પ્રેસિડેન્ટ, ઈન્ફિનિટી ઈન્ડિયા ફાઉન્ડેશન*
*મો. ૯૯૯૮૯ ૯૯૧૦૩*

*વસ્તુનો અભાવ એ વ્યવસાયિક તપ કહેવાય.*

# ડહાપણ અને ગાંડપણ વચ્ચેનો ઉત્સવ : માનસ ઉત્સવ

• લાલ રાંભિયા •

'માનસી' કહેવાતી મંદબુદ્ધિની બાળાઓની નિવાસી તાલીમ શાળાના પ્રથમ ઉત્સવના ત્રણેક મહિના પહેલાંની ઘટમાળ. લીલાધર ગડા 'અધા' જ્યારે પણ મળે ત્યારે બીજી ઘણી બધી વાતોની વચ્ચે હળવેકથી એક વાત યાદ અપાવતા રહે, "લાલ, માનસીનો કાર્યક્રમ તારે કરવાનો છે." 'માનસ મંદિર' અને 'માનસી'ના પ્રાણ સમી ગીતા ગાલાની એક જ વાત, "લાલ અંકલ, જે કંઈ કરો...મારા બાળકો ડિસ્ટર્બ ન થાય એનો ખ્યાલ રાખજો." એક તરફ અધા અને બીજી તરફ નિયાણી ગીતા! શ્રોતાઓને નજર સમક્ષ રાખીને કાર્યક્રમની રૂપરેખા ઘડી કાઢવાનો સર્વ સામાન્ય રસ્તો સૂઝ્યો. બંધ આંખે આમંત્રિતો પર નજર દોડાવી. અધાના સહૃદયીઓ, સાહિત્યકારો, ડોક્ટરો, દાતાઓ, સમાજ સેવકો, કાર્યકરો ...ભાતભાતના અધાપ્રેમીઓ! ઉંમરની રીતે છાંટણી કરીએ તો તરુણો, જુવાનો, પ્રૌઢો ને મારા જેવા વૃદ્ધો!! આમાં કોને ધ્યાનમાં રાખીને કાર્યક્રમ ઘડવો? કંઈક 'આઈડિયા' આવે ત્યાં ગીતા આડી આવે! "મારા બાળકોના ભોગે કંઈ નથી કરવું." તો કરવું શું? લાલ તું તો હલવાણો! બરાબરનો હલવાણો!!

'હે મા સરસ્વતી, આગે તેરી મરજી' ધોરણે ત્રણ મહિના વિતી ગયા. ઉત્સવ આડે રહ્યા માત્ર ત્રણ દિવસ. ગીતાનો ફોન - "લાલ અંકલ ક્યારે આવો છો?" મેં કહ્યું 'આજે જ!' અર્ધાંગિની દેવી સમજી ગઈ. એ મારા અધમ અને ઉધમથી ટેવાયેલી છે. બેગ પેક કરી. કાર્યક્રમ અંગે શું કરવું છે ની કોરી પાટી લઈને ઉપડ્યા માનસીમાં! માનસીઓ ઘેરી વળી. ઉત્સવના આગોતરા ઉત્સાહથી છલોછલ! કાલીઘેલી વાતો કરી. "નવા ચણિયાચોળી પહેરીને ગરબે રમશું; રંગોળીઓ કરશું, તોરણ બનાવશું, ગીતો ગાશું...!" કોરી પાટી પર ઘણું બધું લખાઈ ગયું.

રાતની નીરવતામાં, લીમડાવાડીના સુગંધમસ્ત વાતાવરણમાં ખુલ્લા આકાશ તળે બેઠો. આજુબાજુ જ્યાં જ્યાં નજર મારી ઠરે...લીમડા જ લીમડા! હીરજીબાપા યાદ આવ્યા. વર્ષો પહેલાંનું એમનું કહેવાતું ગાંડપણ કે આખી વાડીમાં લીમડા વાવ્યા. આજે એ ડહાપણના વૃક્ષ બનીને શાણપણ બક્ષી રહ્યા છે. પ્રાર્થના સમયે આખો માનસી પરિવાર એકત્રિત થયો. માનસીઓએ જે ભાવથી પ્રાર્થના કરી...જાણે સર્જનહાર સાથે ડાયરેક્ટ ડાયલીંગ! હવે અધા ચગ્યા. એમના જેવા બાળ બનીને મોજ કરવા કરાવવા લાગ્યા. વાતાવરણ નિર્દોષ હાસ્યકિલ્લોલથી ગુંજી ઊઠ્યું. 'તેજ' ની પંક્તિઓ યાદ આવી.

*"જ્જા ડા વાસી તડેં રૂંધા જ રોંધા વા અસી;*
*'તેજ' હાણે ચર્યા ભન્યા પોય કાયમ ખિલધા રોંતા!"*

અર્થાત્ ડાહ્યા હતા ત્યારે અમે રડતા જ રહ્યા; પણ હવે જ્યારથી ગાંડા બન્યા છીએ ત્યારથી કાયમ હસતા જ રહીએ છીએ! મર્મસભર છતાં કેટલી ગહન વાત! ઝબકારો થયો. માનસ ઉત્સવમાં ડાહ્યા માણસો આવીને અહીં ડહાપણની લહાણી કરે એને બદલે અહીંના ઈશ્વરીય ગાંડપણનો પ્રસાદ લઈ જાય તો? આ અનુભૂતિ કાયમ રહેશે. મારી બધી ચિંતા ઓગળી ગઈ. જાણે પ્રાર્થનાનો પ્રસાદ, માનો સંકેત! પથારીમાં પડ્યે પડ્યે અધરાતે મધરાતે મનોમન કાર્યક્રમની રૂપરેખા ગોઠવાઈ ગઈ. સપનામાં માનસ મંદિર અને માનસીના બાળકોની ગ્રાન્ડ રીહર્સલ પણ જોઈ લીધી. વન્સ મોર, વન્સ મોર થતું હતું.

સવારના ચાની ચુસ્કીએ મેં ફોડ પાડ્યો. માનસ ઉત્સવના કેન્દ્રસ્થાને આપણા બાળકો જ રહેશે. એઓ જ ગાશે અને ગવડાવશે, એઓજ નાટક પણ કરશે, એઓજ નાચશે અને નચાવશે, એઓજ રમશે અને રમાડશે. ટૂંકમાં અત્યાર સુધી એઓ જે શીખ્યા છે એની અન્યોને આનંદભેર ઝાંખી કરાવશે. એમની મોજમાં આપણી મોજ! નો ફોર્માલિટી! ઢોલત્રાંસા, હારતોરા કે સન્માન નહીં, વાહ વાહ છાપ ભાષણો નહીં; બધું સહજ ભાવે, સરળતાથી લીમડાવાડીના પ્રાકૃતિક સૌંદર્ય અને 'હુન્નરશાળા' એ ડિઝાઈન કરેલા હેતુલક્ષી આવાસ/સંકુલની શોભામાં પણ કૃત્રિમ શોભાનો આડંબર ન રચવો. ગીતા ખુશ થઈ ગઈ. ગીતા ખુશ તો અધા ખુશ અને હીરાલાલ તો હનુમાનસ્વરૂપા! ગીતાએ ધ્યાન દોર્યું, "૪૭ છોકરા છોકરીઓના ૪૭ પ્રકારના મુડ અને મિજાજ, ગમા-અણગમા, રીસામણા મનામણા...આવડી મેદનીમાં એમને સાચવશે કોણ?" "એ બધું ગોઠવી લઈશું. તું ફક્ત હા પાડ." મેં કહ્યું. કહેવા ખાતર કહી તો દીધું પણ ચિત્ત ચિંતાના ચકરાવે ચડ્યું. મુડના આ ૪૭ મહારથીઓના પરચાથી હું સુપરિચિત. એમાંનો એકાદ પણ જો વિફર્યો તો? પણ શુરા બોલ્યા ન ફરે. હવે તો પડશે એવા દેવાશે. ઉત્સવના કેન્દ્રસ્થાને તો માનસ માનસીઓ જ! આ સંકલ્પ બળે મુંઝવણનો માર્ગ પણ સુઝાડ્યો. માનસમંદિર અને માનસીના સ્ટાફ પરિવારને જ વ્યવસ્થામાં ગોઠવી દઈએ. બાળકોને પોતાપણું લાગશે અને કમ્ફર્ટ લેવલ જળવાઈ રહેશે. બધાને ભેગા કર્યા. વિચાર વહેતો મૂક્યો. આ ખરાખરીનો ખેલ છે. છો તૈયાર? બધાએ હોંશભેર એકી અવાજે ચેલેન્જ સ્વીકારી લીધી. શિક્ષિકા બહેનો રેશમા રાઠવા, ચંદા મારવાડા અને મંજુલા રાઠવા; પાલક મા જુમ્માબેન મારવાડા અને નાનુબેન મારવાડા; અન્નપૂર્ણા રૂપા ચૌધરી, નૂતન સંજોટ અને ચંપા રાઠવા; સફાઈકર્મી હંસા વિંઝોડા અને રસીલા ધુઆ; માળી સામત વાઘેલા; ચોકીદાર ઇન્દ્રજીત સોલંકી; સારથી અશોક લખપતી, લીમડાવાડીના દાદા લાલજી મહેશ્વરી અને સાયલન્ટ ઑલ રાઉન્ડર ભાવના વિંઝોડા!

*ઈશ્વરે સંઘર્ષો સામે ઝઝૂમવા માટે જ તમને પૃથ્વી પર જન્મ આપ્યો છે.*

ઈવેન્ટ મેનેજરોને પણ શરમાવે એવી સૂઝબૂઝથી એમણે કામ વહેંચી લીધું. હવે પડદો ખૂલે એટલી જ વાર!

માનસ ઉત્સવ બિગિન્સ! મહેમાનો ધાર્યા કરતાં સવાયા આવ્યા. અધા જી કોઠ સિરઅખિયેંતે! સ્તુતિ કરીને મેં ભૂમિકા બાંધી, "મિત્રો, એક દષ્ટિએ આ એજન્ડા વગરનો ઉત્સવ છે અને બીજી દષ્ટિએ માનસ ઉત્સવ, લીમડા ઉત્સવ અને નિજાનંદ ઉત્સવનો ત્રિવેણી સંગમ છે. સહજ ભાવે એને માણીએ; આ ૪૭ કુદરતી બાળકો પાસેથી કંઈક પામીએ તો ભયો ભયો. સારું થાય એ બધું આપનું; ભૂલચૂક થાય તો મારી આગોતરી ક્ષમા! ખિલી ગન, મિલી ગન, હી મોભતજો મેળો!"

ભૂમિદાતા દીપક હીરજી છેડા અને મિત્રો દ્વારા દરેક વૃક્ષોને પુષ્પહાર; એમની અર્ધાંગિની કલાકાર રીટા અને બહેનપણીઓ દ્વારા સંકુલમાં સુયોગ્ય જગ્યાઓએ ગેરૂઆ રંગથી રંગોળીઓ...ગુજરાત આખાના વિચરતા સમુદાયના સમર્થન માટે ઝઝૂમતી અમદાવાદ સ્થિત મિત્તલ પટેલને પણ 'માનસ ઉત્સવ'નું નિમંત્રણ હોય જ! પણ વહેવાર ખાતર હાજરી આપવી મિત્તલ જેવી કર્મઠ કાર્યકરને ન ફાવે. એણે ઉત્સવને હેતુલક્ષી બનાવી દીધો. મજબૂરીથી ભટકતી પ્રજાના વિવિધ પડાવોમાં કાર્યરત સમુદાયના ૨૫ કાર્યકરોનો કચ્છદર્શન પ્રવાસ એણે ગોઠવ્યો અને સમાપન 'માનસી ઉત્સવ'માં! કહેવાતા વિકલાંગો અને વંચિતોનો અનન્ય મેળાપ! સમદુખિયા છતાં સમસુખિયાઓએ ભેગા મળીને એવી મોજ કરી, કરાવી કે...આજ આનંદ, આનંદ, આનંદમ્!! નટ બજાણિયા, મદારી, જાદુગર અને 'લંબુ' ને માનસ, માનસીઓ આજે પણ યાદ કરે છે. મૂળ કચ્છનો, હાલે મુંબઈ સ્થિત ખગોળશાસ્ત્રી શામજી મિસ્ત્રી પોતાનું લાંબું દૂરબીન લઈને માનસ ઉત્સવમાં આવ્યો; શું કામ? તો કહે "માનસ, માનસીઓને આકાશ દર્શન કરાવીશ." અને એણે એ દિલથી કરાવ્યું. આકાશમાં ચમકતા તારલા જોઈને બાળકોના ચહેરા પણ ચમકી ઊઠ્યા. ગમતાંને ગુંજે નવ ભરિયે; ગમતાંનો કરીએ ગુલાલ!!

...અને પછી કહેવાતા મંદબુદ્ધિના ૪૭ ગાંવઠી બાળક, બાળકીઓએ તેજ બુદ્ધિના ચારસો શહેરીજનોને જે અનુભૂતિ કરાવી એ અવર્ણનીય છે. પ્રાર્થના, ગીતો, નૃત્યો, પર્યાવરણલક્ષી નાટક, મહેમાનો સાથે દોરડા ખેંચ, ક્રિકેટ, રાસગરબા; સ્વહસ્તકળાથી ક્લાસરૂમોની સજાવટ...! એ તો "દસોં ત વસોં"! શ્રોતાઓ રડ્યા, હસતાં હસતાં રડ્યાં, વારંવાર રડ્યા. એમાં સિતાંશુ યશશ્ચંદ્ર પણ હતા; કીર્તિ ખત્રી, વિનોદ ગણાત્રા, ચંદ્રકાંત ગોગરી, ઉપેન્દ્ર ઉપાધ્યાય, પુષ્પદાનભાઈ ગઢવી, માવજી બારૈયા, લતા સચદે, અલ્કા જાની, ઉમેદ નંદુ વગેરે પણ ખરા. એ આંસુઓથી ઘણુંબધું ધોવાઈ ગયું એટલે હળવા ફૂલ થઈને પાછા ફર્યા. માનસપટ પર રમે છે મંદબુદ્ધિના બાળકો - સૉરી, ચિદાનંદ રૂપઃ, શિવોહમ્, શિવોહમ્!

*બંગલા નંબર ૬૩, સન સિટી,*
*પ્રમુખસ્વામિ નગર*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

**યાત્રા** | **ઈન્ટરનેશનલ ટુર્સ** | **પ્રવાસ**

શિખરજી
સૌરાષ્ટ્ર દર્શન
રાજસ્થાન
પાલિતાણા - પંચતીર્થ
ગીરનાર - સોમનાથ
કચ્છ પંચતીર્થ
જગન્નાથપુરી
નાગેશ્વર (એમ. પી)
પુના -કાત્રજ
કાવી-ગંધાર-ઝગડીયા
કુલપાકજી - હૈદરાબાદ
ચારધામ
પંજાબ પંચતીર્થી

દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા
શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના
મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા

PASSPORT ASSISTANCE | VISA
FOREX | OVERSEAS INSURANCE

Chetan Mota's tmt holyday
Bubble gum TOURS & TRAVELS

૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).
૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).
Tel. : 2593 4545 | 2610 1062 | 2612 2270
Email : info@bubblegumtours.com
Web : www.bubblegumtours.com

ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે...

કાશ્મીર-વૈષ્ણોદેવી
લેહ લડાક-કાશ્મીર
દાર્જીલીંગ-સીકકીમ
હિમાચલ
ઉતરાંચલ
દક્ષિણ ભારત
કેરલા
રાજસ્થાન
હૈદ્રાબાદ-રામોજી સીટી
કોસ્ટલ કર્ણાટક
ભૂતાન-નેપાલ
આંદામાન-નિકોબાર

# શેઠ અમરચંદ બાંઠિયા

## ફાંસીના વરરાજાઓ : પ્રકરણ-૩

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

આઝાદીની લડાઈમાં જો જ્ઞાતિવાર શહીદોની સંખ્યા-આંકડો મૂકવામાં આવે તો સૌથી વધુ શહીદો બ્રાહ્મણો થયા છે, પણ થોડાઘણા પ્રમાણમાં લગભગ બધી જ જ્ઞાતિએ આ લડાઈમાં ભાગ લીધો હતો અને શહીદ પણ થયા હતા. આ ભારતવ્યાપી આંદોલન હોવા છતાં ઉત્તર ભારતમાં અને તેમાં પણ પંજાબ, બંગાળ અને મહારાષ્ટ્રમાં તેનો વિશેષ પ્રભાવ હતો તે પણ નક્કર વાત કહેવાય. કેટલાક લોકોનું માનવું છે કે આ ક્રાંતિ - લડાઈમાં સૌથી ઓછો ભાગ જૈનોએ લીધો હતો. પણ મારું માનવું છે કે વસ્તીના પ્રમાણમાં જૈનોએ પણ સારો ભાગ લીધો હતો. પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ રૂપે પણ તે ઉપયોગી રહ્યા હતા. બીજું, આપણે સમજવું જોઈએ કે જૈનો જન્મજાત અહિંસાવાદી હોય છે. હિંસા તેમના સ્વભાવમાં જ નથી, તેથી પણ તેમનું આકર્ષણ આ ક્રાંતિયુદ્ધમાં ન થયું હોય. બીજું તે રક્ષિત પ્રજા છે, અર્થાત્ તેને ધન કમાતાં તો આવડે છે, પણ ધન તથા પોતાનું રક્ષણ તે જાતે નહીં, બીજા દ્વારા કરાવે છે. બીજું, તે અર્થપ્રધાન પ્રજા છે. જે અર્થપ્રધાન હોય તે લાગણીપ્રધાન ન હોય. આઝાદીની ક્રાંતિ-લડાઈ તો લાગણીપ્રધાન હતી. 'મારો દેશ, મારી ભૂમિ, મારું વતન' એવી પ્રબળ ભાવનાઓથી આ લડાઈ લડાતી હતી. અર્થપ્રધાન પ્રજા હંમેશાં વર્તમાન સત્તાની સાથે મેળ રાખીને પોતાના વ્યાપાર-ધંધા ચલાવતી હોય છે. વર્તમાન સત્તા સાથે વેર બાંધીને તે વ્યાપાર-ધંધા કરી શકે નહીં. આવાં બધાં અનેક કારણોસર તે લોકો પ્રત્યક્ષ ભાગ ઓછો લે તોપણ પરોક્ષ રીતે તો આઝાદીના પક્ષમાં જ હતા.

આપણે એક જૈન વાણિયાની વાત કરવાની છે. રાજસ્થાનના બિકાનેર નગરનો શ્વેતાંબર જૈનધર્મી એક વાણિયો. જેનું નામ અમરચંદ બાંઠિયા. તેને વધુ વ્યાપાર કરવાની ઈચ્છા થઈ. સંતોષી રાજા અને સંતોષી વેપારી કદી પ્રગતિ ન કરી શકે. તેમનો અસંતોષ જ તેમના વિકાસમાં કારણ બની શકે છે. જેને વધુ વેપાર કરવો હોય તેણે દેશ-દેશાંતર જવું જોઈએ. પોતાના ગામમાં જ પડ્યા રહેવાથી વધુ વિકાસ ન થઈ શકે.

અમરચંદ રાજસ્થાનના બિકાનેરથી ગ્વાલિયર આવ્યો અને ધીરેધીરે વ્યાપારની પેઢી જમાવવા મંડ્યો. થોડાં જ વર્ષોમાં તેની પેઢી સારી જામી ગઈ. વેપારીઓ હંમેશાં રાજસત્તાથી મેળ કરીને રહે, રાજા-મહારાજા, અધિકારી વગેરેની સાથે સારા સંબધ રાખે, કારણ કે તેમને આ લોકોની વારંવાર જરૂર પડે. જેની જરૂર પડે અને જે કામમાં આવે એવા હોય તેમની સાથે પાકો વેપારી સંબંધ કેળવે જ. તે માટે જમણવાર, ચા-પાણી, ભેટ-સોગાદ - જે કાંઈ કરવું પડે તે બધું કરે.

અમરચંદ ગ્વાલિયરના રાજા જિયાજીરાવના સંપર્કમાં આવ્યા અને તેમનો પ્રેમ તથા વિશ્વાસ જીતી લીધા. વિશ્વાસ જીતવો એ વેપારીનો મહાગુણ કહેવાય. ધીરે ધીરે જિયાજીરાવે અમરચંદને પોતાના રાજયના ખજાનચી બનાવી દીધા. હવે પૂરા રાજયની કરોડોની તિજોરી અમરચંદના હાથમાં હતી.

ત્યારે ૧૮૫૭ નો વિપ્લવ ફાટી નીકળ્યો હતો. ગ્વાલિયર રાજય અંગ્રેજોનું વફાદાર રાજય હતું. બીજાં રાજયો જયારે અંગ્રેજો સામે ઝઝૂમતાં હતાં ત્યારે ગ્વાલિયર અંગ્રેજોનું સાથીદાર બન્યું હતું.

આઝાદીની લડાઈના હીરો તાત્યા ટોપેને આ રાજય આંખના કણાની માફક ખટકતું હતું. ઝાંસીના પતન પછી તાત્યાએ ગ્વાલિયર ઉપર હુમલો કરી ગ્વાલિયર જીતી લીધું અને લક્ષ્મીબાઈને સત્તાની ગાદીએ બેસાડી દીધાં. લક્ષ્મીબાઈ, તાત્યા અને નાનાસાહેબ - બધાં બ્રાહ્મણો હતાં! વિજય તો મેળવ્યો પણ ઝાંસીની સેનાના સિપાહીઓને પગાર ચૂકવવાનો બાકી હતો. ઘણા મહિનાનો પગાર ચઢી ગયો હતો અને જો સમયસર પગાર ન ચૂકવાય તો સેના વિદ્રોહ કરી બેસે. એટલે લક્ષ્મીબાઈએ અમરચંદને પગાર ચૂકવવાનો હુકમ કર્યો. અમરચંદે હુકમનું પાલન કર્યું અર્થાત્ બધા સૈનિકોને ચડેલો પગાર ચૂકવી દેવાયો.

ગ્વાલિયર વિજયને હજી થોડો જ સમય થયો હતો ત્યાં અંગ્રેજી સેના ચઢી આવી. પોતાના વફાદાર રાજાનું રાજય ચાલ્યું જાય તો અંગ્રેજોની પ્રતિષ્ઠા રહે નહીં. પ્રતિષ્ઠા રાખવા માટે પણ યુદ્ધ કરવું જરૂરી હોય છે. ભયંકર યુદ્ધ પછી અંગ્રેજો વિજયી થયા. તાત્યા અને લક્ષ્મીબાઈને ભાગવું પડ્યું. ફરીથી સિંધિયાની સત્તા સ્થાપિત થઈ ગઈ.

સત્તાપરિવર્તન પછી તપાસ શરૂ થઈ કે ક્રાંતિકારીઓને કોણે કોણે સાથ આપ્યો હતો. અમરચંદનું નામ સૌથી પહેલું આવ્યું. પગાર ચૂકવવામાં તેમણે આખો ખજાનો ખાલી કરી નાખ્યો હતો. અંગ્રેજ સેનાપતિ નેવિયરે તેમના ઉપર ડબલ રાજદ્રોહનો કેસ દાખલ કર્યો. પહેલો રાજદ્રોહ તો એ હતો કે ગ્વાલિયરનો ખજાનો સોંપી દીધો અને બીજો રાજદ્રોહ એ હતો કે આ ધન શત્રુપક્ષના સૈનિકોને વહેંચી દીધું, જે અંગ્રેજો સામે લડતા હતા.

અમરચંદે બચાવ કર્યો કે "હું લાચાર હતો. રાજગાદી ઉપર લક્ષ્મીબાઈનો અધિકાર હતો. મેં તો તેમની આજ્ઞાનું જ પાલન કર્યું હતું." પણ નેવિયરે તેમની દલીલો માન્ય ન રાખી. તેમને ફાંસીની સજા ફરમાવવામાં આવી.

નેવિયર બહુ ક્રૂર હતો. તેણે અમરચંદને તેમની હવેલીની સામે જ એક વૃક્ષની ડાળી ઉપર ફાંસીએ લટકાવી દીધા. તેનો હુકમ હતો કે જયાં સુધી ભયંકર દુર્ગંધ ન આવે ત્યા સુધી લાશને વૃક્ષ ઉપર લટકતી રાખવી. હાહાકાર થઈ ગયો.

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૧ ઉપર)

*ઉતાવળ દરેક ધંધાને નિષ્ફળ બનાવે છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૧૭

• સંકલન : પ્રતાપ નારાણજી દંડ •

**ઉદ્યોગો, પાણી, વીજળી, શિક્ષણ જેવા માતૃભૂમિ કચ્છના પ્રશ્નો સંબંધી ચર્ચા અને નક્કર કામગીરી કરવાના ઉદ્દેશથી લગભગ ૫૦૦ જેટલા નિષ્ણાતો, ધારાસભ્યશ્રીઓ, રાજકીય આગેવાનો, ઉદ્યોગપતિશ્રીઓ, સરકારી અધિકારીશ્રીઓ, સામાજિક કાર્યકરો વગેરેની ઉપસ્થિતિમાં તા. ૫-૯-૨૦૦૪ના રોજ મુંબઇ ખાતે હેતુલક્ષી સેમિનારનું આયોજન આ સમાજ દ્વારા કરવામાં આવ્યું.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ કચ્છનાં વિકાસનાં કાર્યોને ગતિ મળે તેવા સતત પ્રયત્નો કરી રહ્યો છે. કચ્છનાં પ્રશ્નો – જેમાં નર્મદા નદીના સિંચાઈના પાણી, કચ્છ યુનિવર્સિટી વિશેની કાર્યવાહી, ભુજની નવી જનરલ હોસ્પિટલની કાર્યવાહી, મેડિકલ કોલેજની સ્થાપના, કચ્છનો ઔદ્યોગિક વિકાસ તથા તેના અનુસંધાને ઉપસ્થિત થતા પ્રશ્નોનાં નિરાકરણ વિશે, શૈક્ષણિક સ્તર સુધારવા વિશે તથા અનેકવિધ પ્રશ્નોની છણાવટ કરી લાગતા વળગતા વિભાગો, વ્યક્તિઓ, અધિકારીઓ સાથે હકારાત્મક અભિગમ સાથે નિરાકરણ કરવા માટે યોગ્ય પ્રયત્નો કરી રહેલ છે. સમગ્ર કચ્છનાં વિકાસ માટે જો જાગૃત જનમત કેળવાય અને તેમાં પણ મુખ્યત્વે કચ્છમાં અને મુંબઈમાં જ્યાં અનેક કચ્છીઓ વસવાટ કરે છે ત્યાં જનમત કેળવાય તો આ બધા પ્રશ્નોનાં નિરાકરણ માટે ઝડપી કાર્યવાહી થઈ શકે તેમ છે.

મુંબઈનો કચ્છી સમાજ ભણેલો ગણેલો, અભ્યાસી, બુધ્ધિશાળી તથા ચર્ચાનો નિષ્કર્ષ કાઢી શકે તેવો શક્તિશાળી હોવાથી આવી ચર્ચાઓ મુંબઈમાં થાય તે ખૂબ જ જરૂરી બની રહે છે.

કચ્છનાં બધા જ રાજકીય પક્ષોના આગેવાનો, કચ્છનાં વિવિધ પ્રકારનાં સામાજિક કાર્યકરો તથા બધા જ કચ્છી ઉદ્યોગપતિઓ કચ્છનાં પ્રશ્ન માટે મુંબઈમાં એકત્રિત થઈ વિચાર વિમર્શ કરે તે જરૂરી લાગતાં, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળે સર્વાનુમતે નક્કી કર્યા મુજબ મુંબઈમાં સમગ્ર દેશમાંથી નિષ્ણાત વ્યક્તિઓને એકત્રિત કરી તા. ૫-૯-૨૦૦૪ના રોજ એક સેમિનારનું આયોજન કર્યું.

આ સેમિનારમાં ઉપસ્થિત રહી આમંત્રિત લોકોને યોગ્ય રીતે માહિતગાર કરવા ગુજરાત રાજ્યનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા, ભૂતપૂર્વ કાયદા મંત્રી શ્રી નવીનભાઈ શાસ્ત્રી, ભૂતપૂર્વ નાણામંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહ, ગુજરાત વિધાનસભાનાં પૂર્વ અધ્યક્ષ શ્રી ધીરૂભાઈ શાહ, ગુજરાતનાં તે સમયનાં કચ્છથી ચુંટાયેલા ધારાસભ્યો – ડૉ. નીમાબેન આચાર્ય, શ્રી છબીલદાસભાઈ પટેલ, શ્રી શિવજીભાઈ આહીર, શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી ગોપાલભાઈ, એમ.પી. શ્રી પુષ્પદાનભાઈ ગઢવી, ભૂતપૂર્વ એમ.પી. શ્રી અનંતભાઈ દવે, પૂર્વ ધારાસભ્યશ્રીઓ શ્રી મુકેશભાઈ ઝવેરી, શ્રી તારાચંદભાઈ છેડા તથા શ્રી વાસણભાઈ આહીર વગેરેને આમંત્રિત કરવામાં આવેલ હતા.

સાથે સાથે કચ્છનાં સામાજિક તેમજ અન્ય વિશિષ્ટ વ્યક્તિઓ સુશ્રી સુષ્મા આયંગર, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી લેક્ષ જૈન, શ્રી હર્ષદ ધોળકિયા તથા શ્રી વિનેશ અંતાણીને પણ પોતાનું વક્તવ્ય આપવા નિમંત્રિત કરવામાં આવ્યા હતા.

કચ્છી ઉદ્યોગપતિશ્રીઓને પણ આ સેમિનારમાં ઉપસ્થિત રહેવા માટે ખાસ આમંત્રણો મોકલવામાં આવ્યા હતા.

સંમેલનને સફળ બનાવવા તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી. વિવિધ જ્ઞાતિઓનાં મહાનુભાવોને મળીને આ સંમેલન અંગે માહિતગાર કરીને તેઓને પણ આમંત્રણો મોકલવામાં આવ્યા. આ સેમિનાર માત્ર આમંત્રિતો પૂરતું મર્યાદિત રાખવામાં આવેલ હતું. અંદાજિત ૩૦૦ / ૩૫૦ મહાનુભાવો આ સેમિનારમાં ઉપસ્થિત રહે તે રીતે આમંત્રણો મોકલવામાં આવ્યા હતા. આ સેમિનાર તા. ૫-૯-૨૦૦૪નાં રોજ સવારના ૯.૦૦ વાગ્યાથી સાંજના ૬.૦૦ વાગ્યા સુધીનું રાખવામાં આવ્યું હતું. જેથી કરીને બહારગામથી પધારેલા મહેમાનો તે જ દિવસે પરત પોતાના ગામ જઈ શકે.

આ સેમિનારને સફળ બનાવવા માટે સંસ્થાનાં કાર્યકરોએ મુંબઈમાં વિવિધ જૈન સમાજ, પટેલ સમાજ, ભાનુશાળી સમાજ, લોહાણા સમાજ, ભાટિયા સમાજ, બ્રાહ્મણ સમાજ તથા અન્ય અનેક કચ્છી સમાજોનાં અગ્રણીઓની રૂબરૂ મુલાકાત લઈ આ સેમિનારમાં પધારવા નિમંત્રણ આપેલ. તે ઉપરાંત કચ્છમાં ગાંધીધામ, અંજાર, આદિપુર, ભુજ, મુંદ્રા, માંડવી તથા અન્ય સ્થળોએ જઈ કચ્છી અગ્રણીઓને રૂબરૂ આમંત્રણ પાઠવેલ હતા.

ગુજરાતમાં આણંદ, વડોદરા, સુરત તથા અંકલેશ્વરનાં કચ્છી અગ્રણીઓને નિમંત્રણ મોકલવામાં આવ્યા હતા તથા કચ્છની સામાજિક સંસ્થાઓનાં હોદ્દેદારો, સરકારી અધિકારીશ્રીઓ તથા કંડલા પોર્ટ ટ્રસ્ટ તથા ઈફકોનાં અધિકારીશ્રીઓ, ચેમ્બર ઑફ કોમર્સનાં અધિકારીઓને

*કેટલીકવાર ગુમાવવામાં જ સૌથી વધારે લાભ હોય છે.*

આમંત્રિત કરવામાં આવ્યા હતા.

કચ્છનાં પ્રશ્નો વિશેનાં નિષ્ણાતોના પેપરો મંગાવીને તેમાંથી જે શ્રેષ્ઠ હોય તેમને આ સેમિનારમાં પોતાનું પેપર રજૂ કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ રીતે, કાર્યક્રમને સફળ બનાવવા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં ટ્રસ્ટ મંડળનાં સભ્યો, કારોબારી સમિતિનાં સભ્યો તથા અન્ય અનેક કાર્યકરો રાત દિવસ કામે લાગી ગયા હતા.

તા. ૩-૯-૨૦૦૪નાં દિવસે મુંબઈ ખાતે ''મુંબઈ પત્રકાર પરિષદ''નાં કાઉન્સિલ હોલમાં એક પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રિન્ટ મીડિયા તથા ઈલેક્ટ્રોનિક મીડિયાનાં ૫૦ જેટલા પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. આ પત્રકાર પરિષદ યોજવામાં શ્રી જયંત છેડા, શ્રી યોગેશ ઠક્કર, શ્રી ચંદ્રસેન મોમાયા તથા શ્રી દીપક મેપાણીનો સુંદર સહકાર સાંપડેલ હતો.

આખરે નિર્ધારીત દિવસ આવી ગયો. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ યોજિત કચ્છના વિકાસનાં પ્રશ્નોની માહિતી અંગેનો સેમિનાર રવિવાર, તા. ૫-૯-૨૦૦૪નાં રોજ મુંબઈમાં શ્રી સુમતિ ગુર્જર ભવન - ચેમ્બુર ખાતે ખૂબ જ ઉત્સાહપૂર્વકના વાતાવરણમાં યોજાયો. દેશભરનાં અનેક શહેરોમાંથી અંદાજિત ૫૦૦ જેટલા કચ્છી મહાનુભાવોની ઉપસ્થિતિમાં શ્રી અમરચંદભાઈ ગાલાનાં શુભ હસ્તે મંગલદીપ પ્રગટાવીને સેમિનારનો શુભ આરંભ થયો.

મધ્ય પ્રદેશનાં નાણામંત્રી શ્રી રાઘવજીભાઈ સાવલા, ગુજરાત રાજ્યનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતા, ગુજરાત રાજ્યની વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ તથા તે સમયનાં નાણાંપંચનાં અધ્યક્ષ શ્રી ધીરૂભાઈ શાહ, ભૂતપૂર્વ નાણામંત્રી તથા તે સમયના રાપર વિભાગનાં ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહ, સંસદ સભ્ય શ્રી પુષ્પદાનભાઈ ગઢવી, ભૂતપૂર્વ સાંસદ શ્રી અનંતભાઈ દવે, તે સમયનાં ધારાસભ્યો શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી ગોપાલભાઈ ધુવા, શ્રીમતી નીમાબેન આચાર્ય, શ્રી છબીલદાસભાઈ પટેલ, ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડા, તેમજ કચ્છ જિલ્લા પંચાયતના અધ્યક્ષ કુ. જાગૃતિબેન શાહ વગેરે મહાનુભાવો આ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી લેક્ષ જૈન, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી અશોક મહેતા, સુશ્રી સુષ્મા આયંગર, ડૉ. જ્ઞાનેશ્વર રાવ, શ્રી રસીકભાઈ મામતોરા, શ્રી નિમેશ ફડકે, શ્રી હર્ષદરાય ધોળકિયા, શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા, શ્રી અરુણભાઈ વચ્છરાજાની, શ્રી નિખિલભાઈ છાયા, શ્રી મધુભાઈ માંકડ, શ્રી સુમતિભાઈ મહેતા, શ્રી પંકજ શાહ, શ્રી શશીકાંતભાઈ ઠક્કર, શ્રી ભાઈલાલભાઈ પટેલ, શ્રી લાલ રાંભિયા વગેરે વિવિધ વિભાગનાં તજજ્ઞોની હાજરી આ સેમિનારમાં ઉલ્લેખનીય હતી.

શ્રી નવનીતલાલ શાહ (આશાપુરા માઈન્સ), શ્રી વસંતભાઈ અદાણી (અદાણી પોર્ટ - મુંદ્રા), શ્રી અમરચંદભાઈ ગાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા, શ્રી ચંદ્રકાંત ગોગરી, શ્રી શાંતિલાલ મેકોની, શ્રી મેઘજીભાઈ રામજિયાણી, શ્રીમતી લીલાબેન કોટક, શ્રી શંભુભાઈ માવ, શ્રી હીરાચંદ પટેલ, શ્રી શશીકાંત જેસરાણી, શ્રી મનસુખભાઈ પટેલ, શ્રી કાંતિલાલ વેલજી સાવલા, શ્રી જગશી જેઠાભાઈ છેડા, શ્રી બિપીન કાનજીભાઈ જૈન, શ્રી શાંતિલાલ મુલજી સાવલા, શ્રી પારસ પદમશી મૈશેરી, શ્રી શાંતિલાલભાઈ સોમૈયા, શ્રી કોમલ છેડા, શ્રી વિનોદભાઈ ચીમનલાલ શાહ વગેરે અનેક શ્રેષ્ઠીવર્ય તેમજ સમાજનાં વિવિધ વિભાગના આગેવાનશ્રીઓ આ સેમિનારમાં ઉપસ્થિત હતા.

તદુપરાંત દેશનાં અનેક શહેરોમાંથી અંદાજિત ૫૦૦ જેટલા કચ્છી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સેમિનારમાં મુંબઈ ઉપરાંત મદુરાઈ, કોઈમ્બતુર, સેલમ, રાઉરકેલા, રાયપુર, બારામતી, સાંગલી, સતારા, નાગપુર, વલસાડ, વાપી, સુરત, વડોદરા, અમદાવાદ અને કચ્છ વગેરે અનેક સ્થળોએથી કચ્છી ડેલિગેટ્સ પધારેલા હતા.

સેમિનારનું ઉદ્‌ઘાટન શ્રી અમરચંદભાઈ ગાલાના શુભ હસ્તે દીપ પ્રાગટ્યથી થયા બાદ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાએ આવકાર પ્રવચનમાં જણાવ્યું હતું કે, સમાજનાં દરેક વિભાગના અનેક અગ્રણીઓને એક સાથે મંચ ઉપર ઉપસ્થિત રાખી, કચ્છના વિકાસ માટે વિચાર - વિમર્શ કરવાનો અમારો આ નમ્ર પ્રયાસ છે. જેના પરિણામો ખૂબજ સુંદર આવે તેવી આપણે સૌ આશા રાખીએ.

મધ્ય પ્રદેશનાં નાણામંત્રી શ્રી રાઘવજીભાઈ સાવલાએ પોતાનાં પ્રવચનમાં જણાવેલ કે કચ્છમાં અનેક સમસ્યાઓ છે. ધરતીકંપ, વંટોળ, દુષ્કાળ, સરહદનાં પ્રશ્નો વગેરે મુશ્કેલીઓ હોવા છતાં, અહીંની પ્રજાએ ''ધીંગી ધરતીનાં ધીંગા માડુ''ની ઉક્તિને સાર્થક કરેલ છે. વર્ષ ૨૦૦૧ના ધરતીકંપ બાદ કચ્છ ઝડપથી ઊભું થઈ રહ્યું છે. કચ્છની પ્રગતિને હવે કોઈ જ રોકી શકે તેમ નથી.

ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી સુરેશચંદ્ર મહેતાએ જણાવેલ કે કચ્છ અનેક સારી નરસી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહેલ છે. કચ્છની ચારે તરફ રણ અને દરિયાનો વિસ્તાર હોવાથી એક સમયે દુનિયાથી વિખૂટો પડેલો વિસ્તાર હતો. પણ હવે કંડલા, મુંદ્રા પોર્ટની પ્રગતિથી સમગ્ર કચ્છનો વિકાસ થઈ રહેલ છે. અનેક ઉદ્યોગોની સ્થાપના થઈ છે અને અનેક ઉદ્યોગો કચ્છમાં આવી રહ્યા છે. આપણે સૌ એક સાથે રહીને કચ્છના હિતમાં કામ કરીએ તે આજની તાતી જરૂરિયાત છે.

ગુજરાત વિધાનસભાનાં ભૂતપૂર્વ અધ્યક્ષ તથા તે સમયનાં ગુજરાત રાજ્યનાં નાણાં પંચનાં અધ્યક્ષ શ્રી ધીરૂભાઈ શાહે જણાવેલ કે આજનું સંમેલન સંવાદનું છે, વિવાદ કરવા અર્થે નથી. કચ્છનાં તમામ પાસાઓને આવરી લઈને કચ્છનો વિકાસ સાધવા ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશને એક રીપોર્ટ તૈયાર કરવાનું ઠરાવેલ છે. આપણે આ પ્રકારના સેમિનારો ભૂતકાળમાં ઘણા યોજ્યા છે. પરંતુ ત્યારબાદ તેના આનુસંગીક કાર્યો કરવામાં આવતા નથી. તે કારણે તેનાં ફળો મળતા નથી. આજનું સંમેલન અખિલ ભારતીય સંમેલન જેવું બનવા પામેલ છે. તેથી આજે આપણે જે વિકાસની વાતો કરી છે તેના આનુસંગીક કાર્યો કરવા માટે એક સમિતિની

*પળોજણમાં માણસ જીવવાનું ભૂલી ગયો છે.*

રચના કરવી ખૂબ જ જરૂરી છે.

ગુજરાતના માજી નાણાં પ્રધાન અને તે સમયનાં રાપર વિભાગના ધારાસભ્ય શ્રી બાબુભાઈ મેઘજી શાહ, માજી વિધાનસભ્ય શ્રી તારાચંદભાઈ છેડા, તે સમયના વિધાનસભ્યો શ્રીમતી નીમાબેન આચાર્ય, શ્રી છબીલદાસભાઈ પટેલ, શ્રી નરેન્દ્રસિંહજી જાડેજા, શ્રી ગોપાલભાઈ ધુવા તથા કચ્છના તે સમયના સાંસદ શ્રી પુષ્પદાનભાઈ ગઢવી વગેરેએ સંમેલનના આ અવસરે પ્રાસંગિક પ્રવચનો કરીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આ વિષય સંબંધી થયેલા પ્રયાસોને બિરદાવ્યા હતા.

સમારંભના પ્રમુખપદેથી શ્રી નેણશીભાઈ ગાલાએ પોતાની સરળ તેમજ અસ્ખલિત વાણી પ્રવાહનો ધોધ વહેવડાવી સમારંભમાં ઉપસ્થિત દરેક મહાનુભાવોને આશ્ચર્યચકિત કરી દીધા હતા. તેમણે જણાવેલ કે કચ્છમાં અમે બે મોટી ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના કરેલ છે અને બીજા બે યુનિટો તૈયાર થઈ રહ્યા છે. કચ્છમાં ઈન્ડસ્ટ્રીઝ સ્થાપવાની પ્રેરણા અમને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત "કચ્છનો ઔદ્યોગિક વિકાસ — ધરતીકંપ પછી"ના સેમિનારમાંથી મળેલ હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સેવાકીય વિવિધ પ્રવૃત્તિઓને તેમણે સરળ રીતે પણ અંતઃકરણપૂર્વક બિરદાવેલ હતી. કચ્છમાં ઉદ્યોગો સ્થાપવા ખૂબ જરૂરી છે એટલું જ નહીં પરંતુ ઉદ્યોગપતિઓના હિતાર્થે પણ છે. તેમણે આ અવસરે કચ્છ બહાર વસતા કચ્છીઓને પુનઃ વતનમાં પહોંચી જવા હાકલ કરી હતી.

ઉદ્‌ઘાટન સમારંભ બાદ વિકાસ ક્ષેત્રના તજજ્ઞોનાં પ્રવચનોનાં સેમિનાર સેશન-૧ના સમયે શ્રી લેક્ષ જૈન અધ્યક્ષપદે હતા. વક્તાઓ શ્રી હીરાલાલ પારેખ, શ્રી રસિકભાઈ મામતોરા તથા શ્રી નિમેષ ફડકેએ ઉદ્યોગો તથા તેને પડતી મુશ્કેલીઓની ચર્ચા કરી હતી.

શ્રી મહેન્દ્રભાઈ મોરબિયાએ કચ્છમાં બેન્કિંગ વ્યવસ્થા વિશે જણાવેલ કે કચ્છનાં લોકોની ડિપોઝિટની રકમ અંદાજે રૂપિયા ૬,૦૦૦ કરોડ જેટલી બેંકોમાં જમા છે. જ્યારે તેની સામે ધીરાણ માત્ર ૭૫૬ કરોડનું છે. કચ્છની ડિપોઝિટની રકમનો કચ્છના વિકાસમાં ઉપયોગ થાય તે માટે "કચ્છ ડેવલોપમેન્ટ બેંક"ની વ્યવસ્થા વિચારવી જોઈએ.

'કચ્છ મિત્ર'ના તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રીએ સરહદનાં અનેકવિધ પ્રશ્નોની છણાવટ કરેલ હતી. ખાસ કરીને સીરક્રીકનો વિવાદ યુનોમાં જઈ શકે છે તેવો ભય વ્યક્ત કરી આ બાબતે સચેત રહેવા અપીલ કરી હતી.

શ્રી હર્ષદરાય ધોળકિયાએ કચ્છ યુનિવર્સિટી વિશે અનેક માહિતી આપતા જણાવેલ કે કચ્છ યુનિવર્સિટી સેન્ટ્રલ યુનિવર્સિટીમાં રૂપાંતર થાય તો સર્વગ્રાહી રીતે તેના અનેક ફાયદા થશે. સેન્ટ્રલ યુનિવર્સિટીની માંગણીના સમર્થનમાં તેઓશ્રીએ સચોટ મુદ્દાઓ રજૂ કર્યા હતા.

ડૉ. જ્ઞાનેશ્વર રાવે ભુજ નવનિર્મિત જનરલ હોસ્પિટલ અને તેના અદ્યતન સાધનોનો પૂરતો સદુપયોગ થાય તે માટે હોસ્પિટલ સંલગ્ન એક મેડિકલ કોલેજ શરૂ થાય તે માટે સંકલિત કાર્યવાહી કરવાનું જણાવ્યું હતું.

શ્રી અરુણ વચ્છરાજાનીએ કચ્છનાં વિકાસની શક્યતાઓ વિશે, શ્રી નિખિલ છાયાએ કચ્છમાં ભૂકંપ પછીની વિસંગતતાઓ વિશે, શ્રી મધુભાઈ માંકડે કચ્છમાં ખેતીની પરિસ્થિતિ અને તેના પ્રશ્નો અંગે તથા શ્રી પંકજ શાહે કચ્છની હસ્તકલા અંગે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

શ્રી સુમતિભાઈ મહેતાએ કચ્છમાં મુંદ્રા ખાતે ચાલતા કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં બાયો ટેકનોલોજીનાં આધારે ખારેક અને કેળા પર ચાલતા સંશોધન અંગે માહિતી આપી હતી.

શ્રી અશોકભાઈ મહેતાએ કચ્છ માટે વરસાદી અને નર્મદાનાં પાણીનાં ઉપયોગ માટે રાજ્યકક્ષાનાં આયોજનોમાં થઈ રહેલ ઢીલ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ અંગેના કામો વિના વિલંબે શરૂ થાય તે માટે સક્રિય પ્રયાસો કરવા દરેક રાજકીય અગ્રણીઓને અપીલ કરી હતી.

સુશ્રી સુષ્મા આયંગરે દુષ્કાળનો સામનો કરવા જણાવ્યું હતું. દુષ્કાળ રાહતના કામોને બદલે દુષ્કાળ નિવારણનું આયોજન થવું જોઈએ. સારા વર્ષ દરમ્યાન જળ સંગ્રહ કરવા તળાવો તથા ઘાસનો સંગ્રહ કરવા કચ્છના વિસ્તારમાં નાણાં રોકવા અનુરોધ કર્યો હતો.

સેમિનાર દરમ્યાન ઉપસ્થિત શ્રોતાગણો તરફથી આવેલ પ્રશ્નો તથા સૂચનોની છણાવટ પૂર્વકની રજૂઆત શ્રી ભાઈલાલભાઈ પટેલ તથા શ્રી શશીકાંતભાઈ ઠક્કરે કરી હતી.

સમગ્ર સેમિનારનું સંચાલન શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ તથા શ્રી હીરેન કે. શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

*(ક્રમશઃ)*


॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમઃ ॥

**શ્રદ્ધાંજલિ**



પંચમી

**સ્વ. હંસાબેન નરેન્દ્રભાઈ શાહ**

**સ્વર્ગવાસ તા. ૧૦-૫-૨૦૦૯**



દ્વિતીય

**સ્વ. નરેન્દ્રભાઈ અમરચંદ શાહ**

**સ્વર્ગવાસ તા. ૨૭-૧૧-૨૦૧૦**

"અમારી આંખો નિહાળે છે તમને, અંતર પોકારે છે તમને,
સ્મરણ તમારું થાય છે અમને, મન મૂકીને રડાવે છે અમને,
આપની સહનશીલતા, સદ્‌ગુણતા તથા ધર્મસહિષ્ણુતાને યાદ કરીને
અમે આપને સ્મરણાંજલિ અર્પણ કરીએ છીએ."

**લી.**

**જીગર નરેન્દ્રભાઈ શાહ (પુત્ર)** — **અમદાવાદ**

**મીનલ પ્રતીક સંઘાણી (પુત્રી)** — **અમદાવાદ**

બી-૪-૩૩, ગોયલ ઈન્ટરસીટી, ડ્રાઈવ-ઈન રોડ, દૂરદર્શન ટાવરની સામે,
સાલ હોસ્પિટલની બાજુમાં, થલતેજ, અમદાવાદ, ગુજરાત-૩૮૦ ૦૫૪.
ફોન : ૨૬૮૪૦૨૪૩, મો. ૯૭૭૯૭ ૭૪૧૫૪

**ગુજ્જુસ ફુડ ★ એચ.એસ. ઈન્ફોટેક**

અમદાવાદ - ગુજરાત.

# મને છાતીમાં અવારનવાર દુઃખે છે

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

## • કેસ સ્ટડી :

૫૪ વર્ષના દીપકને (નામ બદલ્યું છે) દોઢેક વર્ષથી છાતીમાં અવારનવાર દુઃખાવો થતો હતો. ઘણી વખત શ્વાસ લેવામાં તકલીફ થતી હતી તથા હૃદયના ધબકારા વધી જતા હતા. ભૂખ ઓછી લાગતી હતી. એક સરખી ઊંઘ આવતી ન હતી. સવારમાં સ્ફૂર્તિ લાગતી ન હતી. આખો દિવસ નબળાઈ રહેતી હતી.

વૈદ્યકીય પરીક્ષણમાં બધું નોરમલ આવ્યું હતું. કાર્ડિયોલોજિસ્ટનો અભિપ્રાય લીધો. બધી તપાસ કરાવી. લોહી, પેશાબની લેબોરેટરી તપાસ નોરમલ આવી. કાર્ડિયોગ્રામ નોરમલ આવ્યો. થાઈરોઈડ માટેની તપાસ નોરમલ આવી. ડાયાબિટીસ (બ્લડ સુગર) બોર્ડર લાઈન પર આવ્યું. સ્ટ્રેસ ટેસ્ટ તથા ટુ-ડી ઈકો (2D Echo) પણ નોરમલ આવ્યા. દુઃખાવા માટે દર્દનાશક દવાઓ (pain Killers) શરૂ કરી. ઉપરોક્ત તકલીફમાં રાહત ન મળી.

બીજા કાર્ડિયોલોજિસ્ટને બતાડી સારવાર ચાલુ કરી. દુઃખાવો ચાલુ રહ્યો.

છેલ્લા એક વર્ષમાં ચાર કાર્ડિયોલોજિસ્ટનો અભિપ્રાય લીધો. આઠેક કાર્ડિયોગ્રામ કરાવ્યા હતા. બે વખત સ્ટ્રેસ ટેસ્ટ તથા બે વખત ટુ-ડી ઈકો કરાવ્યા હતા. દરેક વખતે બધી જ તપાસ નોરમલ આવતી હતી. સારવાર બાદ પણ તકલીફો ચાલુ રહી હતી.

સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના કાર્ડિયોલોજિસ્ટે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપી. "મને છાતીમાં દુઃખાવો હકીકતમાં સાચે જ થાય છે. હું કલ્પના કરતો નથી." એમ સમજી દીપક અને કુટુંબીજનોએ આ કાર્ડિયોલોજીસ્ટની સલાહ પર ધ્યાન ન આપ્યું. ચારેક મહિના આજ રીતે નીકળી ગયા. દુઃખાવાનું પ્રમાણ વધી ગયું. ન છૂટકે છેલ્લા ઉપાય તરીકે મનોચિકિત્સકનો અભિપ્રાય લીધો.

લેખકે ઉપરોક્ત માહિતી (લક્ષણો, શારીરિક તપાસ તથા લેબોરેટરી, અન્ય તપાસ) સાથે મનના લક્ષણો વિષે માહિતી મેળવી. વ્યક્તિત્વ (Personality) તથા જીવનશૈલી વિષેની જાણકારી દીપક, એની પત્ની તથા સંતાન પાસેથી મેળવી. મનની વૈદ્યકીય પદ્ધતિથી (Mental status Examination) પરીક્ષણ કર્યું. આ બધાનું તારવણ નીચે મુજબ છે.

છેલ્લા દોઢેક વર્ષથી દીપકને સતત વિચારો આવતા હતા. ધંધામાં મન ઓછું લાગતું હતું. છાતીમાં દુઃખાવો થતો ત્યારે દીપકને થતું કે એને હાર્ટ એટેક આવ્યો છે. આ વિચાર માત્રથી એને શ્વાસ લેવામાં તકલીફ થતી અને હૃદયના ધબકારા વધી જતા. મન પ્રફુલ્લિત રહેતું ત્યારે આમાંની કોઈ તકલીફ ન થતી.

થોડાક સમયથી દીપક નજીવી બાબતોમાં ચીડાઈ જતો હતો કામમાં એકાગ્રતા ઓછી થઈ ગઈ હતી. નાની નાની ભૂલો થવા લાગી હતી જે પહેલાં થતી ન હતી. ચહેરો હંમેશાં ચિંતાગ્રસ્ત રહેતો હતો. પોતાના મોજશોખના વિષયોમાંથી રસ ઊડી ગયો હતો. છેલ્લા છ મહિનામાં એક પણ નાટક/સિનેમા થિયેટરોમાં જોયું ન હતું (નોરમલ સમયમાં આ સમય દરમિયાન ૪ - ૬ નાટક/સિનેમા કુટુંબ જોડે જોઈ આવ્યો હોત.) હાલ દીપક ધંધાકીય બાબતોમાં નિર્ણયો છેલ્લી ઘડી સુધી લેતો ન હતો. બેધ્યાનપણું અને ભૂલકણાપણું વધી ગયું હતું.

## • મનોવિશ્લેષણ :

(૧) દીપકને આ તકલીફો શરૂ થઈ એના એકાદ મહિના પહેલા એના ધંધાકીય ભાગીદારને જોરદાર હાર્ટ એટેક આવેલ. ઈમરજન્સી મોટી હોસ્પિટલમાં દાખલ કરેલ. સમયસરની યોગ્ય સારવારથી તબિયતમાં સુધારો થતો ગયો. ભાગીદાર જોડે દીપકને ઘર જેવો સંબંધ હતો. બંને સગા ભાઈઓની જેમ રહેતા હતા. દીપકના સંવેદનશીલ મન પર આ નકારાત્મક બનાવની ઊંડી અસર થઈ હતી. છાતીમાં દુઃખાવાની શરૂઆત ત્યારબાદ જ થઈ હતી.

(૨) ઉપરોક્ત બનાવના છએક મહિના બાદ દીપકના એકમાત્ર દીકરાની વહુ ઝઘડો કરીને પોતાના પિયરે ચાલી ગઈ હતી. ઘણા વખતથી બંને વચ્ચે ચકમક થતી હતી. સમજાવટ બાદ થોડો સમય બધું શાંત રહેતું પરંતુ ફરી ચકમક થતી. આ સમયે ઝઘડો લાંબો ચાલ્યો. દીકરાએ ગુસ્સામાં પોતાની પત્નીને એક લાફો મારી દીધો. ત્યારબાદ વાત વધારે વણસી ગઈ. પત્ની પિયરે ચાલી ગઈ. પોતાના સમાજમાં દીપકનું નામ સારું હતું સમાજમાં એની પ્રતિષ્ઠા પર ધક્કો લાગ્યો હતો. આ બાદ દીપકની બીમારીના લક્ષણો વધી ગયા હતા.

## • નિદાન :

દીપકના કિસ્સામાં (૧) શારીરિક લક્ષણો, (૨) મનના લક્ષણો, (૩) લેબોરેટરી તથા અન્ય તપાસ, (૪) મનને અસ્વસ્થ કરનારા બનાવો, (૫) વ્યક્તિત્વ (સંવેદનશીલ, લાગણીશીલ) પરથી હતાશાની

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**ચંદ્રકાંત વીરજી ભાણજી દેઢિયા** (ગઢશીશા)

**L.I.C. એજન્ટ**

**સાયન, મુંબઈ. • ફોન : 24023429, મો. 9819861440**

બીમારી સાથે શારીરિક લક્ષણોનું નિદાન કર્યું.

★ **મનોવૈજ્ઞાનિક સમજણ :** શરીર પરનો એક ઘા રુઝાય એની પહેલા બીજો ઘા લાગે તો તકલીફ વધી જાય છે તથા સારવાર છતાં રુઝ આવવામાં સમય વધારે લાગે છે.

એવી જ રીતે દીપકના કિસ્સામાં, દીપક એક ઘાની અસરમાંથી બહાર આવે પહેલાં બીજો વધારે જોરદાર ઝટકો લાગે છે. બીજો ઘા સંવેદનશીલ મન માટે વધારે તીવ્ર હતો. આથી બીમારી વધી ગઈ.

- **સારવાર :**

(૧) દવાઓ : હતાશાની બીમારીમાં મગજમાં જ્ઞાનતંતુઓમાં ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં વધઘટ થાય છે. જે યોગ્ય દવાઓ આપી દીપકના કિસ્સામાં નોરમલ થતાં લક્ષણો પર કાબૂ આવ્યો. (જેમ ડાયાબિટીસના દર્દી માટે બ્લડ સુગર ઓછી કરવા દવાઓ આપીએ છીએ અને ડાયાબિટીસના લક્ષણો પર કાબૂ મેળવાય છે.)

આ દવાઓથી બે અઠવાડિયામાં દુઃખાવામાં નોંધપાત્ર રાહત મળી. દર્દનાશક દવાઓ (પેઈન કીલર્સ) બંધ કરી. છ અઠવાડિયામાં મનના અન્ય કાર્યો (ગ્રહણશક્તિ, એકાગ્રતા, વિચારો, નકારાત્મક લાગણી) પર કાબૂ આવ્યો. દીપક નિયમિત પૂર્વવત કામ કરવા લાગ્યો. ચીડિયાપણું, બેધ્યાનપણું, ભૂલકણાંપણું દૂર થયું.

(૨) કાઉન્સેલિંગ તથા કોગ્નીટીવ બિહેવિયર થેરાપીની પદ્ધતિ પણ શરૂ કરી. જેથી અભિગમ તથા જીવનશૈલીમાં બદલાવ આવ્યો.

(૩) સ્ટ્રેસ સહન કરવાની ક્ષમતામાં વધારો (Stress Management) કરવાની પદ્ધતિઓ શરૂ કરી જેવી કે એસરટીવ ટ્રેઈનીંગ, કોમ્યુનિકેશન સ્કીલ્સ, એંગર મેનેજમેન્ટ વગેરે.

(૪) સવારના યોગ, મેડિટેશન, મોર્નિંગ વૉક વગેરે વિષે માહિતી આપી. દીપકે યોગ ચાલુ કર્યા.

ઉપરોક્ત બધી સારવારની પદ્ધતિઓને લીધે દીપક છ મહિનામાં પૂર્વવત નોરમલ જીવન જીવતો થયો. છાતીનો દુઃખાવો સદંતર બંધ થઈ ગયો.

- **મનોદૈહિક લક્ષણો :**

શરીરમાં દુઃખાવો થવો કે કળતર થવી એ મનોદૈહિક લક્ષણ છે. દુઃખાવાનું કારણ બે મુખ્ય ભાગોમાં વર્ગીકરણ કરાય છે : (૧) શરીરનું કારણ, (૨) મનનું કારણ.

શારીરિક તપાસમાં બધું નોર્મલ હોય તથા દર્દીની ફરિયાદ ચાલુ હોય ત્યારે મનની યોગ્ય તપાસ મનોચિકિત્સક પાસે કરાવવી જરૂરી છે. શારીરિક તપાસ નોર્મલ હોય ત્યારે દર્દી ફરિયાદોની કલ્પના કરે છે, માંદુ રહેવું છે, કામ નથી કરવું એવું નથી હોતું. આવી ફરિયાદોનું કારણ મનના અવયવો અને લાગણીમાં હોય છે. આજની ૨૧મી સદીમાં જીવનશૈલી બદલાઈ ગઈ છે સ્ટ્રેસનું પ્રમાણ હદની બહાર વધી ગયું છે જેથી મનના રોગો વધી ગયા છે. શરીર જેટલું જ મન પર ધ્યાન આપી શરીર અને મનની સારવાર કરવાથી પરિણામ સારા મળે છે. (દીપકનો કેસ)

*મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,*
*સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,*
*ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯*

**કચ્છજો માડુ...**
કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.
*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

MAYUR PEER

NATIONAL ENTERPRISES
CLEARING, FORWARDING
SHIPPING & TRANSPORT AGENT
277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
Tel. : (022) 2266 3097, 3254 7879
Fax : (022) 2267 3098
E-mail : mumbai@burleighintl.com
E-mail : mp@nealmp.com
Website : www.burleighintl.com
Website : www.nealmp.com

**આ જગમાં થોડા મલે!**
જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી
પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!
લખે લહિયા અનેક, ટેવના પરિણામથી
મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!
*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

Viketa
Electronics
An ISO 9001-2000 COMPANY
MANUFACTURERS OF
ELECTRICAL PANEL BOARDS
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
Phone : 02646-226257 Fax : +91-2646-252759
Mobile : 9824101111, 9824762141
E-mail : viketa53@rediffmail.com

# મૌન એ જ પ્રેમની ભાષા

• ડૉ. ઊર્મિલા શાહ •

"વિશાલ ! હું એમ.બી.એ. કરું તો કેવું?" અનુરાએ વિશાલને જમતાં જમતાં પૂછ્યું.

...ને વિશાલનો હાથ એકાએક કોળિયા સાથે અટકી ગયો. એ ઘડીભર વિચારમાં પડી ગયો. "શું જરૂર છે અનુરા? એમ.એસ. તો કર્યું. હવે કેટલુંક ભણવું છે? શાંતિથી જીવને!"

"વિશાલ, તું મને શાંતિથી જીવવા કહે છે? તને એમ લાગે છે કે હું કંઈ ન કરું તો મને શાંતિ મળે? વિશાલ તારી ધારણા સાવ ખોટી છે. પરણીને અહીં આવી ત્યારે શરૂઆતના દિવસો મેં કેવા ગાળ્યા છે એ તને ક્યાં ખબર નથી? પચ્ચીસ પચ્ચીસ વર્ષ સુધી જ્યાં જીવનની એકે એક પળ માણીને ગાળી હતી એ વાતાવરણ, એ સ્વજનો એ બધું છોડવાનું દુઃખ કાંઈ નાનુંસૂનું ન હતું વિશાલ ... ને છતાંય હૃદયમાં એક આનંદ હતો, તને પામવાનો. વિરાજની પાર્ટીમાં આપણે અચાનક જ મળી ગયાં. વિરાજે તારી ઓળખાણ કરાવી ને કોણ જાણે કેમ પણ એ પ્રથમ ઓળખાણે જ તને પામવાની મારામાં ઝંખના જાગી. તારું વ્યક્તિત્વ તો પ્રભાવશાળી હતું જ પણ તારા મોં પરનું નિખાલસ સ્મિત, એમાંથી ડોકાતું તારું હૃદય, તેમાં ભંડારેલો પ્રેમ જાણે ડોકાતાં હતાં ને મેં તારી સાથે લગ્નગ્રંથિથી જોડાવાનું નક્કી કર્યું. તું બહુ થોડો વખત ઇન્ડિયા રોકાવાનો હતો અને એટલે નિર્ણય ઉતાવળથી લેવાનો હતો, છતાંય વિશાલ હું એક વખત નિર્ણય લઉં પછી તેમાં લગભગ પાછી ફરતી નથી. આપણે ત્રણ વાર મળ્યાં. ત્રણેય વખત મેં એ નિર્ણય પર ફરી ફરીને વિચાર કર્યો ને તને યાદ છે વિશાલ! તું અમેરિકા પાછો ફરવાનો હતો તેના બે દિવસ પહેલાં તેં મારો નક્કી નિર્ણય જાણવાની મહેતલ આપી હતી! હું એ આખી રાત ઊંઘી શકી ન હતી. મારા જીવનનો એ અતિ મહત્ત્વનો નિર્ણય લેવાનો હતો. મને ત્યારે અમેરિકાની લાઈફ વિષે ક્યાં કશો ખ્યાલ હતો? હા ... એવું સાંભળતી ખરી કે "અહીં અને ત્યાંની લાઈફ ખૂબ જ જુદી હોય છે. રહેણીકરણી, રીતરિવાજ, અરે! આચાર ને વિચાર બધું જ જુદું. અને એટલે મનમાં ખૂબ જ દ્વિધા ચાલી હતી ... શું કરું? હા કહું કે ના કહું? અમેરિકામાં મને જિંદગી જીવવાની ફાવશે? ત્યાંના તદ્દન જુદા વાતાવરણમાં હું ગોઠવાઈ શકીશ ખરી? આટલાં બધાં સ્વજનોને છોડીને હું ત્યાં કેવી રીતે જઈશ? મને ત્યાં ગમશે? પણ બીજી તરફ મનમાં તારા માટે એટલું બધું ખેંચાણ હતું કે એ બધી જ બાબતો મારા મગજમાં ગૌણ લાગવા માંડી, ને મેં તને "હા" કહી ... જાણે અજ્ઞાત ભાવિમાં અનેક આશા અને અરમાનો સાથે એક ઉડ્ડયન શરૂ કર્યું ને પછી તો તારી સાથે અહીં આવી પહોંચી. તારી હૂંફ અને તારો પ્રેમ ... બસ એના જ સહારે ધીરે ધીરે હું ઇન્ડિયાને ભૂલી રહી હતી.

ઇન્ડિયામાં હું ક્યારેય એક પળ પણ પ્રવૃત્તિ વિના બેઠી ન હતી. એક પછી એક, કંઈક ને કંઈક કરતી જ હોઉં. સૌ કોઈ કહેતું : અનુરા હોય ત્યાં વાતાવરણ ધમધમી ઊઠે. અરે! શાંત વાતાવરણ મને ગમગીન કરી દેતું. મારો એક એક દિવસ પ્રવૃત્તિઓથી ધમધમતો મેં ગાળ્યો છે, ને હવે તું મને અહીં આગળ એમ.બી.એ. કરવાની 'ના' કહે છે!

"હું ના નથી કહેતો અનુરા ... પણ જરૂર નથી."

"વિશાલ, જરૂર નથી એટલે! શું કમાવાની જરૂર હોય તો જ માણસે ભણવું જોઈએ? હું જાણું છું કે હું નોકરી કરું તે તને નહીં ગમે. કારણ કે તું ઘણું કમાય છે પણ વિશાલ ... પ્લીઝ, મને સમજવાનો તો પ્રયત્ન કર. નવું નવું જાણવાની, શીખવાની પણ એક મજા હોય છે. કમાવાની જરૂર હોય તો જ ભણવું જોઈએ એવું હું નથી માનતી વિશાલ. જ્ઞાનની ક્ષિતિજોને સમય કે ઉંમરનાં બંધન ન હોય વિશાલ ... સવારથી ઊઠું ને કંઈ નવું ન જાણું, ન કરું તો મને ચેન પડતું નથી. મારો જીવ એકધાર્યા જીવનથી ગૂંગળાય છે. તું તો જાણે છે કે મેં એમ.એસ. કર્યું ત્યારે હું કેટલી ખુશ રહી શકતી હતી! મને જીવનમાં કંઈક નવું કરવાની ... ભણવાની ... મેળવવાની ... તાલાવેલી હોય છે. વિશાલ, પ્લીઝ ટ્રાય ટુ અંડરસ્ટેન્ડ મી ..." ને એમ કહી અનુરા તેના રૂમમાં ચાલી ગઈ.

વિશાલને પણ લાગ્યું કે "અનુરાને હવે રોકી નહીં શકાય. ક્યાં તો એને નોકરી કરવા દેવી પડશે ને ક્યાં તો એમ.બી.એ. સોનાના પાંજરામાં પૂરેલા પંખીની જેમ અનુરા નહીં જીવી શકે ..." અને એટલે અનુરા પર જ તેનો નિર્ણય લેવાનું છોડવું હિતાવહ માની એ વિષયની ચર્ચા ફરી છેડી જ નહીં, પણ મેં ધાર્યું હતું તે મુજબ અનુરાએ એમ.બી.એ. શરૂ કર્યું તો ખરું જ. ફરી પાછી એ પ્રવૃત્તિથી ધમધમતી થઈ ગઈ. સવારે વહેલાં ઘેરથી નીકળી જવાનું. યુનિવર્સિટી પર પહોંચી અભ્યાસની સાથે સાથે આસિસ્ટંટશિપ પણ તેણે શરૂ કરી. કારણ, વિશાલે તો તેને એમ.બી.એ. કરવાની 'ના' કહી હતી ને!

અનુરાના મનમાંથી એ "ના" ખસતી ન હતી અને એટલે તેણે નક્કી કર્યું હતું કે "એમ.બી.એ. કરું, પણ વિશાલ તરફથી આર્થિક સહાય વિના. બસ, હવે તો મારે

Upendrabhai (M) 098241 91393 (O) 02646-226292, 222399, 226044 (R) 226506 Amitbhai (M) 098331 92294
PRIYANKA ROADLINES    PRAVIN ROADLINES
15, Matangi Estate,
N.H. No.-8, G.I.D.C., Ankleshwar-393 002.
109, Vardhman Chamber, Kalyan St.
Dana Bunder, Mumbai-400 009.

મારી રીતે જ જીવવું છે. મારે પગભર થઈને મારી રીતે જીવન જીવવું છે. મારી પ્રગતિમાં બંધન કરે એવું મને પસંદ નથી.'' અનુરાને હવે પાંખો ફૂટી હતી. તેને તો વિશાળ વ્યોમમાં ઊડવું હતું. તેને તેની કારકિર્દી બનાવવી હતી અને વિશાલની ''ના'' એ તેનું હૃદય એવું તો ઘવાયું હતું કે એના મગજમાં સતત રમ્યા કરતું હતું ''હવે હું પણ વિશાલને બતાવી દઈશ કે હું કોણ છું, હું શું છું? હું શું કરી શકું તેમ છું?''

એને હૃદયમાં સળવળેલા આ ''અહમ્'' ના કારણે એ યુનિવર્સિટીમાં વધુ ને વધુ કલાકો ગાળવા માંડી. તેના અભ્યાસમાં, તેના કામમાં વધુને વધુ રત રહેવા માંડી. વિશાલ જૉબ પરથી ઘેર આવે ત્યારે તે ભાગ્યે જ ઘેર હોય. રાતે ક્યારેક મોડું થઈ જાય. ખૂબ થાકીને આવે ને એમ કરતાં કરતાં વિશાલને અનુરા બંનેના હૃદય વચ્ચે અંતર પડતું ગયું. એક ખાઈ ખોદાતી ગઈ. એક જ છત નીચે એક જ રૂમમાં ચાર દીવાલો વચ્ચે બંને જીવતાં હતાં. છતાં બંનેના અંતર વચ્ચે જાણે જોજનોનું અંતર પડતું જતું હતું.

આખરે એક દિવસ વિશાલની ધીરજ ખૂટી. ઑફિસમાં આજકાલ થોડું ટેન્શન તો ચાલતું જ હતું. વિશાલને રીલેક્સેશનની જરૂર હતી પણ ક્યાં જઈને રીલેક્સ થાય? કોની સાથે રીલેક્સ થાય! તેને માનસિક સહારાની જરૂર હતી પણ અનુરાને તો આ બધું જાણવાની ય ક્યાં નવરાશ હતી! તે તો તેના એમ.બી.એ. અને આસિસ્ટન્ટશિપમાં જ વ્યસ્ત હતી. છેલ્લાં કેટલાંય વખતથી તેઓ જમવાય ભાગ્યે જ સાથે બેસતાં હતાં. વિવાદ સુધી તો હજી નહોતાં પહોંચ્યા, પણ સંવાદ પણ નહોતો થતો અને વિશાલે અનુરાને કહ્યું, ''અનુરા! ક્યાં સુધી આપણું આમ ચાલશે? હવે હું થાકી ગયો છું. મને ઘર જોઈએ છે. આઈ વૉન્ટ માય હોમ ... આઈ વૉન્ટ મેન્ટલ રીપોઝ, અનુરા, પ્લીઝ, ટ્રાય ટુ અંડરસ્ટેન્ડ મી. હું ખૂબ એકલો પડી જાઉં છું. તું કંઈક તો વિચાર કર!''

ને અનુરા એકદમ છેડાઈ પડી. ''હુ ટેલ્સ યુ ટુ સ્ટે વીથ મી? યુ કેન લીવ ઈન યોર ઑન વે. આઇ ડોન્ટ માઈન્ડ. યુ આર ફ્રી.'' ને ટેબલ પર હાથ પછાડીને તે ઊભી થઈ બીજા રૂમમાં ચાલી ગઈ.

વિશાલને માથે જાણે આભ તૂટી પડ્યું. એણે અનુરાના આવા પ્રતિભાવની કલ્પના પણ કરી ન હતી. વિશાલના હૃદયમાંથી ડોકાતા પ્રેમને કારણે પચ્ચીસ પચ્ચીસ વર્ષથી માણેલી માની માયા ને મમતા છોડી જે અનુરા સર્વસ્વ ત્યજી ઇન્ડિયા છોડી અહીં પરદેશ આવી હતી તે જ અનુરા આજે વિશાલના એ પ્રેમને ઠોકર મારી રહી હતી! માન્યામાં આવી શકે તેમ ન હતું. શું આ તે જ અનુરા હતી?'' ''મારે પણ એક ઘર હોય. મારું ઘર, મારો વર ને મારાં છોકરાં.'' સ્ત્રીહૃદયનું તો આ સાહજિક સ્વપ્ન હોય તેને બદલે અનુરા આ શું કરી રહી હતી? વિશાલનું માથું ચકરાવા લાગ્યું. તેના પગ નીચેથી ધરતી સરકતી લાગી. ઘડીભર તો તેને સમજ જ ન પડી કે તે કોણ છે? ક્યાં છે? તેના જીવનની આખીય બાજી જાણે ગંજીફાનાં પાનાંની જેમ તેના હાથમાંથી સરકી રહી હતી. તેનું મન એવું તો ગૂંગળાતું હતું કે તે એક પણ શબ્દ બોલી શકે તેમ ન હતો.

તો બીજી બાજુ અનુરાનું હૃદય પણ ''અહમ્'' થી પ્રજવળી રહ્યું હતું. મારી પ્રગતિમાં વચ્ચે આવનાર વિશાલ કોણ? મને મારું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. મને મારી રીતે જીવવાનો સ્વતંત્ર અધિકાર છે. મારે તેની મહેરબાની પર નથી જીવવું. મારે મારી રીતે જીવવું છે, મારી જિંદગીને મારે મારી રીતે માણવી છે.

મને ફાવે તે કરું. મને ના પાડનાર એ કોણ? સંગ્રામ ખેલવાની તમન્ના એ જ સાચી જિજીવિષા. મારે એવું જીવન જીવવું છે. મારે નથી જોઈતી સાહ્યબી, નથી જોઈતાં સુખસગવડ. વિશાલની દયા પર મારે નથી જીવવું. હું મુક્ત પંખીની જેમ જ જીવીશ. મારે નથી જોતાં આ બંધન! અને પછી તો વડીલોની ય બંને બાજુની ઘણી સમજાવટ ચાલી, પણ અનુરા મક્કમ હતી. ''મારે એ પરવશ જિંદગી જીવવી નથી, હું મારી રીતે જ મારી જિંદગી જીવીશ.'' વિશાલના હૃદયમાં સતત વસવસો હતો. ''અનુરાને ખૂબ સુખમાં રાખવાનાં મારા પ્રેમના અતિરેકે જ મને ખોટો માર્ગ ચીંધ્યો.''

પણ મોઢેથી નીકળેલું વેણ ક્યારેય પાછું ફરી નથી શકતું.

ખલિલ જિબ્રાને કહ્યું છે, ''જીભ જયારે બોલવાનું બંધ કરે, કાન જયારે સાંભળવાનું બંધ કરે, અને જયારે માત્ર આંખ જ બોલે અને આંખ જ સાંભળે ત્યારે પ્રેમ જન્મે છે ...'' પણ એ આંખ ક્યાં છે?

*૨૫, પાર્શ્વ બંગલોઝ, એસ.જી. હાઈ-વે*
*અમદાવાદ - ૩૮૦ ૦૧૫.*
*મો. : ૯૯૭૯૨૩૦૪૦૪*

## ચામડીનો રંગ

ભારતમાં - ખાસ કરીને ઉત્તર ભારતમાં બહુરંગી પ્રજા વસે છે. કેટલીક પ્રજા એકદમ કાળી તો કેટલીક એકદમ ગોરી. કાળી અને ગોરીની વચ્ચે વળી પાછા કેટલાયે સ્તરો જોવા મળે છે. આ બહુરંગીપણાનું કારણ જુદા જુદા સમયે નજીકના અને દૂરના પ્રદેશોથી આવી તે જુદી જુદી પ્રજાઓ છે. તેમાં આર્ય, શક, સિથિયન, હૂણ, ગ્રીક, પારસી, આરબ વગેરે પ્રજાઓ મુખ્ય છે. એટલે આ દેશ બહુરંગી પ્રજાઓથી બન્યો છે. જયાં કાળી પ્રજા વસતી હોય ત્યાં ગોરી પ્રજાનું મહત્ત્વ વધુ રહે અને જયાં ગોરી પ્રજા વસતી હોય ત્યાં અતિ ગોરી પ્રજાનું મહત્ત્વ વધી જાય. કોઈ માને કે ન માને, ચામડીનો રંગ અને શરીરનો બાંધો પણ વ્યક્તિ તથા સમાજના વ્યક્તિત્વને નિખારવામાં મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે.

*– સ્વામી સચ્ચિદાનંદ*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**

**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**

**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**

E-mail : kaykay_industries@yahoo.com

## તેઓ અને આપણે

# સંસ્કારભેદ – અમેરિકા અને ભારતનો....

• મૂળ લેખક : સુબોધ શાહ (જરૂરી ફેરફાર સાથે રજૂઆત : મુરજી ગડા) •

ભારતીય લોકો પરદેશમાં જ્યાં જ્યાં ગયા છે, ત્યાં ત્યાં તેમણે વિપુલ પ્રગતિ કરી છે. પણ એ ભારતની બહાર જ, ભારતમાં નહિ. એમ કેમ? એક ભારતીય ન્યુયોર્કના ઍરપોર્ટ પર ઉતરે એટલે તરત ગુણવાન, કલાવાન, બુદ્ધિમાન બની જતો નથી. એનું વર્તન એટલું બધું પલટાઈ જાય છે કે, એ માણસ કામકાજમાં પોતાનું શ્રેષ્ઠ હીર બતાવી શકે છે. એક જાણીતા ભારતીય સજ્જને કહ્યું છે : 'જે દિવસે હું અમેરિકા આવ્યો, એ દિવસ મારો મુક્તિ દિન હતો.' **આ દેશપ્રેમની ખામી નથી, લાગણીહીનતા નથી પણ જીવનની કરુણ વાસ્તવિક્તાનો દુઃખદ એકરાર છે.**

રમતની ટીમ સતત હાર પામતી હોય કે સારી વ્યાપારી કંપની સતત ખોટ ખમતી હોય, તો એ શું કરે છે? પોતાની નબળાઈઓનું માત્ર વિશ્લેષણ જ નહિ, પણ હરીફ ટીમ કે હરીફ કંપનીઓની કામ કરવાની પદ્ધતિઓનો અભ્યાસ પણ કરે છે. દેશ, રાજ્ય કે સમાજની બાબતમાં આમ જ કરવું પડે. સૌથી વધુ કાર્યક્ષમ સમાજો કે દેશોની કોઈ સારી ટેવો આપણે શોધી શકીએ? અને ગમે તો સ્વીકારી શકીએ?

એક ભારતીય કુટુંબ જ્યારે ભારતથી અમેરિકા વસવાટ કરવા આવે છે, ત્યારે બંને સમાજો વચ્ચે આસમાન જમીન જેટલો ફરક અનુભવે છે. એ ફરક એટલો તો વિશાળ હોય છે કે એણે 'સાંસ્કારિક આંચકો' અનુભવ્યો એમ કહેવાય છે. ખાવુંપીવું, પોષાક, ભાષા વગેરે તરત જણાઈ આવે એ બધું તો ખરું જ, એમાં આપણે અહીં ઊંડા ઉતરવાની જરૂર નથી. પણ એ ઉપરાંતની બીજી વાતો જેવી કે લોકોની ટેવો, માન્યતાઓ, જે 'સંસ્કાર' નામના એક જ શબ્દમાં સમાવાય છે એ બધું અત્યંત જુદું જ હોય છે. આપણે એની ચર્ચા આ લેખમાં કરીશું. સંસ્કારોનો આવો ફરક અછડતી નજર નાખવાથી જલદી દેખાઈ આવે એવો હોતો નથી. તેથી ઘણા મુલાકાતીઓ થાપ ખાઈ જાય છે. અમેરિકામાં કાયમ વસેલા ભારતીયોમાં સુદ્ધાં મોટાભાગના લોકો એમની માફક ખાતાં, પહેરતાં, હાય, હલો, ઑકે એવું બોલતાં, તરત શીખી જાય છે પરંતુ જે જાણવાનું ને શીખવાનું સૌથી મહત્ત્વનું છે, તે જલદી જાણી કે શીખી શકતા નથી. કેટલાક તો શીખવા માંગતા પણ નથી.

આપણે એવા મિથ્યાભિમાની હોઈએ કે અમેરિકન સંસ્કારો વચ્ચે રહીને પણ એમની પાસેથી કંઈક શીખીએ નહિ, તો એ નુકસાન આપણું જ હશે, એમનું નહીં. નિયમિતતા, સ્વચ્છતા, વ્યવસ્થાપન પદ્ધતિ વગેરેની વાત સરળ છે. ઔદ્યોગિક ક્રાંતિમાં પલોટાયેલા સમાજોના આ ગુણો છે અને તે શીખવા જેવા છે. એ વાત લગભગ બધા કબૂલ કરે છે. એ સિવાયના પણ બીજા અનેક સંસ્કારોના તફાવતોનો વિષય વિશાળ છે. એટલે નીચેના ફકરાઓમાં એમની ટૂંકી યાદી જ આપી છે, લાંબી વિગતો નહિ. ફક્ત પહેલો મુદ્દો ઉદાહરણ રૂપે જરા વિસ્તારથી જોઈશું.

**૧. નવસર્જન (Innovation) : અમેરિકાના જીવન કે સંસ્કારમાં, સૌથી મહત્ત્વની વાત કોઈ હોય તો તે અમેરિકન સમાજની સર્જનશીલતા છે. કંઈક નવું કરવું, જુદું કરવું, જુદી રીતે કરવું. હંમેશાં કરતા રહેવું. ચીલાચાલુ નહિ પણ મૌલિક રીતે વિચારવું, એનું નામ નવસર્જન.** નવી ચીજો રોજ બજારમાં આવે, જૂની ચીજો ફેંકાઈ જાય. ચાલુ ચીજો બદલાય, સુધારાય, સસ્તી બનાવાય. જે કંપની નવીનતા ન આપી શકે, આપવામાં મોડી પડે કે ઢીલાશ કરે, તે કંપની બજારમાંથી ઊઠી જાય. લોકો નાવીન્ય માંગે, વર્ષે દહાડે મેળવતા રહે ને સ્વીકારે પણ ખરા. તેથી જીવનધોરણ અને એની ગુણવત્તા દિન પ્રતિદિન ઉપર ઉંચકાતા જ જાય. અમેરિકન કંપનીઓ સંશોધન (Research) અને નવરચના (Development) પાછળ કેટલા પૈસા ખર્ચે છે? CISCO કંપનીએ ૨૦૦૦ના વરસમાં એના સમગ્ર વેચાણના ૧૪.૩ ટકા ખર્ચ્યા. કંપનીઓ નવી પેટન્ટો કેટલી પ્રાપ્ત કરે છે? IBM કોર્પોરેશને ૧૯૯૮ના એક જ વરસમાં ૨૬૫૭ પેટન્ટો મેળવ્યા અને ૨૦૦૦ના વરસમાં ૨૮૮૬. આ તો માત્ર અછડતા ઉદાહરણો જ આપ્યા છે. કારણ આવા બધા આંકડાઓ સહેલાઈથી મળી શકે છે. ફક્ત વ્યાપાર ઉદ્યોગની જ આ વાત નથી, આ વાત છે અનેક ક્ષેત્રોના સર્જનાત્મક કાર્યની, માહિતીની, અવલોકનની, પ્રેરણાની, તીક્ષ્ણ બુદ્ધિમત્તાયુક્ત મૌલિકતાની. આપણા જેવા પરદેશીઓને આ બધું પહેલી નજરે દેખાતું નથી હોતું, પરંતુ જેણે અમેરિકામાં ધંધાદારી અનુભવ મેળવ્યો હશે એને આમાં કંઈ નવું લાગશે નહિ. એ વ્યક્તિ આ બધાનું પૂરું મહત્ત્વ પિછાની શકશે.

નવસર્જન અને ઉત્પાદકતા (Productiviti) બંને એકબીજાના પૂરક છે. ઉદ્યોગોમાં દરેક કાર્ય પદ્ધતિનો ઝીણવટથી અભ્યાસ કરીએ, એ કામ કરવાની નવી રીત શોધી કાઢવી કે વધુ સારી ચીજ બનાવવી, એનાથી ઉત્પાદકતા ઘણી વધી શકે છે. **અમેરિકામાં ઉત્પાદન એ તમારી પસંદગીની વાત નથી, એ તો જીવન જીવવાની પદ્ધતિ છે. એ અનિવાર્ય આવશ્યક્તા છે. કંપનીના માલિકને, તમારે પોતાને, જીવનમાં ટકી રહેવું હોય તો ઉત્પાદનશીલ થવું જ પડે.**

અમેરિકામાં નવસર્જન એટલું ઝડપી ને ઝંઝાવાતી હોય છે કે આપણી ઉંમર બદલાય એના કરતાં ઉપકરણો વધારે ઝડપથી બદલાય છે. બાળકો આજે વડીલોને શીખવે છે કે કોમ્પ્યુટર કેમ વાપરવું, વીડિયો કેમ ચલાવવું, વગેરે. ઈન્ટરનેટનું જંગલ દરેક સો દિવસના ગાળામાં બમણા કદનું થાય છે. **અમેરિકામાં નવસર્જન ગુણાકારની ઝડપથી થાય છે. ભારતમાં જો થાય તો એ ગણિતના સાદા સરવાળામાં થાય છે.** અમેરિકામાં એવા હજારો લોકો છે કે જેમનો રોજનો ધંધો જ

*પૈસા પાછળ સતત દોડતા રહેનાર જિંદગીને - કુદરતને ક્યારે માણશે?*

પ્રયોગો કરવાનો, શોધખોળો કરવાનો, ખાંખાંખોળાં કરતા રહેવાનો છે. જેણે ઈલેક્ટ્રિક લાઈટ, ગ્રામોફોન અને સિનેમા જેવી અગત્યની શોધો કરી, તે થોમસ આલ્વા ઍડિસન બહુ ભણેલોગણેલો વૈજ્ઞાનિક નહિ, પણ વ્યવહારિક પ્રયોગશીલ માણસ હતો. એણે ૧૦૯૩ પેટન્ટો મેળવ્યા હતાં. નવું નવું વિચારવાનું, બનાવવાનું અને એમાં સુધારાવધારા કરતા રહેવાનું વલણ અમેરિકન સંસ્કારોમાં ઊંડું જામેલું છે. નાની ઉંમરથી શાળાઓમાં છોકરાંઓને સર્જનશીલ બનતાં શીખવાડાય છે. અલગ પડી આવતું વર્તન શિક્ષાપાત્ર ગણાતું નથી. દરેક બાબતમાં પ્રયોગો આવકાર્ય હોય છે. કોઈપણ જાતની મૌલિકતાને ઉત્તેજન આપવામાં આવે છે.

**ચાલુ રીતરસમોના આપણે સદાના અનુયાયી, નવાના વિરોધી. એમ કેમ? એ મહત્ત્વનો ને વિચારવાલાયક પ્રશ્ન છે.** એની કૂંચી એમના કલ્ચરમાં છે.

**૨.** અમેરિકનો સૈદ્ધાંતિક કરતાં વ્યવહારિક મગજના વધુ હોય છે. સાધન નવું હોય કે જૂનું હોય, 'એ કામ કરે છે?' એ પ્રશ્ન સૌથી પહેલો પુછાય.

**૩.** વિવાદાસ્પદ બાબતમાં તીવ્ર દલીલબાજી કર્યા પછી વિરોધી પ્રત્યે આદર સાથે તેઓ પરસ્પર આપ-લે કરી સુલેહ કરી શકે છે. પોતાની બાજુએ વળગી રહીને પણ સામા માણસની દલીલમાં રહેલો તથ્યાંશ તેઓ સ્વીકારી શકે છે.

**૪.** અમેરિકનો માહિતી માટે ઉત્સુક હોય છે, આપણે અભિપ્રાયો માટે. તેઓ હકીકત ઉપર મદાર રાખે છે, આપણે ધારણા અને માન્યતા પર.

**૫.** ભારતમાં આપણે પોષાક, ખોરાક અને ભાષામાં ઘણી વિવિધતા ધરાવીએ છીએ, પણ વિચારોમાં ઓછી. અમેરિકામાં વિચારવૈવિધ્ય ઘણું વધારે જોવા મળે છે. નવા વિકલ્પો અને જુદા આદર્શો પડકારરૂપ થઈ વૈચારિક સમૃદ્ધિ પૂરી પાડે છે. અમેરિકામાં વિચારબોધ માણસને ગૂંચવી નાખે, ભારતમાં ગાડરિયો પ્રવાહ એને ખેંચી જાય.

**૬.** અમેરિકન સંસ્કારોમા વ્યક્તિવાદ (Individualism) અને અંગતતા (Privacy) અતિ પ્રબળ છે. બીજી કોઈ વ્યક્તિની અંગત કે ખાનગી બાબતોમાં ડોકિયું નહિ, દખલ નહિ. પોતાની ખાનગી બાબતોમાં કોઈની ઇંતેજારી કે દખલ સહન કરવી નહિ. આપણે ભારતીયો સ્વકેન્દ્રીય ખરા, પણ બીજાની અંગતતા વિશે ઓછા સભાન. આપણને સ્વકેન્દ્રીય વર્તુળની દરકાર, બીજા બધાની અવગણના.

**૭.** અમેરિકાના રાજકીય અને સામાજિક તત્ત્વજ્ઞાનમાં સમાનતાનો સિદ્ધાંત પાયાનો છે. જાત, જાતિ, ધર્મ, દરજ્જો અને તકની સમાનતા કડક કાયદાઓથી સ્થાપિત છે. નોકરી માટેના ઈન્ટરવ્યૂમાં કોઈ તમારી જાતપાત, ધર્મ, ઉંમર સુદ્ધાં પૂછી ન શકે. ભેદભાવની શંકા જન્માવે એવો અણસાર પણ ન અપાય. ભારતમાં આપણે સ્થાન કે દરજ્જાના પૂજારી છીએ. એ સ્થાન મોટેભાગે જન્મથી કે મોભાની રુએ હોય છે. દલિત અને સ્ત્રીવર્ગ ઉતરતી કક્ષાનાં મનાય છે. વીરપૂજા પ્રાચીન કાળમાં હતી અને આજે પણ પ્રવર્તે છે. ગુરુઓ, નામાંકિત કે હોદ્દેદાર વ્યક્તિઓ, એમનાં સગાંવહાલાં સુદ્ધાં વગેરે તરફ આપણા અહોભાવ અને ચરણ સ્પર્શ - સન્માન જાણીતાં છે.

**૮.** વિચારમાં સ્વતંત્રતા અને વર્તનમાં આત્મનિર્ભરતાની કિંમત અમેરિકન સમાજમાં બહુ ઊંચી આંકવામાં આવે છે. બાળકો સત્તર-અઢારની ઉંમર થઈ એટલે મા-બાપથી સ્વતંત્ર રહેવાનું. સંયુક્ત કુટુંબો નહિ. સંતાનો અને વડિલો એકબીજા ઉપર આધાર ના રાખે. આ બધાના ફાયદા - ગેરફાયદા બંને છે પણ એની ચર્ચા અહીં કરવી નથી. એનાથી સ્વતંત્ર વિચારશક્તિ અને પોતાના પગ પર પોતે ઊભા રહેવાની ટેવો જરૂર કેળવાય છે. સાથે સાથે કેટલાક લોકોમાં થોડી અસામાજિકતા પણ આવી શકે છે.

**૯.** આપણે નસીબમાં ને જ્યોતિષમાં માનીએ છીએ. અમેરિકનો આપણા કરતાં બહુ જ ઓછું.

**૧૦.** અમેરિકનો કામને સન્માનનીય ગણે છે (Dignity of Labour). આપણે કામને, ખાસ કરીને શારીરિક શ્રમને, ઉતરતી કક્ષાનું ગણીએ છીએ.

**૧૧.** કામધંધામાં, ઓફિસમાં, આપણું વર્તન વ્યક્તિનિષ્ઠ (Person oriented) હોય છે. તેઓનું ધંધાદારી કે નિયમ - આધારિત (પ્રોફેશનલ) હોય છે.

**૧૨.** માણસે કરેલાં કાર્યો કે તેણે લીધેલા નિર્ણયો માટે અમેરિકામાં તે પોતે જવાબદાર કે ઉત્તરદાયી ગણાય છે. જવાબદારીની વ્યાખ્યા, એનો વ્યાપ અને મર્યાદાઓ નિશ્ચિત કરવામાં આવે છે. ભારતમાં પોતાની નિષ્ફળતા માટે બહુ ઓછા માણસો પોતાની જવાબદારી માનવા કે સ્વીકારવા તૈયાર હોય છે.

**૧૩.** ભારતમાં કુટુંબની આબરુ અને ખાનદાનીનો દેખાવ જાળવવાને વધારે મહત્ત્વ અપાય છે. ખાનદાની શબ્દ અમેરિકામાં બહુ પ્રચલિત નથી.

આ યાદી લાંબી થઈ શકે. બધા પ્રકારના સંસ્કારો દુનિયામાં બધે ઓછાવત્તા પ્રમાણમાં દેખાય, પણ કયા સમાજમાં એમનું પ્રમાણ કેટલું છે? એમને કેટલું મહત્ત્વ આપવામાં આવે છે? આ બે બાબતો નિર્ણાયક ઠરે છે.

અમેરિકામાં છે તે બધું સારું નથી, ઘણું અનિષ્ટ પણ છે. પણ એ અનિષ્ટો આપણા કરતાં જુદા પ્રકારનાં છે. એમના પ્રશ્નો વધુ પડતી સમૃદ્ધિના છે. વ્યક્તિ સ્વાતંત્ર્યને હદ બહાર બહેકાવવાના, અર્થશાસ્ત્રના, આઝાદીના, આધુનિક આદર્શોની સાઠમારીના, રાજ્ય બંધારણના સિદ્ધાંતોના, એવા એવા કોયડાઓ છે. એ આપણાં કરતાં જુદી અને નવી દુનિયાના પ્રશ્નો છે. પરંતુ સૌથી અગત્યની બાબત એ છે કે અમેરિકનો એમનાં અનિષ્ટો પ્રત્યે સજાગ છે તથા એમની ખુલ્લી ને તાર્કિક ચર્ચા કરે છે. અનેક પંથોમાં વહેંચાયેલી ખ્રિસ્તી કોમમાં વ્યક્તિબદ્ધ નહિ પણ સિદ્ધાંતબદ્ધ ચર્ચાઓ જોરશોરથી ચાલે છે. ઘણાબધા અમેરિકનો રૂઢિચુસ્ત છે, પરંતુ એ રૂઢિચુસ્તતા આપણી રૂઢિચુસ્તતા કરતાં જુદી છે. એ વિવેકબુદ્ધિની રૂઢિચુસ્તતા છે ને સિદ્ધાંતોના પાયાવાળી છે. દા.ત. ગર્ભપાતનો કે સરકારીકરણનો વિરોધ, સજાતીય સંબંધો,

*જિંદગીના રસ્તા પર સતત ચાલતા રહીને, જાગૃત રહીને આપણે પુખ્ત બનવાનું હોય છે.*

પાદરીઓમાં લગ્નસંબંધ, સ્ટેમ સેલ સંશોધન, વગેરે પ્રશ્નો તપાસો. એમાં આપણી જેમ 'જૂનું તે સોનું' કે ભૂતકાળનો ગર્વ કે મોહ નથી. આપણા જેવી જ અતિપ્રાચીન યહુદી પ્રજા સુદ્ધાં આજના જમાનાની ખૂબ પ્રગતિશીલ પ્રજાઓમાંની એક છે.

ભારતમાં મોટાભાગના લોકો માને છે કે 'અમેરિકનો ભૌતિક, અમે આધ્યાત્મિક; અમેરિકનો ડોલરપ્રેમી, અમે પ્રેમાળ ને કુટુંબપ્રિય.' આ માન્યતાઓ તદ્દન પાયા વિનાની છે. જે લોકો અમેરિકન સમાજમાં પૂરા ભળ્યા નથી તેઓ એને સાચી રીતે ઓળખી શકતા નથી. આવા અધકચરા અભિપ્રાયો કરોડો આદર્શવાદી સંનિષ્ઠ અમેરિકનોને અન્યાય કરે છે. અમેરિકન પ્રજાનો પાલતુ પશુઓ પ્રત્યેનો પ્રેમ, અનાથ બાળકોને દત્તક લેવાની તૈયારીઓ, અબજો ડોલરની સખાવતો, નિઃશુલ્ક મરજિયાત સેવાઓનો વ્યાપ, માનવ અધિકાર ચળવળો, આવી ઘણી બાબતો વિશે ભારતના લોકો વધુ જાણે એ ઈચ્છનીય છે. એનાથી સાવ અજાણ એવા લોકો અભિપ્રાયો આપે તે સહેજે યોગ્ય નથી. અમેરિકન લોકોમાં સ્પષ્ટ દેખાઈ આવતો સ્વાતંત્ર્ય પ્રેમ, માનવપ્રેમ, વ્યક્તિવાદ, દંભહીન નિખાલસતા — આ બધા વિશે આપણે થોડીક વધુ કદર કરવાની આવશ્યક્તા છે.

આપણે ભારતના શ્રેષ્ઠ બુદ્ધિધનને સરાસરી અમેરિકન સાથે સરખાવીને નિર્ણય બાંધી લઈએ છીએ કે આપણે "ગ્રેટ" છીએ. અમેરિકામાં આવી વસેલા પહેલી - બીજી પેઢીના સખત કામ કરી અજાણ્યા દેશમાં સ્થિર થવા માંગતા આગંતુક ભારતીયોને અહીંના ઉચ્છૃંખલ યુવાન કે હિપ્પી સાથે સરખાવીને આપણે નિર્ણય કરીએ છીએ કે આપણે જ ઉદ્યોગપ્રિય છીએ ને અમેરિકનો નથી. આ જાતની સરખામણીઓ અર્થહીન છે. એ તેમના વિશે નહિ, આપણા વિશે કશુંક કહી જાય છે. આપણા માનસમાં અમેરિકનોની એક બીબાંઢાળ છબી ઉપસાવીને આપણે બેઠા છીએ કે તેઓ ડોલરઘેલા જડવાદી સુખશોધકો છે, જ્યારે આપણે નીતિમાન આધ્યાત્મિક આત્મલક્ષી સત્યાન્વેષકો છીએ. ફક્ત ખ્રિસ્તી જ નહિ પણ બધા ધર્મોની ફિલસૂફીનો અભ્યાસ અમેરિકામાં કેટલી ગહનતાથી અધ્યાત્મલક્ષી (Theosophical) સ્કૂલોમાં થાય છે એની આપણને કાંઈ જ ખબર નથી. છતાં આપણી માની લીધેલી આધ્યાત્મિક સરસાઈને આત્મસંતોષથી ચૂસી, ચાવી, વાગોળી, આપણે અભિપ્રાયોના ગોળા ગબડાવ્યે રાખીએ છીએ. ટૂંકમાં કહીએ તો, અમેરિકન પ્રજા જુદી જરૂર છે, પણ ભારતના લોકો માને છે એવી જડસુ કે અનીતિમાન નથી. આપણે એમની પાસેથી ઘણુંબધું શીખવા જેવું છે — જો ખરેખરું અમેરિકા આપણે પિછાણી શકીએ તો!

અમેરિકામાં સારું ભણીને સ્થિર થયેલી એક બુદ્ધિમાન ભારતીય સન્નારીને મેં પૂછ્યું:

૧. તમે એકંદરે શું પસંદ કરો, ભારતીય સંસ્કૃતિ કે અમેરિકન?

   તે કહે, અલબત્ત, ભારતીય જ.

૨. પછી મેં પૂછ્યું, 'તમને નિયમિતતા ગમે? સ્ત્રી પુરુષની સમાનતા ગમે? અંગત જીવનમાં પ્રાઈવસી ગમે?

   એ દરેકનો ઉત્તર એક જ, અને ભારપૂર્વક : 'હા, એ તો ગમે જ ને!'

જ્યારે મેં સમજાવ્યું કે આ ત્રણેય આધુનિક પાશ્ચાત્ય મૂલ્યો છે, ભારતીય પરંપરાનો ભાગ નથી, ત્યારે એ સન્નારીને જે આંચકો લાગ્યો હશે, એની કલ્પના કરો. બુદ્ધિમાન હતી - વિચાર કરતાં એક જ મિનિટમાં એને ખ્યાલ આવી ગયો કે એના બંને ઉત્તરો એકબીજાના વિરોધી હતા.

અમેરિકામાં વસતા લગભગ બધા ભારતીયો પોતાનો 'સાંસ્કારિક વારસો' ભુલાઈ જશે એની ચિંતા કરે છે. પોતાના સંતાનો આ અમૂલ્ય વારસાના ગુમાવી બેસે નહિ, એ માટે પ્રયત્ન કરવો જોઈએ એમ તેઓ માને છે. તેમને ખ્યાલ જ નથી કે તેઓ શાની વાત કરી રહ્યા છે. ચીલાચાલુ રૂઢિચુસ્તતા, નીતિ - અનીતિના જૂના ખ્યાલો, સંયુક્ત કુટુંબની તરફદારી, સંતાનોના લગ્નસંબંધો અને ધાર્મિક વિધિનિષેધો — આટલું મોટા ભાગના લોકોના મનમાં હોય છે. આધુનિક રંગે રંગાયેલી એક નાની પૈસાપાત્ર ને શિક્ષિત લઘુમતીના મનમાં ફક્ત ભાષા - સંગીત - નાટ્ય કે બોલીવુડ હોય છે. માન્યતાઓ કે સાંસ્કારિક વલણોની વિવિધતા વિશે વિચારવું તો દૂર રહ્યું, એ ભાગ્યે જ કોઈના ધ્યાનમાં સુદ્ધાં આવે છે. પરંતુ કલ્ચરનું, સંસ્કારોનું, સૌથી મહત્ત્વનું પાસું તો આ જ છે. કારણ બીજું બધું એમાંથી ઉપજેલું છે, એ વાત વિસારે પડે છે.

પૈસા, પોષાક, પરિચર્યા ને ફેશનમાં ઘણા ભારતીય અમેરિકનોએ ખુદ અમેરિકનોને જ પાછળ પાડી દીધા છે. પણ મૌલિકતા, મેનેજમેન્ટ ને મોડર્નિટીમાં આપણે એમને ક્યારી ટપી જઈશું? સર્જન શક્તિ ને સંશોધનમાં આપણે ક્યારે આગળ વધીશું?

આજે તો ભારતીય સમારંભોમાં સમયસર પધારવું એ જ આપણી સર્વોત્તમ સફળતા ગણાય છે. સ્વચ્છતા એ જ સર્વાધિક સિદ્ધિ છે.

અંતમાં નીચેના ત્રણ સાદા કથનો ધ્યાનથી તપાસો :

૧. સમાજની પ્રગતિ ઉપર સામાજિક સંસ્કારો (કલ્ચર)ની અસર થાય છે.
૨. આપણું કલ્ચર અમેરિકા કરતાં અલગ છે.
૩. અમેરિકા આગળ વધેલું છે, આપણે નથી.

આ ત્રણ હકીકતોમાં રહેલું તથ્ય તમે સ્વીકારી શકો, તો એમાંથી શું તારતમ્ય નીકળે છે? વિચાર કરો.

*(શ્રી સુબોધ શાહના પુસ્તક* ***'Culture can Kill'****'ના પ્રકાશન-૮ પર આધારિત)*

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*ફોન : (૦૨૬૫) ૨૩૧૧૫૪૮*

MILAN® MASALA

**K. K. MASALAWALA**
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

# કુદરતનો કરિશ્મા : લોનારનો ઉલ્કાકુંડ

• મંજુબેન ગડા •

કુદરતી રચનાઓ વિશે જેટલું લખાયું છે એટલું જૂજ અપવાદ બાદ કરતાં બીજા કોઈ વિષય પર નહીં લખાયું હોય. કુદરત પરના કવિ-લેખકોના પસંદગીના વિષય હોય છે : સમુદ્ર, પર્વત, નદી, કૂવો, સરોવર, જળધોધ, વરસાદ વગેરે. એક કુદરતી રચના બધાની નજરમાંથી છટકી ગઈ છે. એ છે ઉલ્કાકુંડ. એના માટે ઉલ્કાકુંડના સૌંદર્યની કમી નહીં પણ એમની મર્યાદિત સંખ્યાને લીધે લખનારાઓની જાણકારીનો અભાવ છે.

પૃથ્વી પર મોટા કદની ઉલ્કા પડવાથી જમીનમાં થતો વિશાળ વાટકી જેવો ગોળાકાર ખાડો ઉલ્કાકુંડ કહેવાય છે. એ તળાવ કે સરોવર નથી, કુવો પણ નથી. એ કુંડ છે. ઠંડા પડેલા જ્વાળામુખીની મુખરચના વળી જુદા જ પ્રકારના કુંડ છે. પગથિયાવાળા માનવસર્જિત કુંડ પુરાણા મંદિરો પાસે ઘણે ઠેકાણે જોવા મળે છે. ઉલ્કાકુંડ આ સૌથી અલગ અને વિશિષ્ટ છે.

પૃથ્વી પરના ગણ્યાગાંઠ્યા ઉલ્કાકુંડોમાંથી એક છે લોનારનો. ભારતમાં આવેલો એ સૌથી મોટો અને ચોક્કસપણે ઓળખાયેલો કદાચ એકમાત્ર કુંડ છે. બીજા કેટલાક સ્થળો ઉલ્કાકુંડ હોવાની શક્યતા બતાવાઈ છે પણ ચોક્કસપણે પુરવાર નથી થયા. લોનારની કક્ષાના દુનિયામાં બીજા પાંચ છ થી વધુ ઉલ્કાકુંડ નથી.

ખગોળીય અને ભૂસ્તરીય મહત્ત્વ ઉપરાંત લોનારની બીજી એક વિશિષ્ટતા એ છે કે તે જળાશય બની ગયું છે. એનું પાણી સમુદ્ર કરતાં પણ વધારે ખારું છે જ્યારે આસપાસના વિસ્તારનું પાણી સામાન્ય છે. ઉલ્કામાં રહેલા ક્ષાર કદાચ આના માટે જવાબદાર હોય. દુનિયામાં સૌથી વધુ પ્રસિદ્ધિ પામેલું અમેરિકાનું બેરીંજર ઉલ્કાકુંડ લોનાર કરતાં નાનું અને સૂકું છે.

અવકાશી સમયગણના પ્રમાણે લોનાર સાવ નવો એટલે આશરે પચાસ હજાર વર્ષો જૂનો છે. એનો ઘેરાવો ૬ કિલોમીટર, વ્યાસ ૧.૮૫ કિલોમીટર અને ઊંડાઈ આશરે ૫૦૦ ફૂટની ગણાય છે. જમીનની સપાટીથી પાણીની સપાટી ૨૫૦ થી ૩૦૦ ફૂટ નીચે છે અને પાણી ૨૦૦ થી ૨૫૦ ફૂટ ઊંડું છે. એના કાંઠા પર ઊભા રહેવાથી એની વિશાળતાનો ખ્યાલ નથી આવતો.

લોનાર દર્શનીય છે. જુદા જુદા ચાર પાંચ પોઈંટ પરથી એનું અલગ દશ્ય જોઈ શકાય છે. પાણીની સપાટી સુધી જવા માટે પગથિયાં પણ બનાવેલાં છે. મોડી સાંજે અને વહેલી સવારે મોરના ટહુકાર અને અન્ય પક્ષીઓના કલરવથી વાતાવરણ ગૂંજી ઊઠે છે. સવારના કુંડમાં ધુમ્મસ ઘેરાવાથી વળી જુદું જ દશ્ય દેખાય છે.

આવા સ્થળોની આજુબાજુ માનવસર્જિત હરિયાળીનો અભાવ પર્યટન વિભાગની બેદરકારીનો પુરાવો છે. પરિણામે બધી જગ્યાઓની જેમ આના સૌંદર્યમાં પણ થોડી ઝાંખપ આવી જાય છે. તેથી લોનાર જવાનો શ્રેષ્ઠ સમય ચોમાસા પછી તુરતનો ગણાય. કુદરતના સાંનિધ્યમાં રહી એના સૌંદર્યનો આનંદ માણનારને લોનાર નિરાશ નહીં કરે. આ જાતે અનુભવ્યું છે.

લોનાર, મહારાષ્ટ્રના અંતરિયાળ ભાગમાં બુલઢાના જિલ્લામાં આવેલું છે. ઔરંગાબાદથી પૂર્વમાં ૧૫૦ કિલોમીટર અને જાલનાથી થોડું નજદીક પડે છે. ત્યાં જવા માટે ખાનગી વાહનની વ્યવસ્થા ન હોય તો સ્ટેટ ટ્રાન્સપોર્ટની ઘણી બસો જાય છે.

ભક્તિપ્રધાન ભારતની પ્રજાએ આ સ્થાનને પણ ધાર્મિક સ્થળ બનાવી કાઢ્યું છે. કુંડના પરિસરમાં એવા બે ત્રણ નાના આકર્ષણ છે. તાજેતરમાં રાજ્ય સરકારે લોનારને પર્યટન સ્થળ તરીકે વિકસાવવાનું શરૂ કર્યું છે. એક રીતે આ સારું છે. જો કે છેલ્લા પચાસ વરસમાં પર્યટન સ્થળોની જે હાલત થઈ છે તે જોતાં લોનાર, ઉલ્કાકુંડના બદલે માનવસર્જિત કચરાનો ઉકરડો ન બની જાય તો સારું. જાહેર જગ્યાઓની અને પર્યટન સ્થળોની અવનતિ/ખરાબી કરવાનો આપણો સાંસ્કૃતિક વારસો જે રહ્યો!

આવા મનોહર ઉલ્કાકુંડ રચતા ઉલ્કાપાતની વિનાશક શક્તિ વિશે થોડું જાણવું રસપ્રદ રહેશે.

આપણા સૂર્યમંડળમાં ગ્રહો અને ઉપગ્રહો ઉપરાંત લાખો નાના પિંડો સૂર્યની પ્રદક્ષિણા કરે છે. એમની ભ્રમણ કક્ષાના આધારે તેઓ ધૂમકેતુ કે ઉલ્કાના નામે ઓળખાય છે. આ ઉલ્કાઓ ગ્રહો અને ઉપગ્રહો સાથે અવારનવાર ટકરાયા કરે છે.

ચંદ્રના ફોટા જોતાં કે પછી ચંદ્રને દૂરબીનથી જોતાં એની સપાટી પરના હજારો ખાડા જે શીતળાના ગીચ ચાઠા જેવા દેખાય છે, તે ચારસો કરોડ વર્ષથી થતી ઉલ્કાપાતની નિશાનીઓ છે. ચંદ્ર પર હવા, પાણી કે વરસાદ ન હોવાથી તે જળવાઈ રહી છે.

પૃથ્વી પર પણ એટલો જ ઉલ્કાપાત થયો છે છતાં એના સાવ ઓછા નિશાન જોવા મળે છે. મોટાભાગની ઉલ્કાઓ સાવ નાની

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૮ ઉપર)

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# સંસ્થાકીય દસ્તાવેજીકરણ

• પન્નાલાલ ખીમજી છેડા •

આશરે ૧૭૫ વર્ષ પહેલાં કચ્છી વીસા ઓસવાળ જૈન જ્ઞાતિએ મુંબઈમાં પગરણ માંડ્યા. ત્યારથી મુંબઈના ઇતિહાસ સાથે આપણે સંકળાયેલા છીએ. મુંબઈમાં સહુથી પહેલા આવેલી કપોળ જ્ઞાતિ, ત્યાર પછી પારસી, ભાટિયા અને સૌરાષ્ટ્રમાં માંગરોળ તરફના જૈનો અને કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિએ મુંબઈમાં સ્થિર થવાનો પ્રયત્ન કર્યો હતો. કઠોર પરિશ્રમ અને મહત્ત્વાકાંક્ષાએ સહુને સારી સફળતા અપાવી હતી.

**આ તમામ જ્ઞાતિઓએ કોઈક ને કોઈક રીતે મુંબઈના લોકજીવનમાં યોગદાન આપ્યું છે. પારસીઓ અને ભાટિયા જ્ઞાતિનો ફાળો એમાં વિશેષ રહ્યો છે.**

મુંબઈમાં કચ્છી વીસા ઓસવાળ જ્ઞાતિજનો મોટેભાગે ભાતબજાર, ચીંચબંદર, મસ્જિદ બંદર, વડગાદી જે માંડવી વિસ્તાર તરીકે ઓળખાતો એ પરિસરમાં રહેતાં અને ત્યાં જ વ્યવસાયની ક્ષિતિજો વધારતા ગયા. અનાજ, રસકસ, કરિયાણું, શણ, કોટન ઉપરાંત એ વ્યવસાયોને સ્પર્શતા અન્ય ધંધા - નોકરીમાં પ્રવૃત્ત રહ્યા.

ખારેક બજારનું અનંતનાથજી દેરાસર બે સદી પૂર્ણ કરી ચૂક્યું છે. ભાત બજારના આદેશ્વરજી દેરાસરે ૧૫૫મા વર્ષમાં પદાર્પણ કર્યું છે. વિજયવલ્લભ ચોકના ગોડીજી જિનાલય, બોરા બજારના શાંતિનાથજી જિનાલય તેમજ તળ માહિમના શાંતિનાથજી જિનાલય પણ આ આંકડાઓ પાર કરી ચૂક્યા છે. આ તમામ જિનમંદિરો ત્યારની આપણી પ્રજાના હાર્દ સમા હતા. શ્રી ક.વી.ઓ. જ્ઞાતિ મહાજન પણ એ સમયે એક તાંતણે બંધાયેલું હતું. કોઈ ફિરકા ભેદ ન હતા. કેટલાંક વર્ષો પછી સ્થાનકવાસી મહાજનની સ્થાપના થઈ. હવે બે મહાજન થયા. આ એક વહીવટી ફેરફાર હતો. સંપ્રદાય ભેદની કોઈ અસર જ્ઞાતિ વ્યવસ્થા કે સમાજ જીવન પર પડી ન હતી.

આ બંને મહાજન હવે સદી / દોઢ સદી વટાવી ચૂક્યા છે. કેળવણી ક્ષેત્રે શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન હાઈસ્કૂલ (પાલાગલી સ્કૂલ) શતાબ્દી પૂર્ણ કરી ૧૦૮મા વર્ષમાં પ્રવેશી ચૂકી છે. શ્રી ધનજી દેવશી ક.વી.ઓ. કેળવણી ફંડ અને વ્યવસાયિક સંસ્થા ધી બોમ્બે ગ્રેન ડિલર્સ એસોસિએશન શતાબ્દી વર્ષ ઉજવવામાં છે. કદાચ અન્ય સંસ્થાઓ પણ સૈકો પાર કરી ગઈ હશે. કેટલીક સંસ્થાઓ દસ - પંદર વર્ષમાં શતાબ્દીનો અવસર ઉજવવાને યોગ્ય બની રહેશે. આ સહુને માટે એક મહત્ત્વની હકીકત રજૂ કરીએ છીએ.

સંસ્થા, ધાર્મિક હોય, સામાજિક હોય, વ્યવસાયિક હોય કે કેળવણીને સ્પર્શતી હોય એનો હેતુ તો પ્રજા જીવનના વિભિન્ન તાંતણાઓને એક કરી પોતપોતાના ક્ષેત્રને નિર્ભર બનાવવાનો હોય છે. એ સંસ્થાઓનો સંબંધ પ્રજામાનસ અને સામાજિક પ્રવાહો સાથે હોય છે. હાલરડાં ગાતાં ૧૦૦ વર્ષ પૂરાં ન થાય. કેટકેટલી તડકી છાંયડીઓ વેઠીને તેને બળૂકું નેતૃત્વ પૂરું પાડનાર કર્મઠ અગ્રણીઓ અને કાર્યકરો પાયાના શિલ્પીઓ બન્યા પછી તેના ભાગ્યનિર્માતા બને છે. છેવટની પેઢી તો નકશામાં માત્ર રંગ પૂરે છે. એનું કલાવિધાન ત્યારે પૂરું થાય કે જ્યારે સંસ્થાના ખમતીધર અધિકારીઓ દ્વારા બની ગયેલા ઇતિહાસને તેના તમામ સંદર્ભો સાથે સંપૂર્ણ ન્યાય મળે. દષ્ટિકોણ ખંડિત ન બને તેમ સંસ્થાનું દસ્તાવેજીકરણ (ડોક્યુમેન્ટેશન) થાય, પ્રજાને તેની જાણ થાય એ મહત્ત્વનું કામ સાંપ્રત વહીવટકારોનું છે. શાસ્ત્રીય પદ્ધતિના યોગ્ય અભ્યાસીઓ દ્વારા આ કામ થાય તે જરૂરી છે.

આજે ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો જમાનો છે. કોમ્પ્યુટર અને ઈન્ટરનેટના માધ્યમ દ્વારા, વીડિયો અને ઑડિયોના ઇલેક્ટ્રોનિક પ્રસાર માધ્યમો દ્વારા દરેક ઘટનાઓને તસવીરોમાં સાંકળી આવા દસ્તાવેજીકરણને સરળ બનાવવા આજના યુગ પાસે અદ્યતન સાધનો છે. સવાલ છે એ પહેલાનું શું?

દસ્તાવેજીકરણ કરતી વેળાએ કઈ બાબતોનો ખ્યાલ હોવો જોઈએ. દસ્તાવેજીકરણ કોઈ સામાન્ય લેખન નથી હોતું. એ એક સશક્ત આલેખન હોય છે. આમ જોવા જાવ તો સમાન અર્થી શબ્દોને કારણે ભેદ ન પરખાય પણ તેમ છતાં કોઈ પણ પ્રવૃત્તિ કે ઘટનાઓનું યોગ્ય આલેખન થાય તેને દસ્તાવેજીકરણ (ડોક્યુમેન્ટેશન) કહી શકાય. એવું પણ બને કે સિલસિલાબંધ માહિતી કે દસ્તાવેજી પુરાવાના અભાવે માહિતીની જગ્યા ક્યારેક ખાલી પણ હોય ત્યારે વિદ્વાન સંશોધક પુરાવા એકઠા કરી એ ખાલીપો પૂરવાનો પ્રયત્ન કરે છે.

લાંબો વિચાર કરીએ તો વીતી ગયેલાં વર્ષો કંઈ એકસરખાં પસાર નહિ થયા હોય. દરેક તબક્કે સંસ્થાને જુદી જુદી તાસીર ધરાવતાં આગેવાનો અને કાર્યકરો મળ્યાં હોય. ક્યારેક એવો સમય હોય છે જ્યારે કેટલીયે વ્યક્તિઓએ સંસ્થા કે પ્રજા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હોય, સંસ્થાને ઉજળી બનાવવામાં તેનો મહત્ત્વનો હિસ્સો હોય તો ક્યારેક સ્વાર્થી અને પાંગળા કાર્યકરોએ સંસ્થાને સમયથી પાછળ ધકેલી દીધી હોય. પારદર્શિતાને કોરે મૂકીને પોતાના હિતને તેમણે જોયું હોય. આવું દરેક દાયકે બનતું હોય

સાબુ, બિસ્કિટ, બ્રેડ, અગરબત્તીના રેપર્સ અને કાર્ટન બનાવનાર
cps કમર્શિયલ પેકીંગ સર્વિસીસ
સ્થાપના ૧૯૫૮ ઓફસેટ પ્રિન્ટર્સ – પેપર કન્વર્ટર્સ
53/54, યુનીક ઈન્ડ. એસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જવાહર સિનેમા સામે, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-80.
ફોન : 67993347, 25684567
ફેક્સ : 67993357
E-mail : compack@pin2piano.net

છે. આનાથી માનવ જીવનની પામરતા અને સક્ષમતા એમાંથી છતી થતી હોય છે.

આમ દસ્તાવેજીકરણ માત્ર સરળ ભાષામાં લખાયેલ લેખન કે માહિતી કરતાં માનવ જીવનના આવા મહત્ત્વના પાસાઓના નિરૂપણ સાથે કયા કયા રંગોએ આજનું મેઘધનુષી વાતાવરણ સર્જી આપ્યું હોય તેનો ઉલ્લેખ અને આલેખન અત્યંત અનિવાર્ય બની તે તે સમયના વહીવટદારોની ક્ષમતા અને વહીવટની પારદર્શિતાનું સબળ પાસું બની રહે છે.

ટૂંકમાં, કોઈ પણ પ્રકારે વીતી ગયેલી ઘટનાના અસ્તિત્વને જાણી શકાય અને તે તે ઐતિહાસિક પળોને શાશ્વત અને જીવંત સ્વરૂપ સાંપડે એનું નામ દસ્તાવેજીકરણ. સંસ્થાકીય દૃષ્ટિએ જોઈએ તો કામગીરીની નોંધ અને તેનું મૂલ્યાંકન, વહીવટની પારદર્શિતા અને વિવિધ કાર્યો કે પ્રવૃત્તિઓની લાંબાગાળાની જાળવણી માટે દસ્તાવેજીકરણ એ ઉત્તમ પ્રક્રિયા હોઈ શકે.

ગુજરાતી ભાષામાં દસ્તાવેજીકરણને "કાળ સંદૂક" નામ આપવામાં આવ્યું છે. ઇંદિરા ગાંધીના સમયમાં આવી કાળ સંદૂક દ્વારા ભારતના ઇતિહાસની મહત્ત્વની કડીઓ સાચવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. કોઈપણ કાળના ઇતિહાસને જોવા જાણવા માટે દસ્તાવેજ રૂપી સંદૂક અત્યંત જરૂરી છે.

આવું દસ્તાવેજીકરણ કરનાર વ્યક્તિના રાગદ્વેષ કે તેની માન્યતાઓનું આલેખન એમાં ન હોય. પૂર્વગ્રહો કે પ્રભાવક દબાણ ન હોય, એકાંગીપણું ન હોય, જે બન્યું હોય છે માત્ર તેનું નિરૂપણ જ આગળના ઇતિહાસ જોડે પગલાં માંડી શકે. પછી સારું હોય કે નઠારું હોય, આલેખન જ લોકમાનસ માટે અસરકારક બની શકે. અન્યથા ખોટું નિરૂપણ અર્થનો અનર્થ કરનારું બને તો તેની વિશ્વસનીયતા ખોઈ બેસે.

માત્ર કચ્છી વીસા ઓસવાળ જ્ઞાતિની સંસ્થાઓનો ઉલ્લેખ કર્યો છે એટલા માટે નહિ પરંતુ આ તબક્કે પહોંચેલી પ્રત્યેક સંસ્થાએ દસ્તાવેજીકરણના માર્ગે જવું જોઈએ. પછી તે ધાર્મિક હોય કે સામાજિક હોય, વ્યવસાયિક હોય કે કેળવણીની હોય. ઇતિહાસ માત્ર આંકડાઓથી ન બને પણ માનવીના ગુણ અને અવગુણોના સરવાળામાંથી નિપજેલી વ્યથા અને વેદનામાંથી, વ્યક્તિની કોઠાસૂઝમાંથી એક સંસ્કૃત સમાજનું કઈ રીતે નિર્માણ થાય છે તેનું આલેખન એ ઇતિહાસ ન રહેતાં દસ્તાવેજીકરણ સ્વરૂપે સાધ્ય અને સાધનની ગરિમાનું પ્રકટ સ્વરૂપ બની રહે છે.

આશા છે, આવનારા દિવસોમાં આપણી અનેક સફળ સંસ્થાઓનું આલેખન દસ્તાવેજીકરણ પામી વર્તમાનના ઉંબરે ઊભા રહી ભૂતકાળને જાણી શકશે.

***છેડા જ્વેલરી માર્ટ,***
***૪૦-૪૨, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૩.***
***ફોન : (૦૨૨) ૨૩૪૨ ૧૯૯૫, ૨૩૪૨૦૫૧૫***

***નોંધ : માનનીય લેખકશ્રીના વિચારને અનુરૂપ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેની ૫૦ વર્ષની દીર્ઘ કારકિર્દીની ઘટનાઓનું દસ્તાવેજીકરણ આજથી ૧૬ મહિના અગાઉ શરૂ કરી દીધેલ છે. 'મંગલ મંદિર'ના ચાલુ અંકમાં આ દસ્તાવેજીકરણનો ૧૭મો હપ્તો પ્રસારિત કરવામાં આવેલ છે.***

***– તંત્રી મંડળ***

## કુદરતનો કરિશ્મા : લોનારનો ઉલ્કાકુંડ

**(અનુસંધાન : પાના નં.-૪૬ ઉપરથી ચાલુ)**

હોવાથી તે પૃથ્વીના વાતાવરણમાંથી પસાર થતાં બળી જાય છે જેને સામાન્ય ભાષામાં આપણે "ખરતો તારો" કહીએ છીએ. પૃથ્વીની ૮૦ ટકાથી વધારે સપાટી પાણી, રણ અને બરફાચ્છાદિત હોવાથી નિશાન જાળવતી નથી. વધારામાં કરોડો વરસના વરસાદ, પવન અને બીજી કુદરતી ઘટનાઓને લીધે પૃથ્વીની સપાટી સતત બદલાતી રહી છે. એટલે જ સાવ ઓછા કુંડ જળવાઈ શક્યા છે.

લોનારમાં પડેલી ઉલ્કા ૬૦ મીટરનો વ્યાસ ધરાવતી હોવાનું વૈજ્ઞાનિકોનું માનવું છે. આ કદની ઉલ્કા એનાથી ત્રીસ ગણો પહોળો અને ત્રણ ગણો ઊંડો ખાડો પાડી કરોડો ટન માટી હવામાં ઉડાડી શકે છે. એનાથી ઉત્પન્ન થયેલી ઉર્જા, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાન પર પડેલા અણુબોંબ કરતાં ૩૦૦ ગણી વધુ હોવાનું વૈજ્ઞાનિકોનું માનવું છે. આના પરથી જાનમાલની હાનિ અને વાતાવરણ પર થતી અસરનો અંદાજ લગાવી શકાય છે. ધૂળની આ ડમરી મહિનાઓ સુધી વાતાવરણમાં ફરતી રહી શકે છે. જો આ ઉલ્કા દરિયામાં પડત તો એનાથી ઊઠતા સુનામી મોજાં સેંકડો માઈલ દૂર જમીન પર ફરી વળત.

પૃથ્વી પર લોનારના કદની ઉલ્કા દસ કે વીસ હજાર વરસમાં એકવાર પડે છે. આવનારી ઉલ્કા આવતા વર્ષે પણ પડી શકે કે પછી બે પાંચ હજાર વર્ષ પછી પણ પડે. એટલા માટે ભવિષ્યમાં આ પ્રકારની હોનારત ટાળવા અમેરિકા અને અન્ય વિકસિત દેશો તૈયારી કરી રહ્યા છે. આકાશનું સતત નિરીક્ષણ થાય છે. પૃથ્વી નજીક આવતી મોટી ઉલ્કાને અવકાશમાં જ બીજી દિશામાં ફંટાવી કે પછી નાના ટુકડાઓમાં તોડી એની વિનાશકારી અસર ઘટાડવાની શક્યતાઓ તપાસાય છે, બનાવાય છે.

માનવ નજરે નિહાળેલો એકમાત્ર ઉલ્કાપાત આશરે એક હજાર વર્ષ પહેલાં ચંદ્ર પર થયો હતો જેની નોંધ ઈંગ્લેન્ડના પાદરીઓએ કરેલી છે. પૃથ્વી પર ૧૯૦૮માં સાયબેરિયાના ટુંગસ્કામાં પડેલો અવકાશી પિંડ વાસ્તવમાં ધૂમકેતુનો નાનો બરફનો ટુકડો હતો, નક્કર પથ્થર નહોતો. એનાથી પણ માઈલો સુધી વિનાશ વેરાયો હતો. ગયા જાન્યુઆરી મહિનામાં ફરી રશિયામાં ઉલ્કાવર્ષા થઈ એની ચર્ચાથી આ કાર્યક્રમને વેગ મળે છે.

ઉલ્કા ક્યારે અને ક્યાં પડે તે અવકાશી પિંડોની ભ્રમણકક્ષા, એમની ઝડપ, ગુરુત્વાકર્ષણ બળ વગેરે નિયમોને આધારીત હોય છે. પૃથ્વી પર રહેતા લોકોની જીવનશૈલી કે ધાર્મિક માન્યતાઓ સાથે એને જરાપણ નિસબત નથી હોતી. લોનારથી દસ-વીસ ગણી મોટી ઉલ્કા જો ભારતના મધ્યભાગ પર પડે તો દેશની બધી જ જીવસૃષ્ટિ અને વનસ્પતિનો પળવારમાં નાશ થઈ જાય. આ કલ્પના નથી, હકીકત છે.

આનાથીય વિશાળકાય ઉલ્કા સાડા છ કરોડ વર્ષ પહેલાં પૃથ્વી પર પડી હોવાનું વૈજ્ઞાનિકોનું માનવું છે, જેના પરિણામે પૃથ્વી પર વિચરતા બધા જ મહાકાય ડાયનોસોરનો સંપૂર્ણ નાશ થયો હોવાનું મનાય છે. પુરાણોમાં વર્ણવાયેલ પ્રલયો, દરિયામાં પડેલી ઉલ્કાઓનું પરિણામ હોઈ શકે!

***૧, શ્યામ વાટિકા સોસાયટી***
***વાસણા રોડ,***
***વડોદરા - ૩૯૦ ૦૦૭.***

# સમત્વની ઉત્કૃષ્ટ દિશાઓ અજવાળતા પ્રભુ મહાવીર સ્વામી

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

આ સંસારમાં પરમ તત્ત્વનું અવતરણ નિત્ય થવા પામે છે. પાપ કર્મો અને પાપીઓનો ધ્વંસ કરે છે. વૈશાલી નગરીના ક્ષત્રિય કુંડગ્રામ નામના પરામાં સિદ્ધાર્થ નામે રાજા રાજ્ય કરતો હતો. તેમની રાણીનું નામ ત્રિશલાદેવી. તેમની કૂખે મહાવીર સ્વામીનું અવતરણ થયું. ત્યારબાદ રાજ્યમાં ધન, ધાન્ય અને ઐશ્વર્યની વૃદ્ધિ થતાં, તે બાળકનું નામ વર્ધમાન પાડવામાં આવ્યું. સંસારના સનાતન સત્યની ખોજ કરવાનું મન બચપણથીજ હતું. તેઓ નિરંતર આત્મવત રહેતા તેથી ગૃહત્યાગ કરવા અવારનવાર મનસૂબો થતો. વર્ધમાનના લગ્ન યશોદાદેવી નામની સુશીલ કન્યા સાથે થયેલા.

ત્રીસ વર્ષની વયે મહાવીરે પોતાના મોટાભાઈ નંદીવર્ધનની આજ્ઞા લઈ, આત્મસાધના માટે ઘર છોડી સાડા બાર વર્ષ ઘોર તપસ્યા કરી. કેટલાય દિવસો અન્નજળનો ત્યાગ કરી મન, બુદ્ધિ, ચિત્તને વશ કર્યા. જરૂરિયાતો તો એટલી અલ્પત્તમ કરી નાખી કે દેહ પર વસ્ત્ર પણ ન રહેવા દીધું. ઉગ્ર તપશ્ચર્યાના ફળ સ્વરૂપ તેમને ૪૨ મેં વર્ષે વૈશાખ સુદ ૭ ના રોજ ઋજુવાલિકા નદી કિનારે શાલવૃક્ષ નીચે કેવલજ્ઞાન — સંપૂર્ણજ્ઞાન પ્રાપ્ત થયું. તેઓએ ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથના પંથમાં દાખલ થઈ અનુપમ શાંતિ મેળવી. લોકોને તેઓ ૩૨ વર્ષ સુધી ઉપદેશતા રહ્યા. સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય અને અસ્તેય વ્રતો સાથે અપરિગ્રહ વ્રત ઉમેર્યું.

અનેકાંતવાદનો સિદ્ધાંત એ એમનું માનવજાત માટેનું મૂલ્યવાન બૌદ્ધિક અર્પણ છે. જ્યાં અનેકાંતવાદ છે, ત્યાં સંવાદ અને શાંતિ છે, ત્યાં પ્રેમ અને બંધુત્વ છે, ત્યાં સંપ અને સહકાર છે. એક સમયે મહાવીર સ્વામી અપાપા નગરીમાં આવ્યા ત્યારે એક મોટો યજ્ઞ ચાલતો હતો. વસુભૂતિના ત્રણ સંતાનો ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ આ યજ્ઞ કરાવી રહ્યા હતા. તેમની માતાનું નામ પૃથ્વી હતું. કિંતુ પૃથ્વીને ભૂલી આકાશચારી દેવોને પ્રસન્ન કરવા યજ્ઞ કરાવી રહ્યા હતા. ક્યારેક પ્રશ્ન પણ થતો કે શા માટે યજ્ઞનું કોઈ નક્કર પરિણામ કે ફળ મળતું નથી. આખરે એક સમયે ઈન્દ્રભૂતિ મહાવીર સ્વામીને મળવા આવ્યો ત્યારે એક કુશળ વૈદ્યની જેમ સ્વામીશ્રીએ તેને કહ્યું કે, "હે બ્રાહ્મણ, જીવ છે કે નહિ એ વિષે તારા મનમાં શંકા છે. પરંતુ હું કહું છું કે જીવ છે." ઈન્દ્રભૂતિ તેમને નમી ગયો. ત્યારબાદ અગ્નિભૂતિ મહાવીર સ્વામી પાસે આવ્યો ત્યારે સ્વામીજી કહે, "કર્મ છે કે નહિ? તેની તને શંકા રહે છે. કિંતુ હું કહું છું કે જીવને બાંધનાર કર્મ જેવી વસ્તુ છે." ત્યારબાદ વાયુભૂતિને મહાવીર સ્વામી વર્ણવતા રહ્યા કે, "દેહ અને ઈન્દ્રિયોનો સમુદાય કંઈ જીવ નથી. પણ દેહ અને ઈન્દ્રિયોથી જુદું જ જીવનું અસ્તિત્વ છે." ત્રણે બ્રાહ્મણ ભાઈઓ સંશયમુક્ત થઈ ગયા.

ત્રણેના નામમાંથી કંઈક દિશા સૂચન મળી રહે છે. ઈન્દ્ર, એ જળનો સ્વામી છે. જળની સાધના એ રસની સાધના છે. ભક્તિ માર્ગ છે. અગ્નિભૂતિની સાધના એ બુદ્ધિની સાધના છે. એ જ્ઞાન માર્ગ છે. જ્ઞાનનો જ્યાં સુધી સત્કર્મ સાથે સંબંધ ન હોય ત્યાં સુધી એ જ્ઞાન વાચિક જ્ઞાન જ રહે છે. ભગવાન મહાવીરે આ જ્ઞાનને કર્મ સાથે જોડી આપી અગ્નિભૂતિનું કાર્ય પૂર્ણ કર્યું.

વાયુભૂતિનો માર્ગ વાયુની સાધનાનો, "યોગ" નો છે. ઉપનિષદોમાં એવા ઘણા ઋષિમુનિઓની કથા છે જે અન્નને, જળને, અગ્નિને, પ્રાણને, આકાશને છેલ્લું તત્ત્વ માને છે. મહાવીર સ્વામીએ આ ત્રણેયને કર્મનો, જીવતત્ત્વનો પ્રબોધ પાઠવી તેમની સાધનાને આ પૃથ્વીના શુદ્ધ જીવન સાથે સાંકળી આપી.

મહાવીર એ માનવાચક શબ્દ છે. આસુરી શક્તિનો પરાજય કરીને વિશ્વનું પાલન કરનાર વિષ્ણુ મહાવીર કહેવાયા. પિતાનું વચન પાળનાર શ્રી રામચંદ્રજી ભગવાન મહાવીર કહેવાયા. અખંડ બ્રહ્મચારી સેવાનંદ હનુમાન મહાવીર કહેવાયા. આદર્શને પહોંચી જનાર વ્યક્તિને મહાવીર કહે છે. અંતર - બાહ્ય વિજય મેળવે તે મહાવીર. લોક કલ્યાણની ભાવનાથી પ્રેરાઈને એમણે પ્રબોધેલા સત્યો અને સિદ્ધાંતો આજે પણ એટલા જ સાચા લાગે છે. આજે તો બંગાળ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને દક્ષિણમાં પણ ઠેકઠેકાણે જૈનોની વસતી છે. જૈન મુનિઓએ સાહિત્યની પણ સુંદર સેવા કરી છે. જૈન લોકોએ બાંધેલા મંદિરો સુંદર - અનુપમ છે. સત્ય, કરુણા, મૈત્રીનો મહાન સંદેશ મહાવીર સ્વામીએ લોકોને આપી જન કલ્યાણનો માર્ગ સુગમ બનાવ્યો છે. અદ્યપિ ભગવાન મહાવીર સ્વામીજીના કથનો મુજબ અનેક લોકો સત્કર્મ કરી રહ્યા છે.

*'સહજાનંદ',*
*૬/એ લીમડા લેન, સંસ્કાર નગર*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. : ૯૮૨૫૨ ૩૪૩૪૬*

**શ્રદ્ધાળુ**

**અતિ શ્રદ્ધાળુ પ્રજા વૈજ્ઞાનિકો પેદા કરી શકતી નથી, કારણકે તેમને કશું શોધવાનું જ હોતું નથી. જે હોય છે તે જ બરાબર હોય છે.**

***— સ્વામી સચ્ચિદાનંદ***

**Meera Marketing**

**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**
**Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions**

30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

# લાકડાની તલવારે પણ જીતાય

• ચંદ્રહાસ ત્રિવેદી •

આમ તો અમારા કુટુંબમાં કોઈને નાટક - ચેટક સાથે ઝાઝો સંબંધ નહિ છતાંય કોણ જાણે ક્યાંથી અમને નાટક કરવાનો અભરખો જાગ્યો. તે વખતે અમારી કંઈ ઉંમર હતી નહિ. માંડ દસ-અગિયાર વર્ષ થયા હશે. પણ અમારા સદ્‌ભાગ્યે કે દુર્ભાગ્યે અમારા ગામમાં એક નાટક કંપનીએ ધામા નાખ્યા. ભારત નાટક કંપની – જો કોઈએ ભૂલેચૂકે તેનું નામ સાંભળ્યું હોય અને તેને જો યાદ હોય તો. અમારા પિતાશ્રી ગામના પ્રતિષ્ઠિત માણસ. તેથી તેમને ફ્રી પાસ મળે. ફ્રી પાસમાં નાટક જોવાની જે મઝા પડે તે પૈસા ખર્ચીને જોવામાં ક્યારેય પડતી નથી. પિતાશ્રીના જોરે ચાર-છ નાટક જોઈ નાખ્યા. શું મઝા આવે વન્સ મોરની! રાતના ત્રણ-ચાર વાગે નાટક પૂરું થાય અને તેની કડીઓ વાગોળતા અમે અર્ધા જાગતા અર્ધા ઊંઘતા ઘરે આવીએ પણ નાટક જોઈને બેસી રહે તેવો અમારો જીવ નહિ. ચાર-છ નાટકમાંથી મસાલો ભેગો કરીને એ ઉંમરે અમે નાટક લખી નાખ્યું – શ્રીમંતાઈ. નાટક લખ્યું તો ખરું પણ ભજવવું તો જોઈએ. તેથી પોળનાં છોકરાંને કંઈક લાલચથી, કંઈક ધાકધમકીથી ભેગાં કરી ‘શ્રીમંતાઈ’ નાટકનાં રીહર્સલો શરૂ કર્યા. સ્વાભાવિક છે કે સંવાદો તો અમે જોયેલા નાટકોના જ હોય. એમાં કંઈ ખોટું તે વખતે પણ અમને નહિ લાગેલું અને આજે પણ લાગતું નથી. કહેવાય છે સાહિત્ય જગતમાં કે તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં મહર્ષિ વ્યાસનું જ બધા ઉચ્છિષ્ટ ખાય છે.

તે જમાનાનાં નાટકોમાં રાજાની વાતો હોય અને રાજાનું પાત્ર અમને પહેલેથી જ ગમી ગયેલું. જિંદગીમાં રાજા થવાનું સદ્‌ભાગ્ય અમને મળ્યું હતું નહિ અને મળે એવી કોઈ શક્યતા હતી નહિ. જ્યારે નાટકમાં રાજા થતાં અમને કોઈ રોકી શકે તેમ હતું નહિ. જોરશોરથી નાટકની તૈયારીઓ કરી અને આસપાસની ચાર પોળોમાં જાહેરાત કરી. પડોશીના મોટા ઓટલા ઉપર વચ્ચે વળગણી હતી તેના ઉપર ચાદરો લટકાવી. આ ચાદરો મેળવવા અમને જે તકલીફો પડી તેવી ત્યાર પછી જીવનમાં ક્યારેય પડી નથી. બધાં પાત્રોના ડ્રેસ તો મળે નહિ પણ તેથી હારી જઈએ એવા અમે પહેલેથી જ નહિ. પ્રતીક તરીકે દરેક પાત્રને ડ્રેસનો એક ભાગ મળે તો અમારે ચાલે એ સિદ્ધાંત રાખવાને લીધે ડ્રેસની મુંઝવણનો અંત આવ્યો. રાજા માટે એક લોંગ કોટ મળે તો અમારે ભયો ભયો થઈ જાય. પણ લોંગ કોટ લાવવો ક્યાંથી અને તે પણ અમારી સાઈઝનો. એટલે કે બાર વર્ષના રાજા માટેનો. છેવટે અમારા ફળદ્રુપ ભેજામાં વિચાર સુઝ્યો કે ભાઈના જનોઈ વખતે મોસાળમાંથી લોંગ કોટ અને ધોતી મળી હતી તે જો મા પાસેથી પડાવીએ તો કામ થઈ જાય.

આમે મારા પિતાશ્રી તો નીરસ માણસ અને તે જમાનામાં પ્રોત્સાહન આપવાની થીયરી બહુ પ્રચલિત નહિ તેથી મા ઉપર મોટી મદાર બાંધી. નાનાંમોટાં કામ કરી અને છેવટે રડીરોઈને માને રીઝવી લોંગ કોટની વાત કરી અને જે તેમણે આપવાની વાત સ્વીકારી. માએ જે ઝડપે એ વાત સ્વીકારી તેથી અમને નવાઈ તો લાગી પણ ખેર, કામ થતું હોય તો તેની પાછળનાં પરિબળોની બહુ પળોજણ ન કરવી એ અમારો સ્વભાવ જન્મજાત. એટલે અમે પણ તે વાતમાં ઊંડા ઊતર્યા વિના નાટકને સફળ બનાવવા મંડી પડ્યા.

છતાંય નાટકના ચાર-છ દિવસ ઉપર બાને મેં યાદ દેવડાવ્યું કે પેટીમાંથી ભાઈનો લોંગ કોટ કાઢી રાખજે. બા કહે : “એ પેટીમાં નથી, બહાર જ છે. તું જ્યારે જોઈએ ત્યારે માગી લેજે.” વળી પાછા નાટકના આગલા દિવસે બાને લોંગ કોટની વાત યાદ દેવડાવી. બાએ ખાતરી આપી કે અહીં બહાર જ છે અને જ્યારે જોઈએ ત્યારે લઈ જજે. મેં બાને સૂચન પણ કર્યું કે પિતાશ્રીને પૂછી જોયું હતું? બા કહે, ‘એમાં પૂછવાની જરૂર નથી. અહીં જ છે અને કહીશ ત્યારે તને આપીશ.’ બસ. પછી વધારે શું જોઈએ?

નાટકનો દિવસ આવ્યો. દરમ્યાન કેટલાય પાત્રોની અદલાબદલી કરવી પડી. કેટલાંક વિઘ્નસંતોષી માબાપોએ એમનાં છોકરાને દબડાવી, ખસેડી લીધા. પણ ‘ડગલું ભર્યું તે ના હટવું, ના હટવું.’ એ પંક્તિ અમે આત્મસાત્ કરેલી તેથી હિંમત હાર્યા વિના, મુશ્કેલીઓની પરવા કર્યા વિના અમે અમારા ધ્યેયની સિદ્ધિ માટે આગળ વધતા જ રહેલા. અમારા ભાઈને મૂળથી જ મારી ભવ્ય યોજનાઓ ઉપર વિશ્વાસ નહિ. તેથી તે દૂરનો દૂર જ રહેલો. અને મેં પણ તેને દૂર જ રાખેલો. એક તો મોટો ભાઈ. ઉંમરમાં ચાર વર્ષે મોટો. એને સાથે રાખવામાં અમારી લીડરશીપ ચાલી જવાની થોડીક દહેશત પણ ખરી અને એનામાં અમારા જેવી મૌલિકતા અને સાહસનો અભાવ. તેથી તે પણ દૂર રહ્યો હતો. કુતૂહલથી અમારાં રીહર્સલો થોડેક દૂરથી તે જોઈ ગયેલો પણ તેનાથી તેને આનંદ થયો હોય એમ લાગેલું નહિ. ખેર, એમ બધાનાં મન જોવા જઈએ તો દુનિયામાં કંઈ થઈ શકે નહિ એ વાત વગર અનુભવે અમને નાનપણથી જ સમજાઈ ગયેલી. તેથી અમે તેના ઉપર ખાસ ધ્યાન આપ્યું હતું નહિ.

નાટકનો સમય થઈ ગયો. માંડ ભેગા કરેલા પ્રેક્ષકોને સાચવી રાખવાનું કામ મુશ્કેલ હતું અને એવી જ રીતે પડદાની પાછળના ગ્રીન રૂમનાં પાત્રોને પણ વળી અમારે સંભાળવાનાં હતાં. પડોશીના વંડામાં અમારો ગ્રીન રૂમ હતો. તેમાંથી ડ્રેસ બદલીને અમારા પાત્રો સ્ટેજ ઉપર આવે તેવી વ્યવસ્થા અમે રાખેલી. સ્ત્રી પાત્ર કોઈ મળેલું નહિ અને મળ્યું હોત તો રાખવા જેટલી અમારી હિંમત પણ નહિ. અને તેને માણવા જેવી, કદર કરવા જેવી ગામલોકોની પણ ક્ષમતા નહિ.

*કાળા કલરને લોકો અશુભ કહે છે. પણ શાળાનું બ્લેકબોર્ડ વિદ્યાર્થીને બ્રાઈટ બનાવે છે.*

સ્વાભાવિક છે આટલી મહેનતના પરિપાકરૂપે રાજાનો રોલ તો અમે જ રાખેલો. પ્રવેશની છેલ્લી પળે હું ઘરમાં દોડ્યો અને બા પાસે પેલો લોંગ કોટ માગ્યો. બા કહે આ તાકામાં જ પડ્યો છે લઈ જા. તાકામાં જોઉં તો લોંગ કોટ દેખાય નહિ. છેવટે બાને બોલાવી. બાએ આવીને મારા હાથમાં ભાઈનો 'લંગોટ' મૂકી દીધો. લોંગ કોટના બદલે 'લંગોટ' જોઈને મારી શું દશા થઈ હશે તેનો વિચાર કરતાં આજે પણ મારાથી રડી પડાય છે તો તે વખતે મારા શું હાલ થયા હશે?

લડવાનો, ઝઘડવાનો અને રડવાનોય વખત મારી પાસે હતો નહિ. બહાર પ્રેક્ષકોની ચિચિયારીઓ અને પડદો ખોલવા થતું દબાણ, અંદર પાત્રોના ઝઘડા એ બધાની વચ્ચેથી મારે માર્ગ કાઢવો પડ્યો. પડદો ખોલાવી નાખ્યો અને રાજા તરીકે રાજાના ડ્રેસ વિના મેં પ્રવેશ કર્યો. સંવાદો ઠોકવા માંડ્યા. પ્રેક્ષકો હસવા માંડ્યા. ધીમે ધીમે પાત્રો પ્રવેશ કરતાં જાય અને નાટક જામતું જાય તેમ મારા ભાઈનું મોં ઊતરી જવા લાગ્યું. પછી તો તાળીઓ પડી. અમારું કામ વખાણવા કે અમને અંદર પાછા મોકલવા! ગમે તે હોય અમે તો ઓર જોસમાં આવી ગયા. નાટક જામી ગયું.

આજે જીવનનાં રહસ્યો પામવા તત્ત્વજ્ઞાનમાં જ્યારે ડૂબકી મારીએ છીએ ત્યારે લાગે છે કે અમારું એ નાટક નિષ્ફળ ગયું હતું નહિ. એમાંથી અમે જે શીખ્યા તે જ અનુભવ અમને જીવનને ખમી ખાવામાં ઘણો ઉપયોગી નીવડ્યો. છેવટે જીવન શું છે? એક નાટક. અને એના રંગમંચ ઉપર આપણે ગમે તે હાલતમાં ગમે તે વેશમાં આવવાનું. ગોખેલા સંવાદો ભૂલી જઈએ ત્યારે હૈયામાંથી જે ઊકલે તેનાથી કામ ચલાવી લેવાનું. જે પાત્રો સાધનોની પૂર્ણતાનો આગ્રહ રાખે છે તે ક્યારેય રંગમંચ ઉપર આવી શકતાં નથી. સામી છાતીએ પ્રેક્ષકોને જે ઝીલી શકે, પાછળનાં પરિબળોને હતાશ થયા વિના સાચવી લે અને હિંમત ગુમાવ્યા વિના પૂર્ણ આત્મશ્રદ્ધાથી જે ઝંપલાવે અને પડદો ઉઘડાવીને પોતાનો રૉલ ગભરાયા વિના ભજવવા માંડે છે તે જ સફળ થાય છે. જે લોકો જીવનના રંગમંચથી ગભરાય છે, પ્રેક્ષકોની બીક રાખે છે, અલ્પ સાધનોથી મૂંઝાય છે તે ક્યારેય સફળ થતા નથી. પ્રેક્ષકો તેમને કદી તાલીઓ પાડીને વધાવતા નથી. બાળપણમાં ભજવેલા નાટકે અમને શિખવાડી દીધું કે લાકડાની તલવારે પણ લડાય અને વિજય મેળવાય. પ્રશ્ન છે, આત્મબળનો, શ્રદ્ધાનો અને વિશ્વાસનો.

*'સુહાસ', ૬૪, જૈન નગર,*
*પાલડી, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૬૬૨૦૬૧૦*

## માણસ વધુ પડતો સ્માર્ટ કે લાલચુ બનવાની કોશિશ કરે ત્યારે ...

એક કુંભાર એના ગધેડા સાથે એક ગામથી બીજે ગામ જઈ રહ્યો હતો. તેનું ધ્યાન અચાનક એક ચળકતા પથથર પર પડ્યું. સૂરજના પ્રકાશમાં એ પથ્થર ચમકી રહ્યો હતો. કુંભારે તરત એ પથ્થર ઉપાડી લીધો. પથ્થરમાં એક આરપાર કાણું હતું. પથ્થર ખિસ્સામાં રાખવાને બદલે કુંભારે એ કાણામાં દોરી પરોવીને એ પથ્થર પોતાના ગધેડાની ડોકમાં બાંધી દીધો અને ફરી વાર એ ગધેડાને લઈને બીજા ગામની દિશામાં ચાલતો થયો.

થોડી વાર પછી કુંભારને રસ્તામાં એક ઝવેરી સામો મળ્યો. એણે ગધેડાના ગળામાં બાધેલો પથ્થર જોયો અને એ ચોંકી ઊઠ્યો. વાસ્તવમાં એ પથ્થર નહોતો પણ મોટો હીરો હતો. એ ઝવેરીની પારખુ નજરમાં એ હીરો આવી ગયો અને એને સમજાઈ ગયું કે કુંભારને મન આ હીરો નથી, નહિતર એ આ રીતે એને ગધેડાના ગળામાં ન બાંધે. એણે ચાલાકી અજમાવવાનું નક્કી કર્યું. એણે ગધેડાની ડોક તરફ ઈશારો કરીને કુંભારને પૂછ્યું, "આને વેચવાનો છે?" કુંભાર સમજ્યો કે એ માણસ ગધેડાને વેચવાનું પૂછે છે. એણે કહ્યું કે "ના, ના મારે આ ગધેડો વેચવો નથી." ઝવેરીએ કહ્યું "હું ગધેડાને નહીં એના ગળામાં બાંધેલી વસ્તુનું પૂછું છું."

કુંભાર કહે, "તે તમારે એ ચળકતો પથ્થર ખરીદવો છે! મને આઠ આના આપો તો હું તમને એ પથ્થર આપી દઉં."

ઝવેરીને થયું કે આ મૂર્ખ માણસને આ હીરાની ખબર નથી એટલે હજી ઓછી કિંમતમાં આ માણસને સમજાવી લેવાશે. તેણે કહ્યું, "આ પથ્થરના આઠ આના તને કોઈ નહિ આપે. તારે મને ચાર આનામાં આ પથ્થર આપવો હોય તો હું ખરીદી લઉં."

પણ ચાર આનામાં એ પથ્થર આપવાની કુંભારે ના પાડી દીધી. એણે કહ્યું કે, "એના કરતા તો મારા છોકરાઓને આ પથ્થર રમવા આપીશ તો એ ખુશ થઈ જશે."

લાલચુ ઝવેરીએ કુંભારને દબડાવવા માટે એક યુક્તિ અજમાવી. એ ત્યાંથી ચાલતો થઈ ગયો. એને એમ કે કુંભાર તેને બૂમ પાડીને બોલાવશે અને ચાર આનામાં હીરો આપી દેશે. પણ કુંભાર તો ચાલતો થઈ ગયો. કુંભાર રસ્તાના વળાંકને કારણે દેખાતો બંધ થઈ ગયો એટલે ઝવેરીને ટેન્શન થયું. એ ઉતાવળે કુંભાર પાસે પહોંચ્યો, પણ એણે જોયું કે કુંભારના ગધેડાની ડોકમાંથી હીરો ગાયબ થઈ ગયો હતો. ઝવેરીએ કુંભારને પૂછ્યું "પેલો પથ્થર ક્યાં ગયો?" કુંભારે કહ્યું, "એ તો એક ઘોડેસવાર માણસ મારી પાસેથી બાર આનામાં લઈ ગયો. એ તમને સામે જ મળ્યો હશે." ઝવેરી હેબતાઈ ગયો, તેણે કહ્યું, "તું બેવકૂફ છે. એ પથ્થર નહોતો. ઓછામાં ઓછો એક લાખ સોનામહોરો દેતા મળે એવો મોંઘો હીરો હતો. એટલો મોંઘો હીરો તે બાર આનામાં વેચી માર્યો!"

કુંભારે કહ્યું, "હું તો કુંભાર છું. મને એની કિંમતની ખબર ન હોય. પણ એમ છતાં મને તો એના આઠ આનાને બદલે બાર આના મળ્યા. બેવકૂફ તો તમે છો કે ચાર આના માટે આટલો મોંઘો હીરો ગુમાવી દીધો!"

વધુ પડતા સ્માર્ટ કે લાલચુ બનવા જતા માણસોની હાલત આ ઝવેરી જેવી થતી હોય છે. *સાભાર : "ગુજરાત સમાચાર"*

*બીજાને હેરાન કરનાર અંતે પોતે જ હેરાન થાય છે એ વાત હંમેશાં યાદ રાખવી જોઈએ.*

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ફલેટવારા બચુકાકા પંઢજો છોરો જુકો બારમે ધોરણમેં આય તેંકે ચ્યાં વા ક તું પાસ થીને તડેં તોકે ટુવ્હિલર ગેને ડીંધોને નાપાસ થીને તડેં તોકે ફોર વ્હિલર ગેને ડીંધો. ને હાણે જેર છોરો ફોર વ્હિલર ગેનેલાકે જાણે કરેને નાપાસ થ્યો તડેં પોય બચુકાકા અને છોરે વચમેં હણે કુરેજો ઝઘડો આય? બચુકાકા પંઢજે વચનમેં ફરેતા નાય વ્યાં ને? જરા તપાસ કરેને ચોતા....

બચુડો : (તપાસ કરેનેં ચે) બચુકાકા પંઢજી ગાલમેં જરા પણ ફરે નાંય વ્યા પણ છોરો સમજ્યો વો ક ફોર વ્હિલર અતરે કાર ગેને ડીંધા પણ બચુકાકા પંઢજે છોરે કે ચાર પાઈયે વારી હથગાડી ગેને ડેના આંઈ તેમેં ઝઘડો થ્યો આય.

## ખિલજા મ ભલા

મુકેશ : લગ્ન અને રોમાન્સ વચ્ચે શું તફાવત છે?

મહેશ : રોમાન્સ એ બસની મુસાફરી જેવો છે. જ્યાં ને જ્યારે ઉતરવું હોય ત્યારે ઉતરી જવાય અને લગ્ન એ વીમાનની મુસાફરી જેવો છે. વચમાં ઉતરવા જઈએ તો હાડકા ભાંગે કે મરવું પડે.

☺ ☺ ☺ ☺ ☺

હરીભાઈ : સુખ અને શાંતિ વચ્ચે શું તફાવત છે?

વિઠ્ઠલભાઈ : સુખ આપણને એટલું જ મળશે જેટલું પુણ્ય કર્યું હોય અને શાંતિ એટલી જ મળશે જેટલી પત્ની ઈચ્છતી હોય.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : કહો જોઈએ, પ્રામાણિક નેતા, શાંત પત્ની અને ભૂતપ્રેત આ બધું શું કહેવાય?

આદિત્ય : આ એક પ્રકારની અફવા છે. કારણકે આ બધા વિષે વાતો ખૂબ થાય છે પણ હકીકતમાં એવું કશું હોતું નથી.

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : આ ઈતિહાસનું પેપર જોયું? એમાં કેવો વિચિત્ર સવાલ પૂછ્યો છે. વિવેકાનંદની આકૃતિ દોરો અન તેના વિવિધ ભાગોના નામ, લીટી દોરી દર્શાવો.

ચીન્ટુ : આ સવાલ વિચિત્ર એટલા માટે છે કારણકે ઈતિહાસનું પેપર વિજ્ઞાનના સાહેબે કાઢ્યું છે.

☺ ☺ ☺ ☺ ☺

દર્દી : ડૉક્ટર સાહેબ, મને બહુજ વિચિત્ર બીમારી છે. સવારે ઉઠ્યા પછી ઊંઘ નથી આવતી, જમ્યા પછી ભૂખ નથી લાગતી અને કામ કર્યા પહેલા થાક નથી લાગતો.

મનોચિકિત્સક : (બરાબર તપાસીને) તમારી બીમારીનો એક જ ઉપાય છે.

દર્દી : જલદી બતાવો સાહેબ.

મનોચિકિત્સક : રોજ રાત્રે તડકામાં બે કલાક બેસવાનું રાખો... ફરક જરૂર પડશે!

☺ ☺ ☺ ☺ ☺

ગ્રાહક : (દુકાનદારને) આવું ચીટિંગ કરો છો... તમે મને જે રેડિયો વેચ્યો તેના પર તો લખ્યું છે કે, મેઈડ ઈન જાપાન. પણ આ અસલી નથી લાગતો.

દુકાનદાર : તમને ખબર કેવી રીતે પડી કે આ નકલી છે?

ગ્રાહક : મેં જેવો રેડિયો ચાલુ કર્યો તો તરત જ અવાજ આવ્યો, "યે ઓલ ઈન્ડિયા રેડિયો હૈ..."



## બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

☺ ☺ ☺ ☺ ☺

ચંપા : પેલો ભિખારી એકદમ બદમાશ છે.

ચંપક : કેમ શું કર્યું એણે?


ચંપા : ગઈકાલે મેં એને આપણી વધેલી રસોઈ આપી હતી કે બિચારો પેટ ભરીને ખાશે. પણ આજે મને એ એક ચોપડી આપી ગયો.

ચંપક : કેવી ચોપડી... આશીર્વાદની?

ચંપા : ના, ના.... ચોપડીનું નામ છે 'રસોઈ કરતાં શીખો અને દાન કરો...'

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

શિખરજીની એકમાત્ર અને સર્વપ્રથમ ★★★ જેવી અદ્યતન એ.સી. હોટલ
SHIKHARJI Continental
ફાર ઈસ્ટ
All Inclusive
Rs. 39,999/- + $ 999/-
સીંગાપોર • મલેશિયા • થાઈલેન્ડ
યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા
TAK MAK® TOURS & TRAVELS
✆ : 93233 60708 / 25903514 • 5 • 6
દીપાવલી - નાતાલ માટે બુક કરાવી મેળવો : શીખરજી યાત્રા અથવા કેરાલા ટુર તદ્દન ફ્રી




### શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ

સવિનય સહ જણાવવાનું કે મારા મમ્મીની બ્રેસ્ટ કેન્સરની સારવાર માટે અમારે એક માસ માટે અમદાવાદ રહેવાનું હતું. પહેલા તો ખૂબ જ ચિંતા થઈ કે અજાણ્યા શહેરમાં અમારા જેવા મધ્યમ વર્ગની વ્યક્તિઓથી કેમ રહી શકાશે? આર્થિક તકલીફ પણ હતી.

પણ અમને જ્યારે કચ્છી વિશ્રામ ગૃહ વિષે જાણવા મળ્યું ત્યારે અમે ત્યાં જ ઊતર્યા. દર્દી માટે નાસ્તા - જમવાનું તદ્દન ફ્રી તેમજ સાથે આવનાર માટે રાહત ભાવે આ પ્રકારની વ્યવસ્થા ખરેખર પ્રશંસાપાત્ર છે. ગૃહમાં સ્વચ્છતા પણ છે. સ્ટાફગણ ખૂબ માયાળુ અને તકલીફમાં સાથ આપનારો રહ્યો તે માટે આભાર. સાચું લખું તો મારા મમ્મીનું અડધું દર્દ તો આપના વિશ્રામગૃહમાં જ દૂર થયું હોય એવું લાગ્યું. જ્યારે બાકીનું દર્દ હોસ્પિટલની સારવાર દરમ્યાન દૂર થયું. મારી મમ્મીને જીવતદાન મળ્યું. અત્યારે તેમની તબિયત ખૂબ સારી છે.

અમને ઓટલો અને રોટલો બંને મળ્યા. અમે તમારો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. અને અમે હંમેશાં તમારા ઋણી રહીશું.

*વિનોદ આર. જોગી - અંજાર (કચ્છ)*

### શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ

શ્રી ગ્રામ સ્વરાજ સંઘ સંચાલિત વાંઢ શાળા અવૈધિક શૈક્ષણિક સંકુલના બાળકોનો પ્રવાસ તા. ૨૮-૩-૧૩થી તા. ૩૦-૩-૧૩ સુધી અમદાવાદ તેમજ ગાંધીનગરનો ગોઠવવામાં આવ્યો હતો. તેમાં ૩૦ બાળકો અને ૬ શિક્ષકો હતા.

અમે અમદાવાદમાં શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે રોકાયા હતા. ત્યાંની દરેક પ્રકારની સુવિધાઓ ઉત્તમ કક્ષાની છે. બાળકોને ઘર જેવું વાતાવરણ લાગ્યું. આ માટે આપના સમાજનો ખૂબ ખૂબ આભાર.

*ચંદુભાઈ એલ. એવારિયા*
*ગ્રામ સ્વરાજ સંઘ, પો. નીલપર, તા. રાપર (કચ્છ)*

★

### સુવર્ણ જયંતી વર્ષ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ પર હાલ સુવર્ણ કળશ ઢોળાઈ રહ્યો છે. આપણે એટલે કે સમાજના દરેક સભ્યો આ કળશના પવિત્ર ધોધ નીચે ભીંજાઈ રહ્યા છીએ.

આપણે આપણા સમાજની આંગળી પકડી એક સાંકળ બનાવીને પ્રગતિના સોપાનો સર કરી રહ્યા છીએ. આ રીતે પ્રગતિભર્યા આકાશને આંબવા મથી રહ્યા છીએ તે ખરેખર આનંદ અને ઉમંગની બાબત છે. સમાજના આ પ્રકારના પ્રયાસોને હૃદયપૂર્વક શુભેચ્છા પાઠવું છું. પ્રગતિના પંથે ગતિ કરીને નિત નવા નવા સોપાનો સર કરીએ એજ અભ્યર્થના સાથે.

*અલ્કા એ. સંઘવી - અમદાવાદ*

## સુવર્ણ જયંતી વર્ષ - પૂર્ણાહુતિ કાર્યક્રમ : શુભેચ્છા સંદેશ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેની સ્થાપનાનું સુવર્ણ જયંતી વર્ષ ઊજવી રહ્યું છે તે જાણી આનંદ થયો. સુવર્ણ જયંતી વર્ષની ઉજવણીની પૂર્ણાહુતિ પ્રસંગે કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોના ઉદ્યોગપતિશ્રીઓના બહુમાન પ્રસંગે અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહેવા માટેનું આપનું નિમંત્રણ મને મળેલ છે. જે બદલ આપનો આભારી છું.

આપની સંસ્થા દ્વારા અનેકવિધ સામાજિક, તબીબી, શૈક્ષણિક વગેરે ક્ષેત્રે કરવામાં આવતા સમાજોપયોગી કાર્યો બદલ સંસ્થાના તમામ પદાધિકારીઓ અને આ માટે સહયોગ આપનાર સર્વેને હાર્દિક અભિનંદન પાઠવું છું. સમાજ સેવાની જ્યોત સદાય પ્રજ્વલિત રહે તેવી શુભેચ્છા પાઠવું છું.

મારા પૂર્વ નિર્ધારીય કાર્યક્રમોમાં વ્યસ્તતાના કારણે હું અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહી શક્યો ન હતો.

*વજુભાઈ વાળા, અધ્યક્ષ - ગુજરાત વિધાનસભા*

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, સંસ્થાનું ૫૦મું વર્ષ સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઉજવી રહેલ છે, તે જાણી આનંદ થયો. સંસ્થા દ્વારા સુવર્ણ જયંતી મહોત્સવની પૂર્ણાહુતિ સમયે કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોના ઉદ્યોગપતિઓના બહુમાન પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેવા અંગેનું આપનું આમંત્રણ મળેલ છે, તે બદલ આપનો આભારી છું.

સંસ્થા દ્વારા આયોજિત સુવર્ણ જયંતી મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે ઉપસ્થિત રહેનાર સર્વે ઉદ્યોગપતિઓને કચ્છમાં ઔદ્યોગિક ક્ષેત્રે રોજગારીઓ ઉત્પન્ન કરવા બદલ અભિનંદન પાઠવું છું તેમજ આ કાર્યક્રમનું આયોજન કરનાર સંસ્થાના તમામ આગેવાનોને તથા વ્યવસ્થાપકોને મારી શુભેચ્છા સહ સંસ્થાની તમામ ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી શુભકામનાઓ પાઠવું છું.

*નીતિન પટેલ*
*મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય : નાણાં, આરોગ્ય, તબીબી શિક્ષણ, પરિવાર કલ્યાણ, વાહન વ્યવહાર*

GLOBAL MERCANTILE PVT. LTD.
45/A, Mittal Tower, 4th Floor, "A" Wing, 210, Nariman Point, Mumbai-21.
Tel. : +91-22-4213 1900 (99 Lines) • Fax : +91-22-4213 1919
E-mail : global45a@yahoo.com

સંતુલિત અને સાચા વિકાસથી જ સમાજમાં સમતા નિર્માણ થઈ શકે. આર્થિક ઉન્નતિની સાથે સાથે સામાજિક સમરસતાની ભાવના નિર્માણ કરીને આપણા યુવાધનને દેશના નિર્માણમાં કંઈક નક્કર સમર્પણ માટે તૈયાર કરવા એ ઉમદા હેતુ છે. ઉપરોક્ત હેતુના અનુસંધાને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પચાસ વર્ષ પૂર્ણ થયા છે તે નિમિત્તે સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવનાર છે તે જાણી આનંદની લાગણી અનુભવું છું. સાથોસાથ આ મંગળ સુવર્ણ જયંતી સમારંભના પ્રસંગે મને યાદ કરી આમંત્રણ પાઠવવા બદલ હું આભાર માનું છું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સુવર્ણ જયંતી ઉજવણીના આ પ્રસંગે સમારોહમાં ઉપસ્થિત રહેનાર મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં સમગ્ર સમારોહ સર્વાંગી સફળ નીવડે તેવી મારી હાર્દિક શુભકામનાઓ સાથે શુભેચ્છા પાઠવું છું.

***સૌરભ પટેલ, મંત્રીશ્રી - ગુજરાત રાજ્ય***
***ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, ખાણ-ખનીજ, કુટિર ઉદ્યોગ, મીઠાં ઉદ્યોગ, છાપકામ અને લેખન સામગ્રી, પ્રવાસન, નાગરિક ઉડ્ડયન, શ્રમ અને રોજગાર, આયોજન***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સુવર્ણ જયંતી વર્ષની ઊજવણી થઈ રહી છે તે જાણી આનંદ થયો. આપની સંસ્થા દ્વારા અતિથિ વિશેષ તરીકે હાજર રહેવા આમંત્રિત કરેલ છે તે બદલ આપનો આભાર વ્યક્ત કરું છું. આ કાર્યક્રમમાં આવવાની મારી અદમ્ય ઈચ્છા હોવા છતાં અનિવાર્ય સંજોગોને લીધે ઉપસ્થિત રહી શકેલ નથી તો ક્ષમ્ય ગણશો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા માનવોપયોગી અને ઉત્તમ પ્રકારની સેવાઓ થતી રહે અને તેની ઉત્તરોત્તર વધુને વધુ પ્રગતિ થાય તેવી મારી શુભકામનાઓ પાઠવું છું.

***રજની પટેલ, રાજ્યકક્ષાના મંત્રીશ્રી - ગુજરાત રાજ્ય***
***ગૃહ, પોલીસ આવાસો, સરહદી સુરક્ષા, નાગરિક સંરક્ષણ, ગૃહ રક્ષક દળ, ગ્રામ રક્ષક દળ, જેલ, નશાબંધી અને આબકારીનું કાર્યાલય***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષ પૂર્ણાહુતિ સમારોહનું નિમંત્રણ મને પાઠવવા બદલ આપનો આભારી છું.

અનિવાર્ય કારણોવશાત્ હું આપના આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહી શકીશ નહિ તે બદલ ક્ષમાપ્રાર્થી છું.

આપના દ્વારા સમસ્ત સમાજ તથા સમગ્ર કચ્છના વિકાસ માટે નિઃસ્વાર્થભાવે જે આયોજનો કરવામાં આવે છે તે બદલ આપ તથા આપના સૌ સાથીઓ અમારા સર્વેના અભિનંદનના અધિકારી છો.

***પુષ્પદાન ગઢવી, પૂર્વ સાંસદ - ભુજ, કચ્છ***

સુવર્ણ જયંતી સમારોહની પૂર્ણાહુતિનું નિમંત્રણ કાર્ડ મને મળેલ છે. પરંતુ અનિવાર્ય સંજોગોને કારણે હું હાજર રહી શકું તેમ નથી. મારી આપને અંતરની શુભેચ્છા પાઠવું છું.

***ડૉ. નીમા આચાર્ય, ધારાસભ્ય - ભુજ***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષના પૂર્ણાહુતિ સમારોહ પ્રસંગે ઉપસ્થિત રહેવા મને આપનું નિમંત્રણ મળ્યું છે, તે બદલ આપનો આભારી છું.

તા. ૧૩મી એપ્રિલના હું મારા પક્ષના અગત્યના કાર્યોમાં વ્યસ્ત હોઈ, પ્રત્યક્ષ ઉપસ્થિત રહી શકું તેમ નથી, તે બદલ દિલગીર છું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, અમદાવાદમાં સુવર્ણ જયંતી વર્ષ ઉજવી રહેલ છે તે ગૌરવની વાત છે. સમગ્ર કાર્યક્રમની સફળતા અને કચ્છી જૈન સેવા સમાજની પ્રગતિ માટે મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

***પંકજ એ. મહેતા, પ્રમુખ – કચ્છ જિલ્લા ભાજપ, ભુજ***

★

It was indeed my pleasure meeting all of you during the concluding function of Golden Jubilee Year of Shri Kutchhi Jain Sewa Samaj - Ahmedabad.

The programme was organised very well and I was delighted to be a part of the wonderful programme.

I wish to thank the entire team for organising such a wonderful programme and thank you once again for inviting me to be a part of this programme and honouring me on this occasion.

Thank you once again and looking forward to seeing you.

***Sanjay Rai - Managing Director***
***Kandla Energy and Chemicals Ltd., Ahmedabad.***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું સુવર્ણ જયંતી વર્ષ ઉજવાઈ ગયું તે જાણી આનંદ થયો. પૂર્ણાહુતિ પ્રસંગે હાજર રહેવાનું આપનું હાર્દિક નિમંત્રણ મળ્યું છે. આવા સુંદર યાદગાર પ્રસંગે આપે મને યાદ કરી નિમંત્રણ પાઠવ્યું તેથી વિશેષ આનંદ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ જ્ઞાતિ વિકાસની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જ્ઞાતિના યુવકો, મહિલાઓ તેમજ ગરીબ જ્ઞાતિજનોની સેવાઓ કરી તેમના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન કરે છે. તેમાં આપનું માર્ગદર્શન

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

અને લીડરશીપ અનુકરણીય રહ્યાં છે. જૈન સમાજ તરફથી પ્રસિદ્ધ થતું સામયિક "મંગલ મંદિર" મને નિયમિત મળે છે અને તેના દ્વારા આપના માર્ગદર્શન હેઠળ ચાલતી પ્રવૃત્તિઓથી હું વાકેફ રહું છું.

આજના શુભ પ્રસંગે આપ સૌ કમિટી મેમ્બરોને હાર્દિક અભિનંદન.

આ પ્રસંગે હાજર રહી આપ સૌના આનંદમાં સહભાગી બનવાની અતિ તીવ્ર ઈચ્છા હતી, પરંતુ બહારગામનાં અનિવાર્ય રોકાણોને લઈ આવી શક્યો નથી, માટે દરગુજર કરશો.

શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં કાર્યો અને પ્રવૃત્તિઓનું વિસ્તરણ ચાલુ રહે અને જરૂરિયાતમંદ કચ્છી ભાઈ-બહેનો તેનાં સાચાં લાભાર્થી બની રહે અને તેમાં આપનું યોગદાન હંમેશાં અગ્રીમ રહે તથા ઈશ્વર આપ સૌને આ કાર્યો પૂરાં કરવાના શક્તિ અને સામર્થ્ય પૂરા પાડે તેવી ભગવાન મહાવીરજીના ચરણ કમળમાં પ્રાર્થના સાથે ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

***યજ્ઞેશ પંડ્યા, પ્રિન્ટ વિઝન પ્રા.લિ. - અમદાવાદ***

★

સાદર જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે આપના તરફથી તા. ૧૩-૪-૨૦૧૩, શનિવારના રોજ "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ" સુવર્ણ જયંતી વર્ષ પૂર્ણાહુતિ સમારોહનું આમંત્રણ અમોને મળેલ છે. પરંતુ બહારગામ હોવાથી પૂર્ણાહુતિ સમારોહમાં હાજરી આપી શકેલ નથી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો સુવર્ણ જયંતી વર્ષ પૂર્ણાહુતિ સમારોહ ખૂબજ સફળતાપૂર્વક પૂર્ણ થયો હશે તેવા વિશ્વાસ સાથે.

***ઋષભ એન. પટેલ, શ્રી પાર્શ્વનાથ કોર્પોરેશન - અમદાવાદ***

## દિશા પરિવર્તન : ક્યારે?

આર્થિક રીતે વિકટ સ્થિતિમાં સપડાયેલા અને સાચા ધર્મ અંગે અવઢવમાં પડેલા સમાજને દિશા પરિવર્તન અંગે અનુરોધ કરતા ભાઈશ્રી ધનજીભાઈ શેઠિયાના પત્ર માટે તેમને ધન્યવાદ. (મં.મં. એપ્રિલ-૧૩) તેમણે રજૂ કરેલા વિચારો સાવ સ્પષ્ટ છે. એમની વાતો જરા પણ આંટીઘૂંટીવાળી નથી.

એમનું કહેવું સરળ - સાદું હોવા છતાં, કમનસીબે આપણે સમજી શકીએ એવો માહોલ નથી. ખરેખર તો બધું જ સ્પષ્ટ દેખાય છે, પણ સમાજના અમુક વર્ગને તે દેખાતું જ નથી! ધરમ અને ક્રિયાકાંડી પંડિતોએ એમની આંખો પર મજબૂત પડદાં મૂકી દીધાં છે, તેથી.

તેઓ કહે છે, વધુને વધુ ક્રિયાકાંડ કરો, જાતજાતની અનેક વિધિઓ કરો, ભપકા, ધામધૂમ અને ઝાકઝમાળ કરવામાં કચાશ રાખશો નહિ. એટલા માટે મોંઘા અને કાન ફાડી નાંખે તેવા વાજિંત્રો વગાડો, ભગવાન ઓછો અવાજ સાંભળે કેમ? એટલે ઈશ્વર અને ધરમને નામે ધનનો જેટલો વેડફાટ થાય તેટલો કરીને ભવ્યાતિભવ્ય આયોજનો કરો. જીવવા માટે મરણિયા પ્રયાસ કરતા ગરીબો કે તેમની ગરીબી તરફ, નબળા કે બીમારો તરફ જોશો જ નહિ. કરો તમ તમારે ઢોલનગારાવાળા, સૌ અંજાઈ જાય એવા વિશાળ સમારંભો. ગરીબો પોતાનું કરી લેશે.

હવે વાત રહી બીજા નાના સમજુ વર્ગની. એમને એટલી જ નમ્ર વિનંતી છે કે, પત્રમિત્ર લેખક ભાઈ ધનજીભાઈનો લેખ વાંચી જઈને, પરિવર્તન માટે તેમણે ચીંધેલી દિશા પકડીને એ પરિવર્તન જલદી થાય તે માટે શક્ય તેટલો પ્રયત્ન કરે. નબળાને થાય તેટલી મદદ કરો તે ધર્મ. સમાજ ધર્મની આ વ્યાખ્યા સ્વીકારે તો બેશક પરિવર્તન હાથવગું થાય.

***શાંતિલાલ વ. શાહ - અમદાવાદ***

## નીતિન સંઘવીના પત્રનો પ્રતિભાવ

'મંગલ મંદિર'ના માર્ચ ૨૦૧૩ના અંકમાં દિલ્હીના ગેંગ રેપ ઉપર ભાઈશ્રી નીતિન સંઘવીના આવેલ પત્ર ઉપર થોડાંક વિચારો રજૂ છે.

બળાત્કારીને સજા : સજા તો આજે પણ થાય જ છે, પણ ક્યારે? કેટલા વર્ષે? આપણું ન્યાયતંત્ર જયારે પીડિત યુવતી આપઘાત કરે, આત્મવિલોપન કરે કે કોર્ટમાં આવીને ઝેર પીએ ત્યારે જ જાગે છે. ત્યાં સુધી મુદતો ઉપર મુદતો પડતી રહે અને અપરાધી જામીન ઉપર છૂટો ફરતો રહે! અલબત્ત, આ વિષયે પોલીસ ખાતાની પણ વિશેષ જવાબદારી છે. કામગીરી બાબત તેમના ખાતાએ ઝડપ રાખવી જોઈએ જ.

આવી ઘટનાઓ પાછળ અન્ય પરિબળો પણ જરૂર ભાગ ભજવે છે, પણ મુખ્ય ભાગ તો કુટુંબો અને સમાજ ભજવે છે. ફિલ્મોમાં આવતા અશ્લીલ દૃશ્યો બાબત સેન્સર બોર્ડ હાલમાં બોલ્ડ બન્યું છે એ સાચું પણ આવી ફિલ્મો અબજોની કમાણી કરે છે તેનું શું? સમાજ તેનો બહિષ્કાર કેમ ના કરે? કારણ આપણો સમાજ આ બાબતમાં દંભી છે. સારી અને સ્વચ્છ ફિલ્મો કેમ નથી ચાલતી?

મા-બાપો સેક્સની બાબતમાં શાહમૃગની જેમ રેતીમાં મોઢું છુપાવીને જાણે કોઈ ભય છે જ નહિ, અથવા એમાં કાંઈ સાવચેતીની જરૂર નથી એમ સમજી લેતા હોય છે. સમાજમાં કોઈ છોકરીનું કૌમાર્ય ભંગ બળજબરીથી થાય તો પણ એ છોકરીના ભવિષ્ય ઉપર પ્રશ્નાર્થ મૂકી દે છે.

એટલું ખરું કે ફિલ્મોમાં જયાં બળાત્કાર કે ગુનાખોરીના દૃશ્યો ગ્લોરીફાઈ કરવામાં આવતા હોય ત્યાં સેન્સર બોર્ડે કડક થવું જ જોઈએ. નરી અશ્લીલતા ચલાવાય નહીં. રહી જાહેરાતોની અને પોષાકોની વાત. તે સ્ત્રીઓના આંતરવસ્ત્રોની જાહેરાત એના વસ્ત્રો

**Shree Simandhar Shipping Services**
CLEARING FORWARDING & SHIPPING AGENT
407, 4th Floor, Anna Bhuvan, Devji Ratanshi Marg, Mumbai-400 009.
Phone : (Off.) 91-22-2372 6347 • 2231 2422 • Telefax : 2378 2045
C.H.A. No. 11/1024

મારફત થાય, એ રીતે પુરુષોના આંતરવસ્ત્રોની પણ એવી જ જાહેરાતોનું પ્રદર્શન થતું રહે છે. ઉપરાંત રમતગમત વગેરેમાં તેને અનુરૂપ વસ્ત્રો પહેરાય એમાં કોઈને વાંધો ન હોવો જોઈએ. આપણી છોકરીઓ બિકિની કે સ્વિમ સૂટ પહેરીને રસ્તા ઉપર તો નથી જ નીકળતી! વિકૃત વૃત્તિના નરાધમો ૫-૭ વર્ષની બાલિકાઓને પણ છોડતા નથી ત્યાં વસ્ત્રોનો સવાલ ક્યાં આવે છે? બળાત્કારના કિસ્સાઓમાં કોઈ બહાનાને સ્થાન ના હોઈ શકે. કાલ કહેશે કે બધી સ્ત્રીઓએ બુરખા પહેરવા જોઈએ!!

આ બાબતના અન્ય ઘણા પાસાં છે. જે એક અલગ લેખનો વિષય છે. એ માટે ભવિષ્યમાં ક્યારેક.

*મગનલાલ સંઘવી - અમદાવાદ*

★

### શ્રી દામજી ખીમજી શેઠિયાના પત્રનો પ્રતિભાવ

'મંગલ મંદિર'ના એપ્રિલ-૨૦૧૩ના અંકમાં 'આંજો કાગર' વિભાગમાં છપાયેલો, શ્રી દામજી ખીમજી શેઠિયાનો પત્ર એ 'મંગલ મંદિર'ની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં 'આંજો કાગર' વિભાગમાં છપાયેલા તમામ પત્રોમાં સર્વોત્તમ પત્ર છે. આવો ઉત્તમ અને ભાવસભર પત્ર બીજો વાંચ્યો હોય એવું યાદ નથી.

આ પત્રની પ્રશંસા કરવા માટે શબ્દો મળતા નથી. 'સર્વોત્તમ' શબ્દમાં જ બધા અર્થ સમાઈ જાય છે.

મારી પોતાની જાત સહિત બધા જ જૈન ભાઈ-બહેનોને વિનંતી કરવાની કે એ પત્ર બરાબર કાળજીપૂર્વક ૨-૪ વાર વાંચે અને શ્રી ધનજીભાઈએ લખેલ છે તે પ્રમાણેની વિગતનો આજથી જ અમલ કરે.

સૌ જૈન ભાઈ-બહેનોને વિનંતી કે જો આ પત્ર તમને ગમ્યો હોય અને એમાં લખેલી વાત સાથે તમે સંમત હો તો પ્રતિભાવરૂપે એક પોસ્ટકાર્ડ 'મંગલ મંદિર'ને જરૂર લખશો. આટલું તો કરશોને?

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

### "કચ્છી મેળો"

'મંગલ મંદિર'નો માર્ચ-૨૦૧૩ના અંકમાં પાના નં.-૭૨ પરના લેખથી કામણગારા કચ્છી મેળાની ઝલક જાણવા માણવા મળી. સુયોજન માટે આપ સૌને હાર્દિક ધન્યવાદ.

મેળા દરમ્યાનની ફોટોગ્રાફી સ્પર્ધામાં ૮૨ સ્પર્ધકોની સામેલગીરી અને પરિણામ જાણવા મળેલ. તે સાથે વિજેતા સ્પર્ધક અને તસવીરો 'મંગલ મંદિર'માં પ્રગટ થઈ શકે તો ભારતભરમાં પથરાયેલા કચ્છીઓ પણ કચકડાના કચ્છી કસબીઓની કલા જાણી - માણી શકે. શક્ય હોય તો યોગ્ય કરશોજી.

વિશેષ, મેળાની મુલાકાતીઓની નામાવલિમાં વિશ્વભરમાં 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'ની ટહેલ નાખનાર અમિતાભજીનું નામ સામેલ હોત તો વધુ ખુશી થાત.

સમાજના સર્વે પદાધિકારીઓ આ રીતે કચ્છ, કચ્છી કસબ અને કળાને ઉજાગર કરતા રહો એવી શુભેચ્છા.

*કિશોર જે. શાહ - ભુજ*

★

### 'કચ્છી મેળા' સંબંધી સંદેશ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે યોજાયેલ "કચ્છી મેળા" કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું આમંત્રણ આપ સૌ તરફથી મને મળેલ છે, જે બદલ હું આપનો આભારી છું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા થતી આવી પ્રવૃત્તિઓને હું બિરદાવું છું તેમજ કચ્છી એકતાનું આ ઉત્તમ ઉદાહરણ છે. પરંતુ વિધાનસભા બજેટ સત્ર ચાલુ હોવાના કારણે ઉક્ત કાર્યક્રમમાં હાજર રહી શકેલ નથી તે બદલ દરગુજર કરશો તેમજ કાર્યક્રમની સફળતા ઈચ્છું છું.

*નરોત્તમભાઈ પટેલ - સુરત*
*પૂર્વ મંત્રી, ગુજરાત રાજ્ય*

## 'મંગલ મંદિર' માસ : માર્ચ-૨૦૧૩ અંક

### 'મંગલ મંદિર' માર્ચ-૨૦૧૩ અંકના પ્રતિભાવ

'મંગલ મંદિર' માર્ચ-૨૦૧૩ના અંકમાં તંત્રીશ્રીએ શ્રીમંતો દ્વારા થતા દાનની વાત કરેલ છે. દાનની બાબતમાં અત્યારે સતયુગ ચાલી રહ્યો છે. પ્રાચીનકાળમાં રાજાઓજ મોટા ભાગે દાન કરતા અને બ્રાહ્મણોને જ ગાયો અને સોનામહોરો આપવામાં આવતા. ક્ષુદ્રોને તો એક પાઈ પણ મળતી નહીં. આજે વિશ્વમાં હજારો નહી પણ લાખો લોકો નાનાં મોટાં દાન પોતાની શક્તિ મુજબ કરે છે અને કરોડો ગરીબ, વંચિત, દલિત લોકોને તેમનાં દાન દ્વારા ઘણી મદદ મળતી રહે છે.

સ્વામી સચ્ચિદાનંદજી તો પોતે જ ક્રાંતિકારી સાધુ છે. તેની લેખમાળા ચાલુ રાખવા વિનંતી છે. ૧૮૫૭થી ૧૯૪૭ સુધીના ૯૦ વર્ષમાં છ લાખ દેશભક્ત ક્રાંતિકારીઓએ પોતાના પ્રાણના બલિદાન આપેલ છે. આપણી રાજ્ય સત્તાએ સુભાષ બોઝ અને સાવરકર જેવાને અને તમામ ક્રાંતિકારીઓની વાતને ભુલાવી દેવાની સ-સંકલ્પ ભરપૂર

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

કોશિશ કરેલી છે. આંદામાનની કાળાપાણીની જેલમાં ૪૯૬ કેદીઓ હતા, આપણે તેમાંના માત્ર ૪-૫-૬ ના નામ જાણીએ છીએ. એ ઈતિહાસ હવે પ્રજા સમક્ષ પ્રગટ થવો જોઈએ.

શ્રી ચંદ્રકાંત દામજી શાહનો 'ધર્મ ક્રિયા અને ધર્મ' ઉતારો બહુ જરૂરી. દિનેશભાઈ પંચાલનો લેખ સર્વોત્તમ. શાંતિલાલ વ. શાહનો પત્ર પણ સર્વોત્તમ. પણ તેમાં એક વાત ઉમેરવાની. આયુર્વેદ તથા નિસર્ગોપચાર મુજબ જમતાં પહેલાં અરધો કલાક, જમતી વખતે બિલકુલ નહીં અને જમ્યા પછી એક કલાકે પાણી પીવું જોઈએ. આમ ન કરવામાં આવે તો હોજરીમાંના પાચક રસો મંદ પડી જાય છે અને ખોરાકનું બરાબર પાચન થતું નથી. અને મંદાગ્નિના કારણે અનેક રોગો થાય છે. યોગાસનો પોતાની મેળે કરવામાં જોખમ છે. યોગના જાણકાર પાસેથી બરાબર શીખીને આસનો કરવા. બાકી ચાલવું, ઊંડા શ્વાસ તથા તડકો એ તો ઉત્તમ ઔષધ છે.

રજનીભાઈ પારેખની નોંધ મુજબ અભિમન્યુને દુઃશાસનના દીકરાએ માર્યો એવી કથા નથી પણ કર્ણ, દ્રોણ, કૃપાચાર્ય અને અશ્વત્થામાએ ઘેરીને માર્યો એવી કથા છે. યુધિષ્ઠિરને પોતાની આગવી બે પત્નીઓ હતી, ભીમને બે આગવી પત્નીઓ હતી, અર્જુનને ત્રણ, નકુળને બે અને સહદેવને એક — એમ સૌને આગવી પત્નીઓ હતી એવી કથા છે.

મહાભારતના યુધ્ધમાં કોઈ વિદેશી સૈનિકોની હાજરીની વાત મહાભારત કથામાં નથી. ગ્રીકો ઈ.સ. પૂર્વેની ચોથી સદીમાં હિન્દુસ્તાનમાં આવ્યા અને રોમનો તો ઈ.સ. પૂર્વેની પ્રથમ સદીમાં માત્ર એલકઝાંડ્રિયા સુધી જ પહોંચી શકેલા. રોમનોને હિંદુસ્તાનનો પરિચય આરબો દ્વારા થયો હતો.

ડાબી જાંઘ અને જમણી જાંઘ વિશેનો ખુલાસો નિયમ તરીકે સાચો છે. પરંતુ જુગારમાં જીતેલી સ્ત્રીને દાસી ગણવામાં આવેલી. ડાબી જાંઘ પત્ની માટે ગણાતી હતી. દાસી માટે નહીં. ઉપરાંત દુર્યોધને જાંઘને 'ઉઘાડી' કરીને દ્રૌપદીને બેસવા કહ્યું એવી કથા છે એટલે જ વાંધો પડ્યો.

ભ્રષ્ટાચાર અને ચોરી વિશે આજથી ૨૩૦૦ વર્ષ પૂર્વે ચાણક્યે વિસ્તારથી લખેલ છે. તે જમાનામાં પણ ચોરી અને ભ્રષ્ટાચાર હતા જ. ચોર વિશે બાણભટ્ટે 'કાદંબરી'માં વિસ્તારથી લખેલ છે. વિશ્વાસઘાત એ તો તમામ રજવાડામાં સામાન્ય બાબત હતી. હજુ ગઈ કાલની વાત છે કે એક ગામથી બીજે ગામ જતાં રસ્તામાં લૂંટાઈ જવાનો પૂરો ભય રહેતો. તેમાં પણ જો લગ્નની જાન હોય તો સાથે વળાવિયા રાખવા પડતા. ઠેર ઠેર ઠગ અને પીંઢારાઓ ફેલાયેલા હતા. જૂનો જમાનો જરાય સારો ન હતો. રાજાઓ, સામંતો, જાગીરદારો અને રાજાના હજૂરિયાઓના જુલમની કોઈ સીમા જ ન હતી.

સ્ત્રીઓની દુર્દશા વિશે ભાઈ શરદચંદ્રે તથા ભાઈ નીતિન સંઘવીએ વેદના વ્યક્ત કરી છે. સ્ત્રીઓની બાબતમાં પણ અત્યારે સતયુગ ચાલી રહ્યો છે. વાત માનવામાં નથી આવતી? રામાયણમાં દશરથ રાજાને ૩૫૦ રાણીઓ હતી. માનીતી રાણી માત્ર કૈકેયી હતી. કૌશલ્યા પ્રત્યે દશરથને તીવ્ર અણગમો હતો એમ વાલ્મીકિએ લખેલ છે. આ બાકીની ૩૪૯ રાણીઓ કેમ જીવતી હશે? વાલીના વધ પછી વાલીની પત્ની તારા સુગ્રીવની પત્ની બની ગઈ અને રાવણના મર્યા પછી મંદોદરી વિભીષણની પત્ની બની ગઈ. તારા કે મંદોદરીને પૂછવામાં આવ્યું ન હતું. હનુમાનની ભક્તિથી પ્રસન્ન થઈને રામે તેને કેટલીક દાસીઓ 'ભેટ' માં આપી દીધી. દાસીઓને વળી પૂછવાનું શું? રામાયણને આટલેથી અટકાવી મહાભારતમાં આવીએ. પોતાની મરજી વિરુદ્ધ બન્ને રાણીઓએ વ્યાસજી સાથે નિયોગ કરવો પડ્યો. દ્રૌપદીએ પાંચ પતિઓનો સ્વીકાર કરવો પડ્યો. અને માદ્રીએ અન્ય પુરુષો દ્વારા પાંડવોને જન્મ આપવો પડ્યો. (પૂરીના દંડી સ્વામીના મત મુજબ કુંતી અને વિદુરજીના સંયોગ દ્વારા યુધિષ્ઠિરનો જન્મ થયો) ખુદ કૃષ્ણને બીજી રાણીઓ કરતાં સત્યભામા વધારે પ્રિય હતી. કૃષ્ણના પિતા વસુદેવને ૧૬ રાણીઓ હતી - તેમાંથી સાત તો સગી બહેનો હતી! કોને પૂછવામાં આવ્યું હતું? દાસીઓનો મન ફાવે તેવો ઉપયોગ કરવાની છૂટ હતી. દાસી એટલે દાસી. એને વળી પૂછવાનું શું? કૃષ્ણ જ્યારે છેલ્લી વખત દુર્યોધન સાથે સમાધાનની દરખાસ્ત લઈને જવા નીકળ્યા ત્યારે આખે રસ્તે કૃષ્ણની ખાણી-પીણી-આરામ-વૈભવ માટે અને કૃષ્ણને પોતાના પક્ષે આકર્ષવા માટે બીજી અનેક બાબતો સાથે એક હજાર જેની એકપણ સુવાવડ આવી ન હોય એવી દાસીઓ (સહસ્રાણિ અપ્રસૂતા દાસ્યાઃ) કૃષ્ણના મનોરંજન અર્થે રોકવામાં આવેલી. સ્ત્રીઓને વળી પૂછવાનું શું? જે કોઈ રાજાનો રોગ દૂર કરી આપશે તેને અર્ધું રાજપાટ સાથે કુંવરી પણ પરણાવવામાં આવશે એવી વાર્તાઓ આપણે બધાએ સાંભળી છે. કુંવરીને વળી પૂછવાનું શું? અર્જુન સુભદ્રાને પરણ્યો ત્યારે બન્નેની ઉંમરમાં ૬૦ વર્ષનો તફાવત હતો. એ તો ચાલે! સત્યવાદી હરિશ્ચંદ્રની રાણી તારામતીને બજાર વચ્ચે વેચવા ઊભી રાખવામાં આવી હતી. સ્ત્રીઓ ખરીદ-વેચાણની ચીજ હતી. લેવડદેવડની ચીજ હતી. યુધિષ્ઠરે પોતાની બે આગવી પત્નીઓને જુગારના દાવમાં ન મૂકતાં સહિયારી પત્ની દ્રૌપદીને દાવમાં મૂકી કેમ? માણસોની વાત જવા દઈએ તો સ્વર્ગના દેવો પણ સ્ત્રીઓ સાથે દુર્વ્યવહાર કરતા. ખુદ વિષ્ણુ અને શંકર પણ બાકાત નથી. ઈન્દ્ર અને સૂર્ય વગેરે દેવો સાવ કાછડી છૂટા હતા. અપ્સરાઓનો મનફાવે તેવો ઉપયોગ કરતા. આ બધીજ — તમામે તમામ — કથાઓ છે, ઈતિહાસ નથી. પરંતુ તેમાંથી તે સમયના સમાજ વિશે જાણી શકાય છે.

હજુ ગઈ કાલ સુધી દક્ષિણ ભારતમાં દેવદાસીઓની પ્રથા હતી.

**JNK Lifters Pvt. Ltd.**
Rental of Telescopic and Crawler Cranes, Hydras and Boomlifts
Kunal Gala - Director
Cel : +91 9833118836
Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

હજુ પણ ક્યાંક કેટલેક અંશે છે. ૬૦ - ૬૫ વર્ષ પહેલાં ૫૦ - ૫૫ વર્ષના વડીલ બીજી વારની કે ત્રીજી વારની પત્ની પરણી લાવતા. લગભગ દરેક ઘરમાં લાલ સાડલાવાળી એકાદ મહિલા અચૂક જોવા મળતી. ઘરોમાં જ, ઘરનાં કોઈ સભ્ય દ્વારાજ ઘરની યુવાન વિધવા સાથે દુષ્કર્મ થતા અને તે વિધવા બળી મરતી અથવા કૂવો પૂરતી. ૬૦ વર્ષનો માણસ ૧૪ - ૧૫ વર્ષની કન્યાને પરણતાં લજાતો ન હતો. સંયુક્ત કુટુંબોમાં દર દોઢ-બે વર્ષે એકાદ મહિલાની સુવાવડ આવતી. ત્યારે ઘરમાં રહેલી યુવાન વિધવાની હાલતનો કદી વિચાર કરવામાં આવતો નહીં. હારેલા રાજાની સ્ત્રીઓને વિજેતા રાજા ઉપાડી જતા અને તેમની વહેંચણી કરી દેવામાં આવતી. રાજપૂત રાજાઓ મોગલ બાદશાહને પોતાની કુંવરીઓ પરણાવી દેતા. સ્ત્રીઓને વળી મરજી કેવી? તેમને વળી પૂછવાનું શું? ઓફિસના ગુલામો સાથે તેમની સ્ત્રીઓને પણ ગુલામડી ગણવામા આવતી અને તેમનો દરેક પ્રકારનો ઉપયોગ થતો. ખુદ કલીકાલ સર્વજ્ઞ એવા હેમચંદ્રાચાર્યે (બારમી સદી) લખેલ છે કે ‘‘ત્રણ સુંદર સ્ત્રીઓ અથવા ૬ કે ૭ ગુલામોના બદલામાં એક ઘોડો ખરીદી શકાતો.’’ ભગવાન કૃષ્ણ મહાભારતના છેલ્લા દિવસોમાં કર્ણને સમજાવે છે કે તું કુંતીપુત્ર છે, પાંડવોનો મોટો ભાઈ છે. પાંડવો સાથે ભળી જા. તો તને હસ્તિનાપુર અને ઈન્દ્રપ્રસ્થનું સામ્રાજ્ય મળશે અને તે ઉપરાંત? તે ઉપરાંત છઠ્ઠા ભાગે દ્રૌપદી મળશે. બિચારી દ્રૌપદી. તે વખતે સિનેમા, ટી.વી., ઈન્ટરનેટ કશું જ ન હતું.

આજના વસ્ત્ર પરિધાનની પણ ચર્ચા છે પણ પ્રાચીનથી મધ્યકાલીન સમય સુધી મોટાભાગની ખાસ કરીને ગરીબ સ્ત્રીઓને માંડમાંડ એક વસ્ત્ર પહેરી શકતી. ગાંધીજીએ સાબરમતીમાં એક સ્ત્રીની દશા જોઈને જાતે પોતડી પહેરવાનો નિર્ણય કર્યો તે હકીકત જાણીતી છે. હજુ આજે પણ આપણા દેશમાં અને અન્ય દેશોમાં આદિવાસી સમાજમાં ઉપવસ્ત્ર (કમરની ઉપરનું વસ્ત્ર) પહેરવાની પ્રથા નથી. સીવેલા વસ્ત્રો પહેરવાની શરૂઆત વિશ્વમાં દસમી સદી પછી થઈ. સ્ત્રીઓને કોઈ જ અધિકારો ન હતા. ફરિયાદ કરવાની કોઈ શક્યતા જ ન હતી. સ્ત્રીઓ માટે ન્યાય-અન્યાય જેવી કોઈ સંવેદના પણ ન હતી.

સ્ત્રીઓ માટે હવે, કાંઈક છેલ્લા ૨૦ - ૨૫ વર્ષોથી, ધીરે ધીરે ભારતમાં સતયુગ આવી રહ્યો છે. સ્ત્રીઓ મરજી બતાવી શકે છે, પસંદગી કરી શકે છે, ના પાડી શકે છે, ફરિયાદ કરી શકે છે. ન્યાય માગી શકે છે.

પણ હવે દુઃખી કે નિરાશ થવાની જરૂર નથી. સતયુગનો આરંભ થઈ ચૂક્યો છે. શૂદ્ર રાજા બને એ દિવસ દૂર નથી. અને સ્ત્રીઓ હકૂમત ચલાવે જ છે. ધીરે ધીરે સતયુગનો પ્રભાવ વધતો જશે. ગરીબોને, સ્ત્રીઓને, દલિતોને વગેરેને માણસ ગણવા જ પડશે અને તેઓના અધિકારો આપવા જ પડશે. સમર્થોની દાદાગીરી લાંબો વખત નહીં ચાલે.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

## ‘મંગલ મંદિર’ માસ : એપ્રિલ-૨૦૧૩ અંક “કચ્છી સંસ્થા વિશેષાંક”

‘મંગલ મંદિર’ એપ્રિલ-૨૦૧૩ (કચ્છી સંસ્થા વિશેષાંક)ના બધા જ લેખો વાંચીને લાગ્યું કે કચ્છમાં સામાજિક જવાબદારી સમજીને કાર્ય કરનાર સંસ્થાઓ અને ઉદ્યોગપતિઓને મંગલ મંદિર મેગેઝીન દ્વારા આપે એક સાથે ભેગા કરી દીધા. કચ્છના જુદા જુદા ક્ષેત્રમાં કચ્છના વિકાસ માટે આખો વખત ચિંતિત જેટલા લોકો છે એ જોઈને દસ વર્ષ પછીનું કચ્છનું ઉજ્જવળ ભવિષ્ય દેખાઈ રહ્યું છે.

***ચંદા શ્રોફ, મેનેજિંગ ટ્રસ્ટી - શ્રુજન***

★

‘મંગલ મંદિર’ એપ્રિલ-૨૦૧૩નો કચ્છી સંસ્થા વિશેષાંક વાંચ્યો. વ્યવસ્થિત રીતે કચ્છ જિલ્લાની બધી શૈક્ષણિક તેમજ અન્ય સંસ્થાઓની માહિતીનો સમાવેશ થયેલ છે. મને લાગે છે કે આ માહિતી દરેક વિદ્યાર્થીને ઉપયોગી રહેશે. અમે આ અંકને અમારા પુસ્તકાલયમાં મુકાવીશું. જેથી બધાય વિદ્યાર્થીઓ તેનો બહોળો લાભ લઈ શકે.

***એચ. કે. કૃપલાણી***
***વ્યવસ્થાપક - તોલાણી વિદ્યામંદિર, આદિપુર, કચ્છ***

★

વિનય સહ જણાવવાનું કે આપનો ‘મંગલ મંદિર’ માસ એપ્રિલ-૨૦૧૩નો કચ્છી સંસ્થા વિશેષાંક મળ્યો. વાંચી આનંદ થયો. આ અંક ભારતીય સંસ્કૃતિ અને જનજીવનનું નજરાણું છે. આ વિશેષાંકના લેખકોને ધન્યવાદ. આ અંક વાંચકવર્ગની આંખો ઠારે એવો નયનરમ્ય તેમજ અભ્યાસી અંક છે. ચિત્રોથી ચમકતો, ફોટાઓથી દમકતો, પાને-પાને માહિતી અને અધ્યયનનાં નિષ્કર્ષથી ઝળહળતો આ અંક સર્વેએ વસાવવા જેવો છે. તેમાં અભ્યાસપૂર્ણ લેખો ગમ્યા. બધા જ લેખો ઉત્તમ છે. ખૂબ ખૂબ અભિનંદન.

***નીતા જોશી***
***મેનેજર - ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન, ભુજ, કચ્છ***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે ‘મંગલ મંદિર’ના કચ્છી સંસ્થા વિશેષાંકના પ્રકાશન પ્રસંગે આપને ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર એંકરવાલા અહિંસાધામ તરફથી હાર્દિક અભિનંદન.

આ અંકમાં પ્રકાશિત થયેલ કચ્છની વિવિધ સંસ્થાઓની ફોટાઓ

તીર્થ પટ
**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**
**જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર**
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

સાથેની જે માહિતી આપેલ છે તે પરિપૂર્ણ અને ખૂબજ ઉપયોગી છે. આ માહિતી એકઠી કરવા માટે આપે જે જહેમત લીધી છે તે કાબિલેદાદ છે. આ અંકમાં આપે ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર 'એંકરવાલા અહિંસાધામ' સંસ્થાની માહિતી છાપી જીવદયાનો પ્રચાર કરી પુણ્યનું ભાથુ બાંધ્યું છે. સંસ્થાના ૨૮૦૦ અપંગ, અબોલ પ્રાણીઓ આપને આ બદલ આશીર્વાદ પાઠવે છે.

આ અંકમાં આપેલ માહિતી અમદાવાદમાં વસતા કચ્છી સમાજ માટે જ નહિ પરંતુ અન્ય સમાજો માટે પણ ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આ અંકમાં આપે સમાજની ક્ષિતિજો, ઇતિહાસ, તંદુરસ્તી, માહિતી, સાયન્સ અને ટેકનોલોજી તેમજ વિવિધ નિયમિત વિભાગોનું જે સંકલન કરેલ છે તે ખૂબજ રસપ્રદ અને માહિતીસભર છે.

આપ સાહિત્ય અને લેખન દ્વારા સમાજ સેવાના આવા ઉત્તમ કાર્યો કરતા રહો અને પ્રગતિના નવા સોપાન સર કરો એ જ અભ્યર્થના.

***મહેન્દ્ર સંગોઈ***
***એંકરવાલા અહિંસાધામ - પ્રાગપર રોડ, મુંદ્રા***

★

'મંગલ મંદિર'નો એપ્રિલ-૨૦૧૩નો કચ્છી સંસ્થા વિશેષાંક મળ્યો. આ અંકમાં આપે જુદી જુદી સેવાકીય સંસ્થાઓની વિગતો એકત્ર કરી આપેલ છે તે ખૂબજ ઉપયોગી બનશે અને સંબંધિત સંસ્થાઓને પણ તેથી પ્રોત્સાહન મળશે અને ફાયદો પણ થશે.

ગરીબને જેમ ભૂખ મટાડવા શું કરવું તે પ્રશ્ન હોય છે તેમ સંપત્તિવાનને ભૂખ લગાડવા શું કરવું તે પ્રશ્ન હોય છે. આજ રીતે સંસ્થાઓને ચલાવવા નાણાં ક્યાંથી મેળવવા તે પ્રશ્ન હોય છે તેમ જેને નાણાંનો ઉપયોગ ક્યાં કરવો છે તેમને ક્યાં નાણાં આપવાથી સદુપયોગ થશે તે પ્રશ્ન હોય છે. આ બંનેનો સુભગ મિલન આ કાર્યમાંથી થઈ શકશે તેવું મારું માનવું છે.

આવી ઘણી સેવાકીય સંસ્થાઓ ઉમદા પ્રવૃત્તિ કરે છે. તેમને આ રીતે જાહેરમાં લાવવાથી તેમની આર્થિક મૂંઝવણો દૂર કરવાનો માર્ગ મોકળો થશે. આથી આવી સંસ્થાઓની પ્રગતિ અને પ્રવૃત્તિનો ચિતાર આપવાનું કાર્ય આવતા અંકોમાં પણ ચાલુ રાખવા મારી વિનંતી છે.

સંપત્તિના ત્રણ ઉપયોગ છે : સૌ પ્રથમ ઉપયોગ ભોગ. જે સૌ કરે જ. છેલ્લો ઉપયોગ ત્યાગ જે કોઈક જ કરે. વચ્ચેનો માર્ગ છે દાન જે સૌ કરી શકે અને સૌ પોતાની શક્તિ મુજબ તે કરે. પરંતુ દાન લેનાર અને દાન આપનારનો સુભગ સમન્વય કરાવવો એ પણ દાન આપવા જેટલું જ પુણ્યકાર્ય છે અને તે આપે મંગલ મંદિર દ્વારા કરવાનું બીડું ઝડપ્યું છે તે માટે ખૂબ ખૂબ ધન્યવાદ.

***શશીકાંત ઠક્કર - માધાપર, કચ્છ***

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તા. ૧૩-૪-૨૦૧૩ના તેની સુવર્ણ જયંતીના સમાપન સમારોહ ઉજવણી પ્રસંગે 'મંગલ મંદિર' કચ્છી સંસ્થા વિશેષાંક પ્રકાશિત કરી, ખરેખર ખૂબજ પ્રશંસનીય કાર્ય કર્યું છે.

આપના પ્રકાશન દ્વારા બાવન જેટલી વિવિધ કચ્છી સંસ્થાઓની માહિતીથી અન્ય સંસ્થાઓને પણ સમાજ કલ્યાણના કાર્યોમાં ખૂટતી કડી પૂરી પૂરવાનો નેક પ્રયાસ થયેલ છે તેવું ભાસે છે.

સામાન્યપણે સંસ્થાની માહિતી મેળવવા તેના ટ્રસ્ટીઓને પત્ર દ્વારા જણાવવું પડે. પછી કયા હેતુ માટે જોઈએ છે તેવી પણ પૂછપરછ થાય ખરી! પણ અહીં તો સંકલનકારે વાંચકવર્ગની જાણકારી અર્થે ગાગરમાં સાગર જ ભરી દીધો છે. વિવિધ સેવાલક્ષી સંસ્થાનો ઇતિહાસ, તેમની કાર્યપદ્ધતિ, તેમના માળખામાં રહેલા ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને સેવાભાવી કાર્યકરોના નામ, સંસ્થાનું નામ - સરનામું - ટેલિફોન નંબર, ટ્રસ્ટના હેતુઓ અને તેની સેવા પ્રવૃત્તિ વગેરે ઘણી માહિતીનો ધોધ વરસાવ્યો છે.

સંકલનકારને તો હાર્દિક અભિનંદન અને સાથે સાથે 'મંગલ મંદિર'ના તંત્રી મંડળના મુખ્યતંત્રી શ્રી અશોક મહેતા તેમજ મનુભાઈ શાહ અને શ્રી દિનેશચંદ્ર મહેતાને આ દળદાર અંક પ્રકાશન બદલ ડબલ હાર્દિક અભિનંદન.

'મંગલ મંદિર' કચ્છ ઉપરાંત અન્ય સ્થળોની પણ વિવિધ માહિતીભર્યા લેખો, સરસ કાગળમાં બ્યુટીફુલ આર્ટ પેપર સાથેના કવર પેજને શણગારી દર માસે નિયમિતપણે રૂા. ૧૫૦/- જેટલી નાની રકમના વાર્ષિક લવાજમથી સમસ્ત ભારતમાં કચ્છીઓનું નામ રોશન કરે તેવું નેત્રદીપક અંક પ્રકાશિત કરી, ગુજરાતી સાહિત્ય પ્રકાશનની દિશામાં પણ કદાચ અગ્રતાક્રમે આવી શકે તેવું પ્રકાશન બનાવી દીધું છે તેમ કહીએ તો તેમાં કોઈ અતિશયોક્તિ નથી જ.

સંસ્થાની સુવર્ણ જયંતી પ્રસંગે એક સોનેરી અંક પ્રકાશિત કરી સર્વત્ર સંસ્થાનું ગૌરવ વધાર્યું છે, અભિનંદન.

***સી.એ. કુલીનકાંત ચાંપશી લુઠિયા***
***સામાજિક કાર્યકર - મુંબઈ***

★

માહે એપ્રિલનો 'મંગલ મંદિર' અંક મળ્યો. દરેક સમયે 'મંગલ મંદિર'ના વાચક વર્ગને કંઈક ને કંઈક નવીન સામગ્રી પીરસવાની પ્રવૃત્તિ સરાહના માગી લે તેવી છે.

સંસ્થા અંક તારીફે કાબિલ છે. કચ્છમાં કાર્યરત, આમ જનતાની મૂકભાવે સેવાની સરવાણી વહાવતી સેવાની આવી અનેક હાટડીઓની જેટલી સરાહનાં કરીએ એટલી ઓછી પડે તેમ છે. કચ્છથી દૂર ૪૦૦-૬૦૦ કિલોમીટરને અંતરે મુંબઈ - અમદાવાદ સ્થિત કચ્છી સંસ્થાઓ

**JAYANT STEELS**
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar, Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
**Ph. : (022) 2242 2463 • 2242 7263**

**જયંત સ્ટીલ્સ**
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

જે પ્રકારની માનવસેવા કરી રહેલ છે, તે વાંચી એટલું કહેવાનું જરૂર મન થાય છે, કે કચ્છી આદમી કચ્છથી ગમે તેટલા અંતરે દૂર બેઠો હોય પણ તેઓનો આત્મા કચ્છ પ્રત્યેની લાગણી અને પ્રેમથી સદા સર્વદા અનહદ અંશે ધબકતું રહે છે. એકે એક સંસ્થા માટે અલાયદા પ્રતિભાવ તો આપવા અસંભવ જેવું છે. છતાં પણ સારસ્વતમ્, વીરાયતન, ગો.ખી. ચેરિટેબલ ટ્રસ્ટ, કચ્છ નવનિર્માણ અભિયાન, વિવેકાનંદ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, શ્રુજન, વાગડ વેલફેર, બિદડા સર્વોદય, માનવતા ગ્રુપ — આ સંસ્થાઓની સેવા માટે જેટલું લખીએ એટલું અપૂરતું જ છે.

કચ્છનાં એ સદ્ભાગ્ય છે કે કચ્છીની પારંપરિત બંધુત્વની ભાવના પ્રત્યેક કચ્છીમાં આજે પણ એ જ રીતે જીવંત છે જે સદીઓ પહેલા હતી.

અંતમાં આવી સુંદર સેવા અને સંસ્થાની માહિતી માટે 'મંગલ મંદિર'ને અભિનંદન.

***મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ***

★

સૌ પ્રથમ વરસો થયા દર મહિને 'મંગલ મંદિર' દ્વારા જ્ઞાનવર્ધક અને આકર્ષક મુખપૃષ્ઠ આપો છો. એટલું જ નહીં, મૌલિક, ચિંતન કરી આચારમાં ઉતારવા જેવા વિવિધ ક્ષેત્રના નિષ્ણાતો અને નામી લેખકોના લેખ આપ પીરસો છો તે બદલ અભિનંદન.

અનેક સ્થળે આ પ્રકારના છ-બાર મહિનાના અંકો બાઈન્ડિંગ કરાવીને ગ્રંથ બને છે, જે આપ સર્વેના સતત પરિશ્રમ અને સેવાની ફળશ્રુતિ છે. ભાવિ પેઢી માટે અમૂલ્ય સંગ્રહ અને સંસ્કાર વારસો છે.

મંગલ મંદિરના એપ્રિલ-૨૦૧૩ના અંકમાં ૫૨ (બાવન) સંસ્થાઓની સવિસ્તાર માહિતી વાંચી તૃપ્તિ અનુભવી. જૈન સેવા સમાજ - અમદાવાદની આરોગ્ય સેવા, શૈક્ષણિક સેવા અને સામાજિક સેવા મોટા ગજાની છે. મોટું નેટવર્ક અને ટીમવર્ક છે. આપ સર્વે કાર્યકરો સમર્પિત સેવા આપો છો તે પ્રેરણાદાયી છે.

અંકમાં આપેલ સંસ્થાઓની વિગત વાંચતા જણાય છે કે સંસ્થાઓ સંસ્કારની જ્યોત છે જે દ્વારા સમય, શક્તિ અને પૈસાના સદુપયોગ થકી માનવ જીવનની સાર્થકતા અનુભવાય છે. બધી સંસ્થાઓને સેવા મંડળની શુભ કામના.

ફરીને, આપ સર્વેને તેમજ 'મંગલ મંદિર'ને ખૂબ ખૂબ અભિનંદન તેમજ આપની સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે તેવી શુભેચ્છા.

***ઝુમખલાલ જે. શાહ, પ્રમુખ, શ્રી સેવા મંડળ - માંડવી***

★

સવિનય જણાવવાનું કે 'મંગલ મંદિર'નો માસ એપ્રિલ-૨૦૧૩ 'કચ્છી સંસ્થા વિશેષાંક' મળ્યો. એકી બેઠકે વાંચી ગયો અને જે આનંદ થયો તે શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. આ માટે આપની સંસ્થા અને 'મંગલ મંદિર' પરિવારને ખૂબ અભિનંદન સાથે સર્વે શુભેચ્છા.

***ધનજી ભાનુશાલી, એડવોકેટ - ભુજ, કચ્છ***

★

'મંગલ મંદિર'નો 'કચ્છી સંસ્થા વિશેષાંક' મળ્યો. ૧૯૨ પાનાનો સુંદર - દળદાર અંક એકી બેઠકે વાંચી ગયો. કચ્છી સંસ્થાઓની માહિતી પણ જોઈ. આટલો સુંદર - માહિતીસભર અંક પ્રસિધ્ધ કરનાર સૌ કોઈને મારા ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

આટલા - આવડા સુંદર અંકમાં અમારી સંસ્થાની માહિતી અમે ન મોકલી શક્યા તેનો રંજ પણ છે.

ફરીથી તંત્રીમંડળને અને આપને મુખ્યતંત્રી તરીકે ખાસ અભિનંદન - આભાર સાથે.

***શામજીભાઈ પટેલ***
***તંત્રીશ્રી : 'પાટીદાર સંદેશ' - અમદાવાદ***

***નોંધ : 'મંગલ મંદિર'ના કચ્છી સંસ્થા વિશેષાંકના પાના નં.-૫ ૫૨ એક જાહેરાત આપવામાં આવેલ છે કે જે સંસ્થાઓએ પોતાની વિગત મોકલવાની બાકી હોય તો તેઓ પોતાની સંસ્થા વિશેની માહિતી મોકલાવી શકે છે. "કચ્છ સંસ્થા વિશેષાંક : ભાગ-૨" નજદીકના ભવિષ્યમાં બહાર પાડવાની યોજના છે. આ રીત આપની સંસ્થાની વિગત તુરત મોકલાવી આપવા અપીલ છે.***

***— તંત્રી***

★

'મંગલ મંદિર' માસ એપ્રિલ-૨૦૧૩નો કચ્છી સંસ્થા વિશેષાંક સંસ્થાઓના પરિચયની દૃષ્ટિએ ઉત્તમ અંક બન્યો છે. આ તમામ સંસ્થાઓનું કાર્યક્ષેત્ર, કાર્ય સંચાલનની પદ્ધતિ અને ઉદ્દેશો જુદા જુદા હોવાના કારણે પ્રત્યેક સંસ્થાનો લેખ માટેનો પ્રતિભાવ પણ જુદો જુદો હોવાનો.

દરેક સંસ્થાના પ્રવક્તાઓએ પોતાનાથી થાય તેવો અહેવાલ આપી સંસ્થાના કાર્ય પ્રદેશની ઝાંખી કરાવી છે. આમાં સૈકો વટાવી ગયેલી સંસ્થાઓ છે અને હમણાં જ દાયકો કે એક બે વર્ષ વટાવી ચૂકેલી સંસ્થાઓ પણ છે. ધર્મ, શિક્ષણ, કળા, સંસ્કૃતિ, તબીબી એમ અનેકવિધ હેતુઓ સાથે જોડાયેલી આ સંસ્થાઓ માત્ર મુંબઈ કે કચ્છથી માંડી ઠેઠ આંધ્રપ્રદેશ સુધી વિસ્તરેલી છે.

આ તમામ સંસ્થાઓનો મુખ્ય હેતુ છેવાડાની વ્યક્તિને તબીબી અને શૈક્ષણિક સુવિધાઓ સુલભ બને, વિજ્ઞાનની વિસ્તરેલી ક્ષિતિજોની

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

જાણકારી મળે તો ક્યાંક સેવાના માર્ગ સાથે ધર્મ અને અધ્યાત્મનો ભાવ સાંપડે એ હોય છે. બધી જ સંસ્થાઓની પાયાની ભૂમિકામાં સેવાનું બીજમંત્ર છે.

પરિચયની દૃષ્ટિ સહુની જુદી છે. વિચારોની પૂર્વભૂમિકા, સંસ્થાના ઉદ્‌ગમનો હેતુ, તેના વિચારબીજને સહાયકારી બનતી વિગતો, ઇતિહાસના સંદર્ભમાં પ્રાપ્ત સંજોગો, સંસ્થાનું વિઝન, મિશન, સંસ્થાના અભિગમ સાથે જોડાઈ શકે તેવી લોકભાગીદારીની વિભાવના, કોઈ વિશિષ્ટ જ્ઞાનભંડોળ કે વ્યવસ્થાપનની ચોક્કસ દૃષ્ટિ અને છેલ્લે, આદરેલી પ્રવૃત્તિઓનો વિકાસ અને તેની દૂરગામી અસરો, સંસ્થાના ભાવિ માટેનો સૂચક દૃષ્ટિકોણ — આ બધું જ સંસ્થાના દસ્તાવેજીકરણને સક્ષમ રાજમાર્ગ આપે છે.

આવી કેટલીક સંસ્થાઓની ઉત્તમ કાર્યલક્ષી પ્રણાલિકાઓ સાથેનો પરિચય મનને આનંદ પમાડે છે. આખરે તો સંસ્થાઓનો ઉદ્દેશ સર્વતોમુખી છે. ક્યાંક વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ આવે તો ક્યાંક માનવીય અભિગમ વડે સંસ્થાઓને સિધ્ધિ પ્રાપ્ત થઈ છે. આવી લોકજીભે ચડેલી સંસ્થાઓને 'મંગલ મંદિર'ની સાંકળતી કડીઓ બનાવી વાચકોને વૈચારિક યાત્રાનું ભાથું બાંધી આપ્યું છે.

એક વાત ખૂંચી. હું પોતે ક.વી.ઓ. જ્ઞાતિનો છું. આ જ્ઞાતિના ઉપક્રમ દ્વારા ઉદ્‌ભવેલી કોઈક સંસ્થાઓમાં તેના મૂળભૂત દૃષ્ટાઓને ભૂલી જવામાં આવ્યા છે. આપણે ગૌરવ લઈ શકીએ તેવો સંસ્થાનો દીર્ઘ ઇતિહાસ હોય તો તેના વિચારબીજના પ્રેરકો, દાતાઓ કે કાર્યકર વર્ગને આવા તબક્કે યાદ રાખવા જોઈએ. તેમ થતાં સમગ્ર આલેખનનું સાતત્ય વધે અને લખાણ પ્રેરક બને.

શક્ય છે કે, આલેખિક આ વાતનો નિર્દેશ કરતાં ભૂલી ગયા હોય અથવા જરૂરી ન માન્યું હોય ત્યારે પરિચય મેળવવા ઇચ્છતી સંસ્થાઓ, મેં આગળના ફકરામાં લખ્યું છે તેવા મુદ્દાઓને પ્રશ્નોત્તરી સ્વરૂપે નિર્દેશે તો પરિચયકાર આવા પ્રશ્નો પ્રત્યે સજાગ રહી ઉત્તર આપે.

આપ સહુ અભિનંદનને પાત્ર છો. સંસ્થાકીય દસ્તાવેજીકરણના મેં અગાઉ મોકલેલ લેખમાં કેટલાક જરૂરી મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો છે. આ લેખને મજકૂર લેખ સાથે સાંકળશો તો સંસ્થાકીય સ્તરે સંચાલકો માટે પોતપોતાની સંસ્થાઓના હિતમાં એક મહત્ત્વની ભૂમિકા પ્રસ્તુત થશે.

જુદા જુદા તારણો દ્વારા પ્રતિભાવ પામ્યો છું તે આટલું જ.

***પન્નાલાલ ખીમજી છેડા - મુંબઈ***

***મો. ૯૮૨૦૨ ૮૪૦૪૪***

***નોંધ :*** *દરેક સંસ્થાને ચોક્કસ ફોર્મેટ પ્રમાણે તેઓના લેખ લખીને મોકલી આપવા જણાવાયેલ હતું. દરેક સંસ્થાએ જે તે વિશેષજ્ઞ પાસે પોતાના લેખો લખાવડાવી અમારા પર મોકલી આપેલ. મોટાભાગના લેખમાં સંસ્થાઓના હોદ્દેદારોના નામ વગેરે આંતરિક બાબતો જે સ્વરૂપે આવેલ તે રીતે જ પ્રસારિત કરવામાં આવેલ છે.*

***– તંત્રી***

★

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અંદાજિત ૯૫૦ સભ્યો છે. દરેક સભ્યને વિનામૂલ્યે નિયમિતપણે 'મંગલ મંદિર'નો દરેક અંક મોકલવામાં આવે છે.*

*"કચ્છી સંસ્થા વિશેષાંક" માટે આપણે ઉપર મુજબના પ્રતિભાવો નિહાળ્યા. કદાચ આવતા મહિને પણ તા ચાલુ રહેશે. પરંતુ જે સમાજનું આ મુખપત્ર છે તે સમાજના ૯૫૦ સભ્યોમાંથી કેટલા સભ્યોના પ્રતિભાવ્યો આવ્યા? નગણ્ય!! તંત્રીમંડળે આનો અર્થ શું કાઢવો? શું સમજવું?*

***– તંત્રી મંડળ***

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સુવર્ણ જયંતી વર્ષ અંતર્ગત 'મંગલ મંદિર'નો કચ્છી સંસ્થા વિશેષાંક એપ્રિલ-૨૦૧૩ મળ્યો. ખૂબ સુંદર સંકલન... એકી સાથે કચ્છની ઘણી બધી સંસ્થાઓની માહિતી. તેમના હોદ્દેદારો, પ્રવૃત્તિઓની વિગતો જાણવા મળી. ઘણી બધી સંસ્થાઓ પોતપોતાના ક્ષેત્રમાં ખૂબજ સુંદર કામગીરી બજાવે છે. એમના કાર્યની અને સર્વે કાર્યકરોની ખૂબ ખૂબ અનુમોદના. આવું સુંદર સંકલન કરનાર 'મંગલ મંદિર'ના તંત્રીઓને પણ ખૂબ ખૂબ અભિનંદન. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તો ખૂબ ખૂબ સારી પ્રવૃત્તિઓ કરે છે પણ સાથે સાથે આવો માહિતીસભર અંક બહાર પાડી, સમાજ સમક્ષ મૂકી માહિતગાર કરે છે તે ખૂબ મહત્ત્વની બાબત છે. સૌ સંસ્થાઓ ઉત્તરોત્તર પ્રગતિ કરતી રહે એ જ અંતરની અભ્યર્થના.

સુવર્ણ જયંતી વર્ષ શરૂ થયું - વિવિધ પ્રવૃત્તિઓ થઈ અને માસ મે-૨૦૧૩નો અંક પ્રકાશિત થશે ત્યારે પૂર્ણ પણ થઈ જશે. સુવર્ણ જયંતી વર્ષ સર્વ રીતે યાદગાર બનાવનાર સર્વેને ખૂબ ખૂબ અભિનંદન.

***ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ***

★

'મંગલ મંદિર' એપ્રિલ-૨૦૧૩નો 'કચ્છી સંસ્થા વિશેષાંક' ખૂબ જ સારો હતો. તેમાં સંસ્થાઓ વિશેના માહિતીસભર લેખોથી ખૂબ જ જાણવા મળ્યું. આ પ્રકારની વિગતથી વાચકોના જ્ઞાન અને જાણકારીમાં વધારો થશે. આપના સામાયિક દ્વારા આવી પ્રવૃત્તિ ચાલુ રહે તેમ ઈચ્છીએ છીએ. આ કારણે સમાજ અને વાચકો બંનેને સારો ફાયદો થશે.

'મંગલ મંદિર' પ્રગતિના પંથે સતત આગળ વધે એવી શુભેચ્છા.

***મનોજપુરી એચ. ગુસાઈ - આશાપુરા ફાઉન્ડેશન***

JASH
Mercantile LLP

101, Manratna Business Park,
1st Floor, Junction of Derasar Lane,
Tilak Road, Ghatkopar (East),
Mumbai-400 077.

Tel. : +91.22.44229100 - 199
Fax : +91.22.44229119
E-mail : info@jashmercantile.com
Website : www.jashmercantile.com

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજ - અમદાવાદનું એક સ્તુત્ય પગલું

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે એક મેડિકલ સેન્ટર ચલાવે છે. લગભગ ૧૫ વર્ષની જહેમત બાદ તે તેની લગભગ પૂર્ણ ક્ષમતાએ પહોંચેલ છે. અહીં મેડિકલ ક્ષેત્રની વિવિધ ૨૬ બ્રાંચની સેવા આપવામાં આવે છે. દર અઠવાડિયે ૬૦થી પણ વધુ એમ.ડી. કક્ષાના ડૉક્ટરો અહીં કાર્યરત છે. પરીક્ષણ ક્ષેત્રે ડીજિટલ એક્સ-રે, સોનોગ્રાફી, પેથોલોજી લેબોરેટરી, ટી.એમ.ટી., કાર્ડિયાક વગેરે પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે. અહીંના દરો ખૂબજ કિફાયતી ધોરણે નક્કી કરવામાં આવેલ છે. નહિ નફો - નહિ નુકસાનીના ધોરણે આ મેડિકલ સેન્ટર કાર્યરત રહી આજુબાજુના વિસ્તારની જનતામાં તે ખૂબજ લોકપ્રિય બનેલ છે. તેથી જ તેની ઓ.પી.ડી.ની સંખ્યા લગભગ ૪૫૦ સુધીની પહોંચવા પામેલ છે. અગર આજના ધોરણે આ પ્રકારના મેડિકલ સેન્ટરની સ્થાપના કરવા જઈએ તો કદાચ રૂા. ૫.૦૦ કરોડની આજુબાજુ તેનો ખર્ચ થઈ શકે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે અમદાવાદ સ્થિત અન્ય કચ્છી ઘટક સમાજોને અગાઉ ઑફર કરેલ હતી કે જે તે ઘટક સમાજો તેમના સભ્યોને આ મેડિકલ સેન્ટરની સેવા ઉપલબ્ધ કરાવે અને કચ્છી પરિવારો આ કિફાયતી દરની સેવાનો સારો એવો લાભ મેળવે. કચ્છી પરિવારો આ સુંદર વ્યવસ્થાનો લાભ લે તે માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજે આ પ્રકારના કિફાયતી દરોમાં પણ ૨૫ ટકા કન્સેશન આપવાની જાહેરાત કરેલ હતી. અમદાવાદ સ્થિત કોઈપણ કચ્છી પરિવાર આજની ખૂબજ મોંઘી એવી મેડિકલ ક્ષેત્રની જરૂરિયાત ખૂબ જ કિફાયતી દરે મેળવી શકે એ આ યોજના પાછળનો શુભ મકસદ રહેવા પામેલ છે.

ત્યારબાદ અનેક કચ્છી પરિવારો ઉપરોક્ત મેડિકલ સેન્ટરના સભ્ય થઈ ચૂક્યા છે અને મેડિકલ કાર્ડ મેળવી આ સેવાનો લાભ લેવાનું પણ શરૂ કરી દીધેલ છે. પરંતુ તાજેતરમાં એક નોંધવાલાયક ઘટના બનવા પામેલ છે.

શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજે તેના બધા જ ૨૫૮ સભ્યો પાસેથી આ મેડિકલ સેન્ટરના ફોર્મ ભરાવીને તેમના બધા જ પરિવારોને મેડિકલ કાર્ડ અપાવેલ છે. પરિણામે સમાજના લગભગ ૧૦૦૦ની સંખ્યાના સમાજ પરિવારજનો આ મેડિકલ સેન્ટરના નક્કી થયેલા દરોમાં ૨૫ ટકા કન્સેશન સાથે ઉપલબ્ધ તમામ સેવા ક્ષેત્રનો લાભ લેવા ગતિમાન બન્યા છે.

શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજના તત્કાલીન પ્રમુખ શ્રી સંજયભાઈ ઠક્કર તથા તેમના તત્કાલીન માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પોતાના સમાજ પરિવારજનોના લાભાર્થે એક સ્તુત્ય પગલું ભરેલ છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન.

અન્ય કચ્છી ઘટક સમાજો પણ તેઓનું અનુકરણ કરી, આ સેવા ક્ષેત્રનો લાભ તેમના સભ્ય પરિવારોને અપાવે તેવી અભ્યર્થના.

**કાંતિલાલ વેલજી સાવલા**
**કન્વીનર - મેડિકલ સમિતિ**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

***નોંધ : અમદાવાદ સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજના સભ્યોને અપીલ કરવામાં આવે છે કે અગર તેઓને ત્યાં છેલ્લા ૩૭ વર્ષથી નિયમિતપણે પ્રકાશિત થતું 'મંગલ મંદિર' ના આવતું હોય તો તેઓ વહેલી તકે આ મુખપત્રના સભ્ય બની જાય. જેઓ સભ્ય હોય તેઓને વિનંતી કે તેઓ પોતાના સંબંધી - ઓળખીતાને આ માસિક મુખપત્રના સભ્ય બનાવે. આ મુખપત્રનું લવાજમ વાર્ષિક માત્ર રૂા. ૧૫૦/- રાખવામાં આવેલ છે.***

***આ મુખપત્રમાં નિયમિતપણે કચ્છના માહિતીપ્રદ લેખો અને સમાચારો પ્રસારિત કરાતા હોવાથી આપશ્રી ઘર બેઠા કચ્છના વિવિધ સમાચારો મેળવી શકશો. કચ્છની ગૌરવ ગાથાઓ વાંચી શકશો. વિશેષમાં શ્રી ક.જૈ.સે.સમાજ - અમદાવાદની અનેક પ્રવૃત્તિઓ અમદાવાદ સ્થિત તમામ કચ્છીઓ માટેની રહેતી હોવાથી એ પ્રવૃત્તિઓની આપશ્રી ઘર બેઠા જાણકારી પણ મેળવી શકશો.***

***– તંત્રી***

FAVOURITE
**FAVOURITE SAFETY PRODUCTS**
**MFG. & EXP. OF INDUSTRIAL SAFETY SHOES**
C-1 / B 2007-2006/3, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch (Gujarat)
**Ph. : 91 2646 220690 / 251646 Fax : 91 2646 - 251030**
**Mail : info@favouriteshoes.com Website : www.favouriteshoes.com**

**Dhiren Shah (Dand)**
Director
M. : 98795 00916

## શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજ - અમદાવાદ દ્વારા દરિયાલાલ જયંતી ઉત્સવ નિમિત્તે યોજાયેલ કાર્યક્રમ

શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજ - અમદાવાદનો વાર્ષિકોત્સવ - સંમેલન તા. ૧૧-૪-૨૦૧૩ના રોજ અમદાવાદ ખાતે ઉત્સાહભેર યોજાઈ ગયો.

ઉજવણીના આ કાર્યક્રમમાં સમાજ પરિવારજનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર ઉપસ્થિત હતા. તે સિવાય, કચ્છ અને ગુજરાતના તેમના સમાજના કેટલાક આગેવાનશ્રીઓ પણ આ પ્રસંગે હાજર હતા.

કાર્યક્રમના આરંભે ભક્તિભાવપૂર્વક સર્વેએ પ્રાર્થના કરી હતી. ત્યારબાદ સમાજના શ્રી સંજયભાઈ ઠક્કરના પ્રમુખ સ્થાને સમાજની વાર્ષિક સભાનું આયોજન થયું હતું. જેમાં માનદ્ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે ગત સભાનો તેમજ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો.

ચાલુ વર્ષે સમાજના હોદ્દેદારોની ટર્મ પૂર્ણ થતાં નવી કારોબારી સમિતિની સર્વાનુમતે વરણી થયા બાદ સી.એ. શ્રી વૈકુંઠભાઈ આર. ગોપાણીની નવા પ્રમુખ તરીકે અને તેમના નેતૃત્વમાં અન્ય હોદ્દેદારોની જાહેરાત થતાં સૌએ હર્ષભેર વધાવી લીધા હતા.

આ અવસરે શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજના લગભગ ૨૫૮ જેટલા સભ્યોના શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સંચાલિત મેડિકલ સેન્ટરના નક્કી થયેલા ચાર્જિસમાં ૨૫ ટકાનું કન્સેશન મળે તેવા મેડિકલ કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. પરિણામે ઉપરોક્ત સમાજના અંદાજિત ૧૦૦૦ની સંખ્યાના પરિવારજનો શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કાર્યરત મેડિકલ સેન્ટરની તબીબી સુવિધાઓનો ઉપરના ધોરણે લાભ લઈ શકશે. આ કાર્યવાહીની સમાજના ઉપસ્થિત સર્વે પરિવારજનોએ પ્રશંસા કરી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા, ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ સાવલા તેમજ સહમંત્રી શ્રી દિનેશ મહેતા ઉપર મુજબના દરિયાલાલ જયંતી ઉત્સવના કાર્યક્રમમાં આમંત્રિત મહેમાન તરીકે ખાસ હાજર રહ્યા હતા. સમાજના ત્રણે કાર્યકરોનું શ્રી કચ્છ વાગડ લોહાણા સમાજે ઉચિત સન્માન કર્યું હતું. તેઓએ નવા હોદ્દેદારશ્રીઓને અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

# કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ

## કચ્છનો સર્વાંગી ઇતિહાસ

તાજેતરમાં બહાર પાડવામાં આવેલ "કચ્છનો સર્વાંગી ઈતિહાસ"ના અનુસંધાને જરૂરી ચર્ચા વિચારણા કરવા કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની પરામર્શ સમિતિની એક મીટિંગ રવિવાર તા. ૨૧-૪-૨૦૧૩ના રોજ કચ્છ મિત્ર કાર્યાલય - ભુજ ખાતે મળેલ હતી. આ મીટિંગમાં શ્રી અશોક મહેતા, શ્રી શશીકાંત ઠક્કર, શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી ઉમિયાશંકર અજાણી, શ્રી નરેશભાઈ અંતાણી તથા ડૉ. પુલિન વસા ઉપસ્થિત રહ્યા હતા. આ મીટિંગમાં પુરાતત્ત્વના લેખ વિશે ચર્ચા કરવામાં આવેલ હતી અને જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા. હવે પછીની આવૃત્તિમાં સંદર્ભ સૂચિ ઉમેરવી, રહી ગયેલ ત્રુટીઓ સુધારવી, ખેતી વિષયનો લેખ અલગથી લેવો, કચ્છની બહાર વસવાટ કરતા કચ્છીઓ વિશેના લેખનો પણ ઉમેરો કરવો. એ જ રીતે વન્ય સૃષ્ટિ અને વન્ય ઔષધિઓ અંગેના લેખોનો પણ ઉમેરો કરવો. ઉપરોક્ત દરેક બાબતે ચર્ચા - વિચારણા કરી યોગ્ય નિર્ણયો લેવામાં આવેલ હતા.

કચ્છના ઈતિહાસ સંદર્ભે શ્રી દામજીભાઈ ઍંકરવાલાએ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલને રૂા. ૭.૦૦ લાખનું ડોનેશન આપેલ તે બદલ તેમનો આભાર માનવામાં આવેલ હતો.

પરિચય પુસ્તિકા બાબતે અત્યાર સુધી થયેલ કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવેલ હતી અને બાકી રહેતી કાર્યવાહી શક્ય ત્વરાએ પૂરી કરવી, તેવું નક્કી કરવામાં આવેલ હતું.

## ભુજ ખાતેની સૂચિત આર્કિટેક્ચરલ કૉલેજ

ભુજ ખાતેની સૂચિત આર્કિટેક્ચરલ કોલેજની જમીન માટે યોગ્ય સરકારી જમીન હાંસલ કરવા જરૂરી ફોર્મ ભરી કલેક્ટરશ્રીને અગાઉ સુપરત કરવામાં આવેલ હતા. ત્યારબાદ ભુજ મામલતદાર ઓફિસ દ્વારા જરૂરી ચકાસણી કરી એ ફાઈલ કલેક્ટરશ્રીની ઓફિસમાં મોકલવામાં આવેલ હતી. કલેક્ટરશ્રીની ઓફિસમાંથી આવેલ રિમાર્કની

## અકાળે દુઃખદ નિધન : સ્વ. દેવીબહેન ઠક્કર

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રારંભિક સમયના કાર્યકર તેમજ માનદ્ મંત્રીશ્રી સહિતના પૂર્વ વિવિધ હોદ્દેદાર અને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ખૂબજ નજદીકના હિતેચ્છુ શ્રી ઘનશ્યામભાઈ પી. ઠક્કર (ભુજ) અમદાવાદના ધર્મપત્ની દેવીબહેનનું તા. ૧૨-૪-૨૦૧૩ના રોજ અમદાવાદ ખાતે દુઃખદ નિધન થતાં તેમના પરિવાર ઉપરાંત સ્થાનિકે અનેક સમાજો અને મહિલા મંડળમાં ઊંડા દુઃખ અને ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

ખૂબજ શાંતિ અને મૃદુ સ્વભાવવાળા અને માયાળુ વ્યક્તિત્વ ધરાવનાર સદ્ગત દેવીબહેન શ્રી કચ્છી મહિલા મંડળના પૂર્વ હોદ્દેદાર હતા. તેમના અકાળે દુઃખદ નિધન બદલ "મંગલ મંદિર" પરિવાર ઊંડા દુઃખ અને શોકની લાગણી વ્યક્ત કરે છે અને તેમના નિધનથી ઊભો થયેલો શૂન્યાવકાશ અને આઘાત સહન કરવાની શ્રી ઘનશ્યામભાઈ અને તેમના સમગ્ર પરિવારજનોને શક્તિ આપે અને સ્વર્ગસ્થના આત્માને પરમાત્મા શાંતિ બક્ષે તેવી નમ્ર પ્રાર્થના કરીએ છીએ.

*– તંત્રી મંડળ : "મંગલ મંદિર"*

*ઈરાદો મક્કમ હોય તો સફળતા કદમ ચૂમે છે.*

પૂર્તિ કરી એ બધા જ પેપર્સ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ તરફથી ફરી મામલતદાર ઓફિસમાં મોકલવામાં આવેલ હતા. મામલતદાર ઓફિસે યોગ્ય ચકાસણી કરી હાલે આ ફાઈલ એપ્રુવલ માટે કલેક્ટરશ્રીની ઓફિસે મોકલી આપેલ છે. અગર કલેક્ટરશ્રી આ જમીનની માંગણીને ઓ.કે. કરે તો ફાઈલ, ફાઈનલ એપ્રુવલ માટે ગાંધીનગર મોકલવામાં આવશે. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ આ બાબતે હકારાત્મક પરિણામો આવશે તેવી ધારણા રાખે છે.

## પ્રભુ મહાવીરના ૨૬૧૨મા જન્મોત્સવ પ્રસંગે શોભાયાત્રાનું ભવ્ય રીતે આયોજન થયું

અગ્નિભૂતિની સાધના એ બુધ્ધિની સાધના છે, એ જ્ઞાન માર્ગ છે. જ્ઞાનનો જયાં સુધી સત્કર્મ સાથે સંબંધ ન હોય ત્યાં સુધી એ જ્ઞાન વાચિક જ્ઞાન જ રહે છે. ભગવાન મહાવીરે આ જ્ઞાનને કર્મ સાથે જોડીને અગ્નિભૂતિનું કાર્ય પૂર્ણ કર્યું છે.

ત્રીસ વર્ષની વયે મહાવીરે પોતાના મોટાભાઈ નંદીવર્ધનની આજ્ઞા લઈ, આત્મસાધના માટે ઘર છોડી સાડા બાર વર્ષ ઘોર તપશ્ચર્યા કરી હતી. કેટલાય દિવસોના અન્નજળનો ત્યાગ કરી મન, બુધ્ધિ, ચિત્તને વશ કર્યા હતા. ઉગ્ર તપશ્ચર્યાના ફળ સ્વરૂપ તેમને ૪૨મા વર્ષે વૈશાખ સુદ-૭ના રોજ ઋજુવાલીકા નદી કિનારે શાલવૃક્ષ નીચે કેવલજ્ઞાન - સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

પ્રભુ મહાવીર જન્મ કલ્યાણકના પ્રસંગે અમદાવાદમાં 'જીતો' સંસ્થાના ઉપક્રમે તા. ૨૩-૪-૨૦૧૩ ચૈત્ર સુદ-૧૩ના રોજ જૈન ધર્મના ચારેય ફિરકાઓની એક શોભાયાત્રાનું આયોજન થયું હતું. ધરણીધર દેરાસર વિસ્તારમાં અન્નપૂર્ણા હોલ - વિકાસ ગૃહ રોડ - ભગવાન નગરના ટેકરા - પાલડી ચાર રસ્તાના સ્થળોએ અહિંસા, અનેકાંતવાદ, જીવદયા અને વિશ્વશાંતિનો સંદેશ પ્રસરાવતી શોભાયાત્રાનું આખરે સંસ્કાર કેન્દ્ર ખાતે વિસર્જન થયું હતું.

હાથી, ઊંટ, બગીગાડી વગેરેથી શોભાયાત્રાએ રસ્તાની બંને તરફના લોકોમાં મોટું આકર્ષણ ઊભું કર્યું હતું. જૈન સ્તવન સાથેના પ્રસંગને અનુરૂપ બાળકો અને યુવા વર્ગે લોકનૃત્યો પણ રજૂ કર્યા હતા. આ શોભાયાત્રામાં કેટલાક ધાર્મિક, સામાજિક અને રાજકીય આગેવાનો પણ જોડાયા હતા. શ્રાવકો દ્વારા ચલાવાતા રથમાં પ્રભુ મહાવીરની અલૌકિક મૂર્તિના દર્શન કરીને રસ્તાની બંને તરફના પ્રજાજનો ધન્યતા અનુભવતા હતા.

આ નિમિત્તે અમદાવાદ ખાતેના દેરાસરોમાં પ્રભુ મહાવીર સ્વામીની ભવ્ય અંગ રચના, પૂજન, ભાવના વગેરેના ખૂબ સુંદર રીતે આયોજનો થયા હતા.

પ્રભુ મહાવીર ભલે એક હતા પરંતુ એમના વ્યક્તિત્વના પાસાં વિવિધ હતા. એ પ્રત્યેક પાસામાં એવું કૌવત સમાયેલું છે જે સૃષ્ટિને શ્રેયનો - સાચા સુખનો - અમર શાંતિનો રાહ બતાવી શકે, તેવો સંદેશ આજના આ અવસરે પ્રસારિત કરવામાં આવ્યો હતો.

*દિનેશ આર. મહેતા*

## પોલિયો ફાઉન્ડેશન - અમદાવાદ રજત જયંતી વર્ષ કાર્યક્રમ

મૂળ ભારતની અમેરિકી અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ ગત માસે અમદાવાદ પોલિયો ફાઉન્ડેશનની મુલાકાત દરમ્યાન તે સંસ્થાના સેરિબ્રલ પાલ્સીના બાળકો ઉપરાંત તેમના વાલીઓને ઉષ્માભેર મળ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉપરોક્ત સંસ્થા તેનું રજત જયંતી વર્ષ ઊજવી રહેલ છે. આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં તબીબી ક્ષેત્રે જાણીતા ડોક્ટર્સ, અન્ય સંસ્થાઓના આગેવાનો તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટર તરફથી શ્રી કાંતિભાઈ સાવલા તેમજ શ્રીમતી હાસ્યલતાબેન મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ સંસ્થાની વર્તમાન કામગીરી અને ઉપલબ્ધ સુવિધાઓ વિશે વિસ્તૃત જાણકારી મેળવેલ હતી.



અવકાશયાત્રી સુનિતાના પ્રવચનના સમયે ધ્યાનસ્થ મુદ્રામાં શ્રી કાંતિભાઈ સાવલા (ડાબી બાજુ બેઠેલા)

**વિશ્વાસ એક નાનો શબ્દ છે તેને સજવામાં એક સેકન્ડ, વિચારવામાં ત્રીસ સેકન્ડ, સમજવામાં કેટલાયે દિવસો અને સાબિત કરવામાં જિંદગી નીકળી જાય છે.**

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

MFG. ST. STEEL UTENSILS

## માંડવી - કચ્છના શ્રી નારાયણ શનિશ્ચરા દ્વારા લિખિત 'ઉછાળી દે આભને' પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું

માંડવી - કચ્છ ખાતે ઉચ્ચ કક્ષાના સાહિત્યકારો અને સાહિત્ય પ્રેમીઓની ઉપસ્થિતિ વચ્ચે શ્રી નારાયણ શનિશ્ચરા લિખિત 'ઉછાળી દે આભને' નામના પુસ્તકનું તાજેતરમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પ્રતીક પ્રકાશનનો ૨૭૫ પાનાનો આ પુસ્તક ખૂબ જ સુંદર છે. મુખપૃષ્ઠ ઉપર માંડવી શહેરની નામવર વ્યક્તિઓ નજરે પડે છે. પુસ્તકના ત્રણ વિભાગમાં ૨૨૫થી વધારે વ્યક્તિઓના પરિચયો આપવામાં આવ્યા છે. પ્રથમ વિભાગમાં તસવીરો સાથે ૧૬૦, બીજા વિભાગમાં માંડવીમાં જન્મેલ અથવા તેને કર્મભૂમિ બનાવનાર કેટલીક વ્યક્તિઓની વિશિષ્ટ બાબતો રજૂ કરવામાં આવી છે અને વિભાગ-૩માં ઑમાન કે અન્ય સ્થળે માંડવીના કેટલાક ઉદ્યોગપતિઓની સંક્ષિપ્ત માહિતી પીરસવામાં આવી છે. પુસ્તકનું મૂલ્ય રૂા. ૧૫૦/- છે. પુસ્તકમાં સને ૧૬૫૦ અને સને ૧૮૨૦થી ૨૦૧૧ના સમય દરમ્યાનની બાબતો રજૂ કરવામાં આવી છે.

પુસ્તકમાં સુંદરજી સોદાગર, જેઠીબાઈ, શ્યામજી કૃષ્ણવર્મા, કે.ટી. શાહ, જયંત ખત્રી, દેવ ગઢવી જેવી નામાંકિત વ્યક્તિઓ સાથે વીરજી મીઠુ ખારવા, ધરમશી શાહ, જેરામ ભાગલિયા, ડૉ. પરિંદા વસા, અનિતા શાહ, મીનાક્ષી સોની, મેઘજી ખારવા, માનસંગજી ડુડિયાના પરિચયો સહિત - તેમની નોંધ ધ્યાનાકર્ષક અને રસપ્રદ છે.

બે વાર્તા સંગ્રહ, બે નવલકથા, ત્રણ ધારાવાહિક નવલકથા, એક જ્ઞાતિનો ઈતિહાસ, માંડવીના બે સંશોધન ગ્રંથો બાદ શ્રી શનિશ્ચરા દ્વારા પુસ્તક 'ઉછાળી દે આભને' બહાર પાડ્યું છે.

વિવિધ ક્ષેત્રના મહાનુભાવોના પરિચય, ઐતિહાસિક ઘટનાઓ અને તેની તસવીરો સાથેનું આ પુસ્તક એક નજરાણા સમાન છે. આ માટે શ્રી શનિશ્ચરા યશના અધિકારી છે. ■

## રાજકારણ - ધંધાદારી કરણ

લોકો રાજકારણ તરફ ખૂબજ આકર્ષાયેલા રહે છે. રાજકારણમાં પ્રવેશ મેળવવા કોઈ પણ પ્રકારની ડિગ્રીની જરૂરિયાત રહેતી નથી. કોઈ પણ કક્ષાની વ્યક્તિ આ ક્ષેત્રમાં પ્રવેશ પામી પોતાનો વિકાસ સાધી શકે છે. રાજકારણમાં પ્રવેશવાની લાલચ મુખ્યત્વે બે પ્રકારની હોય છે. એક તો તેનાથી અમર્યાદ સત્તા મળે છે (કેટલાક સંજોગોમાં તો જૂના રાજાશાહીના જમાના કરતા પણ વધુ) અને બીજું રાજકારણને ધંધાદારીકરણમાં પણ ફેરવી શકાય છે. તેનાથી સંપત્તિનું ઉપાર્જન અનેક ઘણું વધુ થઈ શકે છે.

એક જ દાખલાં પૂરતો થઈ રહેશે. ગુજરાત વિધાનસભાના મતદાર ક્ષેત્ર નં. ૧ થી ૪ શરૂઆત કરીએ. અબડાસા વિભાગના શ્રી જયંતીલાલ ભાનુશાળીની વાત છે. ચૂંટણી પંચ સમક્ષ વર્ષ ૨૦૦૭ની ચૂંટણી સમયે પોતાનું ઉમેદવારી ફોર્મ ભરતી વખતે અને વર્ષ ૨૦૧૨ ના સમયે પોતાનું ઉમેદવારી ફોર્મ ભરતી વખતે રૂ. ૫૦ ના સ્ટેમ્પ પેપર પર તેઓએ જાહેર કરેલ પોતાની વિગતો નીચે મુજબ છે.

**વર્ષ ૨૦૦૭**

| | | |
|---|---|---|
| ★ | પોતાના તથા પત્નીના નામે અમદાવાદ - નરોડામાં ઘર તથા ગોડાઉન | : રૂ. ૩૦.૦૦ લાખ |
| ★ | ખેતીલાયક બાલાસિયા, સાથા, ધણપ, મુઠિયા અને મોથાળામાં જમીન | : રૂ. ૪૮.૦૦ લાખ |
| ★ | મોસમપુરામાં બિન ખેતીની જમીન | : રૂ. ૫.૮૧ લાખ |
| ★ | પોતા પાસે રોકડા | : રૂ. ૦.૪૫ લાખ |
| ★ | પત્ની પાસે રોકડા | : રૂ. ૦.૦૦ લાખ |
| ★ | બોન્ડ | : રૂ. ૦.૨૫ લાખ |
| ★ | એલ.આઈ.સી. | : રૂ. ૦.૮૯ લાખ |
| ★ | સોનું - ૩૦૦ ગ્રામ | : રૂ. ૫.૮૧ લાખ |
| ★ | ઈન્ડીગો તથા ઈનોવા કાર | : — |
| | | રૂ. ૯૧.૨૧ લાખ |

**વર્ષ ૨૦૧૨**

| | | |
|---|---|---|
| ★ | ખેતીની કે બિનખેતીની જમીનો અમદાવાદ પાસેના જુદા જુદા સ્થળોએ તથા મુંદ્રા તાલુકામાં મળીને | : રૂ. ૯૩૧.૦૦ લાખ |
| ★ | પત્નીના નામે મિલકત | : રૂ. ૨૭૦.૦૦ લાખ |
| ★ | આશ્રિતોના નામે મિલકત | : રૂ. ૫૬.૦૦ લાખ |
| ★ | પોતા પાસે રોકડા | : રૂ. ૨.૦૦ લાખ |
| ★ | પત્ની પાસે રોકડા | : રૂ. ૧.૧૦ લાખ |
| ★ | બેન્કમાં બંનેના નામે | : રૂ. ૨.૭૦ લાખ |
| ★ | કંપનીઓમાંથી મળવાપાત્ર | : રૂ. ૪૯.૦૦ લાખ |
| ★ | પત્નીને કંપનીઓમાંથી મળવાપાત્ર | : રૂ. ૪૩.૦૦ લાખ |
| ★ | સોનું ૪૨૫ ગ્રામ | : રૂ. ૮.૨૩ લાખ |
| ★ | એક્સ યુવી, ઈનોવા જેવી મોટરો | — |
| | | રૂ.૧૩૬૩.૦૩ લાખ |

રાજકારણમાં રહેવાથી ૫ વર્ષમાં જો કોઈની મિલકત ૧૫ ગણી થઈ શકતી હોય તો કોઈ પણ વ્યક્તિ આ ક્ષેત્રમાં પોતાના ધંધાને વિકસાવવા માટે લલચાઈ જાય એ આજના ભારતની તાસીર છે!

અગાઉ રાજકારણની ગણના સેવા ક્ષેત્ર તરીકે કરવામાં આવતી હતી. આજે આ દિશામાં પણ પરિવર્તન થવા લાગેલ છે. હવે કોઈની પણ માનસિકતા તેને સેવા ક્ષેત્ર તરીકે ગણવાની રહી નથી. તે સત્તાધારી અને ધંધાદારી ક્ષેત્ર બની ગયેલ છે અને તેથી જ તેમાં વિશાળ માત્રામાં બદીઓ ફેલાવા લાગી છે.

આ ક્ષેત્રમાં પરિવર્તન લાવવું જરૂરી છે! અને તે થઈને જ રહેશે - જ્યારે જનતા જનાર્દન જાગી ઉઠશે. કોઈ અન્ના કે કેજરીવાલમાં વિશ્વાસ રાખવો રહ્યો! ■

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

એપ્રિલ – ૨૦૧૩ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.

### રિન્યૂ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- રસિકલાલ ડી. શાહ — સુરત
- જિતેન્દ્ર ઠાકરશી શાહ — ભુજ, કચ્છ
- સુરેશ નાનજી ધરોડ — અંધેરી (વેસ્ટ), મુંબઈ
- મુકુંદ કે. મહેતા 'અલ્પ' — આદિપુર, કચ્છ

#### ૩ વર્ષનું લવાજમ

- હરિલાલ એન. શાહ — કલકત્તા
- મનીષ નવીન મહેતા — સુરત
- રજનીબેન પટેલ — અંધેરી (વેસ્ટ), મુંબઈ

#### આજીવન લવાજમ

- મણિલાલ જેવત નાગડા — હૈદ્રાબાદ

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- તુષાર જયચંદ લાલકા — નીમચ (મ.પ્ર.)
- અનવર અબ્દુલ ગફાર મીર — મોરબી
- નીરવ શાંતિલાલ સતરા — બોરીવલી (વેસ્ટ), મુંબઈ
- ભાર્ગવ હરનારાયણ ભટ્ટ — ગાંધીધામ (કચ્છ)
- કાંતિલાલ એચ. ગાંધી — ચેન્નાઈ

#### ૩ વર્ષનું લવાજમ

- રમેશચંદ્ર માધવજી ગોર — ભુજ (કચ્છ)
- કિશોર શામજી છેડા — સાયન (ઈસ્ટ), મુંબઈ
- લતા લક્ષ્મીચંદ વીરા — એલ.ટી. રોડ, મુંબઈ
- હરીશચંદ્ર નાનચંદ શાહ — માંડવી (કચ્છ)
- રમણિકલાલ પોપટલાલ મહેતા — ભચાઉ (કચ્છ)
- કૌશિક કાંતિલાલ ઠક્કર — બોપલ, અમદાવાદ

#### આજીવન

- ચંદ્રકાંત આર. શાહ — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ
- લલિત વાડીલાલ શાહ — ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ
- વીરચંદ મુરજી વીસરિયા — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ

#### પાવન પગલાં

આપણે માનીએ કે ન માનીએ, કોઈના પગલે સુખશાંતિ આવતી હોય છે તો કોઈના પગલે દુઃખ અશાંતિ પણ આવતા હોય છે.

– *સ્વામી સચ્ચિદાનંદ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર

| *ક્રમ* | *પુસ્તકનું નામ* | *લેખક* |
|---|---|---|
| **(૧)** | **એક સદ્‌ગૃહસ્થ તરફથી ભેટ મળેલ પુસ્તકો** | |
| ૧. | નેણમાં નવલ નૂર | બકુલ દવે |
| ૨. | અંજલી ભરી અમે આંસુ પીધાં | પ્રમોદ ત્રિવેદી |
| ૩. | સોરઠ, તારા વહેતા પાણી | ઝવેરચંદ મેઘાણી |
| **(૨)** | **"સાહિત્ય સંગમ" તરફથી ભેટ મળેલ પુસ્તક** | |
| ૧. | વીણેલાં ફૂલ | સાહિત્ય સંગમ |
| **(૩)** | **"નવભારત સાહિત્ય મંદિર" તરફથી ભેટ મળેલ પુસ્તકો** | |
| ૧. | વારસો | દિલીપ ભટ્ટ |
| ૨. | કરિયાવર | દિલીપ ભટ્ટ |
| ૩. | મારા યુગપ્રવર્તક મહાપુરુષો કબીર, ગાંધીજી, સરદાર, મોદી...! | ડૉ. દીપક કાશીપુરિયા |
| ૪. | સફળતાના સ્વાતિબિંદુ | ડૉ. દીપક પટેલ (કાશીપુરિયા) |
| ૫. | તને, જિંદગી | કાજલ ઓઝા વૈદ્ય |
| **(૪)** | **'ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય' તરફથી ભેટ મળેલ પુસ્તકો** | |
| ૧. | નરેન્દ્ર મોદીનો વિચાર વૈભવ | દિનેશ દેસાઈ |
| ૨. | કચ્છી કથાઓ | સ્વામી સચ્ચિદાનંદ |
| ૩. | ગુજરાતનાં સંગીતકાર રત્નો | હસુ યાજ્ઞિક |
| ૪. | ક્રાંતિકથાઓ | સ્વામી સચ્ચિદાનંદ |
| **(૫)** | **શાંતિલાલ સોમચંદ શેઠ તરફથી ભેટ મળેલ પુસ્તક** | |
| ૧. | વણઝાર ક્યાં જતી હશે! | અનંત જોશી |
| **(૬)** | **પ્રતાપભાઈ દંડ તરફથી ભેટ મળેલ પુસ્તક** | |
| ૧. | સુખનું નામ | દિલીપ રાણપુરા |
| **(૭)** | **શ્રીમતી નલીનીબેન કિશોરભાઈ લાલકા તરફથી ભેટ મળેલ પુસ્તકો** | |
| ૧. | ઈંદિરા ગાંધી | અમૃતા પ્રીતમ, શોભા ભ્રમર |
| ૨. | આભતત્ત્વ | સ્વામી વિવેકાનંદ |
| ૩. | મનોરમા | મહમ્મદ માંકડ |
| ૪. | ગુનાહોં કા દેવતા | ધર્મવીર ભારતી |
| ૫. | ગુપ્ત ધન | પ્રેમચંદ |
| **(૮)** | **'સારસ્વતમ્' સંસ્થા તરફથી ભેટ મળેલ પુસ્તક** | |
| ૧. | 'હું કચ્છનો, કચ્છ મારું' | ટી. એમ. શેઠ |

સંકલન : નલિની શેઠ, વિજયાલક્ષ્મી શેઠ

*વૃક્ષારોપણ કરતાં વધારે મહત્ત્વનું તેનું જતન, ઉછેર અને માવજતનું છે.*

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) જે રીતે પોલીસ ગુનેગારોના 'મોસ્ટ વોન્ટેડ' નામો જાહેર કરે છે તેજ રીતે અલ કાયદાએ પણ જેની પોતે હત્યા કરવા ઈચ્છે છે તેવા મોસ્ટ વોન્ટેડનું લિસ્ટ જાહેર કરેલ છે. ***(સાધના, તા. ૯-૩-૧૩)***

(૨) હરિયાણાના ઓમપ્રકાશ ચૌટાલા તથા તેનો પુત્ર અજય ચૌટાલા હાલે તિહાર જેલમાં છે. અજય ચૌટાલાએ સોનીપતમાં યોજાયેલી એક રેલીને પોતાના મોબાઈલ ફોન દ્વારા જેલમાંથી ભાષણ આપ્યું. ***(સાધના, તા. ૯-૩-૧૩)***

(૩) ગયા વર્ષે રાષ્ટ્રપતિ ભવનના અધિકારીઓએ રાષ્ટ્રપતિ પાસે પડતર રહેલી દયાની તમામ અરજીઓની વિગતો રાષ્ટ્રભવનની વેબસાઈટ પર મૂકી હતી. પરંતુ અફઝલ ગુરુને ફાંસી આપ્યા બાદ એ તમામ વિગતો વેબસાઈટ પરથી ગૂપચૂપ ભેદી રીતે હટાવી લેવામાં આવી છે. ***(સાધના, તા. ૯-૩-૧૩)***

(૪) ઉરુગ્વેના પ્રમુખ ૭૭ વર્ષના છે અને તેઓ પોતાની પત્ની સાથે ગામની ભાગોળે એક નાના ઘરમાં રહે છે. પોતાને મળતા વેતનની ૯૦% રકમ ગરીબોના આવાસ સગવડ વિસ્તાર અર્થે વાપરે છે. આ રકમ બાદ તેમની પાસે અંગત ખર્ચ માટે મહિને માત્ર ૮૦૦ ડોલર જ બચે છે. ***(સાધના, તા. ૯-૩-૧૩)***

(૫) થોડા સમય પહેલાં સમાપ્ત થયેલા મહાકુંભ મેળા વખતે હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રાધ્યાપક સંશોધકોએ પોતાની નોંધમાં જણાવ્યું છે કે લગભગ ચાલીસ હજારથી પણ વધારે વિદેશી સુંદરીઓ દેહવિક્રય માટે કુંભ મેળા સ્થાને વસવાટ કરવા આવેલી. ***(નયા માર્ગ, તા. ૧-૩-૧૩)***

(૬) તામિલનાડુ રાજ્યમાં ૩૪,૦૦૦ એવા મંદિરો છે જે રાજ્ય સંચાલિત છે પણ તે છતાં એમાં કોઈ દલિત વર્ગના માણસને નોકરી આપવામાં આવતી નથી. ***(નયા માર્ગ, તા. ૧-૩-૧૩)***

(૭) મહાકુંભ મેળામાં ઐશ્વર્યા બચ્ચનના સૌંદર્યને શરમાવે એવા પૂર્ણ મેકઅપ વાળા 'આધેમા' આવ્યા હતા તેની આસપાસ સાધુઓ અને બાબાઓની ભીડ જામી હતી. અને કેટલાક ફિલ્મ નિર્માતાઓ તેને પોતાની ફિલ્મ માટે સાઈન કરવા પણ આવેલા. આ કુંભ મેળામાં દેશી - વિદેશી દારૂ અને માંસાહારનો ધંધો લોકોને પૂરબહારમાં વકરો કરાવી ગયો હતો. ***(નયા માર્ગ, તા. ૧-૩-૧૩)***

(૮) સરકારી જાહેરાત પ્રમાણે દેશમાં સરકારી નોકરીમાં રહેલા સહાયકોને પગાર ચૂકવવાના પણ ફાંફા છે ત્યારે નિર્મલબાબાની આવક રૂા. ૨૩૮ કરોડ, રામદેવ બાબાની આવક ૧૧૭૭ કરોડ અને સત્ય સાંઈબાબાની આવક ૪૦૦૦ કરોડની છે. બીજા ઘણા બાબાઓની આવક કરોડો રૂપિયાની છે. ***(નયા માર્ગ, તા. ૧-૩-૧૩)***

(૯) લંડનની એક શાળામાં માત્ર બે વર્ષની નાની બાળકીએ પિયાનો પર મોઝાર્ટની સંગીત ધૂન વગાડી. ***(વિવેકપંથી, ફેબ્રુઆરી-૨૦૧૩)***

(૧૦) મુંબઈના ઓટોરિક્ષા ચલાવનારની દીકરી પ્રેમા નારાયણ સી.એ.ની પરીક્ષામાં સમગ્ર ભારતમાં પ્રથમ આવી. ***(વિવેકપંથી, ફેબ્રુઆરી-૨૦૧૩)***

(૧૧) પંઢરપુરના વિઠ્ઠલ મંદિરની તિજોરીમાંથી ૮૮ કરોડ રૂપીયાના દાગીના ગાયબ થઈ ગયા છે. ***(વિવેકપંથી, ફેબ્રુઆરી-૨૦૧૩)***

(૧૨) જાપાનના કુકુશીમા અણુ હોનારત અંગેની ચકાસણી કરવા માટે રચવામાં આવેલા એક સ્વતંત્ર કમિશનના પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે કે તે હોનારત એક માનવસર્જિત હોનારત હતી અને તે માટે સરકાર, વીજમથક ચલાવનાર કંપની તેમજ ઉદ્યોગો પર દેખરેખ રાખનાર તંત્ર વચ્ચેના ટકરાવ તેમજ એ ત્રણેના નબળા નિયંત્રણનું પરિણામ હતું. ***(ભૂમિપુત્ર, તા. ૧-૩-૧૩)***

(૧૩) અણુઊર્જા અંગે સૌથી પ્રગતિશીલ ઓસ્ટ્રિયા અને સ્પેન બંનેએ પોતાના દેશમાં હવે અણુમથક ન બનાવવાનો કાયદો કર્યો છે. તે ઉપરાંત મલેશિયા, ગ્રીસ, ડેન્માર્ક, આયરલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડે પણ નવા અણુમથક ન બનાવવા કાયદો કર્યો છે. ઈટાલી, સ્વીડન, બેલ્જિયમ અને જર્મનીમાં જે અણુમથકો છે, તેમાંથી ધીરે ધીરે નીકળી જવાનું ઠરાવેલ છે. (આપણા દેશમાં ૧૧ જેટલા નવા અણુમથકો સ્થાપવાનો નિર્ણય લેવાયો છે.) ***(ભૂમિપુત્ર, તા. ૧-૩-૧૩)***

(૧૪) ગુજરાતમાં મીઠી વીરડી ખાતે જ્યાં અણુમથક બનાવવાનો સરકારે નિર્ણય કરેલ છે તે જમીન પર અત્યારે ૧૫૦૦ જેટલા કેસર કેરીના ૪૦૦૦ જેટલા ચીકુના તથા ૩૦૦૦ જેટલા નાળિયેરી તથા અન્ય અનેક પ્રકારના વૃક્ષો આવેલા છે તે તમામ વૃક્ષોનો નાશ થશે અને તમામ ખેડૂતો મજૂરો બની જશે. ***(ભૂમિપુત્ર, તા. ૧-૩-૧૩)***

(૧૫) ચાલુ વર્ષે લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષામાં વડોદરાના ગાયત્રી વિદ્યાલયમાં ભણતા વિશ્વજીત સિંઘા બંને હાથ ન હોવાથી

આપણા વડીલોનો વારસો
**શુધ્ધ કાંસાના વાસણ**
પ્રાપ્તિ સ્થાન :
**પારસ મેટલ વર્કસ**
૯૦, કંસારા ચાલ,
કાલબાદેવી રોડ, મુંબઈ-૨.
ફોન : ૨૨૪૨૧૫૯૧, ૨૨૪૨૨૮૬૮

બંને પગથી લખીને પરીક્ષા આપી છે. એજ રીતે રાજકોટની હેતલ નામની છોકરીએ પણ ધોરણ-૧૨ની પરીક્ષા પોતાના બંને પગ વડે લખીને આપી છે. ***(સાધના, તા. ૨૩-૩-૧૩)***

(૧૬) ઉત્તર પ્રદેશ સરકારે ચૂંટણી વખતે આપેલ વાયદા પ્રમાણે વિદ્યાર્થીઓને દસ હજાર લેપટોપનું વિતરણ કર્યું છે. આ લેપટોપ મળતાની સાથે જ અનેક વિદ્યાર્થીઓ સીધા જ બજારમાં જઈને લેપટોપ વેચી નાખતા હતા. ***(સાધના, તા. ૨૩-૩-૧૩)***

(૧૭) 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' અખબારનું સરક્યુલેશન ૪૩ લાખ છે. દુનિયાના કોઈપણ અંગ્રેજી દૈનિકનું સરક્યુલેશન આટલું નથી. ***(દલિત અધિકાર, તા. ૧૬-૩-૧૩)***

(૧૮) પાકિસ્તાનમાં ઈશ નિંદાનો કાયદો બન્યા બાદ ૧૫૦ જેટલા ખ્રિસ્તીઓને ફાંસીની સજા કરવામાં આવી છે. ઈશ નિંદાનો કાયદો માત્ર ગૈર મુસ્લિમોને જ લાગુ પાડવામાં આવે છે. ***(સાધના, તા. ૧૬-૩-૧૩)***

(૧૯) ઉત્તર કોરિયાની સરકારે એવો આદેશ બહાર પાડ્યો છે કે દેશના નાગરિકોએ સરકારે મંજૂર કરેલી ૨૮ હેર સ્ટાઈલમાંથી જ એક હેર સ્ટાઈલ રાખવી. મહિલાઓ માટે ૧૮ તથા પુરુષો માટે ૧૦ હેર સ્ટાઈલ મંજૂર કરવામાં આવી છે. જે પણ વ્યક્તિ આ મંજૂર થયેલી હેર સ્ટાઈલ સિવાય અન્ય હેર સ્ટાઈલ કરાવશે તેની સામે કાયદેસર પગલાં લેવામાં આવશે. ***(સાધના, તા. ૧૬-૩-૧૩)***

(૨૦) તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં સંસ્કૃત ભાષાના ત્રણે ત્રણ ચંદ્રકો મુસ્લિમ વિદ્યાર્થીઓ જીતી ગયા છે. એક ચંદ્રક તો યાસ્મિનબાનુ નામની મુસ્લિમ વિદ્યાર્થિની જીતી ગઈ છે. ***(સાધના, તા. ૧૬-૩-૧૩)***

(૨૧) ચીનમાં બનેલાં કપડાંની વિશ્વભરમાં નિકાસ થાય છે. ચીન પોતે જ પોતાના દેશની ૨૧ શાળાઓના બધા વિદ્યાર્થીઓને દેશમાં બનેલા ગણવેશ ન પહેરવા સૂચના આપી છે કારણકે કપડાં બનાવવા માટે ઝેરયુક્ત ડાઈનો ઉપયોગ થયાનું પુરવાર થયું છે. ***(સાધના, તા. ૧૬-૩-૧૩)***

(૨૨) અમેરિકામાં 'બોર્ડર' બુક સ્ટોલના ૧૨૪૯ સ્ટોલ્સ હતા. આ કંપનીએ ૧.૨૯૩ અબજ ડોલરનું દેવાળું કાઢ્યું છે કારણકે હવે કોઈ પુસ્તક વાંચતા નથી. ***(હલચલ, ઓક્ટોબર-૨૦૧૨)***

(૨૩) રાજસ્થાનમાં એક સાઈકલ રીક્ષાવાળાને ત્યાં બાળકીનો જન્મ થયો. માતા મૃત્યુ પામી. પિતા, એ નવજાત બાળકીને કોટે વળગાડીને રીક્ષા ચલાવવા લાગ્યા. સમાજે આ વાત જાણીને તે રીક્ષાવાળા પર રૂા. ૧૬ લાખ જેટલી રકમનો વરસાદ વરસાવી દીધો. ***(નયા માર્ગ, તા. ૧૬-૩-૧૩)***

(૨૪) મદ્રાસની ચેન્નાઈ સિલ્ક કંપનીએ બાર જેટલા કિંમતી રત્નો તેમજ કિંમતી ધાતુઓનાં તારનો ઉપયોગ કરી તેના પાલવ પર રાજા રવિ વર્માના એક ચિત્રની અનુકૃતિ છાપીને એક સાડી બનાવી છે જેની કિંમત રૂા. ચાલીસ લાખ છે. ***(નયા માર્ગ, તા. ૧૬-૩-૧૩)***

## અહોભાગ્ય

એક હાથલારીમાં વજનદાર માલ ભરી એક મજૂર જઈ રહ્યો હતો. વજનના કારણે લારી ખેંચવામાં પણ ખૂબ તકલીફ પડતી હતી અને વળી આગળ ઊંચાણવાળો ભાગ આવતો હતો. આથી એકલે હાથે લારી ચઢાવવી અત્યંત મુશ્કેલ હતી. થોડે સુધી તો મજૂર જેમતેમ કરી ઊંચાણ પર હાથ લારી ખેંચીને ચડ્યો. પણ પછી થાકીને લોથપોથ થઈ ગયો... આવે વખતે જો એની પકડમાંથી હાથલારી છૂટી જાય તો બધી મહેનત માથે અને સામાન પડી જાય તો મોટું નુકસાન વેઠવું પડે.

બાજુમાંથી પસાર થતા લોકો હાથલારીવાળાને જોતા હતા પણ પોતપોતાને સ્થાને પહોંચવાનું હોવાથી કોઈ મદદ કરવા આવ્યું નહીં. પણ એના પ્રત્યે દયા કે અનુકંપા જરૂર અનુભવતા... એવામાં મજૂરની નજર બાજુમાંથી પસાર થતા એક માણસ પર પડી... એ માણસની નજર પણ આ મજૂર પર પડી. મજૂરની આંખોનો ભાવ જોઈ એ માણસ લારીવાળાને મદદ કરવા પહોંચી ગયો. એણે ટેકો આપી, પછી જોર કરી ધક્કો લગાવ્યો અને લારી ઊંચાણવાળો ભાગ પસાર કરી ગઈ. લારીવાળો મજૂર ખૂબ ખુશ થયો અને એ માણસનો ખૂબ ખૂબ આભાર માન્યો.

એ પછી આગળ જતા એ લારીવાળા મજૂરને જાણવા મળ્યું કે પેલા સહાય કરનારા સજ્જન તો ઈંગ્લેન્ડના વડાપ્રધાન ગ્લેડસ્ટન હતા. ત્યારે તે બોલી ઉઠ્યો, અહો મારું કેવું અહોભાગ્ય! અરે મારું તો ખરું, પણ આ દેશનું પણ કેવું અહોભાગ્ય કે એને આવા મહાન સેવાભાવી વડાપ્રધાન મળ્યા છે.

વિલિયમ ગ્લેડસ્ટનને માટે રાજકારણ એ વ્યવસાય કે આજીવિકાનું સાધન નહીં પણ પ્રજાસેવાનું પવિત્ર કર્તવ્ય હતું. ચાર ચાર વખત ઈંગ્લેન્ડના વડાપ્રધાન રહેલા શ્રી ગ્લેડસ્ટનની ગણના આજે લોકશાહી વિશ્વના એક મહાન વડાપ્રધાન તરીકે થાય છે.

ક્યાં આજના કહેવાતા સમાજસેવકો અને રાજકારણીઓ કે જેમને પોતાના હેતુ પાર પાડવા સિવાય ક્યાંય ધ્યાન જતું નથી. તેઓશ્રી ચાલીને જતા હોય તો કંઈક નજરે પડે ને...??? ■

## અનુરોધ

અગાઉના 'મંગલ મંદિર'માં જે પુસ્તકો વાંચવા માટે વાંચક મિત્રોને અનુરોધ કરેલ છે, તેમાંથી ઘણા લોકોએ એ બધા પુસ્તકો જરૂર વાંચી લીધા હશે અને એક પ્રકારના ઉત્તમ સાત્ત્વિક આનંદનો અનુભવ કર્યો હશે.

એક અન્ય હૃદયસ્પર્શી પુસ્તક માટે અનુરોધ છે.

***પુસ્તકનું નામ :*** 'તેજોમયી', ***પ્રકાશક :*** 'સ્પેરો'

***વિતરક :*** આર. આર. શેઠ

***નોંધ*** : (૧) મહિલાઓએ આ પુસ્તક ખાસ વાંચવા યોગ્ય છે. (૨) અનુરોધ કરેલાં પુસ્તકો વાંચ્યા હોય તો પ્રતિભાવ જણાવશો.

***શાંતિલાલ સંઘવી - અમદાવાદ***

***શ્રદ્ધા એ ઈશ્વર પ્રાપ્તિનો બીજમંત્ર છે.***

## શબ્દ રમત-૮૨

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | | ૩ | | ■ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ■ | ૧૦ | | ■ | ૧૧ | | ■ | ■ | ૧૨ | |
| ૧૩ | | | ■ | ■ | ૧૪ | | ■ | ૧૫ | | ■ | |
| | ■ | ■ | ■ | ૧૬ | | ■ | ■ | | ■ | ૧૭ | ■ |
| ■ | ૧૮ | ૧૯ | ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | | ૨૩ | ■ | ૨૪ |
| ૨૫ | ■ | ૨૬ | | ■ | ૨૭ | | | ■ | ૨૮ | ૨૯ | |
| ૩૦ | | ■ | ૩૧ | ૩૨ | | ■ | ૩૨એ | ૩૩ | ■ | ૩૪ | |
| ૩૫ | | ૩૬ | ■ | | ■ | ૩૭ | | | ૩૮ | ■ | |
| | ■ | ૩૯ | ૪૦ | ■ | ૪૧ | | ■ | ૪૨ | | ૪૩ | ■ |
| ૪૪ | ૪૫ | ■ | ૪૬ | ૪૭ | | ■ | ૪૮ | ■ | ૪૯ | | ૫૦ |
| ૫૧ | | | ■ | | ■ | ૫૨ | | ૫૩ | ■ | ૫૪ | |
| ■ | ૫૫ | | | ■ | ૫૬ | | ■ | ૫૭ | | ■ | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________________

સરનામું : ______________________________

______________________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૫-૨૦૧૩*

### આડી ચાવીઓ

૨. ઈંટો બનાવનાર (૪)
૫. હાથીનું બચ્ચું (૩)
૮. ___ ખોદે તે પડે (૨)
૧૦. અભિપ્રાય (૨)
૧૧. વચન, કબુલાત, ખાતરી (૨)
૧૨. શ્વાસનો એક રોગ (૨)
૧૩. ચામડી પર ચોપડવાની દવા (૩)
૧૪. વટ, ટેક, રોફ (૨)
૧૫. સાક્ષી, સાહેદી, ઝાડ પર પાકેલું ફળ (૨)
૧૬. આવક (૨)
૧૭. લક્ષ્મી, એકરાગ (૧)
૧૮. પ્રયોગ (૪)
૨૧. પંખીઓનો મધુર અવાજ (૪)
૨૬. દૂધની મલાઈ (૨)
૨૭. દરકાર, ગરજ (૩)
૨૮. બંદગી (૩)
૩૦. પતિ, વરદાન (૨)
૩૧. જાગૃત (૩)
૩૨એ. ન્યાયાધીશ (અં.) (૨)
૩૪. ઋતુ, મોસમ (૨)
૩૫. ખેલ, ક્રિડા (૩)
૩૭. સરખી સપાટીનું (૪)
૩૯. જો ___ ગયા વો મર ગયા (૨)
૪૧. ___ પ્રમાણે ગાતર (૨)
૪૨. શહેર (૩)
૪૪. કૃષ્ણપક્ષ (૨)
૪૬. શીંગ ગરીબોની ___ છે (૩)
૪૯. ___ જામ છલકાવીને ચાલ્યા ક્યાં તમે? (૩)
૫૧. પાસાં ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૫૨. ભટકેલ, બદમાશ (૩)
૫૪. અંધારું (૨)
૫૫. સૂબો, મુસલમાન રાજા (૩)
૫૬. લાલો ___ વગર લોટે નહીં (૨)
૫૭. તાબે, શરણે (૨)

### ઊભી ચાવીઓ

૧. શેઠની ___ ઝાંપા સુધી (૪)
૩. વાર્તા, કથા, વાતચીત (૨)
૪. આજનું કામ ___ પર ન છોડાય (૨)
૬. નકામું, બાતલ કરેલું (૨)
૭. વમળ, ભમરો, મધુકર (૩)
૯. બાલદી (૨)
૧૧. કિલ્લાની દીવાલ (૨)
૧૪. ઉંમર (૨)
૧૫. દરિયો, સમુદ્ર (૩)
૧૬. કિનારો, છેડો (૨)
૧૯. ફૂલ તુમ્હે ભેજા હૈ ___ મેં (૨)
૨૦. પ્યાસ, પાણી પીવાની ઈચ્છા (૩)
૨૧. હાથ, વેરો (૨)
૨૨. મેગેઝીનના મેમ્બર થવા વાર્ષિક ભરવું પડે તે (૪)
૨૩. જંગલ (૨)
૨૪. આપણું રાજ્ય, જય જય ગરવી ___ (૪)
૨૫. આવવું જવું તે (૬)
૨૬. ચાલવાનો અવયવ, મૂળ (૨)
૨૯. મહિનો (૨)
૩૨. જીવ, પ્રાણ (૨)
૩૩. સંભાળ, સાચવણી (૩)
૩૬. ___ ને ફડ કરવું (૨)
૩૭. શિક્ષા, દંડ (૨)
૩૮. લગ્ન, લગીરે (૩)
૪૦. પરમેશ્વર, ભગવાન (૨)
૪૧. સૂઝ, સમજણ (૨)
૪૩. રૂપાનું (૩)
૪૫. દમવું તે, પીડવું (૩)
૪૭. ___ રોટી ખાઓ, પ્રભુ કે ગુણ ગાઓ (૨)
૪૮. ડુંગર પર ચઢતા ___ ચડી ગઈ, શ્વાસ ભરાવવો (૨)
૫૦. કાંત, પતિ (૨)
૫૩. અવાજ (૨)

**TEJ WALA**



नीलम स्टेनलेस स्टील का सरताज - वही है बडा विश्वास !
STAINLESS STEEL
PRESSURE
COOKER
AND PRESSURE PAN
NEW ARRIVAL
neelam
STAINLESS STEEL
Available Sizes :
Pressure Cooker 2.5, 3.5, 5.5, 7.5 Ltrs.
Belly Pressure Cooker 3, 5, 7.5 Ltrs.
Pressure Pan Junior & Senior
Features
• Heavy Bottom Thickness
• Long-Lasting Stainless Steel Vent Tube
• Strong Rim For Enhanced Protection
• Anti-Bulging Thermal Base
• Energy Saver Base
• Induction Base Encapsulated Sandwich Bottom
• Made From 18/8 Salem Steel
5 Years Warranty
NEELAM APPLIANCES PVT. LTD.
Innovators in exclusive range of quality stainless steel utensils

### માર્ચ-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૬નો સાચો ઉકેલ મોકલનારની પાછળથી મળેલ નામાવલિ

૧૧. અરવિંદ રતનશી દેઢિયા - ભુજપુર
૧૨. સંકેત હસમુખ મહેતા - ભુજ
૧૩. લતા દિનેશ શાહ - પૂના

### એપ્રિલ-૨૦૧૩ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૩૭નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. સરોજ જયેશ શાહ - અમદાવાદ
૩. કાંતિ મુલજી ગડા - મુંબઈ
૪. હર્ષિલ રસિક મહેતા - અમદાવાદ
૫. અવની દર્શન મહેતા - અમદાવાદ
૬. રેખાબેન પ્રફુલ્લકુમાર ઠક્કર - અમદાવાદ
૭. નયના નવીન રાંભિયા - મુંબઈ
૮. પ્રેમચંદ શામજી મોમાયા - સાંયરા
૯. સરોજ અનુપ ચંદુરા - સુરત
૧૦. ચંદ્રિકા એ. શાહ - રૂરકેલા
૧૧. એન. એચ. શાહ - નાગપુર
૧૨. અમી નીતિન શાહ - અમદાવાદ
૧૩. ઉષા ભરત સંઘવી - રાઉરકેલા
૧૪. કલ્પના નીતિન પાલાણી - અમદાવાદ
૧૫. હસમુખ ડી. દેઢિયા - અડાલજ
૧૬. તોરલ ડોલર છેડા - સુરત
૧૭. સલોની નવીન લાલકા - અમદાવાદ

### કુદરતી પ્રક્રિયા

યુવકને યુવતી પ્રત્યે અને યુવતીને યુવક પ્રત્યે જોતા રહેવાનું મન થયા કરે. આ કુદરતી પ્રક્રિયા છે. જેને આવું થાય જ નહીં તેનામાં કાંઈક કુદરતી ખામી હોવી જોઈએ.

*– સ્વામી સચ્ચિદાનંદ*

## સુડોકુ

*રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)*

*સુડોકુ ક્રમાંક-૧૦૩૮ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૫-૨૦૧૩ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જૂન-૨૦૧૩ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

***શરતો :*** *૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.*
*૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

### ક્રમાંક - ૧૦૩૮

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | ૭ | ૨ | | ૬ | | ૯ |
| ૨ | | | ૪ | | | ૭ | | |
| ૯ | | ૪ | | | ૧ | | ૨ | |
| ૫ | | ૮ | | | ૭ | | | |
| | | | ૫ | ૩ | ૬ | | | |
| | | | ૯ | | | ૩ | | ૨ |
| | ૧ | | ૬ | | | ૪ | | ૫ |
| | | ૫ | | | ૩ | | | ૭ |
| ૭ | | ૨ | | ૪ | ૫ | | | ૬ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | ૩ | | | ૬ |
| | ૬ | | | | | ૫ | ૧ | |
| ૫ | ૮ | ૩ | | ૨ | | ૯ | | |
| ૭ | ૧ | | | ૪ | | | ૬ | |
| ૩ | | | ૭ | | ૨ | | | ૫ |
| | ૨ | | | ૯ | | | ૪ | ૭ |
| | | ૧ | | ૬ | | ૭ | ૩ | ૮ |
| | ૯ | ૮ | | | | | ૨ | |
| ૨ | | | ૧ | | | | | ૯ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૯ | ૬ | | | | | |
| ૧ | | | | ૫ | ૪ | | | ૯ |
| | | ૬ | | | ૩ | | | ૧ |
| | | ૩ | ૪ | | | | ૯ | ૫ |
| | | ૫ | | ૮ | | ૨ | | |
| ૨ | ૭ | | | | ૯ | ૩ | | |
| ૬ | | | ૧ | | | ૭ | | |
| ૫ | | | ૮ | ૪ | | | | ૩ |
| | | | | | ૫ | ૮ | ૨ | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૨ | | | | | | ૩ | ૫ |
| | ૧ | | | | ૬ | | | |
| ૩ | | | | ૧ | | | ૬ | ૪ |
| | | ૪ | | ૭ | | ૩ | | |
| | | | ૯ | | ૧ | | | |
| | | ૨ | | ૬ | | ૮ | | |
| ૯ | ૮ | | | ૨ | | | | ૩ |
| | | | ૮ | | | | ૭ | |
| ૫ | ૪ | | | | | | ૧ | ૮ |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૩૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૯ | ૮ | ૧ | ૪ | ૩ | ૭ | ૨ | ૫ |
| ૭ | ૨ | ૧ | ૬ | ૯ | ૫ | ૮ | ૪ | ૩ |
| ૫ | ૩ | ૪ | ૨ | ૮ | ૭ | ૬ | ૯ | ૧ |
| ૧ | ૬ | ૫ | ૪ | ૨ | ૮ | ૯ | ૩ | ૭ |
| ૯ | ૮ | ૩ | ૫ | ૭ | ૬ | ૨ | ૧ | ૪ |
| ૪ | ૭ | ૨ | ૯ | ૩ | ૧ | ૫ | ૮ | ૬ |
| ૮ | ૫ | ૯ | ૩ | ૬ | ૪ | ૧ | ૭ | ૨ |
| ૨ | ૪ | ૬ | ૭ | ૧ | ૯ | ૩ | ૫ | ૮ |
| ૩ | ૧ | ૭ | ૮ | ૫ | ૨ | ૪ | ૬ | ૯ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮ | ૧ | ૫ | ૭ | ૨ | ૩ | ૬ | ૪ |
| ૪ | ૨ | ૬ | ૩ | ૧ | ૯ | ૭ | ૮ | ૫ |
| ૭ | ૫ | ૩ | ૬ | ૪ | ૮ | ૯ | ૧ | ૨ |
| ૬ | ૩ | ૯ | ૪ | ૮ | ૧ | ૨ | ૫ | ૭ |
| ૮ | ૧ | ૨ | ૭ | ૫ | ૩ | ૪ | ૯ | ૬ |
| ૫ | ૪ | ૭ | ૯ | ૨ | ૬ | ૮ | ૩ | ૧ |
| ૧ | ૯ | ૮ | ૨ | ૬ | ૭ | ૫ | ૪ | ૩ |
| ૨ | ૬ | ૫ | ૮ | ૩ | ૪ | ૧ | ૭ | ૯ |
| ૩ | ૭ | ૪ | ૧ | ૯ | ૫ | ૬ | ૨ | ૮ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૨ | ૬ | ૯ | ૧ | ૭ | ૮ | ૫ |
| ૮ | ૯ | ૫ | ૨ | ૭ | ૩ | ૬ | ૧ | ૪ |
| ૬ | ૧ | ૭ | ૪ | ૫ | ૮ | ૨ | ૩ | ૯ |
| ૭ | ૫ | ૮ | ૧ | ૩ | ૯ | ૪ | ૨ | ૬ |
| ૨ | ૪ | ૧ | ૮ | ૬ | ૫ | ૩ | ૯ | ૭ |
| ૩ | ૬ | ૯ | ૭ | ૪ | ૨ | ૮ | ૫ | ૧ |
| ૫ | ૨ | ૪ | ૯ | ૮ | ૭ | ૧ | ૬ | ૩ |
| ૧ | ૭ | ૩ | ૫ | ૨ | ૬ | ૯ | ૪ | ૮ |
| ૯ | ૮ | ૬ | ૩ | ૧ | ૪ | ૫ | ૭ | ૨ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૧ | ૪ | ૭ | ૨ | ૩ | ૮ | ૬ | ૯ |
| ૯ | ૮ | ૩ | ૬ | ૪ | ૫ | ૨ | ૧ | ૭ |
| ૭ | ૬ | ૨ | ૧ | ૯ | ૮ | ૫ | ૩ | ૪ |
| ૩ | ૯ | ૭ | ૪ | ૮ | ૬ | ૧ | ૨ | ૫ |
| ૧ | ૫ | ૮ | ૯ | ૩ | ૨ | ૭ | ૪ | ૬ |
| ૪ | ૨ | ૬ | ૫ | ૧ | ૭ | ૯ | ૮ | ૩ |
| ૨ | ૪ | ૫ | ૩ | ૭ | ૧ | ૬ | ૯ | ૮ |
| ૬ | ૩ | ૧ | ૮ | ૫ | ૯ | ૪ | ૭ | ૨ |
| ૮ | ૭ | ૯ | ૨ | ૬ | ૪ | ૩ | ૫ | ૧ |

*જેવી જેની ભાવના, તેવી તેની સિદ્ધિ.*

## અનંત — ઓચ્છવ.... (૧)

**(મુંબઈ) (કચ્છીમાં)**

(અનંતનાથ દેરાસરની મસ્જીદ બંદરમાં પ્રથમ પ્રતિષ્ઠા તા. ૧૩-૮-૧૮૩૪ ને પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૯-૫-૨૦૦૨થી તા. ૧૮-૫-૨૦૦૨ સુધી થયો.)

(પ.પૂ. મુનિરાજ સર્વોદયસાગરજી મ.સા.ની આજ્ઞાથી તા. ૧૪-૫-૨૦૦૨ના અનંતનાથ દેરાસરમાં આ મારી કવિતા વાંચી સંભળાવી હતી.)

અનંત કૃપાળુ - અનંત દયાળુ, અનંતનાથ વિભુવર;
વર્તમાન ચોવીસીમેં સોહેં, હી ચૌદમાં તીર્થંકર. (૧)
અનંતજી જે કરે આરાધના, તેંતે રે પ્રભુજી મહેર;
ડગલે-પગલે જિંધગીમેં, ઉનકે ભારી લીલાલહેર. (૨)
મુંબઈ મહાનગરમેં ઉભો, પ્રાચીન અનંત જિનાલય;
અર્વાચીન યુગ આયોત, ખપે નવલો ચૈત્યાલય. (૩)
દશા જ્ઞાતિ કમર કસી, જીગરસેં શરૂ ક્યાં નિર્માણ;
કદમસેં કદમ મિલાઈ પ્રભુ પ્રેમજો, ડિના સચ્ચો પ્રમાણ. (૪)
હરેં હરેં કંઈધે થ્યો શુભ દેરેજો, ચણતર ને ઘડતર;
ને જીર્ણોદ્ધાર પામી નવલો નકરો, અજ થ્યો દેરાસર. (૫)
દાદા પાંજા સોહામણા, દર્શન ઈનીજા રળીયામણા;
અનંતતીર્થ ધામમેં ઓચ્છવજાં, આયા રૂડાં ટાણાં. (૬)
દેરો ભન્યો શાનદાર, શોભેં ચોવી જિનાલય ચોમેર;
અંજન-શલાકા થૈઈને, રાજીપો થ્યો ઠેરઠેર. (૭)
પધાર્યા અંચલગચ્છાધિપતિ, આચાર્ય ગુણોદયસાગરસૂરી;
સંઘેમેં પ્રતિષ્ઠા મહોત્સવજી, પ્રતિષ્ઠા થૈઈ ભૂરીભૂરી. (૮)
અનંતનાથ દાદાજે દરબારમેં, બિરાજમાન થૈયું દેવદેવીયું;
રાજી થ્યા મીળે આબાળ - વૃદ્ધને, બાબા બેબીયું. (૯)
સજે ભારત ભરમીંજા આયા, પાંજા પ્યારા જ્ઞાતિજન;
દાદાજો નયો રૂપ નેરી, થ્યા મિણીજા પાવન તનમન. (૧૦)
બ હજાર અઠાવનમેં, વૈશાખ સુદ સાતમને શનિવાર;
પુનઃ પ્રતિષ્ઠાસેં દાદા પ્રસન્નને, ગુંજી યોં જયજયકાર. (૧૧)
૧૬૮ વરેજો જોન્નુ દેરો, ઈતિહાસ ચે દશા-નરવંકા;
નૂતન જિનાલય નિર્માણ કરી, વજાયાં દાદાજા - ડંકા. (૧૨)
યતિશ્રી મોતીસાગરજી, ડીંયેં મિણીકે અંતરથી આશિર્વાદ;
ચોવિ કલાકમેં હેકડીવાર, જરૂર કજા અનંતપ્રભુકે યાદ. (૧૩)
ધન્ય! નાતને ધન્ય ઉની ભાવિકેંકે, જેં ધિલસેં ખરચ્યાં નાણું;
'રશ્મિન્' ચે સદા સંભરધો રોંધો, હી ઓચ્છવજો સોનેરી ટાણું. (૧૪)

## અમૃતમયી જલદા ગંગે.... (૨)

ભગીરથ રાજાજી ભગીરથ ભક્તિ સેં, ગંગા મૈયા પ્રસન્ન થ્યા ભેશિયાલ;
શંકરજી ઝટામેં સમાઈ હિમાલયતા થૈ, ભારત ભૂમિ કે ક્યાં ન્યાલ.
બ્રહ્માંડે સર્જે પ્રચંડ શક્તિજા, શિવ શંકર વસેં હિમાલય;
મહાદેવજો ડમરૂ વગો ને, પ્રકૃતિ કે મિલ્યા તાલને લય.
જળ સંપન્ન જળ વાહિની, થ્યો નયજો જનમ;
નિંઢપણમેં નદીજી પા-પા પગલી, રાજી થીયેં ચમન.
હી બાલુડી જિત્ત હલધી રે, તેંકે સાથ ડે પવન;
નદીજા નિર્મળ નીર ન્યાર્યે, માડુ કરેલા લગા નમન.
ઝાડી ઝાંખરા વટાઈધે, સુણે પખ્ખીયેંજા કુંજન;
વસુંધરાકે ચૂમધી ચૂમધી, ઝરણેમેં સુણાય ગુંજન.
જોબનીયા આયા નદીમાં ઝૂમેં, ધોબાંઈધી હલે ધરણ;
રાજી થીયે સુણી આકાશ મીંજા, મેઘરાજજી ગજણ.
ધસમસતી મહા નદી મીંજા થ્યા, પાવની ગંગાજા દર્શન;
"જીસ દેશ મેં ગંગા બહેતી હૈ", ઓતિ નિત્ત થીંયેં માં જા પૂજન.
હિન્દુએંજી જાણે મોક્ષ ભૂમિ, તોજે તટતેં ચાર ચાર તીરથ ધામ;
જન્મોત્રી - ગંગોત્રી - બદ્રીનાથ ને કેદારનાથ, જે અંઈ ખ્યાતનામ.
અમૃત મયી જલદા, અવિરત વહ્યાં કરીંયેં તોજા પાણી;
'રશ્મિન્' ચેં તોજે વારિ થકી, સમૃદ્ધ થૈ ભારત માડી.

***આ બંને કવિતાઓ 'રશ્મિન જો રણકાર : ભાગ-૩'માંથી સાભાર***

*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**
**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
|---|---|---|
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| **Ph. : 26434611** | **Ph. : 27471378, 27475167** | **Ph. : 23426818, 23448705, 23400597** |

| | | | |
|---|---|---|---|
| ● **VAPI** | : (0250) 3244993, 2023291 | ● **VASHI** | : (022) 27889527, 69517538 |
| ● **SURAT** | : (0261) 2367670, 2367287 | ● **WAGOLI** | : (020) 27052309 |
| ● **BHIWANDI** | : (02522) 270194, 271987 | ● **FURSUNGI** | : (020) 26980361 |
| ● **ANDHERI** | : (022) 28509760, 93703 19692 | ● **VADGAON MAVAL** | : (02114) 225629, 9372074359 |

**E-mail : jdtcompany@gmail.com**

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ***

★ **સૌથી વફાદાર શ્વાન :** દુનિયામાં સૌથી વફાદાર શ્વાનનું સ્થાન હચિકો નામની પ્રજાતિની જાપાની અકિતાને મળ્યું. એ રોજ સ્ટેશન પર પોતાના માલિકની રાહ જોતું હતું. માલિકના મૃત્યુ પછી પણ નવ વર્ષ સુધી એણે પોતાની આદત છોડી નથી.

★ **માલિક સાથેનો નાતો :** ગોલ્ડફિશ પોતાના માલિક અને અન્ય લોકો વચ્ચેનો તફાવત પારખી શકે છે. જેમકે માલિક તેની નજીક હોય ત્યારે એ વધારે ઝડપથી તરે છે, ટેન્કના ફ્રન્ટ સુધી આવે છે અથવા તો ઊંડે સુધી જાય છે. એ પોતાના માલિકને ભોજન આપનારના રૂપમાં પારખે છે અને એને જોઈને ભોજન માગે છે.

★ **વાઘની ત્રાડ :** વાઘ બીજા જાનવર ઉપર હુમલો કરવા માટે નહીં, પણ દૂર રહેલા પોતાના સાથીઓ સાથે વાતચીત કરવા માટે ત્રાડ પાડે છે. જે વાઘ શિકારની શોધમાં ફરતો હોય એ ત્રાડ પાડતો નથી, ચૂપચાપ પોતાનું કામ કરે છે.

★ **ઓલિમ્પિકમાં સ્વતંત્ર પાર્ટીસીપન્સ :** ઓલિમ્પિકમાં ખેલાડી કોઈ દેશના ધ્વજ હેઠળ જ ભાગ લઈ શકે એવું જરૂરી નથી. એ ઓલિમ્પિકમાં સ્વતંત્ર રીતે ભાગ લઈ શકે છે. સામાન્ય રીતે એવું ત્યારે બને જ્યારે નેશનલ ઓલિમ્પિક કમિટીની સાથે કોઈ રાજકીય મુદ્દો જોડાયો હોય.

★ **કેમેરા કંપની કોડાક :** પહેલો ડિજિટલ કેમેરો બનાવનારી અમેરિકન બહુરાષ્ટ્રીય કંપની એક સમયે દેવામાં ડૂબી ગઈ હતી, કારણકે એ પોતાને ડિજિટલ ફોર્મેટના રૂપમાં ઢાળી શકી નહોતી. ડિજિટલ કેમેરામાં ઉપયોગમાં લેવાતી કોર ટેકનોલોજીની શરૂઆત કોડાકે કરી હતી. પરંતુ ડિજિટલ ફોટોગ્રાફી મુજબ ન ઢાળવાને લીધે કંપની દેવામાં ડૂબી ગઈ.

★ **દરિયાઈ હોર્સ :** આમ તો દરિયાઈ ઘોડાનું વજન ૧૫૦૦ કિલોગ્રામ, કદ ૧.૫ મીટર અને લંબાઈ ૩.૫ મીટર હોય છે. પરંતુ સાઈપ્રસ ડ્વાર્ક હિપ્પોપોટેમસની ઊંચાઈ ફક્ત ૭૫ સેન્ટીમીટર અને લંબાઈ ૧૨૦ સેન્ટીમીટર હોય છે. એનું વજન માત્ર ૨૦૦ કિ.ગ્રા. હોય છે.

★ **દુનિયાની સૌથી જૂની બંદૂક :** દુનિયાની સૌથી જૂની બંદૂક ૧૨૮૮માં બની હતી. એ સંપૂર્ણ કાંસામાંથી બનાવવામાં આવી હતી. ચીનના એચેંગ જિલ્લાના હેર્લાન્ગિ જિયાનની એક સાઈટમાંથી મળી હતી. એમાં એક ઈંચ ડાયામીટર વાળું ૬.૯ ઈંચનું બૅરલ છે. પરંતુ આ બંદૂકને દુનિયાની પહેલી બંદૂક માનવામાં આવતી નથી.

★ **ફાધર ઑફ સાયન્સ ફિક્શન :** દુનિયાના પ્રખ્યાત સાયન્સ ફિક્શન લેખક એચ.જી. વેલ્સે ફક્ત ચાર વર્ષમાં ચાર પ્રખ્યાત પુસ્તકો લખી નાખ્યા હતા. એમણે કુલ ૬૦ વર્ષ કરતાં વધારે સમય સુધી લેખન કાર્ય કર્યું અને એમને ફાધર ઑફ સાયન્સ ફિક્શન કહેવામાં આવે છે. તેમનું એક પુસ્તક 'The War of the World' એક સમયે ગુજરાત યુનિવર્સિટીમાં અંગ્રેજીના વિષય તરીકે ભણાવવામાં આવતું હતું. આ લેખક ખૂબ જ લાંબા વાક્યથી શરૂઆત કરતા હતા. "The War of the World"માં વાક્યની શરૂઆત આ પ્રમાણે હતી :

No one would have believed in the last few years of the nineteench Century that human affairs were being watched keenly and closely by intelligent greater than man and yet as mortal as his own.

★ **હાઈપર સોનિક લાઇંગ બોમ્બ :** નવેમ્બર-૨૦૧૧માં અમેરિકા હાઈપર સોનિક લાઈંગ બોમ્બનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું. આ બોમ્બ એક કલાકની અંદર દુનિયાના કોઈપણ ભાગનો નાશ કરી શકે છે. એની ઝડપ અવાજ કરતાં પણ વધારે છે.

★ **ચંદ્ર પર માનવીના પગલાં :** ૧૯૬૯માં ઍપોલો મિશનના પહેલા તબક્કા દરમ્યાન ૨૦મી જુલાઈના દિવસે આર્મસ્ટ્રોંગે ચંદ્ર પર સૌથી પહેલા ડગ માંડ્યા હતા. નીલ પોતાની સાથે ટી.વી. કેમેરા લઈ ગયા હોવાથી આ આખી અદ્‌ભુત ઘટના ઘટી રહી હતી ત્યારે લોકો એમને લાઈવ જોઈ રહ્યા હતા. મિશનના ત્રીજા સભ્ય ઍસ્ટ્રોનટ લુનાર ઓરબીટમાં રોકાયા હતા. માનવ પગલાંના છેલ્લા નિશાન અમેરિકાના ઍસ્ટ્રોનટ યુજેન કરતેના છે. જે ૧૯૭૨માં ચંદ્ર પર ઉતર્યો હતો. ચંદ્રને જિયોલોજિકલી મૃત માનવામાં આવે છે. ત્યાં ભૂકંપ આવે કે જ્વાળામુખી ફાટે છતાં આ પગલાંના નિશાન દૂર થવાનાં નથી.

★ **હસવાના દસ ફાયદા :** આપણે ડગલે ને પગલે કહીએ છીએ કે 'હસે તેનું ઘર વસે.' ખુશ રહેવું તે દરેકની સમસ્યાનો ઉકેલ છે. તેમ છતાં પણ કેટલાક લોકો આ કાર્ય કરી શકતા નથી. વ્યસ્ત શીડ્યુલમાં પણ હસવાથી સ્વાસ્થ્ય સારું રહે છે.

**(૧) ફૂડ ક્રેવિંગ :** દિલ ખોલીને હસવાથી શરીરમાં એન્ડર્ફિસ હોર્મોન સક્રિય થાય છે. જેનાથી કમ્ફર્ટ ફૂડની ક્રેવિંગ કંટ્રોલ રહે છે. ખાસ કરીને મુડ ખરાબ થવાને કારણે પીડિતને સુગર અથવા સોલ્ટી ફુડનું સેવન કરવાની ખૂબ જ ઈચ્છા થાય છે.

**(૨) એન્ટી એજિંગ :** ત્વચાની માંસપેશીઓને ટોન કરવું અને સરક્યુલેશન માટે હસવાની ભૂમિકા મહત્ત્વની હોય છે. આનાથી શરીરનો ગ્લૉ પણ સારો રહે છે. એક શોધ અનુસાર ડાયાબિટીસથી પીડિત લોકોનું ભોજન અને કોમેડી શો નિહાળ્યા બાદ બ્લડ સુગર લૅવલ કંટ્રોલમાં રહે છે.

**(૩) ઈમ્યુન સિસ્ટમ :** ખુશ રહેવાના કારણે ઈમ્યુન સેલ્સ અને ઈન્ફેક્શન ફાઈટીંગ એન્ટીબોડિસ મજબૂત થાય છે. આનાથી વિવિધ પ્રકારની ઍલર્જી અને બહારના સંક્રમણોની અસરથી

*વ્યક્તિના પહેરવેશ પરથી તેની બુદ્ધિપ્રતિભા આંકવી અયોગ્ય છે.*

બચી શકાય છે. આ ઉપરાંત અન્ય બીમારીઓથી પણ છુટકારો મળી શકે છે.

**(૪) હૃદય માટે :** એક રિસર્ચ અનુસાર દસ મિનિટ એક્સરસાઈઝ કરવાના કારણે હાર્ટ રેટમાં જેટલો વધારો થાય છે, તેટલું જ એક મિનિટમાં હસવાથી પણ થાય છે.

**(૫) એનર્જી બુસ્ટ થશે :** હસતા રહેવાને કારણે એનર્જી લેવલમાં ખૂબ જ સારી અસર જોવા મળે છે. આ ઉપરાંત તમે કામમાં વધારે ફોકસ કરી શકો છો. આ રીતે કામ કરવાની ગુણવત્તામાં પણ વધારો થાય છે.

**(૬) રીલેશનશીપ માટે :** ખુશ રહેવાથી વ્યક્તિના મનમાં સારા વિચારો આવે છે અને ફિલીંગ પણ પોઝીટીવ રહે છે. આવામાં ક્લોઝ રીલેશનશીપમાં એકબીજાની સાથે સારી બોન્ડિંગ બને છે. એક રિસર્ચ અનુસાર લોકો હસાવનાર વ્યક્તિ તરફ ખૂબજ આકર્ષિત થાય છે. આ માટે સોશિયલ રીલેશનશીપ માટે ખુશ રહેવું ખૂબજ જરૂરી છે.

**(૭) પેઈન કંટ્રોલમાં રહેશે :** ફીલ ગુડ કેમિકલ એન્ડોર્ફિસ એક્ટીવ થવાને કારણે શરીરના અલગ અલગ ભાગમાં થનાર દુઃખાવામાં રાહત મળે છે કેમકે આ હોર્મોન પેઈન રીલીવરની જેમ કામ કરે છે.

**(૮) હોર્મોન :** હસવાને કારણે હોર્મોન કાર્ટીસોલ કંટ્રોલમાં રહે છે. જ્યારે તણાવમાં હો ત્યારે પણ ખુશ રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. આનાથી ડોપામાઈન અને ગ્રોથ હોર્મોનમાં વધારો થાય છે.

**(૯) વેઈટ કંટ્રોલ :** વજનમાં સતત વધારો થવાનું મુખ્ય કારણ ઓવર વેઈટીંગ અને તણાવ જવાબદાર હોય છે. હસવાને કારણે તણાવમાં ઘટાડો થશે અને તણાવ કંટ્રોલમાં રહેવાથી અનહેલ્થી ફુડની ક્રેવિંગ પણ થશે નહીં.

**(૧૦) બ્લડ સરક્યુલેશન :** હસવાથી ૨૨ ટકા સુધી શરીરનું બ્લડ સરક્યુલેશન ઈમ્પ્રુવ થાય છે જે શરીરના દરેક અંગો માટે ખૂબ જ જરૂરી છે. ■

## જો સરદાર હોત તો આવું ન થાત!

ભયંકર વિપત્તિમાં લોકો ભગવાનને યાદ કરે છે. તેવી જ રીતે ભયંકર વિપત્તિમાં પણ લોકો જે રાજા કે નેતાને યાદ કરે તે રાજા કે નેતા ધન્ય ધન્ય થઈ ગયો કહેવાય. આટલાં વર્ષો પછી પણ લોકો સરદાર વલ્લભભાઈ પટેલને વારંવાર યાદ કરે છે. લોકો બોલે છે : 'જો સરદાર હોત તો આવું ન થાત!' જે લોકોએ સરદારનો હક્ક ડુબાવ્યો, પોતાના પરિવારને ગાદી પર બેસાડી દીધા, એટલું જ નહીં, સરદારનાં નામો નિશાન મિટાવી દેવા પ્રયત્નો કર્યા તેમને કોઈ યાદ નથી કરતું. ઘણી વાર પ્રશ્ન થાય છે કે શું આપણને સાચા માણસો પચતા જ નથી? કેટલા સરદારો અને કેટલા દયાનંદોને આપણે પચાવી શક્યા નથી! જે પ્રજા સાચાને પચાવી કે સ્વીકારી ન શકે તેમના કરમે પછી ધુતારા જ લખાયેલા હોય છે.

*– સ્વામી સચ્ચિદાનંદ*

## શબ્દ રમત-૮૧નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હૈ | દ | રા | બા | દ | | અ | | | ચ | ક | લી |
| દ | ર | | હો | ડ | | બ | | મા | ળ | | રો |
| ર | દી | | શ | મ | શે | ર | | લ | વ | ણ | |
| અ | | ખો | | જ | ર | ખ | | દા | ળ | | હો |
| લી | ન | | ખી | લ | ડો | | જ | ર | | હો | જ |
| | | | | | | કા | ગ | | કા | | રી |
| | મ | ન | ગ | મ | તું | | ત | લ | વ | ટ | |
| વિ | નો | દી | | સ | | કા | | લા | ડ | | મા |
| | હ | | ક | | ઝ | ટ | પ | ટ | | કા | વ |
| ભા | ર | | ફ | ળ | | | રા | | સ | મ | જ |
| ર | | સ | ન | | ગ | તા | ગ | મ | | કા | ત |
| ત | | ચિ | | રા | જ | | | મ | ગ | જ | |

*માર્ચ-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૮૦ના સમય મર્યાદા બાદ મળેલ ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧૦. | અરવિંદ રતનશી દેઢિયા | - ભુજપુર | ૪ ભૂલ |
| ૧૧. | સરોજ અનુપ ચંદુરા | - સુરત | ૩ ભૂલ |

*એપ્રિલ-૨૦૧૩ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૮૧ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | સરોજ જયેશ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | ચંદ્રાબેન મહેન્દ્ર શાહ | - સેટેલાઈટ, અમદાવાદ | બધા સાચા |
| ૪. | એન. એચ. શાહ | - નાગપુર | બધા સાચા |
| ૫. | સરોજ અનુપ ચંદુરા | - સુરત | બધા સાચા |
| ૬. | અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ | બધા સાચા |
| ૭. | નેહલ જયંતીલાલ ગડા | - સોલાપુર | બધા સાચા |
| ૮. | કુમારપાલ ભરત શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૯. | નીના અશોક ગોરજી | - અમદાવાદ | બધા સાચા |
| ૧૦. | કુંજલ વિપુલ ગોસર | - અમદાવાદ | બધા સાચા |
| ૧૧. | હેન્સી અતુલ શાહ | - માધાપર | બધા સાચા |
| ૧૨. | ઉષ્મા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૩. | સ્મિતા વિશાલ શાહ | - અમદાવાદ | બધા સાચા |
| ૧૪. | હેતલ નિકુંજ મહેતા | - અમદાવાદ | બધા સાચા |
| ૧૫. | સૂરજ એસ. ત્રેવાડિયા | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૧૬. | રશ્મિકાંત એસ. સાવલા | - ભુજ | ૧ ભૂલ |
| ૧૭. | લક્ષાબેન જિતેન્દ્ર શાહ | - ભુજ | ૧ ભૂલ |
| ૧૮. | નયના નવીન રાંભિયા | - મુંબઈ | ૧ ભૂલ |
| ૧૯. | મુકુંદ કે. મહેતા | - આદિપુર | ૧ ભૂલ |
| ૨૦. | હસમુખ ડી. દેઢિયા | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૨૧. | અરવિંદ જે. ભટ્ટ | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૨૨. | ભાનુમતી હરખચંદ ગડા | - અંકલેશ્વર | ૨ ભૂલ |

★ **કચ્છના નર્મદા પ્રશ્ને :** કચ્છને નર્મદા પ્રશ્ને સર્વોચ્ચ અદાલતમાં કચ્છ જળ સંકટ નિવારણ સમિતિ દ્વારા કરાયેલી સ્પેશિયલ લીવ પિટિશનની રોજરોજની સુનાવણીની સમિતિએ પોતાની સ્પષ્ટતા પૂર્ણપણે આપી દીધી હતી અને હવે ટૂંક સમયમાં સુપ્રીમ આ મામલે અંતિમ ફેંસલો આપશે તેવી આશા બંધાઈ છે. વકીલો મારફત ગુજરાત સરકાર પક્ષે એવું કહ્યું હતું કે, રાજ્ય દ્વારા જળની ફાળવણી અંગે લેવાયેલો નિર્ણય ન્યાયપાત્ર અને વાજબી હતો.

★ **અખાત્રીજથી કૃષિ મહોત્સવ :** કૃષિપુત્રોને ખેતી માટે તેમની ભૂમિ અને પરિસ્થિતિને અનુકૂળ કૃષિ અંગેનું વૈજ્ઞાનિક જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે દર વર્ષની જેમ ચાલુ વર્ષે અખાત્રીજથી ૯મા કૃષિ મહોત્સવનો કચ્છમાં પ્રારંભ થશે. જિલ્લા ખેતીવાડી અધિકારીના જણાવ્યા મુજબ ખેતીના કચરાનું પ્રોસેસીંગ, મગફળીમાં આફલોટોક્સિન (નખત્રાણા), બી.ટી. કપાસ (અબડાસા), દિવેલનું બિયારણ (લખપત), સંગઠિત દૂધ ઉત્પાદન, સહકારી ડેરીની સ્થાપના વગેરે બાબતોને આવરી લેવામાં આવશે. ચાલુ વર્ષે કૃષિ મહોત્સવમાં ૨૦ હજાર હેક્ટરમાં ટપક સિંચાઈ પદ્ધતિ ખેડૂતો અપનાવે એ પ્રકારે લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો છે. જ્યારે અત્યાર સુધી જિલ્લામાં ૭ હજારથી વધુ ખેડૂતોએ ડ્રીપ ઈરીગેશન પદ્ધતિ અપનાવી હોવાનું જણાવવામાં આવ્યું છે.



સંકલન : દિનેશ આર. મહેતા

★ **મુંદ્રા - જામનગર અને માંડવી - દ્વારકા ફેરી સર્વિસ :** આગામી સપ્ટેમ્બર-૨૦૧૩થી મુંદ્રાથી જામનગર અને માંડવીથી ઓખા દરિયાઈ યાત્રા - ફેરી સર્વિસ શરૂ કરવામાં આવશે. પ્રાથમિક તબક્કે રૂા. ૨૫ કરોડના રોકાણને પાંચ વર્ષ દરમ્યાન ૧૫૦ કરોડ સુધી લઈ જવામાં આવશે. દ્વારકા - કચ્છ ફેરિસ એન્ડ ટુરિઝમ પ્રા.લિ. નામની વડોદરા સ્થિત ખાનગી કંપની આ આખરની મોસમને બાદ કરતાં કેટામેરિન (નાની સ્ટીમર)ને બે અલગ અલગ રૂપ ઉપર મૂકીને રોજની ૩-૩ ટ્રીપો કરવાના આયોજનને ટુરિઝમ ખાતાએ મંજૂરીની મહોર મારી છે. પ્રતિ વ્યક્તિ રૂા. ૫૦૦થી રૂા. ૬૦૦નું ભાડું મુંદ્રા - જામનગર અને માંડવી - ઓખા વચ્ચેનું રહેશે. ફેરી સર્વિસ અસરકારક રીતે શરૂ કરવાનો છેલ્લા ૪ વર્ષથી ચાલતો વ્યાયામ હવે પરિણામ સુધી પહોંચ્યો હોય તેમ જણાય છે.

★ **આહીરપટ્ટીએ કમર કસી :** કચ્છમાં અર્ધ અછત જેવા દુષ્કાળના આ વર્ષમાં પશુપાલન માટે કપરો ઉનાળો આવ્યો છે. પરંતુ ગાય માતા અને અન્ય અબોલ પશુઓના જીવન ટકાવી રાખવા આહીરપટ્ટી પંથક વિવિધ સ્વરૂપની કામગીરી કરતાં કપરા કાળમાં ગૌધનને ઉગારી લેવા ચિંતિત અને જાગૃત હોવાનું જણાયું છે.

★ **ખડીરનું પશુધન :** એક અંદાજ મુજબ ખડીરમાં લગભગ મોટા ઢોરોની સંખ્યા બારથી પંદર હજાર જેટલી હોવાનું મનાય છે. આખુંયે બેટ વરસાદ આધારિત છે. લીલા ઘાસચારાની વાત તો બાજુએ રહી, સૂકો ચારો લેવા માટે રાપર સુધી લાંબા થવું પડે છે. કેટલાક પશુઓને ત્રગડી બેટમાં મૂકવામાં આવ્યા છે અને દસ-બાર કિલોમીટરના અંતરે ટેન્કર દ્વારા ત્યાં પાણી પહોંચાડાય છે. પશુઓને સીમાડામાં છૂટા મૂકી દેવાયા પછી દિવસભર જારા-ઝાંખરા ખાઈને પેટનો ખાડો પૂરવાનો પ્રયાસ થાય છે. છેવાડાના આ વિસ્તારોમાં જો જીવદયા પ્રેમીઓ અને શ્રેષ્ઠીઓ કે સરકાર દ્વારા પ્રયાસો થાય તો ઉનાળાના ચાર માસ કાઢી શકાશે અન્યથા પશુઓ માટે કારમી સ્થિતિ સર્જાશે તેવી દહેશત લોકો કરી રહ્યા છે.

★ **બન્નીમાં ઘાસ - પાણીની તંગી :** એક સમયનો ઘાસિયા મેદાનોનો પ્રદેશ આજે ઘાસ અને પાણી માટે વલખાં મારે છે. મુશ્કેલીઓ વધી જતાં અહીંથી માલધારીઓ હિજરત કરી રહ્યા છે. માલધારીઓને ઘાસ લેવા કાઠિયાવાડ સુધી લંબાવું પડે છે. સરકારી રાહે અથવા સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ઘાસ ડેપો શરૂ કરી ઘાસનું વિતરણ થાય તો માલધારી વર્ગને રાહત થઈ શકે.

★ **ભુજપુરમાં વિકટ સ્થિતિ :** અપૂરતા વરસાદ થવાના કારણે ભુજપુર વિસ્તારમાં નાના મોટા જળાશયો, ડેમો ખાલી રહી ગયા હતા. સીમાડામાં પૂરતા પ્રમાણમાં ઘાસ પણ ઉગેલ નથી. આ સ્થિતિમાં પશુપાલકો, ખેડૂતો અને પાંજરાપોળ જેવી સંસ્થાઓને ઘાસચારાની ચિંતા અત્યારે સતાવી રહી છે. વર્ષોથી જીવદયાની પ્રવૃત્તિમાં કાર્યરત સ્થાનિક પાંજરાપોળમાં ૪૫૬૦ જેટલા અબોલ જીવો છે. સ્થાનિકે લીલો-સૂકો ઘાસચારો ઉપલબ્ધ નથી અને તે કારણે જિલ્લા બહારથી સૂકું ઘાસ મંગાવાય છે, જે ટ્રાન્સપોર્ટ સહિતના ખર્ચ સાથે સંસ્થાને અતિ મોંઘા ભાવે મળે છે. સંસ્થાનો પ્રતિદિન ખર્ચ રૂા. ૧,૮૦,૦૦૦ જેટલો થવા જાય છે. આમ સંસ્થા સામે ગંભીર પડકાર ઊભો થયો છે. જીવદયા પ્રેમીઓને સહાયરૂપ થવા અપીલ કરવામાં આવી છે.

★ **સ્પેસ સ્ટેશન નિહાળવા મળ્યું :** કચ્છ એમેચ્યોર ઍસ્ટ્રોનોમર્સ ક્લબ દ્વારા તાજેતરમાં વૃક્ષ મિત્ર ગાર્ડન ખાતે યોજાયેલા આકાશ

*કોઈપણ સારું કામ જો સો ટકા સમર્પણ અને એકાગ્રતાથી કરાય તો તેના પરિણામ પણ ફળદાયી - સુખદ હોય છે.*

દર્શનના કાર્યક્રમ દરમ્યાન ઈન્ટરનેશનલ સ્પેસ કચ્છના આકાશ ઉપરથી પસાર થતાં તેને જોઈ હાજર રહેલા ખગોળ શોખીનો રોમાંચિત થયા હતા. આ સાથે લોકોએ પણ કચ્છના વિવિધ સ્થળોથી ચમકતા સરકતા પદાર્થોને નિહાળી આનંદિત થયા હતા. અશ્વિન પોમલે એ તારાઓની ફોટોગ્રાફી વિશે માહિતી આપી હતી.

★ **પરિણીતાને ત્રાસ આપતાં સાસરિયાને કેદ :** ગાંધીધામ શહેરની યુવતીને રાપરના તેના સાસરિયાઓ દ્વારા શારીરિક, માનસિક ત્રાસ આપવાના પાંચ વર્ષ અગાઉના બનાવમાં ગાંધીધામની કોર્ટે યુવતીના સાસરિયાઓને તાજેતરમાં એક વર્ષની સાદી કેદની સજા અને પ્રત્યેક આરોપી દીઠ રૂા. ૫૦૦/-નો દંડ ફટકાર્યો હતો. આ ચુકાદાના પગલે આવા તત્ત્વોમાં ફફડાટની લાગણી ફેલાઈ હતી.

★ **કચ્છમાં પૃષ્ઠવંશી પ્રાણીનું અસ્તિત્વ :** કચ્છ યુનિવર્સિટીના ભૂસ્તર વિભાગના વડા તથા લખનૌ અને અમેરિકાની યુનિ.ના પ્રાધ્યાપકો સાથે મળીને કચ્છના ભૂસ્તરશાસ્ત્ર ક્ષેત્રે સીમાચિહ્નરૂપ કચ્છમાં બે કરોડ વર્ષ જૂના ખડકોમાંથી પૃષ્ઠવંશી પ્રાણીઓ જેવા કે જીરાફ, ગેંડા, હાથી, ડુક્કર, મગરમચ્છના અવશેષો શોધી કાઢ્યા છે. આ પ્રકારના પ્રાણીઓના અવશેષો ભારતના હિમાલય સિવાયના કોઈ વિભાગમાંથી આજ સુધી મળ્યા નથી. મળેલા અવશેષોની પદ્ધતિસરની ઓળખ બિરબલ શાહ ઈન્સ્ટિટ્યૂટ, લખનૌ અને અમેરિકાની ઓહાયો યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે.

★ **ઉદ્યોગકારોએ તળાવ - નાના ડેમ બનાવવાનું ફરજિયાત :** કચ્છ જિલ્લામાં કાર્યરત ઉદ્યોગો પાસે પોતાના હસ્તકનું એક જળ સંચય હોવું જોઈએ અને ઉદ્યોગોની આસપાસ જ્યાં તેમના હસ્તકની ખુલ્લી જમીન છે, ત્યાં તળાવ કે નાના ડેમો બનાવવાનું કામ શરૂ કરવા જિલ્લા કલેક્ટરે કચ્છના તમામ ઔદ્યોગિક એકમોને તાજેતરમાં અનુરોધ કર્યો હતો. દરેક એકમો માટે આ જળ સંચયનું કામ ફરજિયાત છે. પ્રાંત અધિકારીઓએ આ અંગે સક્રિય બની ઉદ્યોગ સાથે સંકલન કરી આ પ્રકારના કામો કરવા જણાવવામાં આવ્યું હતું. તા. ૧૫મી જૂન સુધી આવા કામોની સમીક્ષા કરવામાં આવશે.

★ **પશુઓને તકલીફ અંગે :** કચ્છમાં વરસાદ ઓછો પડવાને કારણે અત્યારે અને આગામી બેથી ત્રણ માસ દરમ્યાન વરસાદ આવે ત્યાં સુધી પશુ ધનને કોઈ જ તકલીફ પડવા નહીં દેવાય તેવી ખાતરી તાજેતરમાં જિલ્લાના પ્રભારી અને રાજ્ય મંત્રીશ્રીએ ભુજમાં અછતને અંગે બોલાવેલી બેઠકમાં આપી હતી. જિલ્લાની ઘાસ, પાણી અને રોજગારીની સ્થિતિની સમીક્ષા મંત્રીશ્રી દ્વારા કરવામાં આવી હતી.

★ **રૂા. ૧૬ કરોડ ખર્ચાશે :** કચ્છમાં આયોજન હેઠળ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વિકાસકામો માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં રૂા. ૧૬ કરોડના કામો કરવામાં આવશે એમ જિલ્લાના પ્રભારી અને રાજયના મંત્રીશ્રીએ તાજેતરમાં ભુજ ખાતે જણાવ્યું હતું.

★ **રેલવેએ કચ્છમાંથી ૩૧૭૬ કરોડની આવક કરી :** કચ્છમાં મુંદ્રા અને કંડલા મહાબંદરોને લઈને રેલવે તંત્રની માલ પરિવહનની આવક કૂદકે ને ભૂસકે વધી રહી છે. ગત વર્ષની સરખામણીમાં રેલવેએ ચાલુ વર્ષે કચ્છમાંથી રૂા. ૨૨૬ કરોડની વધારાની કમાણી કરી હતી. વર્ષ ૨૦૧૧-૧૨માં રેલવેના આ વિભાગે ૨૯૫૦.૩૪ કરોડની આવક કરી હતી. તેની સામે વર્ષ ૨૦૧૨-૧૩માં ૩૧૭૬.૩૨ કરોડની આવક નોંધાઈ હતી.

★ **જર્મની ખાતે વિશ્વ વેપાર મેળો :** જર્મનીના મ્યુનીચ શહેર ખાતે યોજાઈ ગયેલા ૩૦મા આંતરરાષ્ટ્રીય વિશ્વ વેપાર મેળામાં ભુજ ખાતે ગ્રીન ટેકનોલોજી દ્વારા બિલ્ડવેલ બ્રાંડ ફલાય ઍશ બ્રિક્સના ઓટોમેટિક મશીનરીનું ઉત્પાદન કરતી કંપનીના ડાયરેક્ટરો સર્વશ્રી નીલેશ ભટ્ટ અને નિકુંજ ભટ્ટ સહિત સમગ્ર વિશ્વમાંથી આ મેળામાં કુલ ૧૨૦ દેશોના પ્રતિનિધિઓએ ભાગ લીધેલ હતો. નોંધનીય છે કે આ અગાઉ પણ તેઓ ઈટાલી, સાઉથ આફ્રિકા અને આરબ રાષ્ટ્રોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે.

★ **રાપર પાંજરાપોળ વિકટ સ્થિતિ :** કચ્છ જિલ્લાના છેવાડે આવેલા અને મોખરાનું સ્થાન ધરાવતી રાપર પાંજરાપોળ આર્થિક નાણાંકીય ખેંચ અનુભવી રહી છે. દિન પ્રતિદિન વધતી ઢોરોની સંખ્યા હવે ૮૧૪૬ જેટલી થઈ જતાં સંચાલકો ચિંતાતુર બન્યા છે. વર્ષ નબળું હોવાથી વગડામાં ઘાસ - પાણીની તીવ્ર અછત વરતાય છે. આ સ્થિતિમાં ગ્રામ્ય વિસ્તારના પશુધનના માલિકો પોતાના પશુઓને પાંજરાપોળમાં મૂકી જાય છે. આ તાલુકામાં ઘાસચારો મળતો નથી. એટલે બહારથી મંગાવવો પડે છે. પરિણામે પરિવહન ખર્ચ પણ ખૂબ આવે છે. સૂકી કડબ ૪૦ કિલોના રૂા. ૩૦૦ જેવી રકમ આપવી પડે છે. સંસ્થા ખૂબ નાણાંકીય મુશ્કેલી અનુભવી રહી છે, તેમ સંસ્થાના પ્રમુખશ્રીએ તાજેતરમાં જણાવ્યું હતું.

★ **ઘાસચારા મુદ્દે આંદોલન :** અપૂરતા અને અનિયમિત વરસાદના કારણે મુશ્કેલીમાં આવી ગયેલી પાંજરાપોળોની રાજ્ય સરકાર સમક્ષની સંખ્યાબંધ રજૂઆતોનું કાંઈ પરિણામ આવ્યું નથી. તે કારણે કચ્છ જિલ્લા પાંજરાપોળ અને ગૌશાળા સંગઠને જિલ્લા વ્યાપી આંદોલનની તૈયારીઓ શરૂ કરી દીધી છે. તે સંસ્થાના પ્રમુખ શ્રી વિશનજીભાઈ સોનીએ માહિતી આપતા જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને અછતની પરિસ્થિતિનો સામનો કરવા ૮૬૫ કરોડ રૂપિયા ફાળવ્યા છે. મોટા ઢોર દીઠ રૂા. ૬૦ અને નાના જાનવરોના રૂા. ૩૦ લેખે સબસિડી આપવામાં સરકાર ગલ્લાં-તલ્લાં કરી રહી છે.

*વિવેકપૂર્ણ કમાઓ અને વિચારપૂર્વક ખર્ચ કરો.*

★ **દિલ્હી - ભુજ વાયા મુંબઈ :** દૈનિક ધોરણે દિલ્હીથી ભુજ વાયા મુંબઈ વચ્ચે વિમાની સેવા શરૂ કરવા એર ઈન્ડિયા સમક્ષ કચ્છના સાંસદે રજૂઆત કરતાં તેનો સ્વીકાર કરી જુલાઈ અંતથી આ સેવા શરૂ કરવા તાજેતરમાં સંમતિ અપાઈ હતી.

★ **નખત્રાણામાં પશુઓ બેહાલ :** પશ્ચિમ કચ્છના નખત્રાણા તાલુકામાં અપૂરતો વરસાદ થવાના કારણે નાના મોટા અનેક જળાશયો અને ડેમો ખાલી છે. સીમાડાઓમાં પૂરતા પ્રમાણમાં ઘાસ ન ઊગતાં પશુપાલકો, ખેડૂતો અને ગૌસેવા કેન્દ્રો ચલાવતી સંસ્થાઓને ઘાસચારો અને ઢોરો માટે પાણીની ચિંતા સતાવી રહી છે. નખત્રાણા ગૌસેવા કેન્દ્રના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે સરકારે તાત્કાલિક ઘાસ ડેપો શરૂ કરવા જોઈએ. આગોતરા આયોજન થકી જ પશુધન બચાવી શકાશે. નહિતર પરિસ્થિતિ વણસશે તેમ વધુમાં જણાવ્યું હતું.

★ **ઋણ સ્વીકાર કાર્યક્રમ :** 'કચ્છ મિત્ર'ની ગ્રામીણ પત્રકારત્વની પરંપરા અનોખી છે. આ પાયાના પત્રકારત્વ અને પરિવારની ભાવના થકી જ 'કચ્છમિત્ર' અખબાર તીવ્ર હરીફાઈમાં વધુ મજબૂત બન્યું છે એવો વિશ્વાસ, ૩૯ કરતાં પણ વધુ વર્ષની કામગીરી બાદ 'કચ્છમિત્ર' તંત્રી પદેથી નિવૃત્ત થયેલા શ્રી કીર્તિભાઈ ખત્રીના માનમાં આયોજિત ઋણ સ્વીકારના કાર્યક્રમમાં પ્રમુખપદેથી સૌરાષ્ટ્ર કચ્છના અધ્યક્ષ અને જાણીતા દાતા શ્રી દામજીભાઈ એંકરવાલાએ વ્યક્ત કર્યો હતો. શ્રી દામજીભાઈએ ઋણ સ્વીકાર સન્માનપત્ર અને શ્રી વીનેશભાઈએ સ્મૃતિ ચિહ્ન આપીને શ્રી કીર્તિભાઈનું સન્માન કર્યું હતું.

★ **વી. ટ્રાન્સ :** પત્રી - મુંદ્રાના મુંબઈ વસતા વી. ટ્રાન્સવાળા શ્રી જે.કે. શાહ અને તેમના પત્ની ઝવેરબેન શાહે (ધરોડ) જીવનના ૭૫ વર્ષ પૂરા કરતાં મુંબઈમાં તાજેતરમાં અમૃત મહોત્સવ યોજાયો હતો. કચ્છની જીવદયા પ્રવૃત્તિ કરતી ૮૧ પાંજરાપોળ અને સોનગઢ આશ્રમને દાન આપીને તેમનો આ પ્રસંગ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે કચ્છી ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ એન્કરવાલા, સંગીતકાર પદ્મશ્રી આણંદજીભાઈ, શ્રી જાદવજીભાઈ એન્કરવાલા, શ્રી ડુંગરશીભાઈ ગાલા (નવનીત ગ્રુપ), શ્રી શામજીભાઈ વોરા (અમરસન્સ), શ્રી કેશવજીભાઈ છાડવા, શ્રી દીપકભાઈ ભેદા, શ્રી બચુભાઈ રાંભિયા, શ્રી શાંતિલાલભાઈ મારૂ, શ્રી મહેન્દ્રભાઈ સંગોઈ, શ્રી વિજયભાઈ છેડા, શ્રી પ્રાગજીભાઈ શાહ, શ્રી બાબુભાઈ મેઘજી શાહ સહિત અનેક તબીબો, વકીલોએ શુભેચ્છા પાઠવી હતી. શ્રી જગશીભાઈ શાહે જીવનપર્યંત સામાજિક સેવાઓ ધબકતી રાખવાનું જણાવ્યું હતું.

★ **વોંધમાં ચિકનગુનિયા :** ભચાઉ તાલુકાના નાનકડા એવા વોંધ ગામમાં ચિકન ગુનિયાનો રોગચાળો બેકાબૂ બનતાં આરોગ્ય વિભાગે યુધ્ધના ધોરણે ગામમાં ટીમો ઉતારીને દર્દીઓને સારવાર તેમજ રોગચાળા નિયંત્રણ માટેના પગલાં શરૂ કરી દીધા છે. આ અંગેની જાણ થતા રાજકીય આગેવાનો પણ ગામમાં દોડી આવ્યા હતા. સૂત્રોએ કહ્યું કે અંદાજિત ૧૦૦૦ જેટલા દર્દીઓ રોગચાળામાં સપડાયા છે. ઘરે ઘરે દર્દીઓના સર્વેની કામગીરી તાજેતરમાં હાથ ધરવામાં આવી હતી.

★ **વાગડમાં વરસાદ :** વાગડમાં ભર ઉનાળે અમુક વિસ્તારમાં તાજેતરમાં પોણા ઈંચ જેટલો વરસાદ પડતા એકંદરે ખેડૂતો અને પશુપાલકોને ફાયદો થશે. ઉનાળુ પાકને પિયતની જરૂરત હોય છે. વરસાદ પડવાના કારણે એક પિયત થઈ ગયું છે. ઉનાળાના કારણે ધરતીમાં પાણીના તળ ઊંડા ઊતરી ગયા હતા તે પણ રિચાર્જ થઈ જવાથી તળ ઊંચું આવશે તેમ જણાવવામાં આવે છે.

★ **આખરે એ.સી. ટ્રેન શરૂ થઈ :** તા. ૧૯ એપ્રિલે બાંદ્રા ખાતેથી સાંજે ૪.૩૯ વાગે લીલી ઝંડી આપીને ભુજ તરફ પ્રયાણ કરાવતા સાંસદ પ્રિયા દત્તે જણાવ્યું કે આ ખુશીનો અવસર છે. કચ્છને મુંબઈ માટે આ ત્રીજી ગાડી મળી છે.

***(સમાચાર પત્રો પર આધારિત)***

## આદર્શો ઊંચા રાખો

તમે તમારા જીવનના આદર્શો એવા ઊંચા રાખો કે એમાંથી જ તમારાં બાળકોને રૂડા સંસ્કાર મળે કે થોડામાંથી થોડું પણ કોઈકને આપ્યા પછી જ ખાઈશ. એકલપેટો થઈને તો નહિ જ ખાઉં. બીજા પણ મારા જેવા જ જીવો છે. એમને કોઈક દુઃખ હોય અને મને જો કંઈ અસર ન થાય તો એ મારા માટે કલંક કહેવાય. મારાથી થઈ શકતું હોય તે રીતે પણ એમનું દુઃખ દૂર કરવા મારે મથવું જ જોઈએ.

તમારા ઘરમાં કબાટો ભરીને સાડીઓ પડી હોય. એક સાડી પહેરવી હોય તો કબાટ ખોલ્યા પછી પ્રસંગને અનુરૂપ કઈ સાડી પસંદ કરવી એમાં પા-અડધો કલાક વીતી જાય એવી પરિસ્થિતિ હોય છતાં નવી નવી સાડીઓના ઘરમાં ખડકલા થતા હોય તો મારે તમને પૂછવું છે કે કોઈક દિવસ રસ્તા પરથી ચાલ્યા જતા હો ત્યારે તમારા જેવી જ બીજી કોઈ સ્ત્રી જોવા મળે કે જેની પાસે લાજ ઢાંકવા પૂરતું પણ વસ્ત્ર નથી તો એને જોઈને તમને વિચાર આવે છે ખરો કે ઘરના કબાટમાં સાડીઓની જે થપ્પીઓ પડી છે, એમાંથી ન ગમતી હોય કે ઓછી ગમતી હોય એવી એકાદ સાડી લાવીને લાવ એને આપી દઉં? કોઈ દિવસ આવું કર્યું છે ખરું? તમે માત્ર ભેગું જ કર્યા કરશો? માત્ર મોજશોખ જ કર્યા કરશો? તમારા વૈભવના વરવા પ્રદર્શનો જ કર્યા કરશો? તમને કદાચ પુણ્યના ઉદયથી વૈભવ તેમજ સંપતિ મળ્યાં છે, તેમાં તમે છકી ગયેલાં જ રહેશો? કે પછી, કોઈ દિવસ બીજાનો વિચાર પણ કરશો?

જે માણસ કોઈ દિવસ બીજાનો વિચાર પણ નથી કરતો એનું પુણ્ય ક્યારે પરવારી જશે એનો કોઈ ભરોસો નથી. યાદ રાખજો, તમે જો કોઈનીય દુઆ ન જ લીધી ને તમારા વૈભવનાં વરવાં પ્રદર્શનો ચાલુ જ રહેશે તો કોઈક દિવસ તમારો વૈભવ જ તમને ભરખી જશે.

***સાભાર : 'સંસ્કારોના ગુણાકાર'***

***જો આપણે સાચા માર્ગે હોઈએ તો દુનિયાની કોઈપણ તાકાત આપણું કશું બગાડી શકતી નથી.***



# વાગડના પનોતા પુત્રને લાખ લાખ અભિનંદન...

માનનીયશ્રી

## પંકજભાઈ અનોપચંદ મહેતા

પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટી

કચ્છના રાજકીય ઈતિહાસમાં વાગડના પનોતા પુત્રને રાષ્ટ્રીય પક્ષમાંથી 'પ્રથમ જિલ્લા પ્રમુખ' તેમજ સમગ્ર ગુજરાતમાં સૌથી યુવા જિલ્લા પ્રમુખનું ગૌરવ મેળવવા બદલ અનંત અભિનંદન... આ જવાબદારીને આપ ગૌરવવંત રીતે શોભાવો તેવી શુભકામનાઓ..

આપના શુભેચ્છકો...

sweet HOME FURNISHING
ભુજ - કચ્છ
ધીરેન રમેશચંદ્ર દોશી

Everyday Herbal Beauty Care
સામખીયારી - કચ્છ
રાજેશ વનેચંદ કુબડિયા
અરવિંદ વનેચંદ કુબડીયા

CHANAKYA
ભુજ - કચ્છ
વાડીલાલ રતનશી સાવલા - સંદીપ કાંતિલાલ દોશી
સંદીપ વિનોદભાઈ શાહ

SIDDHI TRADE LINK
અમદાવાદ
નિહાર ધીરજલાલ મહેતા

SUCCESS ENTERPRISE
ભુજ - કચ્છ
મુકેશ ત્રિકમભાઈ છાંગા
અંકુર દિનેશભાઈ ઠક્કર

Scope INFOSYS
ભુજ - કચ્છ
દક્ષેશસિંહ ઝાલા - નિમેષ બારોટ

સચદે રોડલાઈન્સ
ભુજ - કચ્છ
ધીરજલાલ પોપટલાલ ઠક્કર
દિનેશ ધીરજલાલ ઠક્કર


સાવલા સેલ્સ એજન્સી
રાપર - કચ્છ
હસમુખલાલ રવિલાલ દોશી

Sangeet Fashion hub
ભુજ - કચ્છ
ભગવાનજી દામજી દોશી પરિવાર

શુભમ્ કટલેરી
ભુજ - કચ્છ
વિનોદકુમાર કેશવજી શાહ પરિવાર

સુશ્રુષા ચેરીટેબલ ટ્રસ્ટ
રાપર - કચ્છ
ડો. રમેશચંદ્ર આર. દોશી

સરપ્રાઈઝ બિલ્ડકોન
મુન્દ્રા - કચ્છ
ચેતન ઠક્કર - હિતેશ ઠક્કર




## સરનામા ફેરફાર

- **મેહુલ ભોગીલાલ વેલજી મહેતા**
  એફ-૧૦૧, "સત્ત્વ", પી.પી.સી.સી. ગ્રાઉન્ડ,
  શાંતિવન બસ સ્ટોપ સામે,
  પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **પ્રકાશ ધીરજલાલ રાંભિયા**
  ૨૪, શિવમ બંગ્લોઝ-૨,
  ગાલા જીમખાના રોડ,
  બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮.

## નવા ટેલિફોન નંબર

- **દિનેશ આર. મહેતા**
  **દર્શિત દિનેશ મહેતા**
  ફોન : (રહેઠાણ) (૦૭૯) ૨૬૬૭૦૨૪૬
  મોબાઈલ : ૯૯૨૪૩ ૪૨૬૨૮

## સગપણ

- **ગુરૂવાર, તા. ૨૮-૩-૨૦૧૩**
  **ચિ. મનીષ નવીનચંદ્ર કેશવજી મોતા (લાખાણિયા - અમદાવાદ)**
  **ચિ. વિરલ નીતિન ખેતશી લાલકા (વારાપધ્ધર - મુંબઈ)**
- **શનિવાર, તા. ૨૭-૪-૨૦૧૩**
  **ચિ. ચિંતન અશ્વિન હીરજી વેરશી સાવલા (દેશલપુર કંઠી) અમદાવાદ**
  **(શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી)**
  **ચિ. અનુજા અમિતભાઈ શેઠ (અમદાવાદ)**

*અભિનંદન.*

## અવસાન નોંધ

- **શામજી મેઘજી નંદુ (કપાયા)** (ઉ.વ. ૭૯) સોમવાર, તા. ૮-૪-૨૦૧૩ના રોજ અરિહંત શરણ થયેલ છે.
- **સરલાબેન તારાચંદભાઈ દંડ (વરાડિયા)** (ઉ.વ. ૬૩) મંગળવાર, તા. ૧૬-૪-૨૦૧૩ના રોજ અરિહંત શરણ થયેલ છે.

*સદ્‌ગતોના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## નવું સાહસ

### ડીજે'સ કેફે

મિસીસ દીપ્તિ જે. શાહે નવા કૅફેની શરૂઆત કરેલ છે કે જ્યાં ટોસ્ટિઝ, પિઝાસ, સેન્ડવિચ તથા હોટ અને કોલ્ડ બૅવરેજ મળી શકશે.

*તેઓનું સરનામું :*

***DJ's Cafe***
૧, જોધપુરકુંજ સોસાયટી, કોર્ટયાર્ડ મેરિયોટ હોટલની સામે,
રામદેવ નગર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ.
મો. ૯૮૭૯૫ ૧૯૩૭૮

દીપ્તિબેન તથા જીતભાઈને નવા સાહસ માટે અભિનંદન.

## ગૃહ પ્રવેશ

### એક રૂડો અવસર.... આંગણે આસોપાલવ

રામાણિયા - મુંદ્રાના હાલે અમદાવાદ....

વિમળાબેન શાંતિલાલ શાહ, ડૉ. ધીરેન શાંતિલાલ શાહ (કાર્ડિયોલોજિસ્ટ - સિમ્સ હોસ્પિટલ) અને હેતલબેન ધીરેન શાહ (આર્કિટેક્ટ) પરિવારએ તેમના નવા ગૃહમાં તા. ૨૮-૪-૨૦૧૩ના રોજ શુભ પ્રવેશ કરેલ છે.

આ નિમિત્તે યોજાયેલ વાસ્તુ પૂજન અને સ્વરૂચિ ભોજન સમારંભમાં પરિવારજનો, સંબંધીઓ, પ્રતિષ્ઠિત ડૉક્ટર્સ, ઍડવોકેટ્સ, સમાજના હોદ્દેદારોશ્રી, નામાંકિત સામાજિક આગેવાનો, હોસ્પિટલના હોદ્દેદારોશ્રી વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. દરેકે તેઓશ્રીને અભિનંદન સાથે શુભકામના પાઠવીને આનંદ વ્યક્ત કરેલ.

*નૂતન નિવાસ સ્થાન* : "શાંતિવન", ૨૩, ગોલ્ડન લોટસ બંગ્લોઝ, શુકન મોલની પાછળ, પાણીની ટાંકીની ગલીમાં, સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦.
મો. ૯૮૨૫૫ ૭૫૯૩૩

*'મંગલ મંદિર' પરિવાર તરફથી સર્વે શુભેચ્છા.*

## શિક્ષણ

વસતીની ગુણવત્તા શિક્ષણ દ્વારા સુધરે છે. શિક્ષણ એટલે માનવતામાં થતું મૂડી રોકાણ

આ બે વિધાનોના ટેકામાં એવું કહેવામાં આવે છે કે ૧૮૭૦ - ૭૧માં જર્મની અને ફ્રાંસ વચ્ચે થયેલા યુધ્ધમાં ફ્રાંસ હાર્યું. તે માટે જર્મનીમાં અપાતું વોકેશનલ અને ટેકનિકલ શિક્ષણ જવાબદાર હતું. સારૂં શિક્ષણ યુદ્ધમાં વિજય પણ અપાવી શકે છે. શિક્ષણની 'પોપ્યુલેશન ક્વોલીટી' ખૂબજ સુધરે છે.

*કપરા કે વિપરીત સંજોગોમાં તમારી ધીરજની કસોટી થાય છે.*

# સાભાર સ્વીકાર

## વૈયાવચ્ચ ખાતે

★ શ્રી સિધ્ધક્ષેત્ર વર્ધમાન તપ આયંબિલ ખાતા - પાલીતાણા તરફથી રૂા. ૨,૦૦,૦૦૦/-નું માતબર દાન પ્રાપ્ત થયેલ છે.

***આ સિવાય આ ખાતામાં નીચે મુજબ અન્ય રકમ પ્રાપ્ત થઈ છે.***

★ શ્રી નિમેષ ગુલાબચંદ છેડા - મુંબઈ તરફથી રૂા. ૧૦૦૧/-

★ શ્રી પૂર્વેશ એલ. શાહ - બિદડા (કચ્છ) તરફથી રૂા. ૫૦૧/-

## 'મંગલ મંદિર'ને સપ્રેમ

★ શ્રી હિતેશ મણિલાલ વશનજી દેઢિયા (કુંદરોડી - અમદાવાદ) પરિવાર તરફથી સ્વ. શ્રી મણિલાલ વશનજી દેઢિયાની ૧૨મી પુણ્યતિથિ નિમિત્તે રૂા. ૫૦૧/-ની ભેટ.

★ રચના દીપક મહેતા બી.ઈ. (કોમ્પ્યુટર) સેમેસ્ટર-૫ માં સફળતા પ્રાપ્ત કરવા બદલ શ્રી દીપક ચુનીલાલ મહેતા પરિવાર (અંજાર - અમદાવાદ) તરફથી રૂા. ૩૦૧/-ની ભેટ.

## વયસ્ક સમિતિને ભેટ

★ શ્રી મનીષકુમાર પ્રદીપભાઈ ચુનીલાલભાઈ પારેખ - સતના નિવાસી તરફથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વયસ્ક સમિતિને રૂા. ૧૦,૦૦૦/-ની ભેટ.

***સંસ્થા ઉપરોક્ત અનુદાનનો સાભાર સ્વીકાર કરે છે તથા સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.***

---

## યુવા વર્ગને વિકાસ અને ફરજ પ્રત્યે જાગૃત કરવા
## યુવા સેમિનારનું ખાસ આયોજન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિના નેજા હેઠળ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારોના સભ્યો (૨૦થી ૫૦ વર્ષ સુધીના) માટે એક સંમેલન, રવિવાર તા. ૯-૬-૨૦૧૩ના સવારમાં ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવનાર છે.

યુવા જગતની વિકાસની તકો, આજનો યુવા શું શું કરી શકે? યુવાવર્ગની સમાજ પ્રત્યેની ફરજ વગેરે વિષયે આ સેમિનાર યોજવામાં આવેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ૨૦ વર્ષથી ૫૦ વર્ષની વયના યુવા / યુવતીઓને આ સેમિનારમાં ઉપસ્થિત રહેવાનું અમારું ભાવભર્યું નિમંત્રણ છે.

વસતિ પત્રક - ૨૦૧૨ના માધ્યમથી નોંધ લેવામાં આવેલ છે કે આ સમાજમાં આ વયજૂથની ૧૨૦૦થી પણ વધુ વ્યક્તિઓ છે જ્યારે રજિસ્ટ્રેશન માત્ર ૨૫૦ વ્યક્તિઓ માટે કરવાનું છે. તેથી રજિસ્ટ્રેશન વહેલા તે પહેલાના ધોરણે કરવામાં આવશે.

રજિસ્ટ્રેશન ફી રૂા. ૫૦/- રાખવામાં આવેલ છે, જે સંમેલનમાં ઉપસ્થિત રહેનારને સંમેલનના અંતે જો ઉમેદવારની ઈચ્છા હશે તો પરત આપવામાં આવશે.

આ સંમેલનમાં ઉપસ્થિત રહેવા ઈચ્છતા ઉપરોક્ત વયજૂથના દરેક સભ્યને પોતાના નામો વહેલી તકે **નિધિ પટેલ** પાસે શ્રી કચ્છી જૈન ભવન પર સંસ્થાના સમય સવારના ૧૦.૦૦થી સાંજના ૬.૦૦ વાગ્યા દરમ્યાન નોંધાવી દેવા અપીલ કરવામાં આવે છે.

વહેલા તે પહેલાના ધોરણે ૨૫૦ નામ નોંધવામાં આવશે કે જેની નોંધ લેવા સહુને વિનંતી કરવામાં આવે છે. ૨૫૦ની સંખ્યા બાદ આવેલ નામોને વેઈટિંગ લિસ્ટમાં મૂકવામાં આવશે. આ બાબતે પાછળથી અનુકૂળતા મુજબ નિર્ણય લેવામાં આવશે.

***કન્વીનર : શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ***

DJ's Café
Cool place to hangout now in your area.
Ph. : (079) 26923725, M. : 98795 19378
■ TOASTIES ■ PIZZAS ■ SANDWICHES
■ HOT & COLD BEVERAGES
1, Jodhpurkunj Society, Opp. Courtyard Marriot, Ramdevnagar Cross Roads, Satellite, Ahmedabad.

# શ્રી કચ્છી જૈન સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષનો પૂર્ણાહુતિ કાર્યક્રમ તા. ૧૩-૪-૨૦૧૩ના રોજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ અને અન્ય ઘટક સમાજના આગેવાનો, સમાજ પરિવારજનો તેમજ કચ્છથી પધારેલા ઉદ્યોગપતિશ્રીઓની હાજરીમાં અમદાવાદ ખાતે રંગેચંગે ઉજવાઈ ગયો. સમાજની ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની યશ કલગીમાં એક વધું પીંછું ઉમેરવામાં આવેલ. જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા "શ્રી કચ્છી જૈન સમાજ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ - અમદાવાદ"ની શુભ શરૂઆતની જાહેરાત કરવામાં આવેલ.

આ સમયે શ્રી કચ્છી જૈન સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ. - અમદાવાદના કન્વીનર ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ પોતાના પ્રવચનમાં આજના સમયમાં મધ્યમવર્ગ અને નિમ્ન મધ્યમ વર્ગને વારંવાર પડતી આર્થિક જરૂરિયાતને વાચા આપેલ. આ વર્ગની જરૂરિયાત મુજબ બેંકો આર્થિક સગવડ પૂરી પાડતી નથી. તેથી તેમને વધુ વ્યાજ ચૂકવીને ધીરાણ લેવું પડતું હોય છે. તેમણે વધુમાં કહ્યું કે સમાજના સભ્યોની પ્રગતિ થાય, તેમના ધંધા રોજગારમાં પ્રગતિનો પવન ફૂંકાય અને તેનાં પરિણામે આવકમાં વધારો કરીને પોતે સન્માનપૂર્વક અન્ય સાથે તાલમેલ મેળવી શકે, તેવો ઉદ્દેશ્ય જાહેર કર્યો હતો.



માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ ચુડાસમા, મુખ્ય ઉદ્‌ઘાટક શ્રી શાંતિભાઈ ગાલા, કન્વીનર ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, મુખ્ય પ્રયોજક શ્રી કાંતિભાઈ સાવલા તેમજ શ્રી કે.આર. શાહ અને શ્રી રજનીકાંત પારેખ દષ્ટિગોચર થાય છે.



ક્રેડિટ સોસાયટીને ખુલ્લી મૂકતાં માનનીય મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને નવનીત પ્રકાશન લિ.ના શ્રી શાંતિભાઈ ગાલા

આ અંગે તેમની જે આર્થિક જરૂરિયાત હોય તે ક્રેડિટ સોસાયટીના ધારાધોરણ મુજબ પરિપૂર્ણ કરી આપવાના હેતુસર સોસાયટીની રચના કરવામાં આવેલ છે તેવું સ્પષ્ટપણે જણાવ્યું હતું.

આ ક્રેડિટ સોસાયટી માટે અનેક સભ્યો દ્વારા આશરે રૂપિયા પચાસ લાખની ડિપોઝીટનું વચન મળેલ છે.

આ સોસાયટીનો શુભારંભ ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણ પ્રધાન શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને નવનીત પ્રકાશનના શ્રી શાંતિભાઈ ગાલાના વરદ્ હસ્તે સંસ્થાના પ્રમુખ શ્રી અશોક મહેતા, ક્રેડિટ સોસાયટીના કન્વીનર ડૉ. ચંદ્રકાંત દેઢિયા, ક્રેડિટ સોસાયટીના મુખ્ય પ્રયોજક શ્રી કાંતિભાઈ સાવલા તેમજ શ્રી કે.આર. શાહ તથા શ્રી રજનીકાંત પારેખની ઉપસ્થિતિમાં ખુલ્લી મૂકાતાં હાજર રહેલા શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી તેની જાહેરાતને વધાવી લીધેલ.

આ પ્રસંગે માનનીય મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ શ્રી કચ્છી જૈન સેવા સમાજની માનવલક્ષી વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવીને જણાવ્યું કે ગુજરાતમાંથી ખૂબ જ ઓછા વિદ્યાર્થીઓ આઈ.એ.એસ. કે આઈ.પી.એસ. બને છે. એટલે મોટી માત્રામાં ગુજરાતી વિદ્યાર્થીઓ તે ક્ષેત્રમાં ઝંપલાવીને સફળતા મેળવે તેવો આગ્રહ કર્યો હતો. આવા ઉમદા કાર્ય માટે કચ્છની સંસ્થાઓ આગળ આવે તેવો તેમણે અનુરોધ કર્યો હતો.

## શ્રી કચ્છી જૈન સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ.

આથી સમાજના સર્વે સભ્યોને જણાવવાનું કે તેઓ તેમજ તેમના પરિવારના ૧૮ વર્ષથી ઉપરના સભ્યો આ સોસાયટીના સભ્ય થઈ શકે છે. તે માટે જરૂરી ફોર્મ ભરીને શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રજૂ કરવા અનુરોધ છે.

સભ્ય થવા ઈચ્છનારે નીચેની વસ્તુઓ અચૂક લાવવી : (૧) તેમનો લેટેસ્ટ ફોટોગ્રાફ, (૨) પાન કાર્ડ નંબરની ફોટો નકલ, (૩) ફોટો સાથેની આઈડેન્ટીટી કાર્ડની ફોટો નકલ (આઈડેન્ટીટી માટે (૧) ડ્રાઈવિંગ લાઈસન્સ, (૨) આધાર કાર્ડ, (૩) મતદાતા તરીકેનું કાર્ડ — આ ત્રણ પૈકી કોઈપણ એક રજૂ કરી શકાશે.)

*— રજનીકાંત પારેખ*

*વતી, શ્રી કચ્છી જૈન સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ. વતી*

## વયસ્ક સમિતિ

### આગામી કાર્યક્રમો

★ ગુરુવાર, તા. ૬-૬-૨૦૧૩ના રોજ સાંજે ૪ વાગે કચ્છના કવિરાજ શ્રી ગોરધનભાઈનો એક કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન ખાતે યોજવામાં આવેલ છે. ત્યારબાદ સૌ સાથે ભોજન લઈશું.

સૌને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.

★ તા. ૮ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ દરમ્યાન સરદાર સરોવર સાથે કબીરવડ, નારેશ્વર અથવા જાંબુઘોડા જેવા કોઈક સ્થળની મુલાકાત લેવા બે દિવસની પિકનિકનું આયોજન કરેલ છે.

પિકનિકમાં સામેલ થનાર વ્યક્તિએ રૂા. ૧૨૦૦/- ભરીને પોતાનું નામ ટેલિફોન નંબર સહિત પાલડી ભવન કાર્યાલયમાં નોંધાવી દેવા વિનંતી છે. પ્રવાસની અન્ય વિગત પાછળથી જણાવવામાં આવશે.

★ તા. ૨૩-૯-૨૦૧૩થી તા. ૨૭-૯-૨૦૧૩ દરમ્યાન મધ્ય પ્રદેશની મુલાકાતનો એક કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેની વિગત નીચે પ્રમાણે છે.

- **તા. ૨૩-૯-૨૦૧૩ :** રાત્રે ૭.૦૦ વાગે અમદાવાદથી ઉજ્જૈન (શાંતિ એક્સપ્રેસ ટ્રેન દ્વારા)
- **તા. ૨૪-૯-૨૦૧૩ :** સવારે ૫.૦૦ : ઉજ્જૈનથી નાગેશ્વર (૨ x ૨) બસમાં. બપોરે ૨.૦૦ નાગેશ્વરથી ઈંદોર (ૐકાર તીર્થ) (રાત્રિ રોકાણ)
- **તા. ૨૫-૯-૨૦૧૩ :** ઈંદોરથી માંડવગઢ ધાર (ભક્તામર તીર્થ) ભોપાવર, અમીઝરા પાર્શ્વનાથ થઈ મોહનખેડા (રાત્રિ રોકાણ)
- **તા. ૨૬-૯-૨૦૧૩ :** મોહનખેડાથી ઉજ્જૈન. રાત્રે ૯.૦૦ વાગે ઉજ્જૈનથી ટ્રેન દ્વારા અમદાવાદ તરફ રવાના.
- **તા. ૨૭-૯-૨૦૧૩ :** સવારે ૮ વાગે અમદાવાદ.

૧. પ્રવાસમાં આવનારે તા. ૨૦ મે સુધી પોતાના આઈડેન્ટીટી કાર્ડની ઝેરોક્ષ સાથે રૂપિયા ભરપાઈ કરીને નામ સમયસર નોંધાવવા જરૂરી છે.

૨. થર્ડ એ.સી.માં સમગ્ર પ્રવાસના રૂા. ૨૫૦૦/- અને સ્લીપર ક્લાસમાં રૂા. ૨,૦૦૦/- ભરવાના થશે.

૩. ટિકિટની પ્રાપ્તિ પ્રમાણે બર્થની ટિકિટ મેળવવામાં આવશે.

૪. ટિકિટ કેન્સલ કરાવવા માટે સમિતિ જવાબદારી સ્વીકારશે નહીં.

સમય અને સંજોગોને આધીન કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવશે.

*રજનીકાંત પારેખ - કન્વીનર*

**સારી આજીવિકા**

*જે પ્રદેશમાં સારી આજીવિકા મળતી હોય તે પ્રદેશમાં લોકો ખેંચાઈ આવતા હોય છે.* *– સ્વામી સચ્ચિદાનંદ*

## મહિલા ઉત્કર્ષ સમિતિ

### ગત કાર્યક્રમો વિશે અહેવાલ

સમિતિ દ્વારા તા. ૧૭-૪-૨૦૧૩ના રોજ પાલડી ભવન ખાતે કૂકિંગ ડેમોન્સ્ટ્રેશન અને ગર્ભસંસ્કાર વિષય પરના સેમિનારમાં કૂકિંગ નિષ્ણાત શ્રીમતી પૂર્વા મહેતાએ વિવિધ કોકટેઈલ્સ, સલાડ, પુડિંગનું જીવંત પ્રદર્શન કર્યું હતું.

ઈન્ફિનિટિ ઈન્ડિયા ફાઉન્ડેશનના શ્રી પારસ પરમારે ગર્ભસંસ્કાર જ્ઞાન વિષય પર (ઓડિયો વીડિયોના માધ્યમ સાથે) વિસ્તૃત માહિતી આપીને ગર્ભસંસ્કાર જ્ઞાન શું છે? શા માટે જરૂરી છે? કોના માટે ખાસ ઉપયોગી છે? વગેરે પ્રશ્નોના સંતોષકારક જવાબો ઉદાહરણો સાથે આપ્યા હતા. આપણા ઋષિમુનિઓએ આપેલી શ્રેષ્ઠ સંતાન મેળવી શકવાની પ્રણાલી જે આપણે ભૂલી ગયા છીએ, તેને જાગૃત કરવાની છે, જેથી એક સંસ્કારી, સુશિક્ષિત અને સક્ષમ સમાજની રચના કરી શકાય અને આવનારી પેઢીમાં ગાંધીજી - વિવેકાનંદ જેવા સંતાનો જન્મ લઈ શકે. તેવા ઉદ્દેશપૂર્ણવાળી ઉપરોક્ત સંસ્થાના પ્રમુખપદે શ્રી પારસ પરમાર બિરાજમાન છે.

સમિતિ સભ્યો - શ્રીમતી વીણા ગાલા, નીપા સંજય શાહ, રીંકુ વિશાલ મોતાના સહકારથી આ કાર્યક્રમને સફળતા સાંપડી હતી.

***નોંધ*** : (૧) ગર્ભસંસ્કાર વિષય પર વિસ્તૃત માહિતી આપતો શ્રી પારસ પરમારનો લેખ આ અંકમાં અન્યત્ર છપાયેલ છે, જે ધ્યાનથી વાંચવા ભલામણ છે. (૨)'ગર્ભ સંસ્કાર' પુસ્તક સ્ટોક હશે ત્યાં સુધી રૂા. ૩૦૦/-ના બદલે રૂા. ૧૫૦/-માં પાલડી ભવન પરથી ખરીદી શકાશે.

*કન્વીનર : સુલુ જલદીપ શાહ*

## ગૃહ ઉદ્યોગ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ગૃહ ઉદ્યોગ સમિતિએ સીઝનલ અથાણા બનાવવાનું નક્કી કરેલ છે. જેમના ભાવ નીચે પ્રમાણે છે :

| વસ્તુ | ૧ કિલો પેકિંગ | ૫૦૦ ગ્રામ પેકિંગ |
|---|---|---|
| કેરી આદુ લસણ મીક્ષ (તીખું) | રૂા. ૧૮૦/- | રૂા. ૯૦/- |
| ગોળ કેરી | રૂા. ૧૫૦/- | રૂા. ૮૦/- |
| છુંદા | રૂા. ૧૩૦/- | રૂા. ૭૦/- |
| કટકી કેરી | રૂા. ૧૩૦/- | રૂા. ૭૦/- |
| ખાટું અથાણું | રૂા. ૧૩૦/- | રૂા. ૭૦/- |
| ગુંદા કેરી મિક્ષ | રૂા. ૧૩૦/- | રૂા. ૭૦/- |

જેઓને અથાણાં જોઈતાં હોય તેઓએ પોતાનો ઓર્ડર શ્રી કચ્છી જૈન ભવન - પાલડીમાં ચાલતા ગૃહ ઉદ્યોગના સ્ટોલ પર શ્રી ભાવેશભાઈ ગડા (મો. ૭૬૦૦૮ ૩૨૨૮૧)ને વહેલી તકે બુક કરાવી લેવા વિનંતી. અથાણા ૫૦૦ ગ્રામ અને ૧ કિ.ગ્રા.ની બરણીના પેકિંગમાં વિતરણ કરવામાં આવશે. કચ્છના બિજોરા અને બિજોરાની સૂકવણી કાયમ માટે સ્ટોલ પરથી મળી શકશે.

*કન્વીનર : સંદીપ મહેતા - ગૃહ ઉદ્યોગ સમિતિ*

*જગતમાં કોઈપણ વસ્તુ ગુણદોષ વિનાની નથી.*

## "સંકલ્પ"
## શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### પાલીતાણા છગાઉ જાત્રાનો અહેવાલ

છેલ્લા છ વર્ષની પ્રથા અનુસાર 'સંકલ્પ' દ્વારા આ વર્ષે પણ પાલીતાણા છગાઉ પરિક્રમા કરવાનું આયોજન તા. ૨૪ અને ૨૫-૩-૨૦૧૩ના રોજ કરવામાં આવેલ હતું.

તા. ૨૪-૩-૨૦૧૩નાં રોજ સવારે ૬.૫૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીથી રવાના થઈ બગોદરા - તગડી - સારંગપુર - અયોધ્યાપુરમ્ - વલ્લભીપુરમ્ જેવા પવિત્ર સ્થળોએ દર્શન, નવકારશી, ભોજન વગેરેનો લાભ લઈને બપોરે ચારેક વાગે પાલીતાણા પહોંચ્યા હતા.

ચોવિહાર બાદ તળેટીમાં આવેલ દેરાસરોમાં દર્શન તથા સુમધુર સ્તવનોની ભાવનાનો લાભ લઈને યાત્રિકોએ ધન્યતા અનુભવી હતી.

તા. ૨૫-૩-૨૦૧૩નાં રોજ સવારના ૨થી ૩ વાગ્યા દરમ્યાન બધા યાત્રિકોએ છગાઉ જાત્રાનો આરંભ કર્યો હતો અને સવારના ૬ વાગ્યા સુધી ચૈત્યવંદન કરતા કરતા મુખ્ય જિનાલયનાં મૂળનાયક શ્રી આદિનાથ ભગવાનનાં દર્શન કર્યા હતા. ત્યારબાદ છગાઉની આગળની જાત્રા પૂરી થયા બાદ દર વર્ષની જેમ આ વર્ષે પણ 'સરખેજ ગ્રુપ' તરફથી રાખવામાં આવેલ 'પાલ'ની વ્યવસ્થાનો દરેકે લાભ લીધો હતો.

બપોરે સૌ સોનગઢનાં શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ પહોંચ્યા હતા. આ રત્નાશ્રમની વિવિધ પ્રવૃત્તિઓ પ્રત્યક્ષ જોઈ તથા સાંભળીને સૌ યાત્રિકો ખુશ થયા હતા. રાત્રે ૧૧.૩૦ વાગે યાત્રિકોએ ભક્તિમય થઈને શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે પરત આવ્યા હતા. સૌ યાત્રિકોએ સાથે મળીને કુલ રૂા. ૪૧/- તથા ડૉ. કેતન ઈન્દ્રજિતભાઈ શાહ અને શ્રી પીયૂષભાઈ રવિલાલ પારેખ તરફથી પણ સંઘપૂજનનો લાભ લેવામાં આવેલ હતો. સૌ યાત્રિકોએ છૂટા પડતા પહેલા 'સંકલ્પ' તથા તેની કારોબારી સમિતિને સુંદર આયોજન કરવા બદલ અભિનંદન આપ્યા હતા.

પાલીતાણા છગાઉ જાત્રામાં આર્થિક અનુદાનનો લાભ લેનાર પુણ્યશાળીઓના નામ નીચે મુજબ છે.

તા. ૨૪-૩-૨૦૧૩ના નવકારશી અને બપોરના જમણ માટે : શ્રી પંકજભાઈ કાંતિલાલ શાહ, ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ અને શ્રી નિખિલભાઈ નવીનચંદ્ર શાહ.

તા. ૨૪-૩-૨૦૧૩ના ચૌવિહાર : શ્રી રાજેશભાઈ ધરમશીભાઈ શાહ તથા શ્રી કેતનભાઈ લોડાયા.

| | | |
|---|---|---|
| રૂા. | ૩૦૦૦.૦૦ | શ્રી નવીનભાઈ નાનજીભાઈ પોલડિયા |
| રૂા. | ૩૦૦૦.૦૦ | શ્રી સુનીલભાઈ દેવજીભાઈ ગોગરી |
| રૂા. | ૨૫૦૦.૦૦ | શ્રી વસંતભાઈ જેઠાલાલ નાગડા |
| રૂા. | ૨૦૦૦.૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી |
| રૂા. | ૨૦૦૦.૦૦ | શ્રીમતી બાંયાબેન ભવાનજીભાઈ ઝવેરી |
| રૂા. | ૧૦૦૦.૦૦ | શ્રી મિલન અનિલભાઈ શાહ |
| રૂા. | ૫૦૧.૦૦ | શ્રી જયદીપ દિનેશભાઈ મૈશેરી |
| રૂા. | ૫૦૦.૦૦ | શ્રી અરવિંદભાઈ ડી. શાહ |
| રૂા. | ૫૦૦.૦૦ | એક સદ્‌ગૃહસ્થશ્રી તરફથી |

### ધૂળેટી કાર્યક્રમનો અહેવાલ

"સંકલ્પ" દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ધૂળેટીના રંગબેરંગી કાર્યક્રમનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૨૭-૩-૨૦૧૩ના રોજ કરવામાં આવેલ હતું.

સમાજના ઘણા બધા યુવાનોએ ધૂળેટીના કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લઈને અબીલ ગુલાલથી યુવાનોએ એકબીજાને રંગીને તથા નાના ભૂલકાંઓએ પોતાની આગવી અદાથી મઝા માણી હતી. બપોરે ૧ વાગે સૌએ ભોજન વ્યવસ્થાનો લાભ લીધો હતો.

ધૂળેટીના કાર્યક્રમમાં આર્થિક અનુદાનનો લાભ લેનાર ભાગ્યશાળીઓના નામ નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| રૂા. | ૫૦૦૦.૦૦ | શ્રી કાંતિભાઈ રામજીભાઈ સાવલા |
| રૂા. | ૧૦૦૦.૦૦ | શ્રી નરેન્દ્રભાઈ છગનલાલ શાહ |
| રૂા. | ૧૦૦૦.૦૦ | શ્રી હીરેનભાઈ અમૃતભાઈ શાહના વર્ષીતપ નિમિત્તે શ્રીમતી લીલાવંતીબેન અમૃતભાઈ પોલડિયા તરફથી |
| રૂા. | ૮૫૦.૦૦ | શ્રી અમૃતભાઈ નાનજીભાઈ શાહ |

શ્રી જગદીશભાઈ ઠક્કર (મીચી ચોકલેટ) તરફથી 'સંકલ્પ'ને તા. ૩૧-૧૨-૨૦૧૨ના કાર્યક્રમ માટે ચોકલેટનું બોક્ષ સપ્રેમ ભેટ મળેલ.

ઉપરોક્ત કાર્યક્રમોમાં આર્થિક અનુદાન આપનાર સર્વે દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર તથા ભવિષ્યમાં પણ આવો જ સાથ સહકાર મળતો રહેશે તેવી અપેક્ષા.

***– નીતિન શાહ, મંત્રી - 'સંકલ્પ'***

*નોંધ : સમાજનો યુવા વર્ગ એ આવતીકાલનો ભારતનો નાગરિક છે. ભારતની પ્રગતિની મિશાલ યુવા વર્ગના હાથમાં છે. એવું લાગે છે કે યુવા વર્ગે પોતાની દૃષ્ટિ સાયન્સ, ટેકનોલોજી, રિસર્ચ, ખગોળશાસ્ત્ર વગેરે પર રાખવી જોઈએ. સમાજના દરેક યુવાવર્ગે પોતાનો એપ્ટિટ્યૂડ ટેસ્ટ કરાવ્યો? સમાજનો દરેક યુવા કોમ્પ્યુટર, ઈન્ટરનેટ વગેરે ઑપરેટ કરી શકે છે એટલું જ નહીં, પણ તેમાં નિષ્ણાત બની ગયેલ છે? સમાજનો દરેક યુવા અભ્યાસ ક્ષેત્રે ઉચ્ચત્તમ પદવી મેળવવા તરફ પ્રયાણ કરી રહ્યો છે?*

*આ પ્રકારના આદર્શ સાથે યુવા વર્ગના એસોસિએશને આગળ ના વધવું જોઈએ? આ બાબતે વિચારવું જરૂરી છે....*

***– તંત્રી***

*વિવેક, ધૈર્ય અને સહનશીલતાથી સમસ્યાનો સાચો ઉકેલ આવે છે.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## માર્ચ / એપ્રિલ - ૨૦૧૩

- **રવિવાર, તા. ૧૭-૩-૨૦૧૩**

  આજ રોજ શિક્ષણ અને ઈતર ડેવલપમેન્ટ સમિતિની એક મીટીંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. જેમાં શ્રી હીરેન કે. શાહ, શ્રી પ્રદીપ મહેતા, શ્રીમતી રશ્મિ ગાલા, શ્રી વિમેશ શાહ અને શ્રી દેવેન છેડા હાજર રહેલ હતા. આ મીટીંગમાં ગુજરાત કેન્સર સોસાયટીમાં જઈ જરૂરી ચર્ચા કરવી, નંદક પંડ્યાના બાકી રહેતા કાર્યક્રમો પૂરા કરાવવા, વિઝન-૨૦૨૦ માટે પ્રમુખશ્રીને મળીને અલગ અલગ સમિતિઓ બનાવવી, ડૉ. નયનભાઈ - મુંબઈ સાથે વાત કરી 'નવકારમંત્ર' વર્કશોપ બાબત નિર્ણય લેવો વગેરે બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૧૮-૩-૨૦૧૩**

  યુરો સીરામીક્સ લિમિટેડના શ્રી તલકશીભાઈ નંદુ આજરોજ ભવન પર આવેલ હતા. કચ્છમાં ઉદ્યોગોને પડતી મુશ્કેલીઓની તેઓએ અનેકવિધ ચર્ચા કરેલ હતી. ફોકિયા તરફથી ઉદ્યોગોને આપવામાં આવનાર ઍવોર્ડ અંગેના ઍવોર્ડ સમારંભ અંગે પણ ચર્ચા થયેલ હતી. શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદ તેના સુવર્ણ જયંતી વર્ષના પૂર્ણાહુતિ સમારંભના દિવસે (શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩) કચ્છ સ્થિત કેટલાક ઉદ્યોગપતિશ્રીઓનું સન્માન કરનાર છે તે વિગતો જાણીને તેઓશ્રીએ ખુશી વ્યક્ત કરેલ હતી.

- **મંગળવાર, તા. ૧૯-૩-૨૦૧૩**

  આજ રોજ શ્રી અશોક મહેતા તથા શ્રી જશવંત કોઠારી પ્રકાશભાઈ સંઘવીને મળવા રત્નમણી મેટલ એન્ડ ટ્યુબ્સ લિ. ની નારાણપુરા ઓફિસે ગયેલ હતા. તા. ૧૩-૪-૨૦૧૩ના સમારંભમાં શ્રી પ્રકાશભાઈ સંઘવી ઉપસ્થિત રહેશે તેવું તેમણે જણાવેલ હતું. જિન્દાલ સૉ લિમિટેડના શ્રી પી.આર. જિન્દાલને તેઓશ્રીએ આપણા વતી ફોન કરીને તેમની પાસે પણ સમારંભમાં ઉપસ્થિત રહેવાનું કબૂલ કરાવડાવેલ હતું. તેઓશ્રીએ અન્ય ઉદ્યોગપતિશ્રીઓને પણ આપણા વતી ફોન કરીને ખૂબજ સુંદર સહકાર આપેલ હતો.

  ★

  આજ રોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર લાઈબ્રેરી સમિતિની એક મીટીંગ મળેલ હતી. શ્રી મનુભાઈ શાહ, શ્રી અશોક મહેતા, શ્રી રોહિત સંઘવી, શ્રી મહેન્દ્રભાઈ વશનજી શાહ, શ્રી નરેન્દ્રભાઈ કોઠારી તથા શ્રી દિનેશભાઈ જ. શાહ ઉપસ્થિત રહેલ હતા. ઘેર ઘેર લાઈબ્રેરીની બુક્સ પહોંચાડવાની પ્રક્રિયા વધુ ૩ મહિના માટે એટલે કે એપ્રિલ '૧૩ થી જૂન '૧૩ સુધી ચાલુ રાખવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું. હાલે લાઈબ્રેરીના લગભગ ૧૭૦ જેટલા સભ્યો નિયમિતપણે બુક વાંચે છે તેવી માહિતી આ સભાને આપવામાં આવેલ હતી.

  ★

  આજ રોજ રાત્રે કચ્છી યલો પેજિસ સમિતિની એક મીટીંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ મીટીંગમાં શ્રી મનુભાઈ શાહ, શ્રી અશોક મહેતા, શ્રી દિનેશભાઈ જ. શાહ, શ્રી નરેન્દ્રભાઈ કોઠારી તથા શ્રી મહેન્દ્ર વ. શાહ ઉપસ્થિત રહેલ હતા. પ્રિન્ટીંગમાં ઉદ્‌ભવતા પ્રશ્નોની અનેકવિધ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **ગુરુવાર, તા. ૨૧-૩-૨૦૧૩**

  આજ રોજ શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી અશોક મહેતા જીતોના પૂર્વ પ્રમુખ શ્રી ઉત્કર્ષ શાહની ઓફિસે તા. ૧૩-૪-૨૦૧૩ ના કાર્યક્રમ માટે અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવા માટે ગયેલ હતા કે જેનો તેઓશ્રીએ સ્વીકાર કરેલ હતો. તેઓએ જેઓના ઉદ્યોગો કચ્છમાં હોય પણ તેઓ પોતે અમદાવાદ ખાતે બિરાજમાન હોય તેવા ઉદ્યોગપતિશ્રીઓને તા. ૧૩-૪-૧૩ના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આપણા વતી ભલામણ કરેલ હતી. સાથે સાથે અમદાવાદ સ્થિત મહાનુભાવોને અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેવા પણ ભલામણ કરેલ હતી. તેઓશ્રીએ સુંદર સહકાર આપેલ હતો.

  ★

  આજ રોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સમિતિની એક મીટીંગ મળેલ હતી. આ મીટીંગમાં શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, ડૉ. હિતુભાઈ, શ્રી અશ્વિન સાવલા, શ્રી કે. આર. શાહ, શ્રી દિનેશ મહેતા, શ્રીમતી હાસ્યલત્તાબેન મહેતા, શ્રીમતી દક્ષાબેન રાણાવત તથા શ્રી પીન્ટુ પટેલ ઉપસ્થિત રહેલ હતા. લેબોરેટરી ટેકનીશિયનના ઈન્ટરવ્યૂ લેવામાં આવેલ તે બધાને કન્ફર્મ કરવાનું નક્કી કરવામાં આવ્યું. મેડિકલ સેન્ટરના ૩ રૂમને રીનોવેટ કરવા વગેરેના રૂ. ૬.૦૦ લાખના ખર્ચને મંજૂર કરી ટ્રસ્ટ બોર્ડમાં મોકલવાનું નક્કી કરવામાં આવેલ હતું. સ્ટાફને ટ્રેઈનિંગ આપવી જરૂરી છે તે અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી. જરૂરિયાત મુજબ કાઉન્ટર ક્લાર્ક તથા એટેન્ડન્ટની સંખ્યા પણ વધારવાનું નક્કી કરવામાં આવ્યું. હાલે ઓ.પી.ડી.ની

*શોખ ગમે તે હોય તેમાં જો સાહસ અને ખંત હોય તો ચોક્કસ સફળતા મળે.*

સંખ્યા વધી ગયેલ હોવાથી વિશેષ જરૂરિયાત ઊભી થયેલ છે.

- **શનિવાર, તા. ૨૩-૩-૨૦૧૩**

આજ રાત્રે ટ્રસ્ટ મંડળની એક મીટીંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. અંદાજિત ૧૨ જેટલા ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. મેડિકલ સેન્ટરના સંપૂર્ણ રીનોવેશન માટે ગત વર્ષે નક્કી કર્યા મુજબના રૂ. ૫૦.૦૦ લાખના ખર્ચને મંજૂરી આપવામાં આવી. ભુજના શ્રી મોહનભાઈ શાહના યોગ માટેના સેમિનારવાળી અરજી હાલે શ્રી કચ્છી જૈન ભવન પર વ્યવહારમાં શક્ય ન હોવાથી તે નકારવામાં આવી. તા. ૧૩-૪-૨૦૧૩ ના પૂર્ણાહુતિ સમારોહ અંગે ચર્ચા કરવામાં આવી. 'મંગલ મંદિર'ના તંત્રી મંડળ અંગે ચર્ચા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા.

- **રવિવાર, તા. ૨૪-૩-૨૦૧૩**

આજ રોજ શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિની એક મીટીંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં શ્રી હીરેન કે. શાહ, શ્રી પ્રદીપ મહેતા, શ્રી પંકજ ગોગરી તથા શ્રીમતી રશ્મિ ગાલા ઉપસ્થિત રહેલ હતા. આ મીટીંગમાં નીચેની બાબતો ચર્ચા કરવામાં આવેલ હતી. (૧) ડૉ. મયંકભાઈ - એક્યુપંચરીસ્ટ તથા ડૉ. ચંદેનવાળા (મુંબઈ) - ડોર્મેટોલોજિસ્ટ સાથે તેઓના કાર્યક્રમ બાબત ચર્ચા કરવી. (૨) ગત વર્ષો દરમ્યાન એપ્ટીટ્યુડ ટેસ્ટ આપનાર વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી તેઓના સત્ય શોધન ડેટાવાળું રિપોર્ટ તૈયાર કરી ટ્રસ્ટ મંડળમાં રજૂ કરવું. (૩) વિઝન-૨૦૨૦ માટે આર્થિક, શારીરિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સામાજિક, વૈદકીય, અધ્યાત્મિક વગેરે બાબતે અલગ અલગ સમિતિઓ નીમી દરેક સમિતિના કાર્યક્ષેત્રના ગોલ નક્કી કરવા. (૪) ઉપસ્થિતમાંથી ૪ વ્યક્તિઓએ વૈદકીય પ્રવૃત્તિઓમાં રસ દાખવતા નાના-મોટા મેડિકલ સેન્ટર ઊભા કરવા અંગેની સમિતિમાં નામ લખાવવા.

★

શ્રી કે.એસ. દેઢિયા મૂક બધિર વિદ્યામંદિરના રજત જયંતી મહોત્સવમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અનેક ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સમિતિના સભ્યો વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ સમારંભના સમયે મૂક-બધિર સ્કૂલના ૧૦૦ વિદ્યાર્થીઓને શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્યોને તેના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરમાં જે લાભ આપવામાં આવે છે તેવા જ લાભો આપવાની જાહેરાત, ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓ વચ્ચે નક્કી કરીને, સમાજના પ્રમુખશ્રી અશોક મહેતાએ કરેલ હતી કે જેને ઉપસ્થિત મહેમાનશ્રીઓએ તથા અન્ય શ્રોતાગણના સભ્યોએ વધાવી લીધેલ હતી.

★

આજ રોજ ક્રેડિટ સોસાયટી સમિતિની એક મીટીંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા શ્રી કે.આર. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી મણિલાલ કું. ગોસર વગેરે ઉપસ્થિત રહેલ હતા. ધીરાણ તથા ડિપોઝીટના નીતિ-નિયમો અને અન્ય અનેક મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવેલ હતી. આ બાબતે હજુ એક વધુ મીટીંગ બોલાવવાની જરૂરિયાત છે તેવું પણ નક્કી કરવામાં આવેલ હતું.

- **મંગળવાર, તા. ૨૬-૩-૨૦૧૩**

'મંગલ મંદિર'નો એપ્રિલ ૨૦૧૩ નો અંક - ''કચ્છી સંસ્થા વિશેષાંક'' આજે છેલ્લે રહેતી બધી મેટર ફાઈનલ કરી, તેની ફાઈનલ અનુક્રમણિકા પણ તૈયાર કરી પ્રિન્ટીંગ માટે મોકલી આપવામાં આવી.

- **બુધવાર, તા. ૨૭-૩-૨૦૧૩**

આજ રોજ શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિની એક મીટીંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જેમાં શ્રી હીરેન કે. શાહ, શ્રી પ્રદીપ મહેતા તથા શ્રી નંદક પંડ્યા ઉપસ્થિત રહેલ હતા. આ મીટીંગમાં શ્રી નંદક પંડ્યાના જણાવવા મુજબ એપ્ટીટ્યુડ ટેસ્ટ કરાવેલ બાળકોના રિપોર્ટ બે વિભાગમાં વહેંચવામાં આવશે : (૧) જેઓના પરિણામો સંતોષજનક આવેલ છે અને (૨) જેઓને હજુ વધુ ગાઈડન્સની જરૂર હોય તેવા બાળકો. જે બાળકોને વધુ ગાઈડન્સની જરૂરત છે તેવા બાળકો અને તેમના વાલીઓ સાથે વર્કશોપ યોજવા. ગયા વર્ષના બાકી રહેતા એક માત્ર કાર્યક્રમ માટે પ્રમુખશ્રી સાથે ચર્ચા કરી તેનું આયોજન કરવું. શ્રી નંદક પંડ્યાના મહેનતાણાનું બીલ ફાઈનલ કરવામાં આવ્યું.

- **ગુરૂવાર, તા. ૨૮-૩-૨૦૧૩**

સર્વશ્રી મગનભાઈ મોતીચંદ સંઘવી, રજનીકાંત ધરમશી પારેખ અને મહેન્દ્ર મોતીલાલ વસાએ સામાજિક સુરક્ષાની મીટિંગમાં ભાગ લીધો હતો અને વિવિધ પાંચ ક્લેઈમો અંતર્ગત રૂા. ૪૨,૨૭૬/- ની મંજૂરી આપી હતી.

- **શનિવાર, તા. ૩૦-૩-૨૦૧૩**

મંગલ મંદિર - એપ્રિલ ૨૦૧૩નો અંક આજ રોજ નેટ પર મૂકી દેવામાં આવ્યો. અન્ય તરફ તેની હાર્ડ કોપી માટે તેનું પ્રિન્ટીંગ કામ શરૂ કરવામાં આવ્યું.

- **રવિવાર, તા. ૩૧-૩-૨૦૧૩**

આજ રોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ મંડળની એક મીટીંગ મળેલ હતી. જેમાં ૧૬ જેટલા ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. આ મીટીંગમાં છેલ્લા ૩૭ વર્ષથી એકધારી રીતે પ્રકાશિત કરવામાં આવતા સંસ્થાના માસિક મુખપત્ર 'મંગલ મંદિર' અંગે ચર્ચા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ

*સો કામ છોડી જમો, હજાર કામ છોડી સ્નાનકરો, લાખ કામ છોડી દાન કરો.*

હતા.

- **સોમવાર, તા. ૧-૪-૨૦૧૩**

રજનીકાંત પારેખ અને કિશોર ઠક્કરે ક્રેડિટ સોસાયટીના બેંક એકાઉન્ટ ઓપનિંગમાં ઓળખ માટે શ્રી મહાવીર ક્રેડિટ સોસાયટીના પ્રમુખ અને મંત્રીની સહીઓ મેળવી એ.ડી.સી. બેંકમાં ખાતું ખોલાવ્યું હતું.

- **મંગળવાર, તા. ૨-૪-૨૦૧૩**

ગૌશાળા તથા પાંજરાપોળ ક્ષેત્રમાં સેવા આપતા લગભગ ૨૫ ની સંખ્યાના કચ્છી કાર્યકરો મુંબઈથી અને તેટલીજ સંખ્યાના કાર્યકરો કચ્છ અને અન્યત્રથી એમ ટોટલ લગભગ ૫૦ વ્યક્તિ, કચ્છના ધારાસભ્યશ્રીઓ સાથે ગઈકાલે તા. ૧-૪-૨૦૧૩ ના રોજ મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલને મળવા ગાંધીનગર ગયા હતા અને કચ્છને અછતગ્રસ્ત જિલ્લા તરીકે જાહેર કરવા તથા તેના અનુસંધાને અન્ય અનેક માંગણીઓ પર તેઓએ ખૂબજ સારી રીતે રજૂ કરેલ હતી. તેમાંની કેટલીક માંગણીઓનો સ્વીકાર એજ સમયે કરવામાં આવેલ હતો. કૃત્રિમ રીતે રીપોર્ટીંગ કરનાર અધિકારીઓ પર જરૂરી પગલાં ભરવાના ઓર્ડર પણ કરવામાં આવેલ. કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠનના પ્રમુખશ્રી વશનજીભાઈ સોની અહીં રોકાઈ જવાથી આજરોજ ભવન પર આવેલ હતા. તેઓએ ઉપરોક્ત રિપોર્ટ આપેલ હતો અને કચ્છમાં ઘાસચારાની યોજના વિષે પણ ચર્ચા કરેલ હતી.

★

હૈદ્રાબાદ સ્થિત શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ગઈકાલે અવસાન પામ્યા તેના સમાચાર આજરોજ મળ્યા. સંસ્થા વતી આજેજ શોક સંદેશ મોકલી આપવામાં આવેલ હતો.

★

આજરોજ શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી રજનીભાઈ પારેખ ગાંધીનગર ખાતે ગૃહરાજ્ય મંત્રી રજનીભાઈ પટેલને તા. ૧૩-૪-૨૦૧૩ ના પૂર્ણાહુતિ સમારોહમાં અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવા ગયેલ હતા. તેઓશ્રીનો જવાબ બાકી રહે છે.

★

આજ રોજ રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર "વિઝન-૨૦૨૦"ની ચર્ચા કરવા શ્રી હીરેન કે. શાહ, શ્રી અશોક મહેતા, શ્રીમતી હાસ્યલત્તાબેન મહેતા, શ્રીમતી રશ્મિ ગાલા તથા શ્રી દિનેશ મહેતા એકત્રિત થયેલ હતા. તા. ૧૨-૫-૨૦૧૩ ના રોજ ફરી મળવાનું નક્કી કરવામાં આવ્યું. તા. ૨૬-૫-૧૩ના રોજ શક્ય હોય તો યુવા સંમેલન રાખવા અંગે વિચારણા કરવામાં આવેલ હતી.

★

આજરોજ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી કે.આર. શાહ અને શ્રી રજનીકાંત પારેખે શ્રી કચ્છી જૈન સમાજ કો.ઓ. ક્રેડિટ સોસાયટીના એકાઉન્ટની વિધિ પૂર્ણ કરી બેંક ખાતા અંગેનું સર્ટિફિકેટ મેળવવા કાર્યવાહી કરી હતી.

- **બુધવાર, તા. ૩-૪-૨૦૧૩**

આજરોજ શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી મણિલાલ કુંવરજી ગોસર, તા. ૧૩-૪-૨૦૧૩ના પૂર્ણાહુતિ સમારોહમાં અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેવા ગાંધીનગર ખાતે મંત્રી મંડળના શ્રી ભૂપેન્દ્રભાઈ ચુડાસમા, શ્રી નીતિનભાઈ પટેલ, શ્રી રજનીભાઈ પટેલ વગેરેને મળવા ગયેલ હતા. તેઓશ્રીના નિર્ણયો આવવાના બાકી રહે છે.

- **ગુરુવાર, તા. ૪-૪-૨૦૧૩**

આજરોજ શ્રી કાંતિલાલભાઈ સાવલાએ શ્રી જે.જે.પટેલ અધ્યક્ષશ્રી, લીગલ સેલ, ભા.જ.પ. સાથે રહી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી રજનીભાઈ પટેલ, શ્રી આસિતભાઈ વોરા તથા શ્રી ધર્મેન્દ્ર શાહને તા. ૧૩-૪-૨૦૧૩ના પૂર્ણાહુતિ સમારોહમાં અતિથિ વિશેષશ્રી તરીકે ઉપસ્થિત રહેવાના નિર્ણયો લેવડાવ્યા. તેઓ બધા સમાજના કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેનાર છે.

★

મેડિકલ સેન્ટરના રીનોવેટ થયેલ પાછળના ત્રણ રૂમોનો વિભાગ આજથી શરૂ કરી દેવામાં આવ્યો.

- **શુક્રવાર, તા. ૫-૪-૨૦૧૩**

આજરોજ 'કચ્છ વાગડ લોહાણા સમાજ' ના સભ્યોના પાલડી ખાતેના મેડિકલ સેન્ટરના ૨૫૮ જેટલા 'મેડિકલ કાર્ડ' સમાજના પ્રમુખશ્રી સંજયભાઈ ઠક્કર પર મોકલી આપવામાં આવ્યા.

★

અ.મ્યુનિ. કોર્પો. પર ૬ ઑલ્ટરનેટ દર્શાવાતો ઝુંપડપટ્ટીના રીહેબીલીટેશન વિષેનો પત્ર પણ મોકલી આપવામાં આવ્યો.

- **શનિવાર, તા. ૬-૪-૨૦૧૩**

આજ રોજ સવારમાં શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી સમીરભાઈ (શણગાર ડેકોરવાળા) 'સરદાર પટેલ સાંસ્કૃતિક કેન્દ્ર' પર તા. ૧૩-૪-૧૩ ના પૂર્ણાહુતિ સમારોહનું સાઈટ જોઈને આયોજન કરવા ગયેલ હતા. ત્યારબાદ ભવન પર શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, પ્રતાપભાઈ દંડ, શ્રી નરેન્દ્ર છ. શાહ, શ્રી મગનલાલ મો. સંઘવી, શ્રી આણંદજી વેલજી વીરા, શ્રી સમીરભાઈ (શણગાર) વગેરેએ એકત્રિત થઈ તા. ૧૩-૪-૧૩ના સમારંભના વિવિધ પાસાઓની ચર્ચા કરેલ હતી.

★

આજ રોજ ગુજરાતીમાં છપાયેલ ૧૩-૪-૨૦૧૩ ના સમારંભની ૩૦૦૦ આમંત્રણ પત્રિકાઓ ભવન પર આવી ગઈ. તેમાંથી અંદાજિત ૧૨૦૦ જેટલી કુરિયર કરી, વિવિધ સ્થળે મોકલી

*અંતઃકરણ એ અંદરનો એવો અવાજ છે જે ચેતવણી આપતો રહે છે કે કોઈક જોઈ રહ્યું છે.*

આપવામાં આવી.

- **સોમવાર, તા. ૮-૪-૨૦૧૩**

શ્રી કચ્છી જૈન ભવન પર અશોક મહેતા, કાંતિલાલ સાવલા, પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા ફાલ્ગુની હીરેન મળેલ હતા અને તા. ૧૩-૪-૧૩ના પૂર્ણાહુતિ સમારોહની સંપૂર્ણ કોરિયોગ્રાફી - કાર્યક્રમ રજૂ કરવાની ડિઝાઈન નક્કી કરેલ હતી. વિવિધ એંકર વિશે વિચારણા કરીને તે અંગે ફાઈનલ કરવાનું ફાલ્ગુની પર છોડેલ હતું.

★

માર્ચ-૨૦૧૩ના 'મંગલ મંદિર'ના અંકો તા. ૫-૩-૨૦૧૩ના પોસ્ટ કરવામાં આવ્યા ત્યારે પોસ્ટલ ડિપાર્ટમેન્ટે મંગલ મંદિર પર મૂકવામાં આવેલ પાના ક્રમાંક નંબર (કે જે છેલ્લા ૩૭ વર્ષથી નિયમિતપણે અપાય છે)ની પદ્ધતિ સામે વાંધો લઈ, કન્સેશનલ રેઈટથી મંગલ મંદિર પોસ્ટ કરવા ઈન્કાર કરેલ હતો. એ સમયે ફરજિયાતપણે રૂા. ૮,૭૫૦/- વધારાના પોસ્ટ ખાતામાં ભરવા પડેલ હતા. એ એમાઉન્ટ રીફંડ કરવાના કારણો દર્શાવતો એક પત્ર આજે અમદાવાદના પોસ્ટલ ડિપાર્ટમેન્ટ પર મોકલી આપવામાં આવેલ હતો.

★

આજરોજ શ્રી કે.આર. શાહ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા અને શ્રી રજનીકાંત પારેખે કૃષિભવન ખાતે આવેલ સહકારી મંડળીની સોસાયટી ઓફિસમાં રજિસ્ટ્રારશ્રીને મળી સોસાયટી રજિસ્ટર કરવા અંગે કાર્યવાહી કરી હતી.

- **મંગળવાર, તા. ૯-૪-૨૦૧૩**

પૂર્ણાહુતિ સમારોહ સમિતિના કન્વીનર શ્રી કાંતિલાલ વેલજી સાવલા તથા શ્રી નરેન્દ્ર છ. શાહ આજરોજ તા. ૧૩-૪-૧૩ના કાર્યક્રમના આમંત્રણ આપવા ગાંધીનગર ગયેલ હતા અને તેઓએ રૂબરૂમાં માનનીય મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, માનનીય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તથા માનનીય મંત્રી શ્રી સૌરભભાઈ દલાલને આમંત્રણ પત્રિકાઓ આપેલ હતી અને તા. ૧૩-૪-૧૩ના પૂર્ણાહુતિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રિત પણ કરેલ હતા.

- **બુધવાર, તા. ૧૦-૪-૨૦૧૩**

શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી રજનીકાંતભાઈ પારેખ ગાંધીનગર ખાતે માનનીય મંત્રી શ્રી રજનીભાઈ પટેલને પૂર્ણાહુતિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રિત કરવા ગયેલ હતા.

★

પૂર્ણાહુતિ સમારોહમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - કો.ઓ. ક્રેડિટ સોસાયટીનું લોકાર્પણ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. જોકે સોસાયટીનું કાર્ય પૂર્ણ કરવા હજુ અનેક વિધિઓ બાકી રહેવા પામેલ છે.

★

વયસ્ક સમિતિની મીટિંગમાં શ્રી રજનીકાંત પારેખ, શ્રી ભોગીલાલ પ્રેમચંદ શાહ, શ્રી રમણિકલાલ ગોસર, શ્રી આણંદજીભાઈ વીરા અને શ્રી કે.ડી. શાહ ઉપસ્થિત રહ્યા હતા. આવતા વર્ષના કાર્યક્રમ અંગે ચર્ચા કરી હતી અને આ વર્ષનો પ્રથમ કાર્યક્રમ ૮ જૂનના રોજ યોજવાનું નક્કી કર્યું હતું.

- **ગુરુવાર, તા. ૧૧-૪-૨૦૧૩**

શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અને શ્રીમતી કોમલ સાવલા તથા શ્રી અને શ્રીમતી લાલ રાંભિયા પોતાના અમદાવાદ ખાતેના જરૂરી કામે આવેલ હતા ત્યારે તેઓ સાથે અનેકવિધ બાબતે ચર્ચા કરવામાં આવેલ હતી.

★

શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા તથા શ્રી દિનેશભાઈ મહેતા કચ્છ વાગડ લોહાણા સમાજના દરિયાલાલ જયંતી ઉત્સવ પ્રસંગે આમંત્રિત મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. સમાજના ત્રણે સભ્યોનું કચ્છ વાગડ લોહાણા સમાજે ઉચિત સન્માન કરેલ હતું. કચ્છ વાગડ લોહાણા સમાજના બધા જ ૨૫૮ સભ્યો પાલડી ખાતેના શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરના તાજેતરમાં જ સભ્યો બનેલ હોવાથી તેઓને આ મેડિકલ સેન્ટરની વિગતવાર માહિતી આપવામાં આવેલ હતી.

★

ત્રણેય ભવનની મળેલ એક સંયુક્ત મીટિંગમાં શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી રજનીકાંત પારેખ, શ્રી કે.ડી. શાહ, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ, શ્રી દિનેશ જગજીવન શાહ, શ્રી પીયૂષ પારેખ, શ્રી પીયૂષ સાવલા, શ્રી રમણિકલાલ ગોસર ઉપસ્થિત રહ્યા હતા. જેમાં એસ.ટી. ભવન ખાતે ભેજ, ઊધઈ અને સફાઈ કામગીરી; પાલડી ભવન ખાતે બારી-બારણાના રિપેરીંગ તેમજ ત્રણે ભવન ખાતે ટેલિવિઝનના સેટ-અપ બોક્સ અંગે નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત એ.સી. અને વોટર કૂલરના મેઈન્ટેનન્સના કોન્ટ્રાક્ટનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

- **શુક્રવાર, તા. ૧૨-૪-૨૦૧૩**

તા. ૧૩-૪-૧૩ના પૂર્ણાહુતિ સમારોહમાં ઉપસ્થિત રહેવા મુંબઈથી શ્રી મુળજી ન. શાહ તથા ભાવનગરથી શ્રી ઉપેન્દ્રભાઈ આજરોજ ભવન પર આવી ગયેલ હતા.

★

ભવન પર શ્રી લાલ રાંભિયા સાથે કચ્છમાં અનેકવિધ સંસ્થાઓ દ્વારા ચલાવાતા સાંસ્કૃતિક, સામાજિક, જળસંચય વગેરે વિભાગના કાર્યો માટે ચર્ચાઓ કરવામાં આવી. ખાસ કરીને તેઓએ નવ નિર્માણ અભિયાન સંસ્થાની માહિતી આપેલ હતી.

*સકારાત્મક દૃષ્ટિકોણ જીવનમાં આપણને આગળ લઈ જઈ શકે છે.*

- **શનિવાર, તા. ૧૩-૪-૨૦૧૩**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સુવર્ણ જયંતી વર્ષનો પૂર્ણાહુતિ સમારોહ શાહીબાગ ખાતેના સરદાર પટેલ સાંસ્કૃતિક કેન્દ્ર ખાતે સાંજના ૪ વાગે શરૂ કરવામાં આવેલ હતો. ૪ કલાક ચાલેલા આ કાર્યક્રમ દરમ્યાન હોલ ખીચોખીચ ભરાઈ જવા પામેલ હતો. શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્યો ઉપરાંત અમદાવાદ સ્થિત અનેક કચ્છી ઘટક સમાજના પદાધિકારીઓ સહિત અનેક લોકો ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સમાજ ક્રેડિટ કો.ઓ. સોસાયટીનું લોકાર્પણ અને કચ્છમાં સ્થપાયેલ ઉદ્યોગોના કેટલાક ઉપસ્થિત ઉદ્યોગપતિશ્રીઓનું બહુમાન કરવામાં આવેલ હતું. અદાણી ગ્રુપના કરણ અદાણી, સાંઘી ગ્રુપના ગૌરાંગ ભટ્ટ, કંડલા પોર્ટ ટ્રસ્ટના શ્રી પી.ડી. વાઘેલા, જિંદાલ ગ્રુપના શ્રી જયેશ ઠક્કર, એંકર ગ્રુપના શ્રી દામજીભાઈ એંકરવાલા, ઈફકોના મેજર સિંઘ, રત્નમણિ ગ્રુપના શ્રી પ્રકાશભાઈ સંઘવી, મીનાના જયપાલસિંઘ તથા કંડલા એનર્જીના શ્રી સંજય રાય ઉપસ્થિત રહેલ હતા. અતિથિ વિશેષશ્રી તરીકે માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ ચુડાસમા, ઔડાના ચેરમેન શ્રી ધર્મેન્દ્ર શાહ, સિને સંગીત ડાયરેક્ટર પદ્મશ્રી આણંદજી વીરજી શાહ, ફોકિયાના એમ.ડી. શ્રી નિમેષ ફડકે, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, જીતોના શ્રી ઉત્કર્ષ શાહ તથા શ્રી ગણપતભાઈ ચૌધરી, ડોશીયાનના શ્રી આસિતભાઈ દોશી તથા શ્રી હરીશભાઈ રંગવાલા ઉપસ્થિત રહેલ હતા. સંપૂર્ણ કાર્યક્રમ ધારણા મુજબ ખૂબજ સફળતાને વરેલ હતો. આ કાર્યક્રમમાં મુંબઈથી શ્રી વશનજીભાઈ સોની તથા શ્રી મુળજીભાઈ શાહ, ભુજથી શ્રી વીરેન શાહ, શ્રી હિંમતભાઈ દામા તથા શ્રી મહેન્દ્રભાઈ મોરબિયા તથા ભાવનગરથી શ્રી ઉપેન્દ્રભાઈ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

★

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ખૂબજ જૂના અને અડીખમ કાર્યકર તેમજ શ્રી ક.જૈ.સે.સ. - અમદાવાદના ચાહક શ્રી ઘનશ્યામભાઈ ઠક્કરના ધર્મપત્ની દેવીબેનનું ગઈકાલે અવસાન થયેલ હોવાથી આજરોજ સવારમાં તેમની સ્મશાનયાત્રા હતી. એ સમયે કચ્છી જૈન સમાજના કેટલાક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

- **સોમવાર, તા. ૧૫-૪-૨૦૧૩**

પોસ્ટ ડિપાર્ટમેન્ટ તરફથી મંગલ મંદિરના વર્ષ ૨૦૦૨થી ૨૦૦૫ના સમયની એરિયર્સની રકમ રૂા. ૧,૨૩,૦૦૦/- ભરી જવા જે પત્ર આવેલ, તેના અનુસંધાને પોસ્ટ ખાતાના સીનિયર સુપ્રિન્ટેન્ડન્ટ શ્રી પવનકુમાર અને ડેપ્યુટી સુપ્રિ. શ્રી ભાવસારને મળવા તેમની આશ્રમ રોડ, નવરંગપુરા ખાતેની ઓફિસે શ્રી અશોક મહેતા તથા શ્રી દિનેશ મહેતા રૂબરૂમાં ગયેલ હતા. પોસ્ટ ખાતાની ડિમાન્ડ અન્યાયકારી છે તેવું શ્રી શર્માને તેઓએ જણાવ્યું ત્યારે કહેવામાં આવ્યું કે આ પ્રશ્ને બે રસ્તા છે. જો નિયત સમયમાં પૈસા ભરવામાં નહીં આવે તો પોસ્ટ ખાતા દ્વારા અપાયેલ કન્સેશન કેન્સલ કરવામાં આવશે અને ત્યારબાદ કુલ ચાર્જ ભરીને તમારે મંગલ મંદિર પોસ્ટ કરવાના રહેશે. અન્ય રસ્તો એ કે વાંધા સાથે પૈસા ભરીને ત્યારબાદ પોસ્ટ ખાતા સાથે પત્ર વ્યવહાર કરી તેઓ સામે હકીકતો સાબિત કરવી. આ બાબતે વિચાર કરી ટૂંક સમયમાં નિર્ણય લેવો જરૂરી બની રહે છે.

★

સ્ટાફના ઍડહોક પગાર વધારા બાબત, રીવાઈઝ્ડ સ્કેલ બાબત અને રીવાઈઝ્ડ ઈન્ક્રીમેન્ટ બાબત પ્રથમ સ્વરૂપે ચર્ચા વિચારણા કરવામાં આવી.

- **ગુરુવાર, તા. ૧૮-૪-૨૦૧૩**

સાંજના ૬ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર યલો પેજિસ સમિતિની એક મીટિંગ મળેલ હતી. આ મીટિંગમાં શ્રી મનુભાઈ શાહ, શ્રી દિનેશભાઈ શાહ, શ્રી મહેન્દ્રભાઈ કોઠારી તથા શ્રી અશોકભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. આવેલ ફોર્મ્સને ઘટક સમાજ વાઈઝ અલગ પાડવાનું નક્કી કરવામાં આવ્યું કે જેથી કયા સમાજના કયા સભ્યના ફોર્મ્સ હજુ આવ્યા નથી તે નક્કી કરી શકાય તેમજ એક જ નામના ત્રણથી ચાર આવેલ ફોર્મ્સ બાબત ઉપરાંત અનેકવિધ જરૂરી ચર્ચા કરવામાં આવી.

- **શુક્રવાર, તા. ૧૯-૪-૨૦૧૩**

સ્ટાફના ઍડહોક ઈન્ક્રિમેન્ટ વગેરે માટે પ્રથમ દૃષ્ટિનું એક સૂચિત સ્ટેટમેન્ટ તૈયાર કરવામાં આવ્યું કે જેમાં અનેક ફેરફારને અવકાશ છે.

★

મંગલ મંદિર વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૦૫ દરમ્યાનની પોસ્ટ ખાતાની જે અન્યાયી રીકવરીની નોટીસ આવેલ છે તેની સામે તેની સંપૂર્ણ ફાઈલ તૈયાર કરીને કોર્ટમાં લડી લેવા માટે એક ખ્યાતનામ ઍડવોકેટશ્રી પર પેપર્સ મોકલી આપવામાં આવ્યા.

★

ગૃહ ઉદ્યોગ સમિતિની મીટિંગમાં શ્રી સંદીપ મહેતા અને શ્રી રજનીકાંત પારેખે ઉપસ્થિત રહીને આવતી સીઝનમાં જુદા જુદા અથાણા બનાવવા તેમજ તેના વેચાણ અંગે યોગ્ય કાર્યવાહી કરી હતી. આ અંગેની જાહેરાત 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **સોમવાર, તા. ૨૨-૪-૨૦૧૩**

ભુજ ખાતે ગુર્જર જૈન સમાજના ટ્રસ્ટીશ્રીઓ શ્રી વીરેન ધીરજલાલ શાહ તથા શ્રી બિરજુ શાહ સાથે શ્રી અશોક મહેતાએ ભુજમાં ડોસાભાઈ લાલચંદ કેમ્પસમાં મેડિકલ સેન્ટરની સ્થાપના અંગે જરૂરી ચર્ચા વિચારણા કરી હતી.

*જિંદગીમાં શીખવા માટેની કોઈ ઉંમર હોતી નથી.*

## ઊડતી નજરે....

### માર્ચ-૨૦૧૩ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| ક્રમ | | સેવાઓ | | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ................ | | ૧૦,૯૪૪ |
| | | જેમાંથી – | | |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ................ | ૫૪૦ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ................ | ૯૦ | |
| | (ખ) | મોતિયા - આંખનાં ઑપરેશન ................ | ૨૪ | |
| | (ગ) | સોનોગ્રાફી ................ | ૯૯૦ | |
| | (ઘ) | ટી.એમ.ટી. ................ | | |
| | (ચ) | બોડી ચેક-અપ ................ | ૫૦૭ | |
| | (છ) | અન્ય ................ | ૮,૭૯૩ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ | | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ................ | ૧,૯૧૮ | |
| | | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ ......... | ૫,૪૭૦ | |
| | | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ ................ | ૪૭૭ | |
| | | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ................ | ૨,૧૨૭ | ૯,૯૯૨ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ | | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ................ | ૯૫૯ | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ......... | ૨,૭૬૧ | ૩,૭૨૦ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ | | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ................ | ૪૯૭ | ૪૯૭ |
| | | માર્ચ - ૨૦૧૩ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ................ | | ૨૫,૧૫૩ |

**નોંધ :**

*(૧) છેલ્લા બે માસથી મેડિકલ સેન્ટરમાં રીપેરીંગ કામ ચાલતું હોવાથી ટી.એમ.ટી. વિભાગની કામગીરી બંધ રાખેલ છે.*

*(૨) આંખના મોતિયાના ઑપરેશન સપ્તાહમાં બે દિવસ કરવામાં આવે છે.*

**DJ's Café**

Ph. : (079) 26923725, M. : 98795 19378

■ TOASTIES ■ PIZZAS ■ SANDWICHES

■ HOT & COLD BEVERAGES

*Cool place to hangout now in your area.*

1, Jodhpurkunj Society, Opp. Courtyard Marriot, Ramdevnagar Cross Roads, Satellite, Ahmedabad.

# વાર્ષિક ઊડતી નજરે.... (વર્ષ ૨૦૧૨-૨૦૧૩)

## એપ્રિલ-૨૦૧૨ થી માર્ચ-૨૦૧૩ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ

| | | એપ્રિલ ૨૦૧૨ | મે ૨૦૧૨ | જૂન ૨૦૧૨ | જુલાઈ ૨૦૧૨ | ઓગસ્ટ ૨૦૧૨ | સપ્ટે. ૨૦૧૨ | ઓક્ટો. ૨૦૧૨ | નવેમ્બર ૨૦૧૨ | ડિસેમ્બર ૨૦૧૨ | જાન્યુ. ૨૦૧૩ | ફેબ્રુ. ૨૦૧૩ | માર્ચ ૨૦૧૩ | વર્ષ દરમિયાન કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | | | | | | | | | | | | | |
| | (અ) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ | ૩૫૬ | ૪૨૯ | ૪૫૪ | ૪૫૬ | ૪૨૬ | ૪૦૮ | ૫૧૬ | ૩૧૬ | ૫૨૧ | ૪૯૨ | ૪૪૮ | ૫૪૦ | ૫,૩૬૨ |
| | (બ) સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો | ૬૯ | ૧૦૪ | ૧૧૦ | ૫૪ | ૪૫ | ૬૨ | ૭૪ | ૫૪ | ૬૩ | ૫૩ | ૧૦૯ | ૯૦ | ૮૮૭ |
| | (ક) મોતિયા - આંખના ઓપરેશન | ૧૮ | ૨૧ | ૧૬ | ૧૦ | ૧૫ | ૨૦ | ૨૮ | ૧૪ | ૨૭ | ૨૦ | ૩૦ | ૨૪ | ૨૪૩ |
| | (ખ) સોનોગ્રાફી | ૭૨૬ | ૮૧૪ | ૮૧૦ | ૮૩૩ | ૮૧૯ | ૭૮૦ | ૮૨૩ | ૬૦૬ | ૭૬૯ | ૭૦૭ | ૭૭૫ | ૯૯૦ | ૯,૪૫૨ |
| | (ગ) ટી.એમ.ટી. | ૨૭ | ૨૦ | ૨૫ | ૧૩ | ૨૧ | ૨૪ | ૨૩ | ૨૧ | ૨૦ | ૧૨ | ૧૭ | — | ૨૨૩ |
| | (ઘ) બોડી ચેક-અપ | ૩૪૪ | ૩૯૬ | ૩૦૨ | ૩૨૬ | ૩૦૬ | ૩૧૫ | ૩૨૦ | ૨૨૨ | ૩૧૬ | ૨૯૨ | ૪૨૦ | ૫૦૭ | ૪,૦૬૬ |
| | (ધ) અન્ય | ૬૬૨૬ | ૭૪૩૭ | ૭૫૮૯ | ૭૯૪૩ | ૭૫૩૬ | ૭૮૫૮ | ૭૬૯૩ | ૫૮૭૮ | ૭૫૨૧ | ૬૬૯૪ | ૭૮૭૦ | ૮૭૯૩ | ૮૯૪૩૮ |
| | મેડિકલ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ | ૮૧૬૬ | ૯૨૨૧ | ૯૩૦૬ | ૯૬૩૫ | ૯૧૬૮ | ૯૪૬૭ | ૯૪૭૭ | ૭૧૧૧ | ૯૨૩૭ | ૮૨૭૦ | ૯૬૬૯ | ૧૦૯૪૪ | **૧૦૯૬૭૧** |
| ૨. | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૨૦૯૦ | ૨૪૦૦ | ૧૮૮૯ | ૨૭૦૧ | ૨૧૨૯ | ૧૮૫૬ | ૧૮૬૫ | ૨૨૦૪ | ૨૪૮૭ | ૨૧૦૨ | ૨૧૨૫ | ૧૯૧૮ | **૨૫૭૬૬** |
| | (અ) કેન્ટીનમાં લાભ લેનાર વ્યક્તિઓ | ૪૪૫૬ | ૪૨૮૮ | ૪૧૭૪ | ૫૧૩૪ | ૫૮૨૦ | ૫૪૨૫ | ૭૨૩૦ | ૭૪૦૦ | ૬૧૯૫ | ૫૮૦૦ | ૫૬૭૫ | ૫૪૭૦ | **૬૭૦૬૭** |
| | (બ) જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર વ્યક્તિઓ | ૨૫૫૬ | ૨૪૯૨ | ૨૪૧૭ | ૧૮૨૪ | ૧૦૨૧ | ૧૧૫૪ | ૮૫૬ | ૬૯૯ | ૭૯૨ | ૭૯૨ | ૪૬૩ | ૪૭૭ | **૧૫૫૪૩** |
| | (ક) કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમનો લાભ લેનાર વ્યક્તિઓ | ૩૯૩ | ૬૦૪ | ૧૧૦૪ | ૧૭૫૩ | ૨૬૧૩ | ૧૬૧૦ | ૨૪૬૩ | ૨૧૧૩ | ૨૧૭૭ | ૨૦૬૫ | ૨૦૮૩ | ૨૧૨૭ | **૨૧૧૦૫** |
| ૩. | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન, પાલડી, અમદાવાદ કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૮૮૦ | ૧૦૫૪ | ૧૦૩૮ | ૮૮૬ | ૭૫૧ | ૯૯૬ | ૯૩૯ | ૯૯૧ | ૧૦૨૬ | ૯૦૬ | ૮૩૨ | ૯૫૯ | **૧૧૨૫૮** |
| | (અ) કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૩૪૦૬ | ૩૪૨૩ | ૩૩૮૪ | ૩૨૧૫ | ૩૨૫૮ | ૩૧૫૭ | ૨૮૬૬ | ૨૬૮૪ | ૨૭૫૦ | ૨૬૭૪ | ૨૯૩૧ | ૨૭૬૧ | **૩૬૫૦૯** |
| ૪. | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૫૯૨ | ૬૪૨ | ૬૭૩ | ૭૦૭ | ૫૦૨ | ૪૬૩ | ૮૨૧ | ૬૫૮ | ૫૬૧ | ૬૧૨ | ૪૭૪ | ૪૯૭ | **૭૨૦૨** |
| | **વર્ષ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ** | **૨૨૫૩૯** | **૨૪૧૨૪** | **૨૩૯૮૫** | **૨૫૮૫૫** | **૨૫૨૬૨** | **૨૪૧૨૮** | **૨૬૫૧૭** | **૨૩૮૬૦** | **૨૫૨૨૫** | **૨૩૨૨૧** | **૨૪૨૫૨** | **૨૫૧૫૩** | **૨૯૪૧૨૧** |

***નોંધ :*** (૧) છેલ્લા બે માસથી મેડિકલ સેન્ટરમાં રીપેરિંગ કામ ચાલતું હોવાથી ટી.એમ.ટી. વિભાગની કામગીરી બંધ રાખેલ છે. (૨) આંખના મોતિયાના ઑપરેશન સપ્તાહમાં બે દિવસોએ કરવામાં આવે છે.
(૨) વર્ષ ૨૦૧૨-૨૦૧૩ દરમ્યાન કુલ ૨,૯૪,૧૨૧ જેટલી સંખ્યાના લોકોએ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ પ્રવૃત્તિઓનો લાભ લીધેલ છે.

# કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ

**સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર**

**મલ્ટી-સુપર સ્પેશિયાલીટી ગ્રીન હોસ્પિટલ**

**આપનો વિશ્વાસ...અમારી સારવાર**

**કેર ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાઇન્સીઝ એ અમદાવાદના હાર્દસમા વિસ્તારમાં ૧૫૦ બેડ ધરાવતી અતિ આધુનિક ઉપકરણોથી સજ્જ એક અદ્વિતિય મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલ છે.**











## હૃદયની સર્જરી ફક્ત ૩-૪ ઇંચના કાપાથી

**મીનીમલી ઇન્વેઝીવ કાર્ડિયાક સર્જરી (MICS)**




MICS ના અત્યાધુનિક સાધનોથી સુસજ્જ પશ્ચિમ ભારતની પ્રથમ હોસ્પિટલ

આ હૃદય રોગ સર્જરી (MICS) ના ફાયદા:
ઝડપી રીકવરી ● ઓછા ડીસ્ચાર્જ ● ઓછો દુઃખાવો ● કોસ્મેટીક ફાયદો

ક્લાસ ૧૦૦ લેમીનાર એરફ્લો મોડ્યુલર ઓપરેશન થીયેટર્સ

### ૩૦૦૦ થી વધારે હૃદયની સર્જરીનો અનુભવ ધરાવતી કાર્ડિયાક સર્જરી ટીમ

- બાયપાસ સર્જરી
- નબળા અને પહોળા હૃદય માટેની વિશેષ પ્રકારની સર્જરી (SVR)
- વાલ્વ રિપેર અને રિપ્લેસમેન્ટ સર્જરી
- નાના ચેકાવાળી ઓપન હાર્ટ સર્જરી
- પીડિયાટ્રીક કાર્ડિયાક સર્જરી
- થોરાસીક સર્જરી
- મગજ અને હાથ-પગની ધમનીઓની સર્જરી
- વાસ્ક્યુલર સર્જરી

### સીમ્સ કાર્ડિયોલોજી ટીમની સિધ્ધિઓ

- ૨૫ વર્ષથી વધારે અનુભવ ધરાવતી ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી ટીમ
- ૧૫૦૦૦ થી વધારે એન્જિયોપ્લાસ્ટી અને ૫૦૦૦૦ થી વધારે એન્જીઓગ્રાફીનો અનુભવ
- ઇન્ડિયાની અગ્રણીય ટીમ દ્વારા ૨૪ x ૭ કાર્ડિયોલોજીની સેવાઓ
- પશ્ચિમ ભારતમાં સૌપ્રથમ વાર કાર્ટો-૩ સીસ્ટમ - હૃદયના અનિયમિત ધબકારા વાળા દર્દી માટે
- સ્ટેન્ટ/સર્જરીની જરૂર ન હોય ત્યાં દવા, કસરત, યોગ દ્વારા સારવાર
- પ્રથમવાર પીડિયાટ્રીક કાર્ડિયાક ઇન્ટરવેન્શનલ અને સર્જીકલ યુનિટ નિષ્ણાંત ટીમ સાથે

## સીમ્સ કાર્ડિયાક ટીમ

**કાર્ડિયાક સર્જન**

| | |
|---|---|
| ડૉ. ધીરેન શાહ (સંભીયા) | (મો) +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩ |
| ડૉ. ધવલ નાયક | (મો) +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩ |

**કાર્ડિયાક એનેસ્થેટીસ્ટ**

| | |
|---|---|
| ડૉ. નિરેન ભાવસાર | (મો) +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭ |
| ડૉ. હિરેન ધોળકિયા | (મો) +૯૧-૯૫૮૯૩ ૭૫૮૧૮ |

**પીડિયાટ્રીક કાર્ડિયોલોજી**

| | |
|---|---|
| ડૉ. કશ્યપ શેઠ | (મો) +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮ |
| ડૉ. મિલન ચગ | (મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |

**નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ**

| | |
|---|---|
| ડૉ. અમિત ચિતલીયા | (મો) +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦ |

**કાર્ડિયાક ઇલેક્ટ્રોફિઝિયોલોજીસ્ટ**

| | |
|---|---|
| ડૉ. અજય નાઇક | (મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |

**કાર્ડિયોલોજીસ્ટ**

| | |
|---|---|
| ડૉ. અનિશ ચંદારાણા | (મો) +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨ |
| ડૉ. અજય નાઇક | (મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬ |
| ડૉ. સત્ય ગુપ્તા | (મો) +૯૧-૯૯૨૫૦ ૪૫૮૯૦ |
| ડૉ. ગુણવંત પટેલ | (મો) +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬ |
| ડૉ. કેયૂર પરીખ | (મો) +૯૧-૯૮૨૫૦ ૨૬૯૯૯ |
| ડૉ. મિલન ચગ | (મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭ |
| ડૉ. ઉર્મિલ શાહ | (મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૭૩૯ |
| ડૉ. હેમાંગ બક્ષી | (મો) +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧ |
| ડૉ. જોયલ શાહ | (મો) +૯૧-૯૮૨૫૩ ૧૯૬૪૫ |
| ડૉ. રવિ સિંઘવી | (મો) +૯૧-૯૮૨૫૧ ૪૭૭૭૫ |

CIMS®
Care Institute of Medical Sciences

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
ફોન :+૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (૫ નંબર)
મો : +૯૧-૯૮૨૫૦૬૬૬૬૪, ૯૮૨૫૦૬૬૬૬૮
એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮
મોબાઇલ: +૯૧-૯૦૯૯૦ ૬૬૫૪૦
ઇમેલ : opd.rec@cims.me વેબ : www.cims.me

**એમ્બ્યુલન્સ અને ઇમરજન્સી :**
**+૯૧-૯૮૨૪૪ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪**

**Since 1958** **Leading. Innovating. Growing.**

# GET ASSOCIATED WITH AN AWARD WINNING ORGANIZATION



CFBP-Jamnalal Bajaj Award - 2011
for Fair Business Practices on April 20, 2012




Apollo-CV Award - 2012
for Best Practice Adopter of the Year on April 30, 2012

**Winner of FOUR Excellence Awards in 3 months.**




Ceat India Road Transportation National Award
for Customer Experience - 2012




Ceat India Road Transportation National Award
for Excellence in Personnel Management - 2012

## ISO 9001 : 2008

## Our Divisions

**V-Trans**
Reliable Hard Freight Transport

**V-Xpress**
Timebound Multimodal Express Cargo Service

**V-Logis**
Warehousing & Inventory Management

***In just three months V-Trans bags 4 prestigious excellence awards in 4 different categories in recognition of its relentless pursuit of Quality***

**V-Trans** is a total logistics solutions provider having over 425 branches spread across 26 states in India. With over 53 years of expertise, we offer surface transport, express cargo service (including air & rail) and integrated warehousing facilities all under one roof through V-Trans, V-Xpress and V-Logis divisions respectively.

## Our Deliverables

- Unique marine insurance cover of all goods from booking to delivery
- Centralised Customer Service Cell with Toll Free Number
- Specialists in safe and Speedy movement of goods
- Specialists in movement of small parcels from 10 kg onwards to Bulk goods, Half / Full Truck Loads, ODC and Projects to suit tailor made requirements
- Dedicated Corporate and Key Account Management
- Fleet of over 600 vehicles of all sizes and dimension

**Corporate Office : V-Trans (India) Limited**

5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com

**V-Trans Toll Free no. : 1800-220-180** **V-Xpress Toll Free no. : 1800-220-240**


ROMAN
GROUP
Give Your Society The Best!
Pest Control
Water Purifier
Water Proofing
Building Facilities
Silicon Acrylic Paint
Water Treatment Plant
Rain Water Harvesting
Solar Water Heating Systems
Tank And Ringwell Cleaning
Property Redevelopment And solutions
Landscaping And Play Equipment For Gardens
Roman Group of Companies
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
www.romangroup.in

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2012-2014 Valid upto 31st December, 2014.
Published on 1st of Every Month and Permitted to Post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978

A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

INDOCEM (INDIA) PVT. LTD.
(An ISO 9001: 2000 Certified Company)

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,